[illegible]

भाग १

॥ ૐ ॥

શ્રી નવલ.

કાળરાત્રીનું ખૂની ખંજર.

ભાગ ૧ લો.

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.
કુમુદકુમારી, પદ્મલતા અને તરૂણતપસ્વિની વિગેરેના કર્તા
શાહાપુર મહેતા પોળ—અમદાવાદ.

પ્રકાશકઃ—
બુકસેલર કચરાભાઈ વનમાળીદાસ પટેલ.
મોટી હમામ—અમદાવાદ.

અમદાવાદ શાહાપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ
દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપી.

કીંમત રૂ. ૧-૪-૦

शार्दुलविक्रीडित वृत्त

दैवेन प्रभुणा स्वयं जगति यद्यस्य प्रमाणीकृतं
तत्तस्योपनमेन्मनागपि महानैवाश्रय: कारणंम् ।
सर्वाशापरिपूरके जलधरे वर्षत्यपि प्रत्यहं
सूक्ष्मा एव पतन्ति चातकमुखे द्वित्रा: पयोबिन्दव: ॥

भर्तृहरि.

દૈવવડે જેટલુ જેના નસીબમાં નિર્માણ કરેલુ હોય છે, તેટલુ તેને વહેલું મોડું મળે છે, વધતો વા ઓછો પ્રયાસ એ કંઈ કારણભૂત નથી. સર્વ પ્રાણી માત્રની આશા પૂર્ણ કરવાને વાદળાં હમેશાં વરસ્યા કરે છે, તે છતાં પણ ચાતકના મોઢા વિષે તો ઝીણાં ઝીણા બે અથવા ત્રણ પાણીનાં ટીપાંજ જાય છે. માટે સર્વ જનોએ સંતોષ ધારણ કરી જીવન વ્યતિત કરવુ.

ૐ

પ્રસ્તાવના.

આ સંસારમાં અનેક પ્રકારની નવનવા રંગ નજરે પડે છે. મનુષ્યો સ્વાર્થને માટે અનેક પ્રપંચો કરે છે. આ નવલ કથામાં પણ એવી એક સ્વાર્થાંધ સ્ત્રીનાં ભયંકર ક્રૂર કર્મોનું દિગદર્શન્ કરાવવામાં આવ્યું છે. જો સ્ત્રીને પ્રથમથી સ્વતંત્ર રાખવામાં આવે છે, તો આગળ જતાં તે ન કરવાનાં કાર્ય કરે છે. તેના કોમળ હૃદયમાં મૂળથીજ જેવા સંસ્કાર પાડયા હોય તેવા પડે છે.

'સ્ત્રીને સ્વતંત્રતાની જરૂર નથી.'

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
पुत्राश्चस्थाविरे भावे न स्त्री स्वातंत्र्य मर्हति ॥

બાલ્યકાળમાં પિતા પુત્રીનું રક્ષણ કરે છે, યૌવનાવસ્થામાં પતિ તેનું પાલન કરે છે અને વૃદ્ધાવસ્થામાં પુત્ર તેનું રક્ષણ કરે છે. આવી રીતે સ્ત્રી સદા પરતંત્રજ હોય છે. તેને જો સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે તો જે સદગુણવાળી હશે તેજ ધર્મ સંભાળી જીવનને શ્રેષ્ઠ કરશે પણ મૂળથીજ કુસંસ્કારવાળી અને હલકા વિચારવાળી હોય છે તેતો સ્વતંત્ર થતાંજ અનીતિવાન થઇ ન કરવાનાં કૃત્યો કરે છે. આ નવલ કથામાં 'રામનગરની રાણી' સ્વતંત્ર થવાને કેવાં ભયંકર કર્મો કરે છે તે આ પુસ્તક વાંચતાં જણાસે. 'મા એવી દીકરી' અર્થાત્ એ દુષ્ટ રાણીની પુત્રી પણ

તેની માતાના સહવાસથી સ્વતંત્ર થઇ હલકા નોકરો સાથે પ્રસંગ પાડી કેવાં આચરણો આચરે છે તે પણ જણાશે. પોતાનાં બાળકોને સુધારવાં કે બગાડવાં તે માબાપનાજ હાથમાં છે. તેઓને બાલ્યકાળથીજ જેવા સંસ્કાર પાડયા હોય એવા પડે છે. પોતાનાં સંતાનને ગુણવાન અને નીતિવાન બનાવવાં એ પ્રત્યેક માબાપની ફરજ છે, એમ નહિ કરતાં જેઓ તેમનાં બાળકોની દેખરેખ નહિ રાખતાં તેમને અનીતિવાન થઇ હલકા લોકોના સહવાસમાં આવવા દેશે, તેઓ તેમના સંતાનોના શત્રુ ગણાશે.

'સ્વાર્થ સાધવાને ભયાનક રાક્ષસી સમાન થયેલી 'રામનગરની રાણી' શિયળનો ત્યાગ કરી તેના સ્વામિનો દગાથી અંત આણી ધર્મીષ્ટ રાજ્યભકતોને અત્યંત કષ્ટ દે છે. તેના કષ્ટથી નહિ ડરતાં વીરપુત્રો રાજ્ય પ્રત્યે વફાદાર રહી [ધરજથી સઘળાં સંકટો સહન કરે છે, તેમજ કુળવાન માતાની ગુણવાન પુત્રીયોને લાલચમાં લપટાવવા અનેક પ્રપંચો કરવામાં આવે છે, અને અંતે વિષયાંધ દુષ્ટો તે પવિત્ર બાળાઓને દારૂણ દુઃખમાં સપડાવી ત્રાસ આપે છે છતાં એ કુલીન કન્યાઓ દુષ્ટોનો તિરસ્કાર કરી પોતાના પતિ પ્રત્યેનો પ્રેમ પ્રકાશ કરી શિયળની મહત્વતાનું ભાન કરાવે છે. 'ધન્ય છે તે કુળવાન બાળાઓને કે જે અસહ્ય સંકટોમાં પણ પોતાના સતીત્વનું રક્ષણ કરે છે. વીરપુત્રોની વફાદારીથી લોહી રેડાય છે, છતાં તેઓ તેમના અચળ ટેકથી અને રાજ્યભકિતથી કિંચીત્ પણ ડગતા નથી. વગેરે જ્ઞાન અને નીતિયુક્તના દાખલા દૃષ્ટાંતોથી આ નવલકથા લખાયેલી છે, જે વાંચતાં સર્વને જણાશે.

મહાશયો ! મારા પરમ સ્નેહિ રા. રા. કે. વી. પટેલની આંતરીક ઇચ્છાથી આ ' કાળરાત્રિનું ખૂનીખંજર ' નામક નવલ પુસ્તક વીર, રૌદ્ર, પ્રેમ, શૃંગાર, કરૂણા વગેરે રસથી અલંકૃત કરી સુજ્ઞ જનસમાજની સમક્ષ મૂકવામાં આવ્યું છે, તેમાંથી આપને જે યોગ્ય લાગે તે ગુણ ગ્રહણ કરી સદ્ગુણમાં વધારો કરશો તો હું કૃતાર્થ થઇશ. હું લેખક કે વિદ્વાન નથી તેથી મારા પુસ્તકમાં અનેક ખામીઓ અને ભૂલો દૃષ્ટિગોચર થશે તેને માટે હું સર્વની ક્ષમા યાચું છું, અને સુજ્ઞ જનોને સુધારી વાંચવા વિનંતી કરૂંછું. પુસ્તક સારૂં હો યા નરસું હો પણ તેમાંથી ગુણ ગ્રહણ કરવા તે વાચક બંધુઓનું કર્તવ્ય છે. છેવટે કહેવાનું એજ કે અલ્પ જ્ઞાનથી આલેખાયેલી આ નવલકથા વાંચી સર્વ જનસમાજ નીતિવાન અને પરોપકારી થઇ આ સંસારમાં અમર નામના કરો એવી મારી આશા છે.

વિક્રમાર્ક ૧૯૭૨ મકરસંક્રાન્તિ
શાહપુર–મહેતાપોળ.
અમદાવાદ.

લી૦
સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

અનુક્રમણિકા.

॥ ૐ ॥

શ્રી નવલ

કાળરાત્રિનું ખૂની ખંજર.

પ્રકરણ ૧ લું.

અબળા કે પ્રબળા ?

નિર્મળ નર્મદાના પવિત્ર કિનારે રામનગર નામક રમણિય નગર આવેલું હતું. તેની ચારે તરફ ફરતો મજબુત કોટ બાધેલો હતો. પ્રજા સમૃદ્ધિવાન અને સદાચરણી હતી. એ વિશાળ રામનગરના કિલ્લાની બ્હાર દક્ષિણ દિશાએ જતાં એક સુશોભિત મહેલ આવેલો હતો. એમાં મહારાજા સુજનસિંહની માનીતી રાણી 'કાળરાત્રિ' તેની પુત્રી 'કાન્તા' સાથે નિવાસ કરતી હતી. જેવું તેનું નામ ભયકારક હતું એવાંજ તેનાં કામ પણ ભયંકર હતાં. તે સુંદરતાની મૂર્તિ હતી, પણ તેનું નામ પાડવામાં ભૂલ થયેલી માલૂમ પડતી હતી.

'રાત્રિ બે પ્રહર વીતી ચુકી હતી. શશીની શ્વેત ચંદ્રિકાથી સૃષ્ટિ સૌંદર્યે શોભી રહ્યું હતું. નરનારી નિંદ્રાના પ્રભાવથી અચેત થઈ શૈયામાં પડ્યાં હતાં. શાન્ત રાત્રિએ

નર્મદાના જળ તરંગોના અવાજ સંભળાતા હતા. સઘળે શુન્ય-કાર જણાતું હતું. કવચિત્ શ્વાનના કઠોર રૂદન ધ્વનિ અને પહેરેગીરોના શાન્તિસુચક શબ્દો સંભળાતા હતા. આ સમયે સર્વત્ર દૃષ્ટિ કરતાં શાન્તિનું સામ્રાજ્ય વ્યાપેલું માલૂમ પડતું હતું. પણ રામનગરના આ મોટા મહેલમાં એક સુંદર રમણી અશાન્ત હૃદયે આમતેમ ફરતી હતી. તે રમણી મહારાજા સુજ્જનસિંહની માનીતી રાણી કાળરાત્રિ હતી. તેનું સુંદર મુખ આ સમયે વિક્રાળ અને ચિન્તાથી ઘેરાયેલું જણાતું હતું. તેનાં ચળકતાં નેત્રોમાંથી જાણે અગ્નિના તણખા ન ઝરતા હોય એમ ભાસતુ હતું. આમતેમ આંટા મારતી તે ઘડીકમાં શાન્ત થઇ ઉભી રહેતી, તો ઘડીકમાં દિવાલ પર લટકાવેલી તલવાર હાથમા પકડી મ્યાનમાંથી અર્ધી બ્હાર ખેંચી, પુનઃ કંઈક વિચાર આવતાં તલવારને ગુસ્સાથી દૂર ફેંકી દેતી હતી. તેના માથાના વાળ છુટા થઇ સર્પાકારે પૃષ્ટ ભાગ પર લટકતા હતા. સુકોમળ જણાતી કાળરાત્રિ આ સમયે જાણે ખપ્પર યોગીની ખપ્પર ભરવા તૈયાર થઈ ના હોય એમ જણાતી હતી. ઘણીવાર સુધી એવી રીતે સમય વ્યતિત કરી કાળરાત્રિ આવેશ યુક્ત થઈ પગના પ્રહારથી પૃથ્વીને ધ્રુજાવી બોલી ઉઠી. હા, હવે એમજ થવાનું મારા માર્ગમાં નડતા શત્રુઓનું ભયંકર રીતે મરણ થવાનું. આ કાળરાત્રિ ધારશે એ કરી શકશે. અહા! રાજા સુજ્જનસિંહ! તુ ધારતો હોઇશ કે કાળરાત્રિ તારી વ્હાલી પ્રેમ પ્રતિમા છે, પણ નાના, તું ભુલે છે. મારા હૃદયમાં રાજ્ય લાલ સાની તિવ્ર ઇચ્છા ઉત્પન્ન થઈ છે, અને તેથીજ આ તારી

માનીતી રાણી હવે તારી ભયંકર શત્રુ બનેલી છે. મારા સ્વાર્થી પ્યારમાં સપડાયેલા રાજા! હું તને તારી રાણી સુનંદાની સાથે તારાં વ્હાલાં સંતાનોને મારી નાખી રામનગરનું રાજ્ય લેવા ચાહું છું. તમે હવે થોડા દિવસનાજ મ્હેમાન છો. આમ બોલની કાળરાત્રિ ત્યાં પડેલા એક સોફા ઉપર બેસી થોડીવારને માટે શાન્ત થઈ. તેને શાન્ત થયે થોડો સમય વ્યતિત થયો હશે, એટલામાં તેના દિવાનખાનાનું બારણું અલગ કરી એક પ્રચંડ-કાય શસ્ત્રધારી સૈનિક પુરૂષ ત્યાં આવ્યો; ને સોફા ઉપર બેઠેલી રાણીને નમન કરી તેની સામે પડેલા એક બીજા સોફા પર બેઠો. બન્ને મૌનતાથી એક બીજાનાં મુખ સામે જોવા લાગ્યાં, આખરે કાળરાત્રિ એક વિકટ હાસ્ય કરી બોલી. સેનાપતિ! ધારેલી ધારણાઓને સફળ થવાને હજી કેટલા સમયની વાર થશે? જેમ બને એમ જલ્દીથી આપણા શત્રુઓને કચડી છુદી નાંખવાની જરૂર છે. સેનાપતિ! વિચાર કરજો કે આ રાજ્ય લાલસાને લીધે મ્હેં મારા પવિત્ર પ્રેમને કલંકિત કરી તમારે આધિન કર્યો છે. મારાથીજ ભવિષ્યમાં તમે સુવર્ણના શિખરે ચઢવાને શક્તિવાન થશો. અંદરથી આપણે એક બીજાને ચ્હાઇએ છીએ અને બ્હારથી સંબંધ દેખાડવાને માટે તમારા પુત્ર પ્રતાપને મારી કાન્તા સાથે પરણાવી તમારી સાથે સગાઈ સાંધી છે, એટલે લોકોને આપણી ઉપર સંશય આણવાનું કારણ રહેશે નહિ માટે હવે જેમ બને એમ આપણા કાર્યોની પુર્ણાહુતી કરો.

સેનાપતિ કે જેનું નામ અબુધસિંહ હતું તે હવે બોલ્યો:-રાણી! શત્રુઓનો સંહાર સત્વર કરી નાખવાને હું

તૈયાર છું, પણ પ્રધાન વિજયરાજથી હું ઘણોજ ડરૂં છું. તેને અનેક લાલચોથી સમજાવ્યો પણ તે માનતો નથી. તે આપણાં હરેક કાર્યની ઝીણી નજરે તપાસ રાખે છે. રાણી! આપણા માર્ગમાં નડતર ફક્ત એનીજ છે.

'જ્યારે તે નથી માનતો ત્યારે તેને હવે વધારે વખત જીવતો રાખવો યોગ્ય નથી. માટે તેને કોઇ જાણે નહિ એવી રીતે મારી નાંખવાની આપણે ગોઠવણ કરવી જોઇએ. સેનાપતિ! વળી મ્હેં એમ પણ સાંભળ્યું છે કે તેનો પુત્ર 'મહેન્દ્ર રાજકુમારી કુસુમ નો પ્રેમી બન્યો છે, અને તેથી રાણી સુનંદા કુસુમને તેની સાથે પરણાવવા ઇચ્છે છે. માટે તેમ થયા પહેલાં એ પિતા પુત્રને આ પૃથ્વી પરથી વિદાય કરવાની ઘણી જરૂર છે. બોલો હવે તમારી શુ સલાહ છે? કાળરાત્રિએ પૂછ્યું.'

'હું તમારી આજ્ઞાને આધિન છું. મ્હેં એવી તો સરસ ગોઠવણ કરી છે, કે આપણા એ દુષ્ટ કામની કોઇને પણ જાણ પડશે નહિ.'

'એમ તો જણાવો કે એવી તે કેવી ગોઠવણ તમે કરી છે? રાણીએ આનંદ યુક્ત વદને પૂછ્યું.'

'જાણે એમ છે, કે મારા હાથ નીચેનો ઉપસેનાપતિ અંધકારસિંહ કુસુમને ચાહે છે. મ્હેં તેને કુસુમની લાલચ આપી આપણા પક્ષમાં લીધો છે; અને પ્રધાનનું કામ પુરૂં કરવાનું કામ પણ તેનેજ સોંપ્યું છે.'

'તે કામ અંધકારસિંહ ક્યારે પુરૂં કરશે?'

'આજથી ચોથા દિવસે વિજયરાજ રાત્રિના સમયે નર્મદાના

કિનારે ૐકારેશ્વર મહાદેવના પુજનાર્થે જશે. એજ સમયે અગા-ઉથી છૂપાઇ રહેલો અંધકારસિંહ પ્રધાનને સ્વર્ગે મોકલશે.'

'ઘણીજ સરસ યુક્તી! સેનાપતિ! તમારી બુદ્ધિને ધન્ય-વાદ ઘટે છે. કહી કાળરાત્રિએ ઉમળકાથી તેને આલીંગન આપ્યું.'

'તેની બાથમાંથી છૂટતાં અબુધસિંહે પૂછ્યું. હાલ કાન્તા ક્યાં છે?'

'નગરમાં! વારૂ કેમ પૂછવું પડયું?'

'હું એમ કહેવા માગું છું કે કાન્તાને તમે સમજાવી કહો કે પ્રતાપ ને આપણા પક્ષમાં મેળવે. જો કે એ મારો પુત્ર છે, પણ મારૂં કહેવું માનતો નથી. તે પ્રધાન પુત્ર મહેન્દ્ર નો મિત્ર છે, બન્ને જણા આપણાં કામને તિરસ્કારથી જુવે છે.'

'ઠીક છે. હું કાન્તાને એવી તો સરસ રીતે સમજાવીશ કે પ્રતાપ તેના કહેવા પ્રમાણેજ વર્તશે. વારૂ હવે રાણી સુનંદાનું શું ધાર્યું?'

'તેને આજ રાત્રિએજ રાજાથી તિરસ્કાર કરાવી દૂરકરવાનું ધાર્યું છે. જ્યાં તે દૂર થઇ કે આપણી ચઢતી થઇ સમજવી.'

'તેને કેવી રીતે દૂર કરાવશો?'

'રાણી! જુઓ આ કટાર! કહી અબુધસિંહે કટાર દેખા-ડતાં કહ્યુ. આ કટાર પ્રધાન વિજયરાજની છે. તેને આપણે અત્યારે નગરમાં જઇ રાણીના શયનભુવનમાં પ્રવેશ કરી તેની શૈયામાં મુકવાની જરૂર છે. કારણ કે રાજા આજે તેના શયનમંદિરમાં છે.'

'તેથી શું !'

'અરે આમ અધિરાં શાને થાઓ છો ? જુઓ આ પત્ર ! કહી સેનાપતિએ સ્વહસ્તે લખેલો એક કાગળ કાઢી કાળરાત્રિને વાંચવા આપ્યો.

'કાળરાત્રિ વાંચવા લાગી, તેમાં લખ્યું હતું કે.'

પ્રિય સુનંદા !

આપણો પ્રેમ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. પણ તે પ્રેમ પ્રવાહ આગળ વધવાને બદલે દૂરથીજ અટકે છે. તેનું કારણ ફક્ત મહારાજા સુજ્જનસિંહ છે. પ્રિયે ! જો તું આપણા પ્રેમની વૃદ્ધિ જોવા ઇચ્છતી હોય તો આજે ગમે એ પ્રકારે રાજાને પુરો કરજે. પછી હું રાજા અને તું રાણી. વ્હાલી ! તે કારણથી આજે આ કટાર મોકલી છે, તેમજ રાજા પણ આજે તારા મહેલમાં આવનાર છે. માટે આજ રાત્રેજ તેને પુરો કરજે. એજ. વિશેષ રૂબરૂમાં.

લી.

પ્રધાન વિજયરાજ. '

'પત્ર પુરો વાંચી રાણી આનંદના સાગરમાં ન્હાવા લાગી; અને મહાન્ હર્ષથી બોલી. અબુધસિંહ ! આ ઘણીજ સરસ યુક્તી છે. ખરેખર તમે એક કાર્યદક્ષ પુરૂષ છો. તમને પ્રેમ અર્પી હું ભાગ્યવાન થઇ છું.'

'રાણી એમ ના બોલો. આ સેવક તો આપનો ગુલામ છે. કહી સેનાપતિએ ઉભા થઇ તેના અધરોષ્ટનું પાન કર્યું.'

અહા ! સમયની કેવી બલીહારી ! રાણી કાળરાત્રિ એક પવિત્ર મહારાજાની પત્નિ થઇ એક હલકા સેનાપતિના પ્રેમમાં આંધળી થઇ તેને સર્વસ્વ અર્પણ કરી રહી છે. 'નારી કોઈની થઇ નથી અને થવાની નથી' એ વાક્ય સિદ્ધ છે. નારી ધારે તે કરવાને શક્તિવાન છે. પુરૂષને પાયમાલ કરી રમકડા માફક નચાવનારી પણ નારીજ છે જે રાજા કાળરાત્રિને પ્રાણથી પણ અધિક ચાહે છે. તેને સર્વ પ્રકારે સુખી કરે છે, અને જેને એક ભીખારી હાલતમાંથી પટરાણી પદે સ્થાપી છે. હા, એજ ભીખારણ કાળરાત્રિ આજે ચંડીકા રૂપ ધારણ કરી રાજાનું સર્વસ્વ નાશ કરવા તૈયાર થઇછે. તેનું કારણ એ કે તે રાજ્યલોભી થઇ છે, રાજ્યલગામ હાથમાં લઇ યથેચ્છ વિહાર કરવા ઇચ્છે છે. હા, એજ લોભથી નામ પ્રમાણે ગુણ ધરાવનારી કાળરાત્રિ અંધ થઈ દુષ્ટ સેનાપતિને પોતાનું સર્વસ્વ માની સતી ધર્મથી ભ્રષ્ટ થઇ છે. હા, સ્વાર્થ ! તારી પ્રબળ શક્તિ કંઇક ઓરજ છે. નિર્મળ મનનાં માણસો સ્વાર્થની સાંકળમાં સપડાતાં કંઇક જુદાંજ ભાસે છે. હા, સ્વાર્થ તારા પ્રતાપથીજ આ નંદનવન સમાન ભુમી આજે સ્મશાનવત્ બની ગઈ છે. તારા પ્રતાપથી સેંકડો વીર પુરૂષો રણમાં રોળાયા છે. ઓ સ્વાર્થ ! તું એક ઝેરી નાગ છે. તારા આશ્રિતજનો પોતાના પ્રિયનો પણ નાશ કરવાને સંકોચ પામતા નથી. કુટિલ સ્વાર્થની જાળમાં જકડાઇ કાળરાત્રિ જે ભયંકર કાર્યો કરવા તૈયાર થઈ છે એ સઘળો તારોજ પ્રતાપ છે.

રાત્રિ તેનું કાર્ય કરતી હતી. ઘટિકા યંત્રમાં તેજ ક્ષણે બારના ટકોરા થયા. પહેરેગીરોએ ખોંખારા કરી જણાવ્યું કે

અમે જાગ્રત છીએ. એવામાંજ કાળરાત્રિએ પ્રશ્ન કર્યો. સેનાપતિ! રાણી સુનંદાને દૂર કરવાની યુક્તિ તો તમે ઘણી સરસ ગોઠવી છે, પણ તેને અમલમાં લાવવાને કયો દિવસ ધાર્યો છે?

રાણી! આપણે પાછલી રાતે તેના મહેલ તરફ પ્રયાણ કરીશું. ત્યાં આપણા પક્ષના સિપાઇયો છે. એટલે આપણને અંદર પ્રવેશતાં અડચણ નડશે નહિ. આપણે અંદર જઈ આ ચિઠ્ઠી અને કટાર રાણીના પડખામાં મુકીશું, ને બૂમો મારી રાજાને જાગ્રત કરીશું સુનંદા પણ જાગ્રત થશે, કે તરત તેના પડખામાં મુકેલી કટાર અને પત્ર નીચે પડતાં રાજા જોશે, જેથી તે ખરેખરી અપરાધી ઠરશે, અને પછી આપણી ધારેલી ધારણા સિદ્ધ થશે. આમ કહી સેનાપતિએ સ્મિત્ હાષ્યથી રાણીના સામે જોયું.

'કાળરાત્રિ' તેની ઉપર પ્રસન્ન થઇ, અને તેને ધન્યવાદ દેવા લાગી. બાદ એ આનંદના આવેશથી તે ઉઠી ને પાસે પડેલા સુવર્ણ પાત્રમાં મદિરા ભરી સ્વહસ્તે સેનાપતિને તેનું પાન કરાવ્યું. મળેલા માનથી સેનાપતિ હર્ષથી કુલાવા લાગ્યો. હવે હુંજ રાણીનો સ્વામિ છું ધારી તેને કંઠાશ્લેશ કરી હસ્તે વદને મદિરાનો પ્યાલો પીવરાવવા લાગ્યો.

'આવી રીતે આમોદ પ્રમોદમાં થોડોક સમય ગુજારી 'કાળરાત્રિ' એ પૂછ્યું–અબુધસિંહ! આપણે હજી એક કામ કરવાનું બાકી છે?

'શું પ્રેમ સાગરમાં ન્હાવાનુંજ બાકી છેને?'

'ના, ના, બીજું બાકી છે.'

'ત્યારે જણાવી દ્યો કે એ રહેલું કામ શું છે? કે જેથી આ સેવક તેનો પણ ખુલાસો કરી નાંખે.'

'પેલા કોષાધ્યક્ષ રાજસિંહને સમજાવવાનું.'

'હા, હજી એ મહાન્ કાર્ય બાકી છે, અને તે હમણાંજ પુરૂં થવાની તૈયારીમાં છે.'

'શું અત્યારે?'

'હા.'

'કેવી રીતે?'

'મ્હેં આપણા ઉપસેનાપતિ અંધકારસિંહને તેને ત્યાં મોકલ્યો છે, અને તેને તમારા નામથી અહિં બોલાવી લાવવાનું કહ્યું છે.'

'શું તે અત્યારે અહિં આવશે?'

"હા, તમારા નામથી તે તુરત અહિં આવશે, કારણ કે તે એક વફાદાર રાજ્ય ભક્ત છે, ને રાજ્યના હિતમાં પ્રાણ આપે એવો છે. તેને સમજાવવા શામ, દામ, ભેદ અને દંડનો ઉપયોગ કરવો પડશે.

'તેમ છતાં તે નહિ માને તો શું કરશો?'

'ભાગ્યના ભાનુનો ઉદય થતાં જો તેના લેખ ખરાબ હશે તો રાજસિંહ યમનગર તરફ પ્રયાણ કરશે'

'શું આપણે તેનું ખૂન કરીશું?'

'હા, જો માનશે તો સુખી કરીશું, નહિ તો તેનો આ ખંજરથી શિકાર કરીશું.

'તેના ખૂનની વાત કેવી રીતે છાની રહી શકશે ?'

"વાતને છાની રાખવાના કારણથીજ તેને અત્યારે મધ્ય રાત્રે અહિં બોલાવ્યો છે.'

'ખરેખર તમે અગમચેતીવાળા તો ખરા.'

'રાણી ! અગમ ચેતીથીજ આટલી પાયરીએ ચઢવામાં હું ફતેહમંદ થયો છું. રાજ્ય પ્રપંચના કામ અગમચેતીનાંજ હોય છે.'

'આમ વાત ચાલે છે એટલામાં બ્હાર કોઇકના આવવાના પદ સંચારનો અવાજ સંભળાયો. બન્ને ચમકી આતુરતાથી દ્વાર સામે જોવા લાગ્યાં. અલ્પ સમયમાં તો તેઓ જેના વિષે વાત કરતાં હતાં, તેજ રાજસિંહને બોલાવી અંધકારસિંહે ત્યાં પ્રવેશ કર્યો.'

પ્રકરણ ૨ જું.

રાજસિંહનું ખૂન.

‘રાજય માતા! સેવકને મધ્યરાત્રિએ બોલાવવાની શું જરૂર પડી? દિવાનખાનામાં આવી રાજસિંહે નમન કરી પૂછ્યું.

‘તેની તમને હમણાંજ ખબર પડશે. આ સામે જણાતા આસન ઉપર સ્થાન લ્યો. કાળરાત્રિએ કહ્યું.

“રાજ્યદેવીની સમક્ષ આસન પર સ્થાન લેવું અઘટિત ગણાય. સેવક અત્રે ઉભો રહેશે. રાજસિંહે સેનાપતિ સામે જોતાં કહ્યું.

‘રાજસિંહ! હું તમને આજ્ઞા કરીને કહું છું કે તમે બેસો. પુનઃ રાણીએ કહ્યું.

‘આપની આજ્ઞાનો અંગીકાર કરી હું આપની સમક્ષ બેસું છું, ને હવે આપની આજ્ઞા શ્રવણ કરવાને ઉત્સુક છું.’ રાજસિંહે નીચે બેસતાં પૂછ્યું.

‘રાજસિંહ! હાલ આપણા ખજાનાની શું સ્થિતિ છે!’

‘પ્રભુના પ્રતાપથી હાલમાં ધન ભંડાર સંપૂર્ણ ભરેલો છે. દેવી! આ પ્રશ્ન પૂછવાનું શું કારણ છે?’

‘કંઇ નહિ, સ્હેજ! હં. વારૂ રાજસિંહ! મારી એક માગણી કબુલ રાખશો?’

'આપની હરેક ઇચ્છાને આધિન થવા આ સેવક જીવીન પર્યંત બંધાયેલો છે. માતા! કહો આપની શું ઇચ્છા છે?'

'ઇચ્છામાં એજ કે હું અત્યારે તમને એક હિરાજડીત્ર હાર! કે જેની કીંમત પાંચ લાખ રૂપિયાની છે, એવો મુલ્યવાન હાર તમને બક્ષિસ કરવા ચાહું છું.' કાળરાત્રિએ સેનાપતિ સામે જોઇ કહ્યું. જાઓ, આ સામે જણાતા કબાટમાંથી હાર લાવો ને તમારા હાથેજ રાજસિંહને પહેરાવો.

સેનાપતિ ઉભો થયો, ને આંખને આંજી નાંખે એવા પ્રકાશવાળો હિરાનો હાર લાવી રાજસિંહ પાસે ગયો. રાજસિંહ દિઙમુઢ બની વિચારમાં પડયો, અને જેવો અનુધસિંહ તેના કંઠમાં હાર નાંખવા જાય છે એવોજ તે વિચારનો ત્યાગ કરી બોલ્યો. રાજ્યદેવી! આ હારની બક્ષિસ શાને માટે અપાય છે? તે હું સમજી શકતો નથી. મ્હેં અદ્યાપી પર્યંન એવું કાંઇ પણ મહાન્ કાર્ય કર્યું નથી કે જેથી હું આ અમુલ્ય બક્ષિસને પાત્ર ગણાઉં. દેવી! પ્રથમ મને જણાવો કે સેવકને આટલા બધા માનથી જોવાનું શું કારણ છે?'

'કારણ એજ કે હવે તમારા સુખના સૂર્યનો ઉદય થયો છે અને તેનુંજ આ મંગળાચરણ છે.' અનુધસિંહે હસ્તે વદને જણાવ્યું.

'રાજ્યમાતા! હું આમાં કાંઇ સમજી શકતો નથી. સેવકને સ્પષ્ટ જણાવવાની કૃપા કરો? રાજસિંહે હાથ જોડી પૂછ્યું.

'રાજસિંહ! તમે જાણો છો કે લાંબા સમયથી મહારાજાની સ્થિતિમાં અજાયબ ફેરફાર થયો છે, અને તે રાજકાર્યમાં બીલકુલ ધ્યાન આપતા નથી. તે કારણથી પ્રજામાં ઘણો

અસંતોષ ફેલાયો છે. આપણા દુષ્મનો રામનગરની સામે આતુરતાથી દુષ્ટ નજર કરી રહ્યા છે. તેમ થાય નહિ તેને માટે રાજ્યની લગામ હું હાથમાં લેવા ધારૂં છું.' કાળરાત્રિએ શાન્તિથી જણાવ્યું.

'રાજસિંહ વિચારમાં પડયો, તેને કાંઇ સમજ પડી નહિ, તે શાન્ત બેસી રહ્યો.'

પુનઃ રાણીએ પૂછ્યું. રાજસિંહ! શું વિચાર કરો છો?

'દેવી! આપ કહો છો કે મહારાજાની પ્રકૃતિમાં ફેરફાર થયો છે એ હું સારી રીતે સમજું છું; પણ રામનગરની ઇચ્છા રાખે એવો કોઇ પણ શત્રુ મારી નજરમાં જણાતો નથી. પ્રધાન વિજયરાજની કાર્ય દક્ષતાથી પ્રજાને પણ યથાર્થ ન્યાય મળે છે. તો આપને રાજ્ય કારભારમાં શ્રમ લેવાની શું જરૂર છે?'

'રાજસિંહ! તમે હજી સમજ્યા હો એમ જણાતું નથી, તમને આટલી રાત્રે અત્રે કાર્ય વિના બોલાવવામાં આવ્યા નથી. હું તમને મહાન્ પદવી પર વિભુષિત્ કરવાની ઇચ્છા રાખું છું. તે પહેલાં મારી એક માગણી કબુલ રાખો.'

'આપની શું માગણી છે?'

'તમે વચન આપો કે હું તે માગણીનો અસ્વિકાર નહિ કરૂં.'

'આપની માગણી યથાર્થ હશે, તો સેવક શિરસાટે સ્વિકારવા તૈયાર છે. માતા! જણાવો?'

'સેનાપતિ! રાજસિંહને સ્પષ્ટ જણાવી દઇશું કે? કાળરાત્રિએ અનુપસિંહ સામે જોઇ પૂછ્યું.'

'હા, ન્હેલું મોડું તેમને જણાવવાનું તો છેજ, માટે અત્યારેજ તેમને આપણા કયેથી જાણીતા કરી દ્યો. અબુધે કહ્યું.'

તેનું કહેવું સાંભળી રાણી રાજસિંહ પ્રતિ દ્રષ્ટિ કરી બોલી. રાજસિંહ! મારી ઇચ્છા રાજ્ય કરવાની છે; ને તેથી રાજ્યની લગામ હાથમાં લેવા તમે મને મદદ કરો.

'દેવી! આ રાજ્ય આપનુંજ છે. સુખેથી રાજકારભાર ચલાવો એમાં મદદ કરવાનું શું છે?'

'માર્ગમાં નડતા શત્રુઓને દૂર કરી, નિષ્કંટ રાજ્ય કરવાની ઇચ્છા છે.'

'આપનો એવો કયો શત્રુ છે, કે તેને આપ દૂર કરવા ઇચ્છો છો?'

'પ્રથમ તો 'મહારાજા સુજનસિંહ' મારા માર્ગનો કંટક છે.' રાણીએ સ્પષ્ટ જણાવી દીધું.

'આંધળા માણસની આંખ્યોએ જેમ એકદમ દેખાય એવી રીતે રાજસિંહ એક ક્ષણમાં સઘળું રહસ્ય સમજી ગયો. તે તેની જગાએથી ઉભો થઇ હાથ જોડી બોલી ઉઠયો. રાજ્યમાતા! તમે આ શું બોલોછો? પવિત્ર હ્રદયમાં આજે આવો વિચાર કયાંથી ઉત્પન્ન થયો? હર! હર! કેવી વિપરીત બુદ્ધિ! દેવી! શું આ સત્ય વદોછો કે મારી પરિક્ષા કરોછો?

'રાજસિંહ! હું સત્ય વદું છું, ને રાજાને સહકુટુંબ સંહારવા ઇચ્છું છું. તમે અમને મદદ કરો, ને આજથી સુવર્ણના શિખરે ચઢો. જુઓ આ સામે બેઠેલા અબુધસિંહ પણ મને

તન, મન, ને ધનથી મદદ કરવા તૈયાર થયા છે. બોલો તમે મદદ કરશો કે નહિ?'

"રાણી! આ રાજસિંહના હૃદયથી આપ જાણીતાં નથી. મારા શરીરમાં શુદ્ધ ક્ષત્રિય વંશનું રૂધીર વહન કરે છે, આત્મા સત્યા સત્યને સારી રીતે અવલોકી શકે છે. દેવી! આજે તમારા શબ્દોથી મને ભયંકર અંધકાર ભાસે છે. આ પવિત્ર ધરા અત્યારે ધ્રુજી રહી છે. માતા મને ક્ષમા કરો. હું આપને મદદ કરવા નથી ઇચ્છતો. હું પ્રાણાંતે નિમક હરામ થનાર નથી. આ તન મન, અને ધન પ્રથમથીજ મહારાજા સુજ્જનસિંહને અર્પણ કરી ચુકયો છું. તેથી તમારા વિચાર સાંભળી હું આપને અને આ ચંડાળ વિશ્વાસઘાની સેનાપતિ અબુધસિંહને ધિક્કારૂં છું.

'રાજસિંહ! હદ થાય છે, જીભ ઘણીજ લંબાય છે! અબુધે કહ્યું.

'અબુધ! નિમકહરામ સેનાપતિ! વિચાર કર! રાજા સુજ્જનસિંહનું અન્ન તારી નસોનસમાં ભરાઇ ગયેલું છે. જેનાથી તું અદ્યાપી પર્યંત જીવનધારી આનંદ કરે છે. હા, તેજ મહારાજા વિષે કુટિલ વિચાર કરતાં અને આ પવિત્ર રાણીને અનીતિને રસ્તે દોરતાં તારા પ્રાણનો નાશ કેમ થતો નથી. આ કંપતી પૃથ્વી તેના ઉદરમાં તને કેમ સમાવી દેતી નથી. આમ બોલતો રાજસિંહ કંપવા લાગ્યો. તરત તેણે અબુધની સામેથી મુખ ફેરવી રાણી સામે જોઇ કહ્યું. 'મહારાણી! હજી સમય છે, વિચાર કરો. પતિવ્રતાના ધર્મને યાદ કરો. તમે કોણ? એક રાજમાતા! દેવી! જો તમારા શુદ્ધ હૃદયમાંજ આવા

વિચારો ઉત્પન્ન થશે, અરે જે તમારો શિરછત્ર તેનો નાશ કરવાનો કુટિલ વિચાર થશે, તો સમજજો કે આ પૃથ્વી રસાતાળ જશે. આ ઝળકતી ચાંદની ઘોર અંધકારવાળી થઇ જશે.

'રાજસિંહ! શાન્ત થાઓ, હું વધારે વાર તમારા વાક્ય પ્રહાર સહન કરી શકતી નથી. હું જે કરવા ધારૂં છું તે અવશ્ય કરવાની. મારા વિચાર દેવ દાનવો પણ ફેરવી શકનાર નથી. બોલો, જવાબ ઘો, અને જલ્દીથી હા, કે નાનો પ્રતિ ઉતર આપો. ?' કાળરાત્રિએ ઉભાં થઇ કહ્યું.

'હું કોટી ઉપાયે તમારા પક્ષમાં મળનાર નથી, આજથી આ રાજસિંહને તમારો મિત્ર સમજશો નહિ.'

'ત્યારે શું તું અમારો શત્રુ થઇશ ?' સેનાપતિએ પૂછ્યું.

'હા, રાજાનું અનિષ્ટ વિચારનારને જડમૂળથી ઉખેડી નાંખીશ. નિમકહરામ સેનાપતિ! તને તો હું રસાતાળમાં ચાંપી દઇશ. આમ બોલતો રાજસિંહ ક્રોધપૂર્ણ નયને જોઇ રહ્યો.

'તેના વાક્યોથી કાળરાત્રિ ઉશ્કેરાઇ ગઈ અને એક વિક્રાળ વાઘણનું સ્વરૂપ ધારી બોલી ઉઠી. અમને જડમૂળથી ઉખેડનાર રાજસિંહ! તારા શબ્દોથી મને ક્રોધની જ્વાળાએ ઘેરી છે. તું આજે જીવતો જનાર નથી.

'શું તમે મારૂં ખૂન કરશો ? કહી રાજસિંહ ઉંચે જોઇ બોલવા લાગ્યો, હા વિભો ! આ શાન્ત સામ્રાજ્યમાં અચાનક આવો ઘોર પ્રસંગ ક્યાંથી ઉભો થયો ? હા, મહારાજા સુજાન-સિંહ! તમને શું વિચાર આવતાં આ ઉછેલી કળી નાગણને એક ભીખારી હાલતમાંથી પટરાણી પદે સ્થાપન કરી હશે! હા,

'જાત એવી ભાત' એ કહેવત સિદ્ધ થાય છે. પુનઃ તેણે રાણીના સામે જોઈ કહ્યું. કાળરાત્રિ! તું હવે રાજ્યમાતા કહેવાને લાયક નથી. ઓ! વિષ ભરેલી ભામની! ઓ સંહારક જ્વાળામુખી દેવી! લગીર તો વિચાર કર કે તું પ્રથમ કેવી હાલતે મહારાજાનું શરણુ યાચવા આવી હતી? હા, એજ પ્રૌઢ પ્રતાપી રાજાના આશરે રહી તું સુખ વૈભવની અધિષ્ટાત્રી થઈ પટરાણી પદે ચઢી છે. વિચાર કર! તે તારા સ્વામિ છે તું તેની પત્નિ છે. કાળરાત્રિ! તું મહારાણી થઇ આવું ઘોર કાર્ય કરીશ તો ખરેખર ઈશ્વરની ભયંકર અપરાધીની થઇશ.

'બસ કર, તું મારો ગુલામ છે! એક મહારાણીને અપમાનની આગમાં સળગાવનાર શેતાન! યાદ રાખજે કે હવે તારા શું હાલ થાય છે?'

'નિમકહરામ થઇ ક્ષણીક સુખના ભોક્તા થઇ અંતે નર્કની જ્વાળાઓમાં રીબાવા કરતાં, નિમકહરામીઓનો સમક્ષ તેમનો તિરસ્કાર કરી ધર્મ સંભાળતાં મને ઘણોજ આનંદ થાય છે.

'ચુપ થા! તું જાણે છે કે હું એક મહારાણી સમક્ષ ઉભો છુ?

'કોણ તું મારી મહારાણી? હા, ના, પ્રથમ હતો, હવે નથી. કાળરાત્રી! તું મારી રાણી નથી, હું તારો સેવક નથી, દુષ્ટા! તારાં કારસ્થાન જાણી આ શરીર ધ્રુજે છે. જો પ્રથમથી ખબર હોત તો આટલા પ્રસંગ સુધી વાત વધવા દેત નહિ. ખરેખર! તું એક ઝેરી નાગણ છે, રાણીના રૂપમાં આવેલી પિશાચની છે. કતઘ્નિ કાળરાત્રિ! હું હવે વધારેવાર આ અપ-

વિત્ર જગ્યાએ ઉભો રહેવા નથી ઇચ્છતો, હું જાઉં છું, ને જતાં જતાં ચેતાઉં છું કે ભયંકર કાર્યોની શરૂઆત કરતાં પહેલાં વિચાર કરજે, નહિ તો તેનાં ફળ વિપરીત છે એમ નક્કી સમજજે. કહી રાજસિંહે જવા આગળ પગલું ભર્યું, કે તરત કાળરાત્રિએ ભયંકર અવાજથી બુમ મારી; તેના માર્ગમાં આડી ઉભી બોલી. ખબરદાર! તું અહિંથી જીવતો જનાર નથી. અભિમાની! તું હવે મારો મહાન્ શત્રુ છે, તું મારા હૃદયનો કાંટો છે, મારા શરીરનું વિષ છે, આંખનો અંગારો છે, હું તને આ ખંજરથી છુંદી નાખીશ અને તારા શબના કટકા કરી છુટા છવાયા ફેંકી દઇશ. આમ બોલતી કાળરાત્રિ પાસે પડેલું ખંજર હાથમાં પકડી ફાટી આંખે રાજસિંહ સામે જોવા લાગી. તેનું શરીર કંપવા લાગ્યું, હાથમાં પકડેલું ખંજર હાલવા લાગ્યું, અંતે વિકટ હાસ્ય કરી તેણે સેનાપતિ સામું જોયું. તેના ક્રોધથી સેનાપતિ અબુધસિંહ પણ ભયભીત બની ગયો, તેણે તત્કાળ રાજસિંહનું ખૂન કરવાની સંજ્ઞા કરી. કે પુનઃ કાળરાત્રિ બોલી ઉઠી.

'ઉદ્ધત રાજસિંહ! મરવું છે કે મળી જઇ સુખ ભોગવવું છે? આ પ્રશ્ન છેલ્લી વારને માટે છે, ને તેના જવાબ પર તારૂં જીવન મરણ નક્કી છે.

'તમારાં જેવાં વિશ્વાસઘાતીયોને મદદ કરી; રાજ્યદ્રોહી બનવા કરતાં હું હસ્તે મુખડે સ્વર્ગ સદનમાં ગમન કરવા તૈયાર છું. કુટિલ કાળરાત્રિ! તારાથી આવી રીતે મને મારી શકાશે નહિ. આ રાજસિંહના મરણ પહેલાં આ દિવાનખાનું તારા રક્તથી રંગાશે. કાળીનાગણ! યાદ રાખજે કે આ રાજસિંહ

ક્ષત્રિય વીર છે, મુંગે મ્હોઢે કદાપિ મરણને શરણ થનાર નથી. ચાલ, સામર્થ્ય હોય તો આવી જા. કહી રાજસિંહે કમ્મરે લટકતી તલવારને મ્યાનમાંથી ખેંચી કાઢી. તેની ભયંકર મુખમુદ્રા નીહાળી અબુધસિંહે રાણીને પાછળથી ખેંચી લીધી, અને તરત એક સઙ્ગા દર્શક સીસોટી વગાડી. અલ્પ સમયમાં દિવાનખાનાના દરવાજા ખુલ્લા થઇ ગયા, ને તેમાંથી અનેક શસસ્ત્ર સૈનિકોએ અંદર ધસી આવી રાજસિંહને ઘેરી લીધો. રાજસિંહ વીર હતો, તે લગીર પણ ગભરાયા વિના હિંમતથી શત્રુઓની ઉપર તુટી પડયો. દિવાનખાનામાં કાપાકાપી શરૂ થઈ, રક્ત પ્રવાહથી પાથરેલી શેત્રંજી રંગાઇ ગઇ. જોત જોતામાં રાજસિંહે ચારેક સૈનિકોને તો પ્રાણ વિહિન કરી નાંખ્યા. એટલામાં તો કાળરાત્રિ કારનું સ્વરૂપ ધારી તેની સામે ધસી આવી. રાજસિંહ વિચારમા પડયો, અબળા ઉપર ઘા કરૂં કે નહિ, આમ નિર્ણય કરે છે એટલામાં તો ખુની રાણીએ તેના પેટમાં ખંજર ભોંકી દીધું. હા, રામ! થઇ ચૂકર્યું. કહી રાજસિંહ પ્રથ્વી ઉપર શયન કર્યું તેને પડેલો જોતાંજ સૈનિકોએ ઉપરા ઉપરી તલવારોના ઘા કરી તેના શરીરના કટકે કટકા કરી નાખ્યા. રાજસિંહ અમર ધામમા ચાલ્યો ગયો, તેના શબના કટકાને પોટકીમાં બાંધી, સર્વે સૈનિકો રાણીને નમન કરી, ત્યાં પડેલી સિપાઇયોની લાસોને ઉઠાવી ત્યાંથી ચાલતા થયા.

હજી કાળરાત્રિનો ક્રોધ સમ્યો નહોતો, તે ક્રુર કંઠે બોલી. સેનાપતિ! હવે સમય ગુમાવવાનું કામ નથી, માટે ચાલો આપણે અત્યારેજ ધારેલા કામનો અંત આણીએ. કહી રાણી ત્યાંથી

ચાલવા લાગી. ભયભીત બનેલો અબુધસિંહ ઉભો થયો ને જતી રાણીને રોકી કહેવા લાગ્યો. રાજ્ય રાણી ! ક્રોધને સમાવી જરા શાન્ત થાઓ, સાહસ કરવાનું કામ નથી. આવી રીતે સાહસ કરીશું તો આપણું કર્યું કારવ્યું ધુળ મેળવીશું. આપણે જે કાંઇ કરવાનું છે તે ગુપ્ત રીતે, યુક્તિ પ્રયુક્તિ પૂર્વક કરવાનું છે. હજી આપણો ભયંકર શત્રુ 'વિજયરાજ' જીવતો છે. તે જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી આપણાથી ખુલ્લી રીતે કાંઇ પણ કરી શકાય એમ નથી. કહી અબુધસિંહે તેને શાન્ત પાડી તેના હાથમાંથી ખંજર લઇ લીધું. પુનઃ બન્ને જણાં સોફા ઉપર બેઠાં. અબુધસિંહે દિવાનખાનાના દ્વાર સામે જોઇ કાંઇક સંકેત કર્યો. દિવાનખાનાનું દ્વાર ઉઘડી ગયું. તેમાં થઇને કમ્મરે લટકતી તલવાર સાથે અંધકારસિંહે ત્યાં પ્રવેશ કરી રાણીને નમન કર્યું. કાળરાત્રિએ તેના સામે જોઇ કહ્યું, અંધકારસિંહ ! જો તું વિજયરાજને આ દુનિયામાંથી દૂર કરીશ, તો તને 'કુસુમ' ની સાથે પરણાવી ખુબ ઇનામ આપી ખુશી કરીશ. બોલ ! તું એ કામ કરી શકશે કે નહિ ?

'માતા ! હું આપની આજ્ઞાનુસાર અવશ્ય એ કાર્યને પૂર્ણ કરીશ. અંધકારસિંહે નમ્ર વદને કહ્યું.'

'હું તારાં વચનથી ઘણીજ પ્રસન્ન થઇછું. અંધકારસિંહ ! તારે જવું હોય તો જા. અને આજથી ચોથા દિવસની રાત્રે પ્રધાન વિજયરાજ જે શંકરના શિવાલયે પુજનાર્થે જાય છે ત્યાં તું પ્રથમથી છૂપાઇ રહેજે, ને તે આવે કે તરત તેનું કામ પુરૂં કરજે.'

'જેવી આજ્ઞા, કહી અંધકારસિંહે એક વધાન કરાળ દ્રષ્ટિએ રાણીના સામું નીહાળ્યું. બાદ તરત તે મહેલની બ્હાર નીકળી ગયો.

પાછલી રાત્રિ થઇ હતી, નર્મદામાં તારા સ્નાન કરતા ભાવિક ભક્તોના અવાજથી મહેલમાં બેઠેલાં, રાણી અને સેના-પતિ ઉભાં થયાં. બન્નેએ કાળા ઝબ્ભા શરીર પર ઓઢી લીધા. ત્યાર બાદ વિશેષ સમય ત્યાં નહિ રોકાતાં બન્ને જણાં રાણી સુનંદાના મહેલ પ્રતિ પ્રયાણ કરવા લાગ્યાં.

પ્રકરણ ૩ જું.

પ્રથમ પરિચય.

પ્રીય પાઠકો ! આપણે હવે રામનગર રાજ્યનું અવલોકન કરી રાજ્યકુટુંબથી માહિતગાર થવાની જરૂર છે, અને તેથી આપણી નવલકથાની શરૂઆત પહેલાંની કેટલીક હકીકત જાણવી જોઇયે.

આપણે ગત પ્રકરણમાં વાંચી ગયા કે, રામનગરનું રાજ્ય સર્વ પ્રકારે આબાદ અને સુખી હતું. મહારાજા સુજનસિંહ પ્રજા વત્સલ અને ધર્મપરાયણ હતા. પટરાણી સુનંદા પતિને પ્રભુ સમાન ગણનારી, ગરીબોનું કલ્યાણ કરનારી મહાન્ સતી હતી. રાજા અને રાણીમાં એ સમયે સ્વર્ગિય પ્રેમ હતો. એ પ્રેમના પરિણામે તેમને એક કન્યા રત્નનો લાભ થયો હતો. પુત્રીનું નામ કુસુમકુમારી રાખવામાં આવ્યું હતુ. રાજા અને રાણી આનંદથી પુત્રીને સંભાળ પૂર્વક મોટી કરવા લાગ્યાં. એવી રીતે આનંદમા દિવસો નિર્ગમન થતા હતા. સર્વ સરદારો પટાવતો વગેરે નીતિ પૂર્વક ચાલી વફાદાર રહેતા હતા.

'એક સમયે કુસુમકુમારીના માંગલીક જન્મોત્સવના દિવસે મહારાજા પૂર્ણ ઠાઠથી દરબાર ભરી સુવર્ણ સિંહાસને વિરાજમાન થયા હતા. કુસુમને એ દિવસે એક વર્ષ પુરૂં થઇ બીજું બેસવાનું હતું, માગણોને દાન આપી સંતોષ પમાડ્યા. દરબારમાં નાચ ગાયન થવા લાગ્યાં, સર્વત્ર આનંદ આનંદ થઇ

રહ્યો હતો એવામાં એક નવયુવાન, રૂપવાન ભીખારણ ફાટાં તુટાં વસ્ત્ર સાથે દરબારમાં આવી; અને મહારાજાની સમક્ષ ઘુંટણીએ પડી શરણ યાચવા લાગી. તે ભીખારણ જો કે મેલાં કપડાંથી ઢંકાયેલી હતી પણ તેનું રૂપ ઢંકાયેલુ નહોતું. તેના મુખનો ચળકાટ શરદ શશીને પણ શરમાવે એવો હતો. તેની ઉમ્મર ભાગ્યેજ બાવીસ વર્ષની હશે. સર્વ દરબારી મંડળ આશ્ચર્યયુક્ત થઇ તેના મુખનું અવલોકન કરવા લાગ્યા રાજા સુજ્જનસિંહ પણ મનમાં તેની પ્રસંસા કરતા આખરે તેને દરબારમાં આવવાનું કારણ પૂછવા લાગ્યા. પ્રત્યુતરમાં તે રૂપવતી ભીખારણે જણાવ્યું કે હું એક નિરાધાર અબળા છું ને તેથી આપનું શરણ યાચવા આવી છું.

તેનાં વચન સાંભળી પુનઃ મહારાજાએ પૂછ્યું, તું અહિં રહી શું કરીશ?

તુરત તેણે જવાબ આપ્યો પ્રભુ! હું અહિં નિવાસ કરી આપની તેમજ આપનાં મહારાણીની સેવા કરીશ, તેમજ આપ બન્નેને મારી અપૂર્વ સંગીત વિદ્યાથી પ્રસન્ન કરીશ.

શું તું સંગીત જાણે છે? વારૂ કંઇક ગા જોઇએ મહારાજાએ આજ્ઞા આપી.

મહારાજાની આજ્ઞા સાંભળી તેણે ઘણાજ મોહક અને મીઠા કોમળ સુરથી એક ગાયન ગાયું. તેના ગાનથી સઘળી સભા સ્તબ્ધ બની ગઇ. મહારાજા તો, એ રાખમાં દબાયેલા રત્નને તેના ગાનથી પ્રસન્ન થઇ ધન્યવાદ આપવા લાગ્યા. તરત તેને ત્યાંથી રાણી સુનંદાના આવાસમાં મોકલી દીધી. રાણી તેની

નમનતાઇથી ઘણી ખુશી થઇ. અને તેને એક સખીની સમાન ચ્હાવા લાગી.

વાંચકો ! આ ભીખારણ બીજી કોઇ નહિ પણ ભવિષ્યમાં થનારી, મહારાણી કાળરાત્રિ હતી.

ધીમે ધીમે કાળરાત્રિ તેના વર્તનથી સર્વને ખુશ રાખવા લાગી. કુમારી કુસુમને તો તે એક માતાની માફક અત્યંત વ્હાલથી રમાડી ઉછેરવા લાગી. એવી રીતે બીજાં બે વર્ષ નીકળી ગયાં એવામાં એક દિવસે દૈવયોગે રાજા સુજ્જનસિંહ અને કાળરાત્રિનો એકાન્તમાં મેળાપ થયો. મુળથી રાજા તેના રૂપથી તો અંજાઇ ગયો હતો, અને મનમાં નિરંતર તેનું ધ્યાન ધરતો હતો. પણ તેને એક પત્નિ વ્રતનો દ્રઢ નિયમ હોવાથી તે બીજું અયોગ્ય પગલું ભરી શકયો નહોતો. પણ પ્રભુની ગતિને જાણવાને કોણ શક્તિવાન છે ? આજે એ ધર્મિષ્ટ રાજા કે જેને એક પત્નિ વ્રત પાળવાનો નિયમ છે, તે સુજ્જનસિંહ ‘ કાળરાત્રિ ’ ની સાથે એકાન્ત મળતાં વિહ્વળ બન્યો અગ્નિ અને ઘીનો સંયોગ થયો, કુશળ કાળરાત્રિએ તેની કાતિલ કટાક્ષથી રાજાને ક્ષણમાં વશ કર્યો. રાજા ભાન ભુલવા લાગ્યો મદનનો નિશો તેના અંગે અંગ વ્યાપી અંધ કરવા લાગ્યો. અને તેથી એક સત્તાધીશ રાજા ગરીબ ગાય જેવો બની એક ભીખારણની સમક્ષ નીચો નમી તેના પ્રેમની પ્રાર્થના કરવા લાગ્યો. કુટિલ કાળરાત્રિએ રાજાને પંજામાં ફસાયેલો જોઇ કેટલાંક વચન માગી લીધાં. રાજાએ તે ઉપરાંત તેને માનીતી રાણીનું પદ આપ્યું. કાળરાત્રિ ખુશી થઇ. અને એ ખુશાલીમાં રાજાને અનેક કલાઓથી ખુશ

કરી તેની મન કામના પૂર્ણ કરી. બસ તેજ દિવસથી બીચારણ કાળરાત્રિ પ્રેમદેવી બની અને રાજા તેનો પુજારી બની ત્યાંજ રહેવા લાગ્યો. રાણી સુનંદા સંતોષી હતી. સખી સમાન કાળરાત્રિને રાણી થયેલી જોઇ તેને અત્યાનંદ થયો. ત્યારથી તે તેને સખી પ્રમાણે નહિ પણ એક બ્હેનની માફક ચ્હાવા લાગી. બાદ જ્યારે કુસુમકુમારી ચાર વર્ષની થઇ ત્યારે નવી રાણીએ પણ એક પુત્રીને જન્મ આપ્યો. તેનું નામ કાન્તા પાડવામાં આવ્યું. રાજા સુજ્જનસિંહ બન્ને રાણીઓ સાથે સ્વર્ગિય સુખ ભોગવવા લાગ્યો. જ્યારે કુસુમની ઉમ્મર બાર વરસની અને કાન્તાની ઉમ્મર આઠ વર્ષની થઇ ત્યારે પ્રભુ કૃપાએ રાણી સુનંદાએ એક રાજ્યગાદીના વારસને જન્મ આપ્યો. રામનગરમાં આનંદોત્સવ થઇ રહ્યો. નગરના નામ ઉપરથી કુમારનું નામ રામસિંહ રાખવામાં આવ્યું.

કાળના વહેવા સાથે માણસના મન પણ બદલાઇ જાય છે. સ્ત્રીઓ સર્વ પ્રકારે આનંદી અને સદ્ગુણશાળી હોય છે, પણ તેમનામાં એક મહાન્ દુર્ગુણ ચીરકાળને માટે વાસ કરીને રહેલો હોય છે. સ્ત્રીઓ સ્વભાવથીજ ઇર્ષ્યાવાળી હોય છે. તે સામાનું સુખ જોઇ બળી જાય છે, ને તેનાથી વધારે સુખી થવાની ઇચ્છા રાખે છે. સ્ત્રીયો નિરંતર અસંતોષી રહે છે, તેને સર્વ પ્રકારે સુખ આપો, અપાર પ્રેમથી ચ્હાઓ! પણ તે કદાપિ કાળે સંતોષી બનવાની નથી. તેનામાં સ્વાર્થ ઉત્પન્ન થતાંજ, તે ઇર્ષ્યાની આગથી બળી ઉઠે છે અને જે પ્રથમ કોમળ, આનંદી અને નમ્ર સ્વભાવની જણાય છે, એજ અબળા સ્વાર્થ સાધવાને ભયંકર

સ્વરૂપ ધારણ કરે છે. વિષધારી નાગણ બની અંધ થઈ આગળ પાછળનો વિચાર નહિ કરતાં તેના માર્ગમાં આવનારને દંશ થઇ તેનો નાશ કરે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે. કે 'સ્ત્રી અને સર્પીણી બરોબર હોય છે. તેનો વિશ્વાસ રાખનાર મૂર્ખ ગણાય છે.' એ કથન સત્ય છે.

એ અનુસાર રાણી સુનંદાને પુત્ર જન્મ થવાથી કાળરાત્રિ ઇર્ષ્યાના અગ્નિથી બળવા લાગી રાજાને ધીમે ધીમે પોતાને વશ કરી અનેક નિશાઓમાં ચકચુર રાખવા લાગી. અંતે રાજા તેનેજ દેખવા લાગ્યો. તેની હાએ હા ભણવા લાગ્યો. રાજ્યમાં અંધા-ધુંધી ચાલવા લાગી રાજા કાળરાત્રિના મહેલમાંજ રાત દિવસ પડી રહેવા લાગ્યો. તેણે રાજાને મળવા આવવાનો સઘળા જનોને સખ્ત પ્રતિબંધ કર્યો હતો. આથી રાજ્યનો વફાદાર પ્રધાન વિજયરાજ ઘણો દિલગીર થઇ રાજ્યનું રક્ષણ કરવા લાગ્યો. પ્રધાન રાજાનો વિશ્વાસુ મિત્ર હતો. તે ન્યાયી અને સદા-ચરણી હતો. તેનો પુત્ર મહેન્દ્ર કે જેની ઉમ્મર અરાઢ વર્ષની હતી તે પણ પિતાના સમાન સર્વ ગુણ સંપન્ન હતો. મહેન્દ્ર કુસુમનો શિક્ષાગુરૂ હતો એમાંથી જ એ બન્ને બાળકોમાં સ્વર્ગીય પ્રેમ ઉત્પન્ન થયો હતો.

'કાળરાત્રિ' રાજાને વશ થયેલો ધારી અનેક પ્રપંચો કરવા લાગી. યુક્તિ પ્રયુક્તિથી નાના મોટા સરદારોને પક્ષમાં લઇ રાજ્યલગામ હાથમાં લેવાની દુષ્ટ લાલસા ધારવા લાગી તેણે સર્વને પક્ષમાં લઇ સેનાપતિ અબુધસિંહને સમજાવવા માંડયો. અબુધસિંહ પ્રથમતો લલચાયો, પણ તેના ગુણવાન પુત્ર પ્રતા-

પના બોધથી નિમકહરામ થતાં અટક્યો. કાળરાત્રિ કાચી નહોતી તેણે એક રાત્રિના સમયે સેનાપતિને એકાન્તમાં તેડ્યો ને તેને સર્વ વાત સમજાવી, રાજા થવાની લાલચ આપી મોહમાં ફસાવ્યો. સેનાપતિ રાણીના પ્રેમનો ગુલામ બન્યો, અને તે કહે એ પ્રમાણે કરવાને તૈયાર થયો. તે પછી પ્રતાપને વશ કરવાની ઇચ્છાથી કાળરાત્રિએ કાન્તાને તેની સાથે પરણાવી. પ્રતાપ તેની સાસુનાં કારસ્થાન જાણતો હતો, તેની પુત્રી પણ તેના જેવીજ હશે ધારીને તે તેને પરણવાને નારાજ હતો, પણ પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શક્યો નહિ. પ્રતાપ ઘરજમાઇ થઇ સાસુને ત્યાં રહેવા લાગ્યો. પ્રતાપ અને મહેન્દ્ર જીગર જાન દોસ્તો હતા. પ્રતાપ મહેન્દ્રથી બે વરસે મોટો હતો.

આવી રીતે કાળક્રમ ચાલતો હતો, કાળરાત્રિ સર્વને પક્ષમાં લઇ ચુકી હતી. પણ તેના પક્ષમાં પ્રધાન અને રાજ્યનો ખજાનચી રાજસિંહ હજી ભળ્યા નહોતા. તેમને સમજાવવા અનેક પ્રયત્નો કર્યા, પણ તેમના પ્રયત્નો પાણીમાં ગયા.

રાજા, કાળરાત્રિના મોહમાંજ પડી રહેતો, તે એક દિવાનાની માફક થઇ ગયો હતો. બાદ ઘણા લાંબા સમયે રાણી સુનંદા રાજ્યની અંધાધુંધીથી ગભરાઇ રાજાની પાસે નવી રાણીના મહેલમાં આવી, એ વખતે કાળરાત્રિ ત્યાં હાજર નહોતી. એ તકનો લાભ લઇ સતી રાણી સુનંદા રાજાને સુખપાલમાં બેસારી પોતાના મહેલે લઇ ગઇ. મહેલમાં આવી તેણે રાજાનું સારી રીતે સ્વાગત કર્યું. રાજાની બુદ્ધિ બ્હેર મારી ગઇ હતી, તે સુનંદાની સામે દિવાનાની માફક જોઇ રહ્યો. સુનંદા રાજ્ય

સબંધી વાત કહે તેમાં કુબ્જા માથું હલાવી જવાબ આપવા લાગ્યો. રાજાની સ્થિતિ જોઇ પતિવ્રતા રાણીને ઘણું લાગી આવ્યું, પણ શું કરે? તે રાત્રિ રાજા તેના મહેલમાં રહ્યો. રાણીએ બાળકુમારને રાજાના ખોળામાં મુકયો, રાજાએ તેના માથે હાથ મુકી પાછો આપ્યો. બાદ રાત્રિ વિતવાથી નિંદ્રાને શરણ થયો. વાંચકો! રાજા પોતાનો મહેલ છોડી સુનંદાના મહેલમાં ગયો તે જાણી કાળરાત્રિને ઘણોજ ગુસ્સો ચઢયો. તેણે તેજ વખતે સેનાપતિને બોલાવ્યો. બન્ને મળ્યાં, અને તેમની વચ્ચે શું શું વાતો થઇ વગેરે આપણે ગત પ્રકરણમાં વાંચી ગયા છીએ, હવે તે બન્ને રાણીના મહેલમાં જઇ તેમની યુક્તિયોનો કેવી રીતે પ્રયોગ કરે છે એ આપણે જોવાનું છે. માટે ચાલો આપણે પણ તેઓની પાછળ પાછળ સતીના મહેલ તરફ પ્રયાણ કરીયે.

પ્રકરણ ૪ થું.

સતી સુનંદા સંકટમાં.

પાછલી રાત્રિનો શીતળ પવન આવતો હતો, ચંદ્રનું રૂપેરી તેજ જગત્ પર પથરાઇ ગયું હતું. એ સમયે કુટિલ કાળરાત્રિ સેનાપતિ અબુધસિંહની સાથે તેના મહેલમાંથી નીકળી સુનંદાના મહેલ આગળ આવી પહોંચી. નાના સિપાઇથી તે મોટા અમલદારો સુધીના માણસો અંદરથી તેને મળેલા હતા. તેથી ત્યાં ફરતા પહેરેદારોએ તેમને ઓળખી હથીયાર નમાવી નમન કર્યું. કાળરાત્રિએ સ્મિતહાસ્ય કરી તેમના સામે સ્નેહ નજરે જોઇ મહેલમાં પ્રયાણ કર્યું કાળાં હૃદયનાં બન્ને માણસો નાના પ્રકારના કેટલાક દરવાજા વટાવી અંતે શયનગ્રહમાં ઉપસ્થિત થયાં. સર્વ ઘાડ નિંદ્રામાં પડેલાં હતાં. દિવાનખાનામાં એક સુવર્ણ પલંગમાં રાજા સુજ્જનસિંહ નિદ્રાવસ્થામાં પડયો હતો, પાસે એક બીજા પલંગમાં રાણી સુનંદા બાળકુમારને લઇ નિંદ્રાધિન થયેલી હતી. માતાની પાસેજ એક બીજા નાના પલંગમાં 'કુસુમકુમારી' સુતી હતી. શયનગ્રહમાં શાન્તિનું સામ્રાજ્ય પથરાયેલું હતું. એક નાનો દિપક મંદ મંદ પ્રકાશથી પ્રકાશી રહ્યો હતો. અબુધસિંહ બળતા દિપકને સતેજ કરી, સુનંદાના પલંગ સમિપ ગયો અને પેલી કટાર અને પ્રપંચી પત્ર તેની સોડમાં મુકી પુનઃ કાળરાત્રિની પાસે આવી ઉભો રહ્યો. બન્ને જણાંએ થોડીક

વાર કંઇક વાતો કરી. પછી સેનાપતિ સુનંદાના પલંગ પાસે જઇ બૂમ પાડી ઉઠયો. દગો, દગો, મહારાજા જાગ્રત થાઓ.

રાજા જાગ્રત થાય એ પહેલાં તો રાણી સુનંદા સફાળી જાગી ઉઠી ગભરાઇ ગઇ. રાજા પણ જાગી ઉઠયા. ને કાળરાત્રિની સામે જોવા લાગ્યા. તરત સેનાપતિએ કટાર અને પત્ર રાજાના હાથમાં મુકયો. પત્ર વાંચતાંજ રાજા સઘળું રહસ્ય સમજી ગયો ને ક્રોધપૂર્ણ નયને રાણીના સામે જોવા લાગ્યો. રાણી તો સ્તબ્ધ બની આ શું થયું એના વિચારમાં પડી હતી, પાસે કુમારીકુસુમ પણ દિઙમુઢ બની ઉભી હતી. એટલામાં તો રાજાએ કઠોર અવાજે સુનંદા સામે જોઇ પૂછયું.

'સુનંદા! આ શું? હું તને આજ પર્યંત નીતિવાન્ અને પતિપરાયણ પ્રેમદા માનતો હતો, પણ આજે અનાયાસે તારો પ્રપંચ પકડાતાં તું એક શાણી અને પતિવ્રતાનું ડોળ ઘાલી કૃતિમ પ્રેમ બતલાવનારી સફેત કાગડી સમાન જણાઇ છે. દુષ્ટા બોલ! આ વિશે તું શું જવાબ આપે છે?'

'હવે શું જવાબ આપશે? જુઓને! કેવી શાણી સતી જણાવા દયામણું મુખ કરી ઉભી છે? ચોર છૂટવાને માટે અનેક ઢોંગ કરે, એવા ઢોંગ આ માનીતી રાણી પૂર્ણ શીખ્યાં હોય એમ જણાય છે. વાહરે વાહ! શાણી સુનંદા! હું તને આવી ધોળી ઠગબગલી આજ સુધી નહોતી જાણતી. આમ કહી કાળરાત્રિ સુનંદાની સામે જોઇ રહી.

'સુનંદા' સઘળો ભેદ જાણી ગઇ. તેની જીભ જકડાઇ ગઇ, પ્રથ્વી માર્ગ આપે તો સમાઇ જાઉં, એમ મનમાં ધારવા

લાગી. જેમ જેમ તે વધારે સમય મૌન રહી, તેમ રાજાનો ક્રોધ વૃદ્ધિ પામતો ગયો. હશાએ ઘેરાયેલો રાજા પૂર્ણ સંશય યુક્ત થઇ રાણી સુનંદાને ધક્કો મારતાં પોકારી ઉઠયો. પાપણી! કેમ આમ મુગી થઈ ઉભી રહી છે! અભાગિની! આ પ્રપંચને માટેજ ત્હેં મને આજે અહિં રાખ્યો હતો કે? હા હવેજ મને તારા કૃતિમ પ્રેમની ખબર પડી. ચંડાળણી! બોલ જવાબ દે! આજ હું તને છોડનાર નથી. કહી રાજાએ ક્રોધથી તેનો હાથ પકડયો. પૂર્વના સંસ્કારે કરી નિર્દોષ રાણી થરથર કાંપવા લાગી અને મહા પ્રયાસે લથડતી જીભ્હાએ બોલી! પ્રભુ આ પ્રપંચ છે!'

'હા, પ્રપંચ છે! હું સઘળું જાણી ગયો છું. રાજાએ તેના કહેવાનો ભાવાર્થ નહિ સમજતાં કહ્યું.

'નાથ મારો પ્રપંચ નથી! આપ આપના અંતરાત્માને પૂછી જુઓ. આપ સર્વનો ન્યાય કરનાર જ્ઞાની નૃપતિ છો, છતાં આજે પ્રપંચીઓની જાળમાં જકડાઇ ન્યાય બુદ્ધિથી તપાસી કેમ જોતા નથી? પ્રભુ! વિશેષ હું બોલી શકતી નથી પણ હું કામાં જણાવું છું કે આ આપની ચરણકમળની દાસી નિર્દોષ છે. કહી રાણી રાજાના પગે પડી.'

'શું તું નિર્દોષ છે? અને હું જ્ઞાનહિન છું કેમ? રાજા વિશેષ ક્રોધ યુક્ત થઈ બોલી ઉઠયો.'

'હા પ્રભુ! હું નિર્દોષ છું. તેમજ આપને વિશેષ ખાત્રી જોઈતી હોય તો હું મા'રા અંતરાત્માથી આ સુતેલા મારા નિર્દોષ બાળકના સોગન ખાઇને કહું છું કે હું તદ્દન નિર્દોષ છું. પુનઃ રાણીએ કહ્યું.'

'રાજા વિચારમાં પડયો. બાજી બગડશે ધારી સેનાપતિ બોલ્યો, મહારાજ! રાણીમા સત્ય કહેતાં હશે! આપને પૂર્ણ તપાસ કરવી જોઇએ. પણ કદાચ અપરાધિ જેમ છૂટવાને માટે ઢોંગ રચે એમ રાણીશ્રી પ્રપંચ રચતાં હોય તો ભગવાન જાણે!

'ભલે એમ હોય પણ હું હવે આ સાધુડીનો લગીર પણ વિશ્વાસ રાખનારી નથી. સ્વાર્થાંધ થયેલી ડાકણ ક્યાંક મા'રા નાથનું અમંગળ કરે તો પછી મારી શી દશા થાય? માટે એને તો યોગ્ય શિક્ષા મળવી જોઇએ. કાળરાત્રિએ વચમાં જણાવ્યું.'

'વિચાર વમળે ચઢેલો રાજા ન્યાયતુલના કરી શકયો નહિ. ક્યાંથી કરે? દશાના દાવમાં દટાવા તૈયાર થયેલા રાજાનું જ્ઞાન ગુમ થઇ ગયું હતું. વિધાતાએ ભુલાવ્યો હતો કારણ કે તેનાં ગત જન્મનાં કંઈ પાપ અધુરાં રહ્યાં હશે. એજ કર્મનુ ફળ ભોગવવા એક ધર્મિષ્ટ રાજા, કે જે ધર્મવાન, નીતિનો નાશ થતાં પ્રાણ વિસર્જન કરે એવો ટેકી રાજા સુજનસિંહ; દશાએ કરી એક ઝેરી નાગણના વિષ સમાન પ્રાણહારક વિષય વિલાસમાં અંધ થઈ એનેજ જોઈ રહ્યો છે. તે ચળકતી ચામડીની ચતુરાના નર્ક કુંડ સમાન બાહ્ય શરીરના મોહમાં ફસાયો છે. અને તેની ઝેરી જીવ્હામાંથી નીકળતા ઝેરી શબ્દો ને તે અમૃત ધારા સમાન માની તેનું સર્વસ્વ નાશ કરવા બેઠો છે. અરે તે કાળના પાશમાં ફસાવા તૈયાર થયો છે. હા, તેને જ્ઞાન દિપક ક્યાંથી પ્રગટ થાય? વિનાશ કાળે વિપરીત બુદ્ધિ મુજબ જ્યારે અમંગળ થવાનું હોય એ પહેલાંજ બુદ્ધિ મંદ થઇ જાય છે. અજ્ઞાન પ્રબળ થઈ મગજનાં જ્ઞાન તંતુઓને ચકડોળે ચઢાવે છે. તે સમયમાં ગત

જન્મનાં કુકર્મોથીજ દશા ભુલાવે છે. દશાના દાવથી મહાન વીરો પણ અનીતિ આદરી રણમાં રોળાઇ ગયા, તેમણે બગડેલી બાજી સુધારવાને અનેક પ્રયત્નો આદર્યા પણ તે દશાના દાવે કંઈ પણ કરી શક્યા નહિ.

દશાના દાવથી ભુલી દુર્યોધન અંધ થયો,
દ્રુપદ તનયાના મોહથી, પ્રાણ પલકમાંહી ગયો;
લંકેશપતિ રાવણ, સત્તાધીશ કહેવાયો,
સતી સીતાના કારણે, રણમા રોળાયો.

× × × ×

ધરા ધ્રુજાવતા વીર નરો, દશાના દાવે ચઢીયા;
મરણ શરણ થઇ પલકમાં, સ્વર્ગે સંચરીયા.

તદનુસાર સુજાનસિંહની બુદ્ધિ બ્હેર મારી ગઇ, તેમાં વળી કાળરાત્રિ અને સેનાપતિના વાક્યોથી પુષ્ટિ મળી. બળતામાં ઘી હોમાયું. રાજા સુનંદાનો નિર્દોષ છું. શબ્દ સાંભળી ઉશ્કેરાયો ને બરાડ પાડી બોલી ઉઠયો. ઓ! પ્રપંચી પિશાચની! હજી પણ અસત્ય ઉચ્ચારતાં શરમાતી નથી? રંડા! તું નિર્દોષ છે છતાં સમજતી નથી કે આ તારા પ્રપંચનો પડદો ખુલ્લો કરવા આ પુરાવો મોજુદ છે? લે, લે, આ લે, કે જેનાથી તું મ્હારા પ્રાણનો નાશ કરવા ઇચ્છતી હતી તે કટાર ને આ ત્હારો પ્યાર ભરેલો પત્ર વાંચ, જાણે છે છતાં ફરીથી વાંચ, અને પછી હું નિર્દોષ છું એમ જવાબ આપ. કહી રાજાએ પેલી કટાર અને પત્ર તેને આપ્યો.

‘સુનંદા ચમકી, તેની દ્રષ્ટિ અદ્યાપી પર્યંત કટાર અને પત્ર ઉપર પડી નહોતી. ધ્રુજતા હાથે કટાર જોતી સાથેજ કટારને

ઓળખી બોલી ઉઠી. અરે ! આતો પ્રધાન વિજયરાજની કટાર ! તેને અહિં કોણ લાવ્યું ? !

'તારા પ્રેમીએ નિષ્કંટક થઈ તારા પ્રેમસાગરમાં ન્હાવા આ કટાર મોકલી છે. પત્રમાં આગળ વાંચ કે તેનો પણ ખુલાસો જણાશે. કાળરાત્રિએ કહ્યું '

'તેનાં વાકયોથી સુનંદાને માથે જાણે વજ્રપાત્ ન થતો હોય એમ થતું હતું. છતાં નિર્દોષને ઇશ્વર ગયબી હિંમત આપે એ પ્રમાણે મનમાં હિંમત ધરતી, રાણી રોષયુક્ત વદને કટાર અને પત્ર ફેંકી દેતાં બોલી. આ સઘળું તરકટ છે.'

'અરે તરકટવાળી ! બોલ જવાબ દે કે આ ચીજો અહિં આવી કયાંથી ? શું હું લાવી ? કે આ મહારાજા અહિં લાવ્યા ? બોલને ! કેમ બોલતી નથી ? કહી કાળરાત્રિ તેના સામે વિકાળ નજરે જોઇ રહી.'

'તેનાં વચનથી રાણી ધ્રુજવા લાગી. તેનું હૃદય ફાટી જાય એમ થવા લાગ્યું; દુઃખ જવાળાથી સળગી બ્હેબાકળી બની તે હાથ ઉંચા કરી ગુંટણીએ પડી બોલી ઉઠી. ઓ નિર્દોષનું રક્ષણ કરનાર પ્રભુ ! તમે હજારો દુઃખીનાં દુઃખ કાપ્યાં છે. સત્યવાનોનાં સત્યથી પ્રસન થઇ તેમને દુઃખ મુક્ત કરી તાર્યા છે. તો આ તમારી રાંકડી અનાથ બાળાને આ ભયંકર ભેદમાંથી ઉગારો. હે ! પ્રલયકાળ ! તારો સૃષ્ટિના અંતમાં પ્રલય થવાનો છે, એમ શાસ્ત્રવેત્તા વિદ્વાનો કહે છે. તો તું આજેજ આવી, જો હું મા'રા ધર્મથી ભ્રષ્ટ થઈ હોઉ તો મા'રો નાશ કર. ઓ નભ-મંડળમાં ચળકતા તારલાઓ ! તમે ધગધગતા અંગારા સમાન

બની મારી ઉપર વરસો કે જેથી આ શરીર ભષ્મ થઇ નિર્દોષ ઠરે! આમ બોલતી સુનંદા દિવાના જેવી જણાવા લાગી. તેની આંખ્યો અશ્રુ પ્રવાહ સાથે જ્વાળા સમાન જણાવા લાગી. તેણે પછાડ ખાઇ પૃથિવી ઉપર પડતું નાંખ્યું. પુનઃ ઉશ્કેરાયેલું મન બોલી ઉઠયું: ઓ વસુંધરા દેવી! સતી સીતાનું કલંક દૂર કરવા જેવી રીતે તેને તમારા ઉદરમાં તમે સમાવી દીધી હતી, એમ મારી પર દયા કરી મને અદ્રશ્ય કરો. ઓ શીતળતાનું અમ્રત વર્ષાવતા શશી! તું અદ્રશ્ય થા, ને સવિતા ભગવાનને કહે કે એક કલંકીનીને જલ્દીથી બાળી ભષ્મ કરવા પધારો. ઓ રાત્રિ! તું આજે ચળકતી કયાંથી થઈ? તારે તો અત્યારે કાળ સ્વરૂપ ધારી મા'રી મદદ કરવી જોઇએ! છતાં આજે આમ કેમ! કહી સુનંદા ચારે તરફ જોવા લાગી.'

'આટલો સમય કુસુમકુમારી જે દિઙમુઢ બની શ્રવણ કરતી હતી. તે માતાની થતી દશા જોઇ ઉશ્કેરાઇ અને તત્કાળ ત્યાં દોડી આવી રાજાની સામે જોઇ રોષ યુક્ત વદને કહેવા લાગી. પિતા અને માતા કાળરાત્રિ! મહારી માતા પ્રત્યેના તમારા ઉદ્ગાર શ્રવણ કરી કહું છું કે આ સઘળું તર્કટ છે. તેમ છતા જો આપ અસત્ય ધારતાં હો તો પ્રભુ આખરે મહારી માતાને નિર્દોષ જાહેર કરી તમારા કાર્યની સજા આપશે. પિતા! હુ આપની બાળકી આપને કંઇ પણ કહેવાને લાયક નથી, છતા આજે આ તમારી પ્યારી પુત્રી, તમારી આગળ તેની માતાને માટે કંઇક કહેવા તૈયાર થઇ છે. પિતા! તમારો વાત્સલ્ય પ્રેમ નાશ પામ્યો છે! તમે એક ક્રુર રાક્ષસીના કૃતિમ કુટિલ શરીરમાં મોહી જ્ઞાનહિન થયા છો. તેથીજ ભુલો છો. તમારી પ્રકાશવાન

ચક્ષુઓ, પાપની કાળાશથી અંધ થઇ હોય એમ જણાય છે. પિતા! મા'રી માતાને કંઇ પણ કઠોર શબ્દ સંભળાવવા કરતાં આ તમારી કુમારિકાને આ કમ્મરે લટકતી તલવાર વડે સ્વર્ગમાં મોકલી આપો. એજ મારી અંતિમ ઇચ્છા છે. કહી કુસુમ પિતાના ચરણ સમિપ નીચે બેસી ચોધાર અશ્રુએ રડવા લાગી શૈયામાં સુતેલા બાળકુમારે કકળાટ કરી મુકયું.'

'રાજાનો અંતરાત્મા તેનું મન પિંગળાવવા લાગ્યો અને વાત્સલ્ય ભાવથી તેને સ્વહસ્તે ઉભી કરી તેનાં અશ્રુ લુછતો બોલ્યો. બેટા કુસુમ! તું શા માટે ગભરાય છે. શાન્ત થા. હમણાં જે હશે તે જણાઇ આવશે. કહી રાજા સુનંદાને મોઢેથી પણ શાન્ત અવાજે કહેવા લાગ્યો. સુનદા! મા'રા ધારવા પ્રમાણે તું આ'વા કૃતિમ વચનોથી નિર્દોષ સાબીત થતી નથી. તુ જવાબ આપ કે આ કટાર અને પત્ર અહિં આવ્યાં ક્યાંથી?'

'સુનંદા પાસે આવી, તેની આંખ્યો અશ્રુ વિસર્જનથી લાલચોળ થઇ ગઇ હતી. તે રાજાનાં વચન શ્રવણ કરી પાસે આવી તેના પગ પકડી કહેવા લાગી. નાથ! હું અત્યારે જે જે વચનો કહીશ, તે આપના હૃદયમાં અસત્યજ ઠરશે. પ્રભુ! વિનાશ કાળ પાસે આવ્યો છે. કાળનું વિષ રગેરગમાં વ્યાપી ગયું છે. પ્રિયતમ! તમારો અને મારો અંતકાળ હવે નજીકમાંજ આવ્યો હોય એમ મને ભાસે છે. નાથ! છતાં કહું છું તે સાંભળો. પ્રભુ મહારો સાક્ષી છે! આ કટાર અને પત્ર તદ્દન બનાવટી છે. કટાર પ્રધાનની પાસેથી ચોરાયેલી હોવી જોઇએ, ને તે પ્રપંચીઓએ તેમની સ્વાર્થ જાળને મજબુત પાથરવા અત્રે લાવી મુકી હોવી જોઇએ, તેમ છતાં આપ અત્યારે ને આ સમયેજ પ્રધાનને

અહિં બોલાવી તેની પરિક્ષા કરી પૂછી જુઓ. પ્રભુ ! પ્રાણનાથ ! આ સાહસ થાય છે. દયા.'........

'સુનંદા ! આ દ્રષ્ટાંત અત્યારે અસ્થાને છે. રાજાએ વચમાં કહ્યું.'

પ્રભુ ! જ્યારે આપ એમજ માનતા હો કે હું અપરાધીની છું, તો તે અપરાધમાંથી મુક્ત કરનાર હવે એક પ્રભુ સિવાય બીજુ કોઇ છેજ નહિ. તેને માટે આ તમારી કિંકરી પ્રાણ આપવાને તૈયાર છે. આપના સ્વહસ્તે મરી સ્વર્ગ સદનમાં જઈ પ્રભુની પાસે તમારી મંગળ પ્રાર્થના કરીશ. પ્રાણનાથ ! હવે હું આ સંસારને નથી ઇચ્છતી. પ્રભુ! હું તો ફક્ત તમારા પ્રેમનીજ તરસી હતી, હું તમારા જેવા ધર્મજ્ઞ રાજનની સેવા કરી સંસારમા જીવવાની ઇચ્છાએ કરી જીવતી હતી. તે ઇચ્છા હવે મારી પૂરી થાય છે, ને તેથીજ આ તમારી અપરાધીની દારા સ્વર્ગમાં સચરવાની ઇચ્છા રાખે છે. પ્રિયતમ ! જલ્દીથી હવે મને આ દુનિયાંમાંથી વિદાય કરો. અને આ સામે સુનલા કુમારનું અને આ તમારી કુસુમનું કલ્યાણ કરો, એજ મા'રી છેવટની પ્રાર્થના છે.'આમ કહી રાણીએ હાથ જોડયા.

'રાણી રાજાને કહેતી હતી, તે અરસામાં કાળરાત્રિએ અને સેનાપતિએ રાજાના કાનમાં કંઇક વાતો કરી લીધી હતી. તેથી રાજા તિરસ્કારયુક્ત વદને સુનંદાની સામે જોઇ કહેવા લાગ્યો.

'સુનંદા ! હું હવે તારૂં વિશેષ સાંભળવા નથી ઇચ્છતો.

'તું કલંકીની છે એ હું સત્ય માનું છું.'

'હાય થઇ ચૂકયું ! પ્રાણ તું હવે પલાયન કરી જા. પ્રભુ! તમારી ગયબી શક્તિએ આ બાળકીને તમારી પાસે બોલાવી

ચ્યો. કહી સુનંદાએ પછાડ ખાધી.'

'કુસુમ માતાની પાસે ગઈ અને તેને શાન્ત કરતી બોલી. હા, પ્રભુ! મારા પિતાની વિપરીત બુદ્ધિ કરનારનું નિકંદન થજો. કહી કુસુમ માતાના હૃદયમાં માથું મુકી રડતાં રડતાં કહેવા લાગી કેઃ-માતા! તું શાન્ત થા, શા માટે રડે છે? ઉઠ, ઉભી થા. આપણે બન્ને અહિંથી ચાલ્યાં જઇએ, આપણો પ્રભુ મદદગાર છે, તે અનાથોનું રક્ષણ કરવા સદા તૈયાર રહે છે. તે આપણું રક્ષણ કરશે, કારણ કે તે દયાળુ છે, તે મારા પિતા સમાન કઠોર હૃદયનો નથી. ભલે' મારા બાપુ તને કલંકી ગણી તિરસ્કારથી જોશે તો ભલે જુએ. અંતે દિનદયાળ સત્યના અધિષ્ઠાત્રા પ્રભુ આપણી વ્હારે ચઢશે, ને સત્ય પ્રકટમાં આવશે. માટે શાન્ત થા. કહી કુસુમ પિતા પ્રત્યે પુનઃકહેવા લાગી. બાપુ! તમે જ્યારે નથી માનતા ત્યારે હવે અમે વધારે શું કહીયે. આપની ધ્યાનમાં આવે તે શિક્ષા કરો. અમે મા દિકરી મરવાને તૈયાર છીએ. કહી કુસુમ સુનદાને પકડી પિતાના ચરણ સમિપ બેઠી રાજાનું હૃદય દ્રવવા લાગ્યું. તેણે તરતજ કાળરાત્રિના સામે જોયું કાળરાત્રિએ ઇશારતથી સમજાવ્યુ. '

રાજા બોલ્યો સુનદા! હુ તને મારી નાંખવા નથી ઇચ્છતો, ક્ષત્રિયની તલવાર કદી સ્ત્રી ઘાતી થાયજ નહિ. તેથી હું અત્યારે આ મહેલનો અને તારો ત્યાગ કરી ચાલ્યો જાઉં છું. કૃપા કરી તું તારૂં શ્યામ મુખ બતાવવા ફરીથી સાહસ કરીને આવીશ નહિ. કહી રાજાએ કાળરાત્રિ અને સેનાપતિ સામે જોઇ કહ્યું. રાણી અને અણુધસિંહ! ચાલો આપણે આ અપવિત્ર મહેલનો ત્યાગ કરી જલદી અહિંથી ચાલ્યાં જઇએ. કાં ખરૂંને સેનાપતિ!'

'હા, બાપુનો વિચાર યોગ્ય છે. સેનાપતિએ કહ્યું.'

'મારા નાથ તો અગમ ચેતીવાળા છે. કહી કાળરાત્રિએ સુનંદાની સામે ધિક્કાર યુક્ત વદને જોઈ બૂમ મારી અરે કોઇ છે?'

'મહારાણીની આજ્ઞા ઉઠાવવાને સેવકો હાજર છે, કહેતા પાંચ છ સિપાઇઓ ત્યાં દોડી આવ્યા ને નીચા નમી આજ્ઞા સાંભળવાને ઉભા રહ્યા. તરત કાળરાત્રિએ એક સુખપાલ લાવવાની આજ્ઞા કરી. આજ્ઞાનો અમલ અલ્પ સમયમાં થયો. તે રાજાને લઈ સુખપાલમાં બેઠી. સેનાપતિને ચાલવાની સંજ્ઞા કરી તેણે સેવકોને સુખપાલ તેને મહેલે લઇ જવાનો હુકમ કર્યો. આગળ સેનાપતિ ચાલ્યો, પાછળ સુખપાલ પણ સતીનો મહેલ છોડી ચાલવા લાગી રાજાને જતા રંડલા જોઇ પુન રાણી પૃથિવી ઉપર માથું કુટતી હૃદય દ્રાવક કલ્પાંત કરવા લાગી.

કુસુમ તેને અનેક પ્રકારે સમજાવી શાન્તિ આપવા લાગી. આખરે પંહાર દિવસ ચઢતાં રાણી સ્હેજ શાન્ત થઇ. તે કુસુમને વારંવાર હૃદય સાથે દાબી રૂદન કરવા લાગી. કુસુમ પણ રડી પડી. એટલામાં દ્વાર પાસે ઉભેલા એક વૃદ્ધ દરવાનથી ન રહેવાયું. તે અંદર આવી માતા પુત્રીને અનેક દ્રષ્ટાંતો આપી આશ્વાસન આપવા લાગ્યો. માતાપુત્રી ઘણીવારે સાવધ થયાં આટલા સમય સુધી બાળકુમાર પલંગમાંથી ક્યારનોએ નીચે ઉતરી રોયા સિવાય ત્યાં બેસી રહ્યો હતો. તેની ઉપર રાણીની દ્રષ્ટિ પડી. પુત્રનું મુખ જોતાં રાણી હિંમતવાન બની ઉભી થઇ અને વ્હાલથી તેને ખોળામાં લઈ રમાડવા લાગી કુસુમ પ્રાતઃકર્મમાં ગૂંથાઇ, અંતે રાણી પણ સ્નાન કરી પ્રભુની પુજા કરવા લાગી.'

પ્રકરણ ૫ મું.

સાસર વાસ કે! નરકા વાસ?

શાર્દુલ.

ચાલે ચાંપ ધર્કી સદાચરણુમાં, સૌભાગ્યથી શોભતિ,
સ્વામીને સુખ આપવા પ્રતિદિને પ્રયત્નો કરે છે અતિ;
સંસારે સુખ રૂપ એક નિજનો, જે ધર્મ શોધી લહે,
તે નારી જનની શિરોમણી, સતીને શ્રેષ્ટ સર્વે કહે.

કેશવકૃતિ.

જે સદ્ગુણી સન્નારીયો નિરંતર પતિ પરાયણુ રહી સ્વામિને પ્રસન્ન રાખવાના પ્રયત્નો કરે છે, એ બાળાઓ આ સૃષ્ટિમાં પતિની સાથે સ્વર્ગ સમાન સુખ ભોગવે છે હમેશાં હસતા મુખવાળી માનુની તેનો સંસાર શોભાવે છે. પતિને આનંદ આપી દુ:ખી ઘરને પણુ સુખી બનાવે છે. પતિનો પ્રભુ પતિજ છે, એમ નહિ માની સ્વામિનું અપમાન કરનારી ભામની. પોતાનું રક્ષણુ કરનાર સ્વામિને કટુ વચનથી બાળનારી તેના દિલને દુભવનારી અને સદા તેનાથી વિમુખ રહી પિયર વાસ કરનારી પ્રેમદા આખરે દુ:ખી થઇ મરે છે. તેનાં પાપે કરી અઘોર નર્કમાં નિવાસ કરી નિરંતર કષ્ટ સહન કરે છે. તેના દુ:ખનો પાર કદાપિ આવતો નથી.

સ્ત્રી પતિના ચરણામૃતે કરીને જેવી શુદ્ધ થાય છે, તેવી દાન અને સેંકડો ઉપવાસ તથા તીર્થસેવનવડે પણ શુદ્ધ થતી નથી. માટે પતિનેજ પ્રભુ રૂપ માની જે બાળા સ્વામિપ્રત્યે સ્નેહભાવ-વાળી, મધુરૂં બોલનારી, પવિત્ર આચરણો પાળનારી, અને નિરંતર સંતોષીને આનંદ ઉપજાવે એવા પ્રસન્ન મુખવાળી હોય તે સર્વ સૌભાગ્યવાળી જાણવી.

સાંજનો સમય થયો હતો, પૂર્ણ કળાથી તપેલો પ્રભાકર તેનાં કિરણો ધીમે ધીમે શીતળ કરતો હતો. એ સમયે રામનગરના મધ્ય ભાગે આવેલા સુશોભિત કાળરાત્રિના મહેલમાં સેનાપતિ અબુધસિંહનો પુત્ર પ્રતાપસિંહ સુવર્ણ સાંકળો પકડી, વિચાર વમળમાં ચઢી હિંચકા ઉપર હિંચતો હતો. તેને નાનપણમાંજ સારી કેળવણી આપી તેની માતા સ્વર્ગે સિધારી હતી. પ્રતાપ ઉમ્મરે વધતાં ગુણવાન બન્યો હતો. પિતા પુત્રમાં આસમાન જમીનનો ફેર હતો. જ્યારે પિતા લોભી ને દુષ્ટ હતો. ત્યારે પુત્ર પરદુઃખભંજન ને નીતિવાન હતો. તે કાળરાત્રિની પુત્રી કાન્તા સાથે લગ્નથી જોડાયો હતો. મા એવી દીકરી, એ પ્રમાણે કાન્તા ઉછ્રંખલ, દમામ યુક્ત રહેનારી હતી. તે તેનું સૌન્દર્ય વધારવાને હમેશાં પ્રયત્નો કરતી. તેને જો કોઇ માનપૂર્વક બોલાવે તો તે તેની પર પ્રસન્ન રહેતી તેને એક શબ્દ પણ કહેવાને કોઇની હિંમત ચાલતી નહિ. તે પ્રતાપને અંતઃકરણથી ધિક્કા-રતી. શયનમંદીરમાં તે ક્રોધાયમાન વાઘણની માફક પડી રહેતી, પ્રતાપના સ્નેહભર્યા શબ્દોનો તે તિરસ્કાર કરતી. કલેશ અને કંકાશ એનો ઉદ્યમ હતો. તે વારંવાર પ્રતાપ વિષે કાળરાત્રિની

આગળ જુઠું બોલતી. પ્રતાપ સાસુના ઘરમાં રહેવાથી સદા તિરસ્કારને પાત્ર ઠરતો; તેને કોઈ માનથી બોલાવતું નહિ. તેને ક્યાંથી માન હોય ? જ્યાં માતાજ પોતાની પુત્રીને ધણીને ધમકાવવાની અને તેના વશમાં નહિ રહેવાની શીખામણ દે તો પછી પુત્રી કેમ સ્વચ્છંદી ના બને ? લોક કહેવત છે કે 'ઘરજમાઈ ગદ્ધા જેસા, 'સાસરા દો દીનકા આસરા.' માટે સુજ્ઞ જને સાસરવાસમાં બે દિવસથી વધારે રહેવું નહિ. પ્રતાપ સાસુના મહેલમાં રહી મનમાં અપાર દુઃખી થતો હતો. તે વારંવાર મુખથી નિઃશ્વાસ મુકતો, પિતાએ લગ્ન કરી સંસાર ઝેર સમાન બનાવ્યો છે ધારી તે પિતાનો ધિક્કાર કરતો હતો. વિચારમાં ગરકેલો પ્રતાપ આખરે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી આત્મગત્ બોલ્યો. હા, મારા સમાન કોઇ દુઃખી નથી. અરે ! આ વાત પણ કોને કહેવી ? પિતાએ મારો સંસાર ધુળધાણી કર્યો છે. કાન્તાના કટુવચનથી મન ત્રાસ પામે છે. સાસુને જોતાં શરીરમાં અસહ્ય વેદના થાય છે. પ્રભો ! માર્ગ બતાવો, મને કાંઇ સુઝતું નથી. કહી પ્રતાપ શાન્ત રહ્યો, હિંચકાપરથી ઉઠયો ને ખુલ્લા જરૂખામાં જઈ આમ તેમ ફરવા લાગ્યો; એટલામાં નજીકના ઘરમાં રહેતી એક નાની કુમારિકાનો સંગીત ધ્વની સંભળાયો. દુઃખી હૃદય તે નિર્દોષ બાલીકાનું ગાન ધ્યાનથી સાંભળવા લાગ્યું.

" જે પતિને પજવે વચન વજ્રે, તે ઐરૂં ના કે'વું,
રહી રહીને રીએ ને કાન તોડે, તે સોનું શાનું કે'વું;
રૂપ રંગમાં હોય અનુપમ, પણ પિતળ નહીં સોનું,
હોંશ કરી હૈયે ધરીયે તો, વિશ્વે થાય વગોણું.

પુરણ કશોટી છેદન ભેદન, તાવેથી પણ તેવું,
કુંદન તે કુળવાન સમજવું, ઘાટ ઘડાવી જોવું;
અણી પંડ જે જવાબ દેશે, સો વરસે પણ તેવું,
સોના સમ શીળવંત સતી, ગૃહભુષણ માની સેવું જે "

સતી સીતા.

ધન્ય છે બાળા! તારાં વચનો સત્ય છે. મા'રી કાન્તા નામે નારી છે, પણ અંદરથી મારા લોહીનું પાન કરનારી પિશાચી છે

એટલામાં તેના વડિલનો સાદ સાંભળી ગાનાર બાલીકા ગાન પુરૂં કરી ઘરમા દોડી ગઈ. પણ ગાનનો ગુંજાર પાછળ મુકતી ગઇ

ગાનમાં સમાયેલા શબ્દોનું મનન કરતો પ્રતાપ બોલી ઉઠયો અ'ા! નિર્દોષકુમારિકા! તારૂં ગાન કેવું મધુર ને જ્ઞાન-યુક્ત છે. શું તા'રા કહેવા પ્રમાણે શુદ્ધ પ્રણયી બાળાઓ આ સંસારમાં હશે? ઓને વખાણનારી બાળા! તું કહેછે એ પ્રમાણે મારે નથી. મારી પ્રિયતમા ભયંકર ભામની છે. સ્વામિને ગુલામ ગણનારી હતભાગીની છે. અહા, જે નર ગુણવાન નારીનો પતિ હશે, તેને સ્વર્ગ સુખમાં શું ખામી હશે? આમ બોલે છે એટલામાં ત્યાં કોઈના આવવાનાં પગલાંનો અવાજ થયો પ્રતાપે જોયું તો કાન્તાને ત્યાં આવતી જોઇ. તેને જોતાંજ જેમ ઝેરી જાનવરથી માણુસ ચમકે તે પ્રમાણે પ્રતાપે તેના સામું જોઇ મુખ બીજી બાજુ ફેરવી દીધું કાન્તા દમામ ભેર ચાલી પ્રતાપની પાછળ આવી ઉભી ને તેનો ખભો પકડી કઠોર અવાજે કહેવા લાગી કે:—અરે! શું તમે હજી અહિંજ ઉભા છો કે? તમને હજારો

વખત કહ્યા છતાં શરમ નથી આવતી ? કે આખો દિવસ આમ કેદીયાળની માફક આઇપીને અહિં પડયા રહો છો ?

તેનાં વચનો પ્રતાપના શરીરમાં સોયની માફક ખુંચવા લાગ્યાં. તે ધિક્કાર ભરી દ્રષ્ટે તેના સામે જોઇ બોલ્યો. કાન્તા તારી જીભ બહુ આગળ વધે છે. બોલતાં વિચાર કર. આવડી મોટી થઇ છતાં અક્કલ આવી નહિ ? હું તારો સ્વામિ થાઉં. તેને આવાં વાક્યો કહેતાં તને શરમ નથી આવતી ?'

'હું શા માટે તમારાથી શરમાઉ ? શું તમે મારા સ્વામિ થયા એટલે તમારાથી હું બ્હી જાઉં ? નહિ ! આ કાન્તા તમારા જેવા ભીખારચટ્ટાઓથી કદાપિ ડરશે નહિ. કાન્તાએ બે પરવાઇથી જણાવ્યું.'

'શું હું ભીખારડો !'

'હા, તમે અને તમારા બાપ અમારી આગળ ભીખારી જેવાજ છો.'

'શેતાન ! જીભ સભાળ ! હું તો તારો ધણી થાઉં ?'

'હું તમને ધણી તરીકે માનતીજ નથી. શું એક મહા રાણીની પુત્રીનો આવો માઇ કાંગલો, અને આખો દિવસ પડી રહેનારા રોઝ જેવો ધણી હોય કે ?'

ધિક્કાર છે તને અને તારી માતાને ! કે જેણે તને આવી રીતે બોલતાં શીખવાડયું. કાળમુખી કુલટા ! તું હવે અહિંથી ચાલી જા. હું વધારે વાર તારૂં મુખ જોવા ઇચ્છતો નથી.'

'તમે મને અહિંથી ચાલ્યા જવાનું કહેનાર કોણ ? હું આ મહેલની માલીક છું, અમારી દયાથીજ તમે અહિં રહી

આઇ પી આનંદ કરો છો. હું ધારૂં તો આજ વખતે તમને ધક્કા મરાવી બ્હાર કઢાવવા સમર્થ છું. પ્રતાપસિંહ! આજથી હું તમને હુકમ કરીને કહું છું કે તમારે મંને કાન્તા કહીને બોલાવવી નહિ.

'ત્યારે તને શું કહી બોલાવું ?'

'શ્રીમતી કાન્તાકુમારી! સમજ્યા ? વિવેક રાખો ને મહારાણીની પુત્રીને કેવા માનથી બોલાવવી તેનું શીક્ષણ લ્યો.'

અરે શીક્ષણ આપવા આવેલી પિશાચણી! તારાં વચનોથી હું ક્રોધની જ્વાળાઓથી બળી મરૂં છું. હા, દુષ્ટ પિતા! તમને આવું ક્યાથી સુઝયું કે આ ઝેર ભરેલું વિષ ફળ મને વળગાડયું. કાન્તા! તું હવે અહિંથી જઇશ ?

'શા માટે જાઉં ? આ મારો મહેલ છે. હું માલીક છું માટે તમે મારાથી દૂર થાઓ.'

'ક્યાં જાઉં! જવાનું સ્થળ રહ્યું નથી હવે ક્યાં જાઉં ?'

'આખો દેશ પડયો છે, ફાવે ત્યાં જાઓ. અને અહિ રહેવું હોય તો વિવેકમાં રહો. હું તમને આઠ દિવસની મહેતલ આપું છું. તે અરસામાં જો તમે તમારી ચાલમાં સુધારો નહિ કરો તો હું મારી માતાને કહી તમને કાઢી મુકાવીશ. પ્રતાપસિંહ! જુઓ! હું હવે તાજી હવા ખાવાને બગીચામાં જાઉં છું, ને તમને કહેતી જાઉં છું કે મારા આવ્યા પહેલાં આ મારાં પુસ્તકોનું કબાટ વાળી ઝુડીને સાફ કરજો. સમજ્યા! કહી કાન્તા ધમાધમેર ચાલી ગઇ.'

'પ્રતાપ! બહાદુર બળવાન પ્રતાપ! નારીનાં અસહ્ય વચનોથી રાંક જેવો બની ગયો. તેણે મનમાં કંઇક નિર્ણય કર્યો.

તેની આંખ્યો ચળકવા લાગી. મુખ ગંભીર બન્યું. કપાળ પર ક્રોધની કરચલીયો પડવા લાગી. અંતે પ્રબળ મન બોલી ઉઠયું કેઃ-હા, આતે સંસાર કે નરકાગાર ?!'

પ્રતાપ હજી કંઇક આગળ બોલવાનો વિચાર કરે છે, એટલામાં એક સિપાઇએ ત્યાં આવી જણાવ્યું કેઃ-બહાર પ્રધાન પુત્ર મહેન્દ્રસિંહ ઉભા છે ને તે આપને મળવા માંગે છે.

'તેમને આવવા દે. પ્રતાપે કહ્યું.'

સિપાઇ નમીને ગયો. અલ્પ સમયમાં મહેન્દ્ર ત્યાં આવ્યો. તે પ્રતાપથી નાનો હતો. તેનું શરીર સુદ્રઢ મજબુત ને બળવાન હતું. તેનો સ્વભાવ સદા આનંદી રહેતો. આવતાંજ તેણે પ્રશ્ન કર્યો કાં ભાઇ! આજે આમ ઉદાશ બની બેઠા છો! કાન્તા ભાભીએ ધમકાવ્યા તો નથીને ?'

'મહેન્દ્ર! ભાઈ મહેન્દ્ર! તું મારા સ્મશાન સમાન સંસારથી જાણીતો છે છતાં શા માટે દાઝયા પર ડામ દઇ મશ્કરી કરે છે? મારા મનમાં અપાર દુઃખ થાય છે, ને તેથી થોડા દિવસમાં આ દુઃખી જીવ આ નરકવાસનો ત્યાગ કરવા ઇચ્છે છે

પ્રતાપ આ મહેલનો ત્યાગ કરવામાંજ તા'રૂં શ્રેય સમાયેલું છે. ભાઈ! બીજા કંઈ સમાચાર સાંભળ્યા કે?

'શું કંઇ નવા જુની થઇ છે?'

'હા, પાપીયોની પ્રપંચ જાળ ચારે તરફ ફેલાઇ ગઈ છે. દુષ્ટ કાળરાત્રિ અને તારા પિતા, રાજસિંહનું ખૂન કરવામાં ફાવ્યા છે.'

'ઓહ! હું આ શું સાંભળું છું! શું રાજસિંહનું ખૂન થયું? ઓ પ્રભુ! હવે નક્કી આ રાજ્યનું અનિષ્ટ થયુંજ સમજવું. પ્રતાપે કપાળે કર પછાડી પુનઃ પૂછ્યું. ભાઈ તેમનું ખૂન ક્યારે થયું?

'કાલ મધ્યરાત્રે! વિશેષમાં દુષ્ટાત્માઓ એટલું કરીને પણ શાન્ત રહ્યાં નથી.'

'હેં વીરા! તેમણે વળી કંઇ બીજી જાળતો ગોઠવી નથીને!'

'પ્રતાપ! પાપીયોએ પ્રપંચ કરી નિર્દોષ રાણી સુનંદાને કલંકીની ઠરાવી છે. કહી મહેન્દ્રે તેને સઘળી વાતથી જાણીતો કરી દીધો. પ્રતાપ કપાળ કુટવા લાગ્યો. રાજ્ય પર ફરતું કાળ ચક્કર પ્રત્યક્ષ અવલોકવા લાગ્યો. અંતે મહેન્દ્રે તેને શાન્ત કરી કહ્યું. પ્રતાપ! આજે હું તને બોલાવવા આવ્યો છું. કારણ કે આજ રાત્રે પિતા ૐકારેશ્વરના પૂજને જનાર છે. તેમની સાથે આપણે પણ જવાનું છે. મારા પિતા આજે આપણને કંઇક ગુપ્ત વાત કહેવાના છે. પ્રતાપ! ઉઠ હવે આપણે જઇએ. તરત પ્રતાપ ઉભો થયો, ને વસ્ત્ર ધારણ કરી શસ્ત્ર સજી મહેન્દ્રની સાથે મહેલમાંથી બ્હાર નીકળ્યો. બન્ને મિત્રો વાતો કરતા રાજ્ય માર્ગે પ્રધાનજીના આવાસ તરફ ચાલવા લાગ્યા.'

પ્રકરણ ૬ ઠ્ઠું.

વિજય રાજનું ખૂન.

શિવ પૂજનને માટે નિર્માણ કરેલી રાત્રિ થઇ ચૂકી હતી. પ્રધાન વિજયરાજ પવિત્ર નર્મદાના કિનારે એકાન્ત સ્થળમાં આવેલા ૐકારેશ્વર પ્રભુનું શ્રદ્ધાથી પૂજન કરવામાં ગુંથાયા હતા. બ્હાર શિવાલયના ચોગાનમાં પ્રતાપ અને મહેન્દ્ર બનેલા બનાવો સંબંધી વાતો કરી રાજ્યના અનિષ્ટને માટે શોક કરતા હતા. શાન્ત રાત્રિ સમસમાકાર કરતી વ્યતિત થતી હતી. કિનારે જળચર પ્રાણીયોના અવાજ થતા હતા. રાત્રિના શાન્ત સામ્રાજ્યમાં ક્વચિત્ પવન દેવતા તેમના પ્રભાવે વૃક્ષોને હલાવી ભયંકર ભાસ ઉત્પન્ન કરતા હતા. અંતે શિવપૂજનની સમાપ્તિ કરી વિજયરાજ બહાર આવી પ્રતાપ અને મહેન્દ્રની સાથે બનેલા ભયંકર બનાવ વિષે કંઇક ગોઠવણ કરવા કિનારાથી થોડેક દૂર આવેલી ઝાડી તરફ ગમન કરવા લાગ્યા. રાત્રિ ઘણી વ્યતિત થઇ હતી; ચંદ્રનું રૂપેરી તેજ ચળકાટ મારી રહ્યું હતું. વૃદ્ધ મંત્રિ વિચારની ધુનમાં આગળ ચાલતા હતા, પ્રતાપ અને મહેન્દ્ર એક બીજાનો હાથ પકડી વાતો કરતા પાછળ ચાલ્યા આવતા હતા. વિચારમાં ગરકાવ થયેલો પ્રધાન ઝડપથી પગલાં ઉપાડતો ઘનઘોર ઘાડી ઝાડીમાં નિર્જન સ્થાને આવ્યો, ત્યાં એટલી તો ઘાડી ઝાડી હતી કે ચંદ્રના તેજનો પણ પ્રકાશ પડતો

નહોતો, એક બીજાની સાથે ગુંથાએલાં વૃક્ષોથી ત્યાં અમાવાસ્યા સમાન અંધકાર વ્યાપેલો હતો. નિર્ણય સ્થાને આવી વિજયરાજ આસપાસ જોવા લાગ્યા. મહેન્દ્ર અને પ્રતાપ પાછળ પડી ગયા હતા. એટલામાં એકાએક તેમને કાને કંઇક ખડખડાટ સંભળાયો. તેમણે ચમકીને એ અવાજ તરફ જોયું. પરંતુ અંધકારમાં તેમને કંઇ જણાયું નહિ. કોઇ રખડતુ પ્રાણી નાહું હશે, તેનો એ અવાજ હશે, ધારીને વિજયરાજે અવાજ તરફ લક્ષ આપ્યું નહિ. પણ અરે! ઓચીંતો આ શો ગજબ ?!

તેમની પાછળ વિજળીના જેવો ચમકારો થયો, ને તેની સાથેજ તેમના માથા પર સમશેરનો ઘા થયો. ઘાના પ્રહારથી વૃદ્ધ મંત્રિ ધરણી ઉપર ઢળી પડયા. માથાના ધોળા વાળ લોહીથી લાલ રંગાઇ ગયા. એવામાંજ તેમની સમિપ તલવારનો ઘા કરનાર ખુલ્લી તલવારે આવી ઉભો રહ્યો. તેણે વિજયરાજને પૃથ્વી પર પડેલા જોઈ વિકટ હાષ્ય કર્યું. તેના હસવાના શબ્દોથી વિજયરાજે જાણી લીધું કે મને મારનાર કાળરાત્રિનો દુષ્ટ સરદાર અંધકારસિંહ છે. તેને ઓળખી પ્રધાને નિઃશ્વાસ નાંખી કહ્યું. અંધકારસિંહ! ખરેખર તારામાં નામ પ્રમાણેજ ગુણ છે. હર, હર, તેં છેવટે મારૂં પણ ખૂન કર્યું ? અંધકાર! કયા સુખને માટે આવાં અઘોર કર્મ કરવાને તૈયાર થયો છે ? હા, રાજસિંહની પછી મારી પણ વારી આવી ખરી. રાજ્યદ્રોહી! બોલ કે મારા ખૂનથી તને શું લાભ મળવાનો છે ? હા, તેં વિશ્વાસઘાત કરી મહાન્ પાપ શિરે લીધું છે. પામર! યાદ રાખજે કે આવાં પાપ કર્મોથી તને કંઈ પણ લાભ મળનાર નથી. હા, જે રાજા સુખ્ખજ-

નસિંહે અદ્યાપિ પર્યંત તારૂં પાલન કર્યું છે, હાય તેનુંજ તેં અનિષ્ટ કરવાનું આ પગલું ભર્યું છે. નરાધમ! તારાં પાપની તને અવશ્ય શિક્ષા થશે. જે કુટિલ કાળરાત્રિની કૃતિમ લાલચોની લાલસામાં તું અંધ થયો છે, એજ તારા વિનાસનું મંગળાચરણ છે. પાપી! કાળરાત્રિને તું હજી ઓળખી શકયો નથી. તે નારી નથી પણ નારીના રૂપમાં અવતરેલી રાક્ષસી છે. તે સ્વાર્થ સાધવાને અનેક લાલચોથી તમને લલચાવશે, ને સ્વાર્થની સમાપ્તિ થતાં તે જરૂર તમને શુળીના સિંહાસને ચઢાવશે. આમ બોલતો પ્રધાન શ્વાસ ચઢવાથી શાન્ત રહ્યો. માથામાંથી લોહી પૂર્ણ જોસથી વહેતું હતું. પવન પણ વેગથી વાતો હતો. દર્દથી વૃદ્ધ શરીર ધીમે ધીમે અશક્ત થવા લાગ્યું. મુખમાંથી નીકળતા શબ્દો શીથિલ પડવા લાગ્યા.

તેમનાં વાકયો સાંભળતો અંધકારસિંહ ક્ષણ પર્યંત વિચારમાં પડયો. પ્રધાનનો વાકય પ્રવાહ જે વખતે ચાલતો હતો તે વખતે પાપી અંધકારસિંહ કાંપતો હતો. દુષ્ટ જનને ઉપદેશ થાય નહિ, એમ દુષ્ટ અંધકાર વિચારને અંતે મનમાં બોલી ઉઠયો. બસ હવે ગમે એમ થાઓ, પણ આ પ્રધાનને તો જીવતો રાખવો નહિજ જોઇએ. કહી તેણે બીજો ઘા કરવાને તલવાર ઉંચી કરી. તરત પ્રધાને ક્ષીણ સ્વરે કહ્યું. અંધકાર! થોડીવાર સબુર કર, મારા બે શબ્દો સાંભળી લે. હું હવે જીવવાનો તો નથીજ. મા'રા પ્રાણ જવાની તૈયારીમાં છે. માટે સાંભળ. નરાધમ! તમે જે અબળાના આશ્રયે રહી આવાં મહાન અઘોર કર્મ કરોછો તે પાપને માટે તમે ચિરકાળ સુધી અગ્નિ કુંડમાં પડી રીબાશો.

હા, અંધકારસિંહ! ઓ ઘોર ખૂની! તું આ અંધકારમાં અદ્રશ્ય થઇ તારા નામનું સાર્થક કર. અને–

તેમનાં વચનથી પાપી ઉશ્કેરાયો ને બૂમ મારી બોલી ઉઠયો. બુઢ્ઢા ચૂપ થા. તું અમારા માર્ગમાં નડતો એક તિક્ષણ કાંટો હતો. તેના નાશથી અમારો માર્ગ ખુલ્લો થયો છે.

તા'રો શું માર્ગ ખુલ્લો થયો છે? અંધકાર! મરણ અગાઉ જણાવ કે તને આ કરેલા પાપથી શું લાભ થયો છે? પુન. વિજયરાજે પૂછ્યુ.

'વિજય! તારા ખૂનના ઇનામમાં મા'રી કાર્ય સિદ્ધી થઇ છે. બદલામાં આ અંધકારને રાજકુમારી કુસુમની પ્રાપ્તિ થઇ છે. હું તેનો સ્વા–

ચૂપ પિશાચ! જીભને એટલેજ અટકાવ. વિજયરાજે ભયંકર ગર્જના કરી. અંધકારસિંહ ધ્રુજી ઉઠયો. તરત તેણે પ્રધાનને પુરો કરવા હાથ ઉંચો કર્યો. એજ ક્ષણે પાછળથી પ્રતાપે આવી તેને પકડી ક્રોધથી કહ્યું. ઘોર ખૂની! હવે તારૂં આવી બન્યું સમજ. કહી પ્રતાપે બીજા હાથે મ્યાનમાંથી તલવાર ખેંચી. અંધકાર પ્રતાપનો હાથ છોડાવી તલવાર ઉગામી સામે થયો. મહેન્દ્ર પણ મિત્રની મદદે આવી પહોંચ્યો સ્હામ સામે તલવારોની ઝપાઝપી થવા લાગી. તલવાર ફેરવતે અંધકાર પાછા પગલે ઝાડી તરફ ચાલતો હતો. થોડીકવાર ટક્કર ઝીલી, અંધકારસિંહ ગુપ્ત માર્ગ મળતાં બન્નેની નજર ચુકાવી અદ્રશ્ય થઇ ગયો.'

રક્તપ્રવાહમાં તરબોળ થયેલા પિતાને જોઇ મહેન્દ્ર હૃદય

હાવકે કલ્પાંત કરવા લાગ્યો. પ્રતાપ સજ્જળનયને તેમના હૃદય પર માથું નાખી રડવા લાગ્યો. પ્રધાને બન્નેને હાથની ઇશારતથી આશ્વાસન આપતાં મંદ અને ક્ષીણ અવાજે કહ્યું પુત્ર મહેન્દ્ર! પુત્ર પ્રતાપ! પાસે આવો. બન્ને પાસે ગયા. પુનઃ પ્રધાને કહ્યું. બાળકો! પ્રાણ જવાનો સમય નજદીક આવ્યો છે. સમય બારિક છે. જીવનની આશા નથી. માટે મારા બે શબ્દો ધ્યાનપૂર્વક સાંભળી લ્યો. મારા પુત્રો! અનેક લાલચોથી તમને કદાચ લલચાવામાં આવે તોપણ મહારાજા સુજ્જનસિંહ પ્રત્યે નિમકહરામ થશો નહિ તમે વીર છો! તમારાં વર્તનની મને સંપૂર્ણ માહિતી છે. તોપણ ફરજ સમજીને કહું છું કેઃ—વિશ્વાસઘાત એ એક મહાન પાપ છે. એ ખુબ યાદ રાખજો. લાલચોમાં લપટાતા પહેલાં આ મહા વાક્યને સંભારજો! પુત્રો! પ્રાણ જાય તો સુખેથી જવા દેજો પણ કાળરાત્રિના મિત્ર નહિ થતાં, રાજાના કલ્યાણમાં મચ્યા રહેજો. રાજા તમારો પિતા છે, તેના અન્નોદકથી તમારાં હાડ ચામ બંધાયાં છે તેનો વિચાર કરજો. પુત્રો! કાળરાત્રિનાં કાળાં કર્મો હજી આટલેથી અટકશે નહિ. તે રાક્ષસી રાજા સુજ્જનસિંહનો પ્રાણ લઇ બાળકુમારનો પણ નાશ કરવા ઇચ્છશેજ. મારા બાળકો! તે ઝેરી નાગણથી સંભાળીને ચાલજો, ને તેની આહુતીમાંથી રાજાને ઉગારજો. ન કરે ને નારાયણ કદાચ મહારાજાનું પણ અનિષ્ટ થાય, તો ગમે એ પ્રકારે રાજ્યવંશ નિર્મૂળ ન થાય એવા પ્રયત્નો આદરજો. મહેન્દ્ર! હું હવે જાઉં છું, પ્રતાપની સાથે સંપીને ચાલી તેને મદદ કરજે. પુત્ર પ્રતાપ! આ મહેન્દ્ર હવે આજથી તારો નાનો ભાઇ છે. બન્ને જણા

મૃત્યુ સમયનાં મારાં વચનો યાદ રાખજો. પુત્રો ! તમારૂં કલ્યાણ થાઓ. ઓ આહ ! ભયંકર વેદના. ઓ. ઓહ....આમ બોલી વિજયરાજે માથા ઉપર હાથનો સ્પર્શ કર્યો. રૂધીરથી હાથ રંગાઇ ગયો. પિતાની દુર્દશા નિહાળી મહેન્દ્ર રડતાં રડતાં કહેવા લાગ્યો. બાપુ ! વધારે બોલવાથી વેદનામાં વધારો થશે. માટે શાન્ત થઇ સુઇ રહો કે જેથી કદાચ જીવનની આશા રહે.

'મહેન્દ્ર ! હવે જીવનની આશા વ્યર્થ છે. તું મને શા માટે બોલવાનું ના કહે છે ? મારા મરણ પછી તને કોઇ પણ શિખામણના શબ્દો સંભળાવનાર નથી. મારા બાળકો ! આ સંસારમાં સદા સર્વદા ધર્મ યુક્ત નીતિમય જીવન ગુજારજો. મહેન્દ્ર ! હું મૃત્યુથી ડરતો નથી, તારો પિતા વીર છે; પણ આ સમયે એક અનિર્વાય દુઃખથી દુઃખી છે. હા, મહારાજાની થનાર દુર્દશા અને રાજ્યની થનાર પાયમાલીના વિચાર કરતાં, મારા શરીરમાં હજારો વિંછીના દંશ સમાન વેદના થાય છે. પ્રધાનને શ્વાસ ચઢયો તે બોલતો બંધ થયો.'

. પિતાના હૃદયમાં થતી વેદનાની વાત સાંભળતાં મહેન્દ્ર બોલી ઉઠયો બાપુ ! હૃદયનું દુઃખ મનમાં રાખશો નહિ. તમારી આજ્ઞાનું પાલન કરવા અમે તૈયાર છીએ.

પુત્રનાં વચન સાંભળી પ્રધાનના મુખ પર સ્હેજ હાસ્યની છાયા જણાઇ, પુનઃ તેમણે બળાત્કારે બોલવું શરૂ કર્યું. મહેન્દ્ર ! પ્રતાપ ! તમે આજ સુધી મારી સર્વ આજ્ઞાઓનું પાલન કર્યું છે છતાં મારી મૃત્યુ સમયની એક ઇચ્છા બાકી રહી જાય છે, તેને માન્ય કરવા તમે વચનથી બંધાઓ.

પિતાનું કહેવું સાંભળી મહેન્દ્ર ગુંટણીએ પડી પિતા સામે જોઇ કહેવા લાગ્યો.

" આખી અવનિમાં થતું, લક્ષને માથે પાપ,
બ્રહ્મહત્યા જીભથી વદી, બોલું છુ હું તાત;
કદાપિ દુઃખના ડુંગરે, ભલે જીવન આ જાય,
પણ વીર પુત્રનું વધ્યું વચન, વૃથા પિતા નહિ જાય. "

' બાપુ! આપની આજ્ઞાને જીવન પર્યંત પાળવા અમે તૈયાર છીએ. પ્રતાપે મહેન્દ્રનાં વાકયોને પુષ્ટી આપી કહ્યું. '

પુત્રો ! તમે બન્ને જણા મારા દેખતાં પ્રભુને હાથ જોડી પ્રતિજ્ઞા કરો કેઃ-તમારા શરીરમાં જ્યાં સુધી પ્રાણુ વાયુ નિવાસ કરે ત્યાં સુધી તમારે રાજ્યવંશની રક્ષા કરવી, અને રાજાથી કદાપિ નિમકહરામ ન થવુ. તેમના ઉદ્ધારમાં પ્રાણુની પરવા કરવી નહિ. આવી પ્રતિજ્ઞા કરશો તોજ આ વેદના યુક્ત દેહને છોડી આ તમારો કહેવાતો પિતા શાન્ત થઈ મરણુને શરણુ થઇ સ્વર્ગમાં સંચરશે.

' બન્ને જણાએ તરતજ આકાશ સામે હાથ જોડી વિજયરાજના કહેવા પ્રમાણે પ્રતિજ્ઞા કરી. '

' પ્રધાન પ્રસન્ન થયો બન્ને પુત્રોને માથે હાથ મૂકી પ્રભુનું ધ્યાન ધરી અંતે એકવાર બોલ્યો કેઃ-પુત્રો! હું જાઉં છું, વિશ્નુના પાર્શ્વદો મને લેવાને આવ્યા છે. હું જાઉં છું. બાળકો ! મા'રાં વચન સ્મર્ણુમાં રાખજો. રાજ્યવંશનું રક્ષણુ કરજો. હા, રામ, નમઃ સિવાય. કૃષ્ન....રા....બોલતાં બોલતાં જીભ ટુંકી થઈ ગઇ. શરીરે શીત વ્યાપિ ગયું, આંખ્યોનાં રત્ન ઝાંખા

થઇ ગયાં. થોડીવારે શરીરમાં રહેલો આત્મા પણ શરીરને તજી ચાલ્યો ગયો. તેમના મ્રત્યુથી સઘળે ભયંકર ભાસ ભાસવા લાગ્યો. બન્ને મિત્રો વિજયરાજના શબને ઉપાડી નર્મદાના કિનારે આવ્યા. તેમના મરણથી જાણે નર્મદાજીને શોક ન થયો હોય એમ સરિતાના જળતરંગો મંદ મંદ ઉછળવા લાગ્યાં. ઝાડીમાં વનચર પ્રાણીયોના અમંગળ સૂચક અવાજો સંભળાવા લાગ્યા.

મહેન્દ્ર અને પ્રતાપ! રાજા નયને પ્રધાનના શબને સરિતામા સ્નાન કરાવી, કિનારે સુતારી કાષ્ઠ એકઠાં કરવા લાગ્યા. પાછલી રાત સુધી તેમણે કાષ્ટ એકઠાં કરી કિનારે ચોરસ ચિતા તૈયાર કરી. પ્રધાનના શબને ચિતામાં પધરાવ્યું. અંતે ચકમકના પથ્થરથી અગ્નિ પ્રગટ કરી ધ્રુજતા હાથે મહેન્દ્રે પિતાનું દાહાંજલીનું કામ પૂર્ણ કર્યું. ચિતા ભડભડાટ સળગવા લાગી જોત જોતામાં અગ્નિદેવે વિજયરાજના શરીરને બાળી ભસ્મ કરી નાખ્યું રાખના ઢગલાને સરિતામાં વ્હેવરાવી, બન્ને મિત્રોએ પુષ્કળ રૂદન કર્યું. આખરે મનનો ભાર ઓછો કરી સ્નાનથી શુદ્ધ થઇ બહાર નીકળી તેમણે નગર તરફ ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં મહેન્દ્ર ધ્રુજતો હતો. પ્રતાપે પૂછયુ ! ભાઇ કેમ કાંપે છે ? તરત મહેન્દ્રે કર્કશસ્વરે જવાબ આપ્યો. ભાઇ! પિતાની દુર્દશા જોઇ હું ક્રોધથી અંધ થયો છું. મારા પિતાનું ખૂન કરનાર અંધકારસિંહના કેશ પકડી તેના શિરનું છેદન કરી પિતાના વૈરનો બદલો લેવા ઇચ્છુ છું. પ્રતાપ! પાપીને ભયંકર મ્હોતથી મારીશ, તેના શરીરમાંથી નીકળતા રકત પ્રવાહમાં હું સ્નાન કરીશ. મહેન્દ્ર ઉશ્કેરાયો. ભયંકર ત્રાડ મારી દાંત પીસી પુનઃ

બોલી ઉઠયો. અંધકારસિંહ! આવ, એકવાર મારી સમિપ આવ. હું તને પાતાળમાં ચાંપી દઉં.

'ભાઇ શાન્ત થા, અત્યારે આપણો સમય નથી, કાવત્રા- ખોરોથી આખું રામનગર ભરાઈ ગયું છે. મહેન્દ્ર! તું આમ કરીશ તો સમજજે કે આપણું કામ વ્રથા જશે. પ્રતાપે કહ્યું.

'પ્રતાપ! તું વીરપુત્ર થઇ શા માટે ડરે છે, મરણ અવશ્ય છે તો ડરવાનુ શું પ્રયોજન છે? મહેન્દ્રે મોટા અવાજે પૂછ્યુ.

'ભાઇ! શાન્ત થા! આપણું કાર્ય સાધતાં પહેલાં આપણે કાળરાત્રિથી ઘણુંજ ડરવાનું છે.'

'નિર્ભય રહે! હું કાવત્રાખોરોને પગતળે કચરી નાંખીશ. કાળરાત્રિને જડમૂળથી ઉખેડી નાંખીશ. કહી મહેન્દ્રે વિકટ હાષ્ય કર્યું.

'પ્રતાપ કંપ્યો. પુનઃ મહેન્દ્ર બોલી ઉઠયો. પ્રતાપ! હું ક્રોધની જ્વાળાઓથી ઘેરાયો છું મિત્ર યાદ રાખજે કે–રાજ્ય પર આવનાર વિપત્તિને ટાળવા હું પ્રાણ આપી પિતાની આજ્ઞાનું પાલન કરીશ. ક્રુર કાળરાત્રિને તેના મદદગારો સાથે રસાતાળમાં ચાંપી દઇશ. પ્રતાપ! આજથી થોડા દિવસમાં મ્હારા પિતાને મારનાર પાપીને પૃથ્વીના ગર્ભમાંથી બહાર ખેંચી કાઢીશ, અને તેના રૂધીરથી હાથ રંગી પિતાના વૈરની પૂર્ણાહુતી કરીશ. બોલતાં બોલતાં મહેન્દ્ર શોર્યાવેશથી ધ્રુજવા લાગ્યો.

'પ્રતાપે જોયું કે તેને હદ ઉપરાંત ક્રોધ વ્યાપ્યો છે, તેણે આશ્વાસન આપી આખરે શાન્ત પાડી કહ્યું. મહેન્દ્ર! સમજીને

શિખામણ વ્યથા છે. આપણે જે કામ કરવાનાં છે તે યુક્તિસર કરવાનાં છે, આમ બોલવાથી આપણું કંઇ શુભ થનાર નથી.

'પ્રતાપ! હું શાન્ત છું, પણ એટલું યાદ રાખજે કે આજ નહિ તો કાલે પણ થોડા સમયમાં પાપી અંધકારસિંહને રીબાવી રીબાવી મારીશ.

"ચંદ્ર ઉગે દિન વિષે, રાત્રે સૂર્ય પ્રકટાય;
કાળ પ્રત્યક્ષ આવી નડે, પણ વચન વ્યર્થ નહિ જાય."

કહી તેણે મૌન ધારણ કર્યું. થોડીવારે તેઓ નગરમાં આવી પહોંચ્યા. મોટું મળસકું થયું હતું. ઘંટીના ઘોર સંભળાતા હતા, આંબાવાડીયામાં કોયલ ટહુકાર કરી પ્રભાતના પ્રભાવને વધારતી હતી. મહેન્દ્ર અને પ્રતાપ! મહેલમાં જઇ શૈયામાં પડયા. આખી રાત્રિના ઉજાગરાથી બન્ને વીરપુત્રો થોડી વાર માટે દુઃખને વિસારી નિંદ્રાની શાન્ત છાયામાં અચેતન થઇ પડયા.

પ્રકરણ ૭ મું.

સંકેત પુરૂષ.

રામનગરના સ્થંભરૂપ રાજસિંહ અને કાર્યદક્ષ વૃદ્ધ પ્રધાન વિજયરાજ જોત જોતામાં આ પૃથિવી ઉપરથી સદાને માટે ચાલ્યા ગયા. રામનગર નિસ્તેજ જણાવા લાગ્યું. પ્રલયકાળની માફક ઉત્પાતો થવા લાગ્યા. આખો દિવસ શ્વાન રૂદન કરવા લાગ્યાં. લોકોનાં મન ઉદ્વેગ યુક્ત રહેવા લાગ્યાં. દિવસો પર દિવસ જવા લાગ્યા. રાક્ષસી કાળરાત્રિ પ્રધાનના મરણથી આનંદ માનવા લાગી.

‘રાણી સુનંદાને પણ સઘળી ખબર પડી હતી. તેણે અપાર શોક કર્યો. તે બાળકુમારને રમાડી, શોકને સમાવતી હતી. રામનગર પર ઝઝુમી રહેલી આફતના વિચાર આવતાં તે ઘણી દુઃખી થતી. તેને મહારાજાની વિશેષ ચિંત્તા થતી હતી. કુટિલ કાળરાત્રિ આખરે રાજાનો પણ નાશ કરશે, હાય, પ્રાણેશનું અકાળે મરણ થશે; પ્રભુ તેમને બચાવો. આમ મનમા બોલતી સતી સુનંદા નિરંતર અશ્રુપાત કરતી. કુસુમ અને તેની સખી પ્રમિલા રાણીને આશ્વાસન આપતાં. કુમારીની સખી પ્રમિલા ગુણવાન અને હિમતવાન બાળા હતી, તે રામનગરના પ્રથમ સેનાપતિની પુત્રી હતી. તેને એક નાનો ભાઇ હતો, તેનું નામ હમીરસિંહ હતું તે તેની બ્હેન પ્રમિલાની સાથે

રાજમહાલયમાં રહેતો હતો, તેમની માતા તેમને નાની અવસ્થામાં મૂકીને સ્વર્ગમાં સિધાવી હતી. તેમના પિતા. થોડાં વર્ષ ઉપર બહારવટીયાઓને પકડવા જતાં, યુદ્ધમાં માર્યા ગયા હતા, તેથી તે નાનાં બાળકો સુનંદાની પાસે રહીને મોટાં થયાં હતાં. રાણીએ પ્રમિલાને કુસુમની માફક ગણીને સદ્ગુણવાળી બનાવી હતી, તેની ઉમ્મર હાલ સત્તર વર્ષની હતી, છતાં તે કુમારિકા હતી. રાણીનો વિચાર તેને લગ્નથી જોડવાનો હતો, એટલામાંજ રાણીને કલંકીની થવાનો સમય આવ્યો. પ્રમિલા પ્રતાપને ચ્હાતી હતી પ્રતાપ તેને એક ગુણવાન બાળા સમજી સદા મીઠી નજરથે જોતો. જ્યારે જ્યારે પ્રતાપ કાન્તાથી કંટાળતો, ત્યારે પ્રમિલા પાસે જઇ તેને દુઃખ જણાવતો. પ્રમિલા તેને શાન્તિ સૂચક શબ્દોથી આશ્વાસન આપતી. પ્રમિલાએ પહેલા મનથી પ્રતિજ્ઞા કરી હતી કે પરણવુ તો પ્રતાપને, નહિતર જીવન કૌમારાવસ્થામા વ્યતિત કરવું. દૈવયોગે તેની આશા સંપૂર્ણ થઇ નહિ. કાન્તા અને પ્રતાપ લગ્નથી જોડાઇ ગયાં હતાં જેવું પ્રારબ્ધ કહી પ્રમિલા કુસુમની સાથે રહી દુઃખીજનોનાં દુઃખ દૂર કરવામાં કાળ નિર્ગમન કરતી હતી. કુસુમ મહેન્દ્રને ચ્હાય છે એવુ પ્રમિલા સારી રીતે જાણતી હતી. તે કુસુમને વારે ઘડીયે મહેન્દ્ર વિષે પ્રશ્ન પૂછી ગમ્મત કરતી હતી.

'પ્રતાપ અને મહેન્દ્ર એક બીજાને ભાઇની સમાન ચ્હાતા હતા. પિતાના મૃત્યુથી હસમુખો મહેન્દ્ર શાન્ત. રહેવા લાગ્યો. બન્ને મિત્રો કાળરાત્રિનાં અને દુષ્ટ સેનાપતિનાં કાવત્રાંઓની છુપી દેખરેખ રાખતા હતા.

'વિજયરાજને મરી ગયે ઘણા દિવસ થઇ ગયા હતા. ત્યાર પછી એક દિવસની રાત્રિએ અગીયાર વાગ્યાના સુમારે પ્રતાપ નગરની બહાર વિચારમાં ગમગીન થઇ ચાલ્યો જતો હતો. અમાવાસ્યાની રાત્રિ હોવાથી સઘળે ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો. એવા ઘાડા અંધકારમાં પ્રતાપ ચાલતો ચાલતો ઘણે દૂર નીકળી આવ્યો. તેણે આસપાસ જોયું તો તેને જણાયું કે હું ઘણે દૂર આવ્યો છું. પ્રતાપ આગળ નહિ વધતાં ત્યાંજ ઉભો રહ્યો. તે જે સ્થળે ઉભો હતો, ત્યાં એક વિશાળ વ્રક્ષ આવેલું હતું. બીજાં અનેક ઝાડો ઉગ્યાં હતાં, પણ ઘાડા અંધકારને લીધે સઘળાં કાળાં ભુતના ઓળા સમાન જણાતાં હતાં, વૃક્ષ નીચે ઉભેલો પ્રતાપ હૃદયમાં થતા દુ:ખથી એક દીર્ઘ નિ:શ્વાસ નાખી ત્યાં બેઠો. કમ્મરે લટકતી તલવાર છોડી સામે મૂકી, તેણે થોડીવાર સુધી શાન્ત રાત્રિનું અવલોકન કર્યું. અંતે મનના વિચાર મનમાં સમાવી નહિ શકવાથી તે આત્મગત બોલવા લાગ્યો. હા, રામગરના પ્રતાપિ મહારાજા! તમે એવાં તો શું અઘોર કર્મ કર્યાં હશે કે જેનાથી તમારી આવી દશા થઇ ? ધર્મ નિપુણરાજા! તમારો થોડા દિવસમાં અંત આવશે. આ રામ નગરમાં ભયંકર ઉથલ પાથલ થશે. કાળરાત્રિ વિક્રાળ વાઘણ બની છે, તે તેના સ્વાર્થને માટે પાછું વાળી જોશે નહિ. મારા દુષ્ટ પિતાના બોધથી તે ઉત્કેરાયેલી રાક્ષસી ન કરવાનાં કાર્યો કરશે. પ્રતાપ! પ્રતાપ! તારે ઘણું સંભાળવાનું છે, કાન્તાના કૃતિમ પ્યારથી આખરે તારૂં પણ કાટલું થવાનું છે. કાન્તા! સુંદર જણાતી સુંદરી! તું જેવી ઉપરથી ચળકતી ચામડીની

જણાય છે, એવી અંદરથી નથી. તું તારી માતાના જેવીજ બીજી રાક્ષસી છે મારા પ્રત્યેનો તારો પ્યાર કપટી છે. તું તારા સ્વાર્થને માટે મને મારતાં પાછું વાળીને જુવે એવી નથી. ધોળા સ્વરૂપ વાળી કાન્તા! તું કાળી કાગડી છે, તું દુષ્ટ છે, તારો પ્રેમ કૃત્રિમ છે, એ પ્રતાપ સારી રીતે જાણે છે. આમ બોલતો પ્રતાપ શાન્ત થયો, પણ પુનઃ કંઇક યાદ આવતાં બોલ્યો. મિત્ર મહેન્દ્ર! તારો જીવ જોખમમાં છે, આખું રામનગર નિમકહરામીયોથી ભરાઇ ગયું છે, પાપીઓનું પ્રબળ ઘણું છે, તેમાંથી આપણે રાજકુટુંબનું રક્ષણ કરવાનુ છે. સ્વર્ગવાસી પ્રધાનના અંતિમ વાકયો યાદ આવે છે, ખરેખર તેમના કહેવા પ્રમાણેજ સર્વ રંગ ભાસે છે. કહી પ્રતાપ ગુંટણીએ પડી આકાશ સામે હાથ જોડી બોલવા લાગ્યો. ઓ વિપદ્ વિનાશક વિશ્વાધાર! તમારી અમિ દ્રષ્ટિ રામનગર પર નાખો, અને નિરક્ષણ કરો કે તેની અંદર કેવાં ભયંકર કાવત્રાં ચાલી રહ્યાં છે. પ્રભુ! જુઓતો ખરા કે કેટલાં ધર્મિષ્ટ જનોના જીવ જોખમમાં આવી પડયા છે. દયાના ભંડાર! આ તમારો ક્ષુદ્ર સેવક આપની મદદ માગે છે, તે તમારી કૃપાથી પાપીયોના પ્રપંચને જડમૂળથી ઉખેડી નાખવા ઇચ્છે છે. પ્રભો! મને મદદ કરો. કહી પ્રતાપ શાન્ત થઇ આકાશ સામે જોઇ રહ્યો. પ્રભુએ તેની પ્રાર્થના સ્વિકારી હોય એમ તેને જણાવા લાગ્યું તેનો અંતરાત્મા તેને ગયબી શકિત અર્પવા લાગ્યો. પ્રતાપ ઉભો થયો ને સામે પડેલી તલવારને કમ્મરે લટકાવી આવેશ યુકત થઇ બોલી ઉઠયો. ઇશ્વર અવશ્ય મને મદદ કરશે. કાળજાત્રિ અને નિમક હરામ પિતા! તમે હવે આ પ્રતાપથી

આવધ રહેજો. પિતા તમે સમજતા હશે કે પ્રતાપ મારો પુત્ર છે ને તે મારી આજ્ઞાઓનું પ્રતિપાલન કરશે, પણ ના, ના, એમ સમજશો નહિ. તમે તમારા ધર્મને ત્યાગ્યો છે, તો આ તમારો પુત્ર પ્રતાપ તમારાથી દૂર થયો છે. તે તમારી અઘટિત આજ્ઞાઓનું કદાપિ પાલન કરશે નહિ. પાપી પિતા! જેને તમે તમારો પુત્ર માનો છો, તેને હવે પુત્ર ગણશો નહિ; આ પ્રતાપ પિતા નામનો ત્યાગ કર્યો છે, ને તમારાં દુષ્ટ કામો ધુળમા મેળવવા તૈયાર થયો છે. પિતા અને કપટી કાળરાત્રિ! આ પ્રતાપને હવેથી તમારો એક ભયંકર શત્રુ સમજજો, તેને સંહારવા તમારાથી થાય એટલા યત્નો આદરજો. આ પ્રતાપ તમારાથી લેશ માત્ર ડરનાર નથી. દુષ્ટાત્માઓ! યાદ રાખજો કે સમય પ્રાપ્ત થતાં આ વિષધર નાગ કાળો કેર વર્તાવશે, પાપીયોને ખોળી ખોળી મારશે, પશ્ચાત કાળરાત્રિ તારો વારો આવશે. આ તારો જમાત તારો ઘાતક થશે, ને તારાં ભયંકર પાપકર્મોનો પૂર્ણ બદલો આપશે, અને પિતા તમને....પ્રતાપ બોલતા બંધ થયો તેને પાછળની ઝાડીમાં કંઇક ખડખડાટ થતો સંભળાયો. તે ચમકીને પાછળ જોવા લાગ્યો, તેની અજબ અજાયબીની અંદર માલમ પડયું કે પોતે જ્યાં ઉભો છે ત્યાંથી થોડેક દૂર એક વૃક્ષની નીચે એક માણસ ઉભો છે. તેના હાથમાં જાખુ ફાનસ બળે છે. પ્રતાપે જાંખા ફાનસના પ્રકાશમાં જોયું તો તેને જણાયું કે તે ઉભેલો માણુસ સફેત વસ્ત્રથી ઢંકાયો છે. તેનું માથું ઉઘાડું છે. મુખ તેજસ્વિ જણાય છે, પણ અરે આ શું! પ્રતાપે જોયું તો જણાયું કે તેની ચક્ષુઓમાંથી અસ્ખલિત અશ્રુ ધારાઓ નીકળે

છે. તેના તેજસ્વિ વદનના મુખદ્વારમાંથી નિઃશ્વાસ સંભળાય છે. આવું જોઇ પ્રતાપ તેની પાસે જવા ઉત્સુક થયો. તે ધીમે પગલે ઉભેલા સફેત પુરૂષની પાસે જવા લાગ્યો. તેને આવતો જોઇ ઉભેલો પુરૂષ ચમકયો. તેણે ફાનસ બુઝાવી નાખ્યું, અને ત્યાંથી ઝપાટાબંધ ચાલવા માંડયું. પ્રતાપને માલૂમ પડયું કે તે પુરૂષ ચાલ્યો જાય છે. તે કોણ હશે! શા માટે અશ્રુ વિસર્જન કરતો હશે, અને આટલી રાત્રે અહિં આવી નિઃશ્વાસ નાખવાનું શું કારણ હશે? આમ મનમાં વિચારતો પ્રતાપ ત્વરિત ગતિએ જનાર પુરૂષ પ્રથમ જ્યાં ઉભો હતો, ત્યાં આવી પહોંચ્યો. પ્રતાપે તેને જોવા આસપાસ જોયું પણ તે જણાયો નહિ. તેણે આસપાસ ફરી ઘણી તપાસ કરી છતાં તેને તે પુરૂષની લગીર પણ નિશાની માલમ પડી નહિ. પ્રતાપ નિરાશ થઇ પ્રથમના સ્થાને આવી સફેત પુરૂષના વિચારમાં નિમગ્ન થયો. હજીતો તેને વિચારમાં નિમગ્ન થયે બે ત્રણ પળ થઇ હશે, એટલાંમાં તો તેને સામેથી કોઇના આવવાના પગલાં સંભળાયાં.

. પ્રતાપ ચમકીને તે તરફ જોવા લાગ્યો. તેને આવનાશઓ અંધકારમાં કાળાઓળાની માફક જણાવા લાગ્યા, એવામાં તો તે આવનાર ત્રણ જણામાંથી એક જણ બીજાને સંબોધી કહેવા લાગ્યો. મહારાણીજી! આપણે નગરથી ઘણે દૂર આવ્યાં છીએ. આ સામે જણાતી ઝાડી વિકટ છે. તેમાં અત્યારે પ્રવેશ કરવાથી પ્રાણ હાનીનો સંભવ છે. માટે યોગ્ય લાગે તો આ જગ્યાએ બેસી આપણે વાતો કરીએ, કારણ એકે આ સ્થાને વાતો કરવાથી કોઇ પણ જાણી શકનાર નથી.

" કેમ અંધકારસિંહ! આ જગા આપણી વાતોને માટે ઠીક છેને ? કાળરાત્રિએ પૂછ્યું.

મહારાણી ! જ્યારે આપને આ જગા અનૂકુળ આવે છે, ત્યારે સેવકને પણ અનૂકુળજ છે. અંધકારે કહ્યું."

બાદ ત્રણે જણાં ત્યાં આવેલા ખુલ્લા મેદાનમાં બેઠાં. પ્રતાપ તેમને ઓળખી ગયો, ને તેમનું આવવાનું કારણ ભેદ ભરેલું સમજવા લાગ્યો. તરત તે તેની જગાએથી ઉઠયો, ને થોડાક ચક્કાવો લઇ ત્રણે જણાંની પાછળ થોડેક દૂર આવેલા એક જાળાને ઓથે છુપાઇને બેઠો. પ્રતાપ! શાન્ત થઇ તેઓ હવે શું વાતો કરે છે, તે સાંભળવાને અત્યંત આતુર બની રહ્યો.

પ્રકરણ ૮ મું.

છૂપા પ્રપંચો.

ખુલ્લા ચોગાનમાં બેઠેલી ત્રિપુટીમાં થોડીવાર સુધી મૌન પ્રવર્તિ રહ્યું. છેવટે મૌન તોડી સેનાપતિ અબુધસિંહે વાતની શરૂઆત કરી. મહારાણી! હું આપને એક વાત કહેવાની આજ્ઞા માગું છું.

'ખુશીથી કહો, હું સાંભળવાને તૈયાર છું. કાળરાત્રિએ આજ્ઞા આપી.'

'હું એમ કહેવા માગુ છું કેઃ-આપનો વિચાર અંધકાર-સિંહને કુસુમકુમારી આપવાનો છે. તેને બદલે તે વિચાર ફેરવી નાંખી કુસુમને મારી સાથે પરણાવવાની કૃપા કરો તો ઉપકાર થશે.

'તેનાં વચનથી કાળરાત્રિ ચમકી, ને અંતે હાષ્યયુક્ત વદને બોલી. સેનાપતિ! તમારે કુસુમની સાથે પરણવાનું શું પ્રયોજન છે? આ તમારી....સેનાપતીએ તેનો પગ દબાવી વાત અટકાવી. ચતુર, ચતુરા સમજી ગઇ. પાસે અંધકારસિંહ બેઠો હતો. સેનાપતિ અને કાળરાત્રિના કુટિલ પ્રેમથી તે અજાણ હતો. કાળરાત્રિએ વાત બદલી નાખતાં કહ્યું. સેનાપતિ! જ્યારે તમારી ઇચ્છા કુસુમની સાથે પરણવાની છે. ત્યારે કુસુમ તમારીજ થશે.

'અને કુસુમને મેળવવાની આશાએ આ અંધકારે વૃદ્ધ પ્રધાનનું ખૂન કર્યું તેનું શું થશે મહારાણી? કુસુમ સેનાપતિને આપી આ અંધકારને વિસારી મૂકવો છે કે શું? પાસે બેઠેલો અંધકાર બોલી ઉઠયો.'

રાણી જવાબ આપે તે પહેલાં અબુધસિંહ બોલી ઉઠયો. અંધકારસિંહ ! તું કુસુમને બદલે તેની સખી પ્રમિલાની સાથે જોડાય તો શું ખોટું થાય ?

'ત્યારે તમારે હવે આ વૃદ્ધાવસ્થામાં લગ્ન કરી એક યુવાન કન્યાને દુ:ખમાં નંખાયકે ? સેનાપતિ ! તમે હવે વૃદ્ધ થયા છો, અને તેથી કુસુમની લોભવૃત્તિને દૂર કરો. છતાં જો પરણવું હોય તો આપ પોતેજ પ્રમિલાને પરણો. સેવક તો કુસુમને પરણવાનો છે.

'હું મોટો સેનાપતિ ! ને તું મારા હાથ નીચેનો ઉપ સેનાપતિ ! કુસુમ તારી સંગે શોભે નહિ. અંધકાર ! તેથી તુ પ્રમિલાને પરણ. તે ઘણી સુંદર છે, તારો સંસાર સોનાનો બનાવશે. સમજ્યો ? સેનાપતિએ પૂછ્યું.'

'આપ કહો છો કે પ્રમિલા સુંદર છે ત્યારે આપ મહાશય પોતેજ તેનો સ્વિકાર નહી કરતાં મ'ને શા માટે કહો છો ? અંધકારે પૂછ્યું '

'કારણ કે તે એક દાસી છે. તે સેનાપતિની ગ્રહપત્નિ થવાને યોગ્ય નથી. સેનાપતિએ જણાવ્યું.'

'ત્યારે હવે ઘરડે ઘડપણ કુસુમનો અને પ્રમિલાનો ભવ બાળવાનો વિચાર કાઢી નાંખો. કુસુમ તો ક્યારનીએ મને અપાઇ ચૂ ı છે. તે થોડા દિવસમાંજ આ અંધકારના હૃદયની દેવી બનશે, ને મારા ઘરની ગ્રહલક્ષ્મી થશે. સમજ્યા કે સેનાપતિ સાહેબ ! કહી અંધ ારસિંહ હશી પડયો.'

સેનાપતિ અબુધસિંહને ગુસ્સો ચઢયો. તે આવેશથી બોલવા જાય છે, કે તરત શાન્ત બેઠેલી કાળરાત્રિ બોલી ઉઠી.

હવે જવા દો એ વાત. આપણે આપણા કામની હવે વાત કરવી જોઇએ. સેનાપતિ! કુસુમ કરતાં પ્રમિલા સુંદર છે. તમે એકવાર તેને નજરે જોઇ ખાતરી કરજો. પછી સર્વ ગોઠવણ થઇ રહેશે.

'બહુ સારૂં હું પરમ દિવસેજ તે બગીચામા ફરવા આવે છે, તે વખતે એની પરિક્ષા કરી લઇશ. અબુધે જવાબ આપ્યો.'

મહારાણી! આ અંધકારને કુસુમકુમારીની પ્રાપ્તિ ક્યારે થશે? અધકારે પૂછ્યું.

'મા'રા વિશ્વાસુ સરદાર! આમ અધિરો શાને થયો છે કુસુમ તારીજ છે, તે હવે કદાપિ બીજાની થનાર નથી. અંધકાર! આપણે આપણાં કામ પૂરાં કરી નિવ્રત થઇ સુખ ભોગવવાનુ છે માટે હમણાં તો આપણા શત્રુ કટંકોને રૂંદી નાખવાનું ધ્યાન આપો. રાણીએ કહ્યું'

'સેવક આજ્ઞાને આધિન છે. આપની આજ્ઞા હોય તો કાલેજ સૈન્ય સાથે હલ્લો કરી આપણાં શત્રુઓને બધિવાન બનાવી આપના ચરણમાં રજુ કરૂં કહો તો આ રામનગરને કાલે ભસ્મી ભુત બનાવું. મહારાણી! સેવક સર્વ કાર્યને માટે તૈયાર છે, ફક્ત આપની આજ્ઞાનીજ વાર છે, અંધકારે જણાવ્યું.

તેનાં વાકયોથી ઉતેજીત થઈ રાણીએ તેને ધન્યવાદ આપી સેનાપતિ સામે જોઈ પૂછ્યું. અબુધસિંહ! જણાવો કે હવે આપણે શું કરવાનું છે?

સેનાપતિ બોલ્યો:-પ્રથમ આપણે રાજા સુજનસિંહનું કાશળ કાઢવાનું છે. પહેલાં તે અને પછી બીજાં કારણ કે તેમના મરણ પછી રાજ્યલગામ આપના હાથમાં આવશે, કે જેથી

બાકીનાં કામ જોત જોતામાં પૂરાં થઇ જશે, પછી આપણે કોઇ-નાથી બ્હીવાનું કારણ નથી.

'સેનાપતિ! મને એક બીજી વાત યાદ આવી. તે એકે આપના પુત્ર પ્રતાપમાં આજકાલ ફેરફાર થતો જાય છે. કે જેથી રખેને તે આપણો શત્રુ થઇ ના પડે? અંધકારે વચમાં જણાવ્યું.

'છટ્! તેનાથી ડરવાનું નથી, તેને તો કાન્તાએ એટલા બધા હાથમાં દબાવ્યો છે કે પ્રતાપ આપણા સામે એક શબ્દ પણ બોલવાની હિંમત કરી શકશે નહિ. તેમ છતાં તેને પણ રાજાના મ્રત્યુ બાદ મો'ટી પદવી આપી ખુશી કરીશું. મહાન્ પદવી મેળવતાં પ્રતાપ આપણા કાર્યમાં સમત થશે, અને ખરા જીગરથી મદદગાર થશે. કાળરાત્રિએ જણાવ્યું.'

' પણ પ્રધાન પુત્ર મહેન્દ્ર તેનો મિત્ર થાય તે જાણો છોને? વિજયરાજના મરણથી મહેન્દ્ર છેડાયેલા વાઘ સમાન બની ગયો છે. તે આપણો ધિક્કાર કરી પિતાનું વૈર લેવા ઇચ્છે છે. અંધકા-રસિંહે નવી વાત જણાવી.'

'મારા વફાદાર સરદારો! તમે બેફીકર રહો. તમે હજી આ કાળરાત્રિને બરાબર નહિ ઓળખતા હો. આ કાળરાત્રિ તેના શત્રુઓને શી રીતે સપડાવવા, એની વિદ્યા સારી રીતે જાણે છે. મહેન્દ્રને પણ મોટી પદવી આપી આપણા ક્રત્રિમ સ્નેહમાં સપા-ડીવીશું ને પશ્ચાત તેનો શિકાર કરીશું. સેનાપતિ! આ કાળરાત્રિ જે ધારે તે કરવાને સમર્થ છે. હાથીના મુખમાં હાથ ઘાલી તેના દંત શુળ ખેંચી કાઢવા જેટલી બળવાન છે. ભયંકર વનરાજને એકજ મૂઠી મ્હારથી જમીન દોસ્ત કરવાને હિંમતવાન છે; તો

મહેન્દ્ર જેવા એક નાના બાળકનો નાશ કરવો એમાં તે શું મોટી વાત છે. કાળરાત્રિએ ક્રોધાક્રાન્ત મુખે જણાવ્યું.

તેના શબ્દોથી બન્ને સેનાપતિ ઘડીભર સ્તબ્ધ બની એક બીજાના મુખ સામે જોઇ રહ્યા. પુનઃ રાણી બોલી ઉઠી. મારા સરદારો! હવે આપણા સુખના સૂર્યના ઉદયનો સમય પાસે આવ્યો છે. રાજા સુજનસિંહ આજથી નવમે દિવસે સ્વર્ગમાં વિદાય થશે, ને પછી આ કાળરાત્રિ રામનગરની રાણી થશે.

'તે કેવી રીતે બનશે મહારાણીજી? બન્ને સેનાપતિએ ચમકીને પૂછયું.'

તેમને ચમકતા જોઇ રાણીએ અટ્ટાહાસ્ય કર્યું. તેણે કાળા સાલ્લામાંથી કંઇક ચીજ કાઢી બન્નેને દેખાડતા કહ્યું. જુઓ આ વસ્તુથીજ આપણા કાર્યની સિદ્ધિ થશે.

'આ તો એક નાની વીંટી છે, તેનાથી શું થવાનું છે? રાજ્ય દેવી! સ્પષ્ટ સમજાવો કે આ વીંટીમાં શુ છે? અંધકારે પૂછયું.'

'આ વીંટીમાં હળાહળ વિષ ભરેલું છે. અંદર એક ઝીણી ઝેર ભરેલી સોય ગોઠવેલી છે. આ વીંટી થોડાક દિવસ પર આવેલા એક પરદેશી ઝવેરીને મેં સવા લાખ રૂપિઆ આપી ખરીદી છે, ને તેને રાજાના ઉપયોગ અર્થે વાપરવા રાખી મૂકી છે. બહાદુરો! આ વીંટીમાં એવો ગુણ રહેલો છે કે રાજા આ વીંટી આંગળીએ પહેરતાંજ બેશુદ્ધ થઇ જશે. ઝીણી સોયમાં છૂપાવેલું ઝેર થોડીવારમાં તેની નસેનસમાં પ્રસરી જશે ને જેથી તે નાલાયક રાજાનો આખરે અંત આવશે. કાળરાત્રિએ વીંટીનું દિગ્દર્શન કરાવ્યું.'

બન્ને જણા વીંટીનો ભેદ સાંભળી આશ્ચર્ય ચકિત થઇ ગયા. તેઓ વારંવાર વીંટીને ઉંચી નીચી કરી અવલોકવા લાગ્યા. છેવટે અંદરની સોય ક્યાંક ભોગ જોગે પોતાનો જીવ ના લે, એવો વિચાર આવતાં તેમણે તત્કાળ વીંટી રાણીને સ્વાધિન કરી પૂછ્યું. મહારાણી ! આ કાર્યનું મંગળાચરણ ક્યારે કરવાનું છે ?

રાણીએ કહ્યું:—આજથી નવમા દિવસે રાજાની જન્મતિથી છે, તે દિવસે મોટો દરબાર ભરાશે. તેમાં ઈનામ અકરામો વ્હેંચાશે. તે સમયે હું પણ આ વીંટી પ્રેમની નિશાની તરીકે મહારાજાને પહેરાવીશ જોત જોતામાં રાજા તે સમયે પ્રથ્વીપર પટકાશે. સભામાં હાહાકાર થશે. સર્વ સભા જાણે છે કે રાજાની પ્રકૃતિ સારી રહેતી નથી, તેથીજ આમ થયુ હશે, એમ સૌ સમજશે. દરબારીઓ આપણા પક્ષમાં મળેલા છે એટલે વાંધો નથી, એવી રીતે આપણું કામ નિર્વિધ્ને સમાપ્ત થશે.

‘ દેવી ! આ ઘણીજ સરસ યુક્તિ છે, શુળીનું કામ સોયથી સરશે. મહારાજાના મ્રત્યુથી આપણે માથેથી એક મોટા ડુંગરના જેટલા ભારનું કામ ઓછું થશે, પછી રહ્યું ભવિષ્યના રાજા બાળ કુમારનું કામ. ’

‘ તે કામ સેવક માથે લેવા તૈયાર છે, હું બાળ કુમારને રાજાના મ્રત્યુ પછી થોડાજ દિવસમાં મહારાણીના ચરણમા લાવી રજુ કરીશ, અને એજ સમયે રાજ્યદેવીની આજ્ઞાથી તેમની સમક્ષ ભવિષ્યના ગાદી વારસના કટકે કટકા કરી નાખીશ. ’

‘ ધન્ય છે ’ અંધકારસિંહ તને ધન્ય છે, તેં મારૂં નામ દિપાવ્યું ખરૂં ! ગુરૂ કરતાં ચેલો વધે એ વાકય તેં આજે સિદ્ધ કરી બતાવ્યું. હું આજ તારી ઉપર ઘણોજ ખુશ થયો છું, અને

તેથી કુસુમની ઉપરનો મારો પ્રેમ દૂર કરી કુસુમ તને જલ્દી મળો એમ ઇચ્છું છું. સેનાપતિએ કહ્યું.

તેના વચનથી હસતો હસતો અંધકાર બોલ્યો, સેનાપતિ સાહેબ! મહારાણીએ તમને કહ્યું હતું કે પ્રમિલા કુસુમ કરતાં સુંદર છે. તેથીજ તમે મને કુસુમ આપવાનું ઇચ્છો છો. સાહેબ! આ તમારો શિષ્ય તમારાથી જાય એવો નથી હોં કે? તેના વાક્યોથી અબુધસિંહ હસ્યો. સઘળાં શાન્ત થયાં. અંતે કાળરાત્રિએ પૂછ્યું; સેનાપતિ! આપણે જે વાત કરવાની હતી તે કરી ચૂક્યાં છીએ, માટે હવે અહિંથી જઇએ તો સારૂં?

'જેવી આપની ઇચ્છા. કહી બન્ને જણા ઉભા થયા, અને ગુપચુપ નગર તરફ જવા લાગ્યાં; અલ્પ સમયમાં તો આવેલી ત્રિપુટી દૃષ્ટિ મર્યાદામાંથી અદૃષ્ય થઇ ગઇ. તેમના ગયા પછી જાળા ઓથે છૂપાઇ બેઠેલો પ્રતાપ બહાર નીકળ્યો; તેણે સર્વ વાત સાંભળી હતી, તે મનથી કાળરાત્રિનો અને પિતાનો ધિક્કાર કરવા લાગ્યો; હવે શું કરવું? આગ ચારે તરફ લાગી ચૂકી છે, પ્રતાપ વિચારમાં પડયો; તેને કંઈ પણ રસ્તો જણાયો નહિ, તેનું મુખ ઉતરી ગયું. પ્રતાપ મ્લાન મુખે ધીમે ધીમે નગર તરફ ચાલવા લાગ્યો. તે ઝડપથી ચાલતો નગરમાં આવી પહોંચ્યો, કિલ્લાના દ્વારમાં પ્રવેશતાંજ તેને ત્યાં બાંધેલી પીતળની ઘડીયાળના ડંકા વાગતા સંભળાયા. તેણે એક બે ત્રણ અનુક્રમે ગણ્યા, બાર ટકોરા થયા. મધ્ય રાત્રિ થઈ છે. ચાલ હવે મહેલે જાઉં. કહી કાળી ભમ્મર જેવી જણાતી રાત્રે પ્રતાપ તેના મહેલ તરફ પ્રયાણ કરવા લાગ્યો.

પ્રકરણ ૯ મું.

‘ કુસુમોદ્યાન. ’

નવરાત્રિના દિવસ છે. સમય સાંજનો છે, મંદમંદ પવન શરીરને સ્પર્શ કરી આનંદ ઉપજાવે છે. સૂર્ય ભગવાન સ્વસ્થાને જવા ઉંડાણમાં ઉતરતા હતા, આ સમયે સતી સુનંદાના મહેલની પાસેજ એક મનહર ઉદ્યાન આવેલું હતુ; અનેક જાતનાં વૃક્ષો ચોમાસુ ગયેલું હોવાથી નવપલ્લવ બની નેત્રોને આનંદ ઉપજાવવા ખીલી રહ્યાં હતાં. આ ઉદ્યાનનું નામ મહારાજાએ કુમારીના નામ પરથી કુસુમોદ્યાન રાખ્યું હતું. મહારાજા, મહારાણીઓ સહવર્તમાન એ ઉદ્યાનમાં આવી પહેલાં ઘણો સમય ગુજારતા હતા. આ નંદનવન સમાન શાન્તિદાયક કુસુમોદ્યાનમાં પથ્થરથી બાંધેલું અંબીકાનું દેવળ આવેલું હતું. કુસુમ અને પ્રમિલા માતાનાં દર્શન કરીનેજ જમતાં. આજે નવરાત્રિનો દિવસ હોવાથી કુસુમ, પ્રમિલા, સમાન વયસ્ક સાહેલીઓ સાથે દેવીનાં દર્શન કરી ત્યાં ફરતાં હતાં. રાજકુમારી સર્વાંગ સુંદર હતી. પ્રમિલાથી તે નાની હતી. યુવાવસ્થામાં પ્રવેશતી બાળા અત્યંત ચિતાકર્ષક લાગતી હતી. તેનું મુખ શરદ શશીના તેજપૂર્ણ ચળકાટ સમાન ગોળ ઘાટીલું હતું. લીલા અંબરથી ઢંકાયેલી રાજ્ય કન્યા અપૂર્વ રૂપથી શોભી રહી હતી. કંઠમાં મૂલ્યવાન મોતીની માળા, હાથે હિરાજડિત બંગડીયો વગેરે આભુષણો તેના શરીરને શોભાવી

રહ્યાં હતાં. માતાની પાસે રહી તે સદ્‌ગુણવાળી થઈ હતી, તે સંગીતમાં કુશળ હતી. તેનો કંઠ મધુર ને મોહક હતો. આવી અનુપમ રૂપગુણ યુક્ત કુમારિકા કુસુમ સખીયોની સાથે દેવીના મંદિર સામે આવેલા એક સમચોરસ પથ્થરના ઓટલા પર સ્થાન લીધું. એવામાં પ્રમિલાએ તેની સામે જોઈ કહ્યું. બ્હેન! તમારૂં પેલું ગાન સંભળાવશો કે ?

'સર્વેની મરજી હશે તો મને સંભળાવવાની કાંઈ હરકત નથી. મંજુલક્ષ્મી! માતાજીના મંદીરમાંથી સિતાર લાવ. કુસુમે તેની સખી મંજુલક્ષ્મીને સિતાર લાવવાનું કહ્યું.'

'મંજુ સિતાર લાવી કુસુમના હાથમાં મૂકી સામે બેઠી. કુમારી સિતારના તાર પર કમળ સમાન કોમળ નાનકડી આંગળીયો ફેરવી સૂર મળતાં મધુર કંઠે; આલ્હાદ યુક્ત વદને ગાવા લાગી. સર્વ સખીયો શાન્ત વદને ગાન સાંભળવા લાગી.'

અવનિમાં આનંદ સતીને શિયળમાં,
સતીનું સાચું ધન પતિનું તનજો. અવનિમાં.
પુરૂં પતિવ્રત પાળીને પ્રેમે, પતિને પ્રભુસમ જાણજો;
ધન્ય ધન્ય તે નર નારીને, સ્વર્ગ સમું સુખ માણજો.
શાસ્ત્રમાં લખીયાં એહ વચનજો. અવનિમાં.
દુર્જન સંગત દૂર કરીને, સજ્જન શિખ સમરિયે જ્તં;
કેણુ કંથનું જ્ઞાન ધરીને, ધ્યાન ધણીનું ધરીયે જો.
સતીઓનું શરણ સ્વામિના ચરણજો. અવનિમાં.

સતી સીતા.

કુસુમ ગાનને ઉલટાવી ઉલટાવીને ગાવા લાગી. અંતે ગાન સમાપ્ત કરી સિતાર પ્રમિલાના હાથમાં મૂકી કુસુમ શાન્ત થઇ. તેના ગાનથી પ્રસન્ન થએલી પ્રમિલા ઉમળકાથી કુસુમને ગાઢ આલિંગન કરી કહેવા લાગી. કુસુમ! આજે ત્હેં ખુબ કરી! હજી પતિના પ્રસંગમાં આવ્યા પહેલાં શિયળ મહિમાનું ગાન ક્યાંથી શીખી? શાણી જણાતી કુસુમ તું તો જબરી નીકળી હોકે! પ્રમિલા હસી પડી. કુસુમ તેની બાથમાંથી નીકળી દૂર ઉભી રહી. તેને શાન્ત ઉભી રહેલી જોઇ પુનઃ પ્રમિલા કહેવા લાગી. બ્હેન! કેમ શાન્ત થઇને ઉભી રહી છે? બોલને! મહેન્દ્ર-સિંહની સાથે તો હસી હસીને વાતો કરે છે, ને અત્યારે અમારી આગળ છાનીમાની ઉભી રહે છે, એ તે સારૂં કહેવાય બ્હેન?

તેનાં વાક્યોથી મનમાં શરમાતી કુસુમ સહેજ રોષયુક્ત વદને બોલી. પ્રમિલા! તુ વારંવાર મને એની એ વાત કહી શા માટે સંતાપે છે? હું તને કંઈ કહું છું? હું પણ તારી સઘળી વાત જાણુ છું હો કે?

શું વાત જાણે છે કહી દે, હું કંઇ તારી પેઠે શરમાઇ નીચું જોઉં એવી નથી સમજી મારી શાણી બ્હેન? પ્રમિલાએ તેને પાસે ખેંચતાં કહ્યું.

'સખી મને મૂકી દે, નહિ તો આ સર્વ સખીઓની સમક્ષ તારૂં પોગળ ખૂલ્લું કરી નાખું છું.' ખેંચતાણ કરતી કુસુમે કહ્યું.

'કુસુમ બ્હેન! કાલ કહેતી હોય તો આજ કહે, અને આજ કહેતી હોય તો અત્યારે કહે. બોલ વારૂં તું શું કહેવા ધારે છે.'

'તું પ્રતાપને ચાહે છે એ!' બીજું શું! કુસુમે કહ્યું.

'હા, હા, હું તેને ચાહું છું. પણ તમારી પેઠે મ્હેં તો હજી સુધી તેની સાથે હસીને વાત પણ કરી નથી. તમે તો મારાથી વધારે કર્યું છે. હજી તો પ્રેમનું મંગળાચરણ છે તે પહેલાં તો એક બીજાને પ્રેમની નિશાનીયો તરીકે અમૂલ્ય ભેટો અપાય તે શું સારૂં કહેવાય?'

'ત્યારે શું ખોટું કહેવાય?' કહી કુસુમ આગળ કહેવા લાગી.

હું મહેન્દ્રની સાથે પરણવાની છું, તે માતાજી પણ જાણે છે, તે મા'રો પતિ થવાનો છે એમ સમજીનેજ હુ તેની સાથે પ્રેમાલાપ કરૂં છું. અમે તો વ્હેલાં મોડાં પરણીશું. પણ પ્રમિલા-બ્હેન તમે શું કરશો? તમે પ્રતાપને ચાહો છો, પ્રતાપ પણ તમને પ્રેમની નજરે જુવે છે, ન કરેને નારાયણ કદાચ બન્નેનો પ્રેમ મર્યાદા ઉપરાંત ગયો. ને પ્રતાપ પ્રમિલા એક થયાં તો જરૂર તમારા બન્નેની ફજેતીનો ફાળકો આખા નગરમાં ફરવા નીકળવાનો. તમે બન્ને જણાંનો પ્રેમ દૈવી છે; તમે બન્ને દેવ છો, પણ તમારા બન્નેની વચમાં એક ભયંકર રાક્ષસી ઉભેલી છે. તે તમને કદાપિ સુખી થવા દેશે નહિ.

બ્હેન કુસુમ! પ્રમિલા કહેવા લાગી:–હું પ્રતાપને ચાહું છું; તેને દેવ તરીકે પૂજું છું, હૃદયમાં હમેશાં તેનું ધ્યાન ધરૂં છું. કાન્તા પ્રતાપની પત્ની છે એ પણ સમજું છું. પ્રતાપનો સંસાર વિષમય છે. દેવને રાક્ષસી મળી છે. મારો પ્રતાપ તેનો તિરસ્કાર કરે છે, સંસારથી કંટાળી શાન્તિ મેળવવા મારી પાસે

આવે છે. હું તેને શાન્તિ આપું છું. ઉકળેલા હૃદયમાં અમૃતનું સિંચન કરી સંસાર સુધારવાની શિખામણ આપું છું. કુસુમ ! આ તારી સખી પ્રમિલાનો પ્રતાપ પ્રત્યેનો પ્રેમ નિષ્કામ છે. હજી સુધી આ હૃદયમાં તેના તરફ વિકારનો વિચાર ઉત્પન્ન થયો નથી. પ્રભુ ! મારો પ્રેમ નિષ્કામજ રાખશે એવી મારી સંપૂર્ણ ખાત્રી છે, પછી તો દૈવઇચ્છા બળવાન છે. જે થવાનું હશે તે એની મેળેજ થઈ રહેશે અત્યારથી વિચાર કરવા તે નકામું છે.

પ્રમિલા શાન્ત થઇ, તેની આંખ્યોમાં ઝળઝળીયાં જણાયાં. કુસુમ મનમાં પસ્તાવા લાગી. મારા કહેવાથી તેને નક્કી ખોટું લાગ્યું ધારી કુસુમ તેની પાસે જઇ પાલવના છેડાથી તેનાં અશ્રુ લ્હોતી કહેવા લાગી. બ્હેન ! મારા બોલવાથી તને ખોટું લાગશે એમ હું નહોતી ધારતી, હુતો સ્હેજ ગમ્મત કરતી હતી, બ્હેન મને માફ કર.

‘ કુસુમ ! તું મા’રી વ્હાલી બ્હેન છે, તારી ઉપર હું શા માટે ગુસ્સે થાઉં ? પ્રમિલાએ કહ્યું.

‘ પ્રમિલા ! આપણને આવે ઘણો સમય થઈ ગયો છે, માતાજી મુઝાતાં હશે; માટે જો તારી મરજી હોય તો આપણે હવે મહેલ તરફ જઇએ. કસુમે કહ્યું.

કુસુમ ! સર્વે સખીયો સાથે તું જા, હું થોડીવાર પછી આવું છું.

‘ જેવી તારી મરજી. કહી કુસુમ સખીયો સાથે મહેલ તરફ ચાલી ગઇ. પ્રમિલા કુસુમોદ્યાનમાં આમતેમ ફરવા લાગી.

પ્રકરણ ૧૦ મું.

પાપીની પ્રેમ યાચના.

સરોવરમાં ખીલેલા કમળની માફક પ્રમિલા યૌવનથી શોભી રહી હતી. પૂર્ણિમાના ચંદ્ર સમાન નિર્દોષ કાન્તિવાન વદન ઉપર પવિત્રતાની છાયા પ્રસરી રહી હતી. પૃવાલસમ અધરોષ્ટ, મોતી સમાન દંતપંક્તિ તેમજ યુવાવસ્થાના પ્રતાપે ઉપશેલો કોમળ દેહ તેની સુંદરતામાં અધિક વધારો કરી રહ્યો હતો. તેની ચપળ ચક્ષુએ ચાલાકને ચંચળ હતી, તેથી સતી સુનંદા તેને કોઇ કોઇ વખતે 'મ્રગાક્ષી' કહીને બોલાવતી. પ્રમિલા ખરેખર કુદરત કર્તાની કારીગરીના નમુના રૂપ હતી. તે કોઇની સાથે વધારે વાર વાતચીત કરતી નહોતી તે એકાન્તમાં ઘણો સમય વ્યતિત કરતી. તે હમેશાં ઉદાશ રહેતી. તેનું કારણ કોઇનાથી કલ્પાતુ નહોતુ. પ્રમિલા પ્રભુ પૂજન વખતે ધ્યાનસ્થ જેવી થઇ જતી. જ્યારે તેને કુસુમ ઢંઢોળીને જાગૃત કરતી ત્યારેજ તે જાગૃત થતી. કોઇની સાથે વાત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં તે ગંભીર મુખાકૃતિથી વાત કરતી. તેની સાથે વાત કરનારને તેનુ દૈવી સ્વરૂપ અને વાત કરવાની પ્રભા જોતાં તેની ઉપર પૂજ્ય ભાવ ઉત્પન્ન થતો. સર્વજનો તેને કલ્યાણકારી દેવી સ્વરૂપ માનતાં. ગમે એવો દુઃખી માણસ જો એકજ વાર તેની સાથે વાત કરતો. તો તે તેનું તમામ દુઃખ ભુલી જતો હતો.

પ્રમિલા યુવાવસ્થામાં પ્રવેસી હતી છતાં તેના નેત્રોમાં વિકારનું એક પણ ચિહ્‌ન જણાતું નહોતું. તેના હૃદયમાં ઉચ્ચ ગુણો ભરેલા હતા. તે સર્વેની સામે દયાની નજરે જોતી હતી. પ્રમિલા ! હમણાં હમણાંમાં ઘણીજ શોકાતુર રહેતી હોય એમ એના મુખ પર છવાયેલી ઉદાસીનતાથી પ્રમાણ થતું હતું. રામનગરના સ્થંભ રૂપ વીર પુરૂષોનાં થયેલાં ભેદી ખૂનથી અને રાજા સુજ્જનસિંહની ભવિષ્યમાં થનારી દુર્દશાના વિચારથી પ્રમિલા નિરંતર મનમાં શોક કર્યા કરતી. મહારાણી કાળરાત્રિનાં કુટિલ કારસ્થાનોથી થયેલાં ખૂનથી તેનું હૃદય સતાપિત્ થયું હતું. તે વારંવાર નિઃશ્વાસ નાંખી મનમાં બોલતી હતી કે: હા, કાળરાત્રિ ! તું રામનગરમાં કયે ચોઘડીએ આવી હોઇશ કે જેથી રામનગરની આવી સ્થિતિ થઈ હશે ? હા. દુષ્ટા ! જે તારો શિરછત્ર સ્વામિ ગણાય, તેનોજ નાશ કરવાનો વિચાર કરનાર તુજ કુટિલ કુલટા મૃત્યુના મુખમાં કેમ પડતી નથી ? પાપણી ! ખરેખર તું એક રાક્ષસી છે, દુર્ગુણી નારી છે, ભયંકર કૃત્ય આદરનારી પિશાચિની છે. તું આ સ્વર્ગસદન સમાન શોભતા રામનગરને સ્મશાન સમાન બનાવીશ. પાપિણી ! તું જ્યારે નિર્દોષ જનોનાં રૂધીર પીશ ત્યારેજ શાન્ત થઇશ. પ્રભો ! પ્રભો ! તે દુષ્ટાના દગાથી આ ખીલેલા બગિચાનો નાશ થતો અટકાવો તમારા સિવાય હવે કોઈ ઉદ્ધારક રહ્યા નથી. કારણકે આગના ભભુકા ઉડાવતી, વિષની જ્વાળાઓ ફેંકતી, છંછેડાયેલી વાઘણ કાળરાત્રિને વશ કરે એવો કોઇ પણ વીર આ રામનગરમાં જણાતો નથી, આમ બોલતી પ્રમિલા ઉંચે જોઇ પ્રભુની પ્રાર્થના કરતી હતી.

સૂર્ય ભગવાન ક્યારનાએ આકાશમાં અદ્રશ્ય થઈ ગયા હતા. રાત્રિએ નહિ અને દિવસે નહિ એવો સાયંકાળનો સમય થયો હતો. સૂર્યના અદ્રશ્ય થવાથી સહસ્ત્ર પાંખડીએ સજ્જ થયેલાં કમળો શોકાચ્છાદિત થઇ બીડાઇ જતાં હતાં. વાયુ દેવતાની મંદ મંદ લહેરીઓ શરીરને શીતળતા ઉપજાવી સુખ આપતી હતી. સમય રમણીય હતો. આવા રમણીય સાયંકાળની લીલાને કુસુમોદ્યાનમાં એકલી ફરતી પ્રમિલા ધ્યાનપૂર્વક જોતી હતી. સર્વત્ર નિ:શબ્દતા વ્યાપી રહી હતી. ઉદ્યાનમાં આ સમયે એકજ માળી રહેતો હતો, તે અત્યારે નગરમાં ગયો હતો. કુસુમોદ્યાનમાં પ્રમિલા સિવાય બીજું કોઈ નહોતું. એવામાં એક કદાવર બાંધાનો વયોવૃદ્ધ સૈનિક પુરૂષ ત્યાં આવતો જણાયો. તે આસપાસ જોતો, ભયથી કંપતો પ્રમિલા ઉભી હતી ત્યાં આવતો હતો. ત્યાં પ્રમિલા આ સમયે આકાશ સામે જોઈ ઉભી રહી હતી. તેણે તે પુરૂષને આવતાં જોયો નહિ, આવનાર પુરૂષ તેની છેક પાસે આવી ધીમે અવાજે બોલ્યો. પ્રમિલા?! પ્રમિલા ચમકી! તેણે તેના સામે વિકરાળ નજરે જોયું. પણ તરત શાન્ત મુખ કરી પૂછ્યું. અહો! કોણ સેનાપતિ સાહેબ! અત્યારે આપ અત્રે ક્યાંથી?

તેના વચનથી મનમાં આનંદ પામી અબુધસિંહ બોલ્યો. આ અહિં થઇને જતો હતો એવામાં મ્હેં તમને જોયાં. મ્હેં પ્રથમ તો તમને ઓળખ્યાં નહિ, તેથી આ વખતે આ ઉજ્જડ ઉદ્યાનમાં એકલું કોણ ઉભું છે. લાવ તપાસ કરૂં એમ ધારીને અહિં આવ્યો. પ્રમિલા! આનંદમાં તો છોને?

'હા, આપને દીઠે વિશેષ. પ્રમિલાએ સરળ ભાવે કહ્યુ.'

'સેનાપતિ મનમાં ને મનમાં ગણગણવા લાગ્યો. વાહ શું સુંદરતા! કુસુમ અને પ્રમિલા છે તો બરાબર, પણ ઝીણી નજરે જોતાં પ્રમિલા તેનાથી ચઢે. આ સુંદરી ખરેખર મ્હારા મહેલને શોભાવશે. તેનું રૂપ પણ આંખ્યોને આંજી નાંખે એવું જણાય છે. પ્રમિલા તે પ્રમિલાજ છે. તેને જોઇ બીજા ગાંડા થઇ જાય તો મારૂં શું ગજું? મનમાં બોલતો સેનાપતિ સ્થિર થઇ એક ટસે પ્રમિલાને અવલોકવા લાગ્યો. ને તે પોતાની તરફ જોઇ રહેલો જોઇ પ્રમિલા આશ્ચર્ય પામી. પુનઃ તેણે કહ્યું. સેનાપતિ! શું વિચાર કરોછો? રાજાનું ખૂન કરવાનો કે બાળકુમારનો નાશ કરવાનો વિચાર કરોછો?

'સેનાપતિ ચોંકયો, પણ તરત શાન્ત થઈ બોલ્યો. પ્રમિલા! તમારી ભુલ થાય છે, સેનાપતિ અબુધસિંહ મહારાજાનો નિમક હલાલ નોકર છે તેનો ખ્યાલ છે? પ્રમિલા! કુળવાનની પુત્રીયોમાં સદ્દગુણ ભરેલા હોય છે એમ હું માનતો હતો, પણ હવે મને માલૂમ પડે છે કે કુળવાનની પુત્રીઓ ઉછૃંખલ અભિમાની ને ઉદ્ધત હોય છે?

'એમ માનવાનું કારણ?'

'તમે પોતેજ.'

'મ્હેં શું કર્યું કે તમે મને એવું કહોછો?'

'વિના બોલાવે આવેલા અતિથીનો સત્કાર નહિ કરતાં તેનું કેવળ અપમાન કરવું એ આપના જેવાં સુજ્ઞ કુમારિકાને શોભે નહિ?'

'શું તમે મારા અતિથી છો ? પ્રમિલાએ પૂછયું.'

'હા, અતિથી કંઇક યાચવા આવ્યો છે, તેને નિરાશ ન કરશો.'

'તમે શું માંગો છો ? મારાથી બનશે એ પ્રમાણે આપનો સત્કાર થશે.'

'સત્કાર થશે તો સેવકની ઉપર ઘણોજ ઉપકાર થશે કહી સેનાપતિ પ્રમિલાના મુખ સામે જોઈ હસવા લાગ્યો. નિર્દોષ કુમારિકા હજી પણ કંઇ સમજી શકી નહિ. તેણે પુનઃ પૂછયું. સેનાપતિ! તમારી ઇચ્છા જણાવો ?

'પ્રમિલા! મારા હૃદયની ઇચ્છા તમને મારાં ગૃહપત્ની બનાવવાની છે, તમે મારા મનની રાણી થાઓ, એજ મારી ઇચ્છા છે.'

'તોપનો ગોળો ફૂટે એ પ્રમાણે પ્રમિલાને થયું. તેના મુખમાંથી હર, હરનું, નિઃશ્વાસ યુક્ત વાકય નીકળી ગયું. તેણે ક્રોધ યુક્ત વદને સેનાપતિ સામે જોઇ કહ્યું. સેનાપતિ! આ તમારી કેવી દુષ્ટ બુદ્ધિ ? તમે વૃદ્ધ મારા પિતા સમાન ગણાઓ, ને આવી રીતે પુત્રીની તરફ કુદૃષ્ટિ કરશો તો મહાન પાપમાંથી કેવી રીત બચશો ?

'પ્રમિલા! હું હજી વૃદ્ધ થયો નથી. મારૂં શરીર તને વૃદ્ધ લાગતું હશે, પણ મન તો હજી યુવાનજ છે. તે નિશદિન તારા જેવી ખીલતી કળીયોને જોવા ઘણુંજ ઉત્સુક થાય છે. માટે આ યાચકની મનગમતી ઇચ્છા પૂર્ણ કરી તું પણ સુખી થા. કહી કામાંધ સેનાપતિ પ્રમિલાની નજીક જવા લાગ્યો.

'તેને આગળ વધતો અટકાવી પ્રમિલા કર્કશ સ્વરે કહેવા લાગી. બસ એટલેજ રહે! એક પણ પગલું આગળ ભરતાં પહેલાં વિચાર કરજે, હજી તું આ પ્રમિલાને બરાબર નહિ ઓળખતો હોય? મરણકાંઠે આવેલા ઘરડા ઘુવડ! મને લાગે છે કે હવે તારો અંતકાળ નજીકમાંજ હોવો જોઇએ. કારણ કે મરણ અગાઉ માણસની બુદ્ધિ ફરે છે. પાપી:-

દશા ફરી છે તા'રી, દુષ્ટ સમજ રૂઠી વિધાતા;
કુદૃષ્ટિ કરતાં બાળપર, નયન અંધ નહિ થાતાં.
જા, જા, કુટિલ કામાંધ, યત્ન તારો નહિ ફળશે;
સ્પર્શ કરતાં બાળનો, કાળનો ગ્રાસજ તું થશે.

વૃદ્ધ વયે વિષયને ઇચ્છનાર મૂર્ખ! જા, ચાલ્યો જા, આ તારી સામે અગ્નિજવાળ છે, તેના સ્પર્શથીજ તારો કાળ છે.

'શાન્ત! પ્રમિલા! શાન્ત થા! આટલી બધી અકળાઇ શાને જાય છે? તું ગુણવાન છે, તારા ગુણનો હું ગુલામ છું. પ્રમિલા! મને નિરાશ ન કર. એકવાર મારી સામે હસતા મુખડે જો. તું શા માટે મારો તિરસ્કાર કરે છે? શું હું તારે લાયક નથી?

'મૂર્ખના શિરોમણી! તુજ વિચાર કરી જો કે તારે પુત્રી હોય ને તે મારા જેટલીજ ઉમ્મરની હોય. તે શું તારી પત્ની થવાને લાયક ગણાય? લોકોની નજર તારી અને મારી ઉપર પડે તો દરેક જણ તને મારો બાપજ સમજે. તારૂં નામ પાડનારને પણ ઇનામ આપવું ઘટે છે કે જેણે તારૂં નામ અબુધસિંહ પાડયું. કહી પ્રમિલા મનમાં બોલી. હા, પિતા પુત્રમાં કેવો ફેરફાર! એક કુંદન અને બીજો કથીર, એક હીરો અને બીજો

પથરો. દુષ્ટના આવાસમાં પ્રતાપ પવિત્ર પુરૂષ છે ત્યારે આ દુષ્ટ દુષ્કર્મોનો ભંડાર છે. કહી પ્રમિલા ધિક્કાર યુક્ત નજરે તેની સામું જોઈ રહી.

તેનું ધિક્કાર યુક્ત વદન નિહાળી સેનાપતિ બોલ્યો! પ્રમિલા! આ અંતરમાં થતી વેદનાનો તો જરીક વિચાર કર ? પ્રીયે! શું તું નથી જાણુતી કે હું તને ઘણા દિવસથી ચાહું છું ?

'ચૂપ થા! હું સર્વ જાણું છું ને તારાં નીચ કર્મોથી તને અત્યંત ધિક્કારૂં છું. પ્રમિલાએ કોપથી કહ્યું.'

પ્રમિલા! તું ચાહે એટલો મ'ને ધિક્કાર પણ તેની દરકાર હું કરનાર નથી. તું તો મ'ને ઘણીજ વ્હાલી છે, મા'રા જીવનની દેવી છે. તારાં ધિક્કાર ભરેલાં વચનો હું પ્રેમ વચનો જેવાં ગણીશ, ભલે તું મા'રો તિરસ્કાર કર પણ આ સેવક તારી ઉપર અત્યંત પ્યાર રાખશે. સેનાપતિએ નિર્લજ થઇ કહ્યું.

'કાયર! પાખંડી! કાળરાત્રિને આડે માર્ગે દોરી રાજ્યનું સત્યાનાશ કાઢનાર કસાઇ! હું તા'રાં સઘળાં કારસ્થાનો જાણું છું પાપી! તું રાજ્યઘાતી છે. ત્હેં બે નિર્દોષ જનના રૂધીરથી તારા હાથ રંગ્યા છે. તું એક ચંડાળ છે. તારૂં મુખ જોનાર પણ પાપી થાય છે દુષ્ટ બુદ્ધિ! જો તું તારૂં શુભ ઇચ્છતો હોય તો એકદમ અત્રેથી ચાલ્યો જા. આમ બોલતી પ્રમિલા ક્રોધથી ઉગ્ર દેખાવા લાગી.'

ભયંકર દેખાવની પ્રમિલાને કામાંધ સેનાપતિ સુંદરતાની મૂર્તિ સમાન જોવા લાગ્યો. કામાંધ સારૂં નરસું સમજી શકતો નથી, જેમ પતંગીઉં દિપકની સુંદરતાથી આકર્ષાઈ નાશ પામે છે.

તેમ કામાંધ માણુસો છતી આંખે અંધ થઇ સ્ત્રીની સુંદરતામાં મોહ મુગ્ધ થઇ અંતે નાશ પામે છે. સર્પ જ્યારે માણુસને દંશ દે છે, ત્યારે તેનું વિષ જોત જોતામાં આખા શરીરે વ્યાપી જાય છે; ને તે વિષ મનુષ્યના પ્રાણુ હરે છે. એવીજ રીતે અનંગનું વિષ શરીરમાં વ્યાપવાથી સુજ્ઞ મનુષ્યને પણુ અનીતિને રસ્તે દોરી વિષજ્વાળમાં હોમે છે અન ગને દૂર કરનાર વીરલાજ હોય છે. આવી રીતે પ્રમિલાના રૂપમાં મુગ્ધ બનેલો અણુધસિંહ તેના શબ્દોની દરકાર નહિ કરતાં વધારે ઉન્મત થવા લાગ્યો. તે ધીમે ધીમે પ્રમિલાની પાસે જવા લાગ્યો. પ્રમિલા તેની સ્થિતિનું અવલોકન કરી ત્યાંથી જવાનું યોગ્ય ધારી માર્ગ ખોળવા લાગી. સેનાપતિ તેની સમક્ષ જઇ બે હાથ પહોળા કરી તેનો માર્ગ રોકી બોલી ઉઠયો. હા, પ્રીયે પ્રમિલા ! મને કંઇક થઇ જાય છે. આ પ્રાણુ પલાયન થાય એમ લાગે છે.

'પાપી ! તું મરવાને માટે તૈયાર થયો છે, એટલે તારા પ્રાણુ અવશ્ય જવાના '

રસીલી દયા કર ! આ પ્રેમ ભીખારીની ઉપર કરૂણા કરી તારા અધરોષ્ઠનું પાન કરાવી જીવતો રાખ. મનમોહિની ! કોટી ઉપાયે હું તને અહિંથી જવા દેનાર નથી. તારે મારી ઇચ્છા પૂર્ણ કરવીજ પડશે. આવ, આવ, પ્રાણુવલ્લભા આવ. આ પહોળા થયેલા હાથમાં આવી જા. હું તને સ્પર્શ કરી શીતળ થાઉં. કહી અંધ સેનાપતિ તેને ભેટવા દોડયો; કે તરત પ્રમિલાએ ધકકો મારતાં ભયંકર અવાજે કહ્યું. પાપાત્મા દૂર રહે ! પાસે આવ્યો તો મુઓજ સમજજે.

પ્રમિલા શૌર્યથી ધ્રુજવા લાગી. તેનાં નેત્ર લાલચોળ બન્યાં, તેમાંથી અગ્નિ વરસતો હોય એમ જણાવા લાગ્યું. દૈત્યોને નાશ કરવા ચંડિકા તૈયાર થયાં હોય એવા ભયંકર દેખાવની પ્રમિલા બની ગઇ. પરંતુ પાપી સેનાપતિ ભય પામ્યો નહિ. તે ખડખડાટ હસી પડયો ને મ્હોં મલકાવી કહેવા લાગ્યો. જીવન પ્રભા ! આ હૃદયના રમકડા ! હવે બહુ થયું ! માટે સમજી જા અને આ તપ્ત જીવડાને અમૃતનું પાન કરાવી તૃપ્ત કર.

'પુત્રીની ઉપર કુદૃષ્ટિ કરનાર પામર ! તારો નર્કમાં વાસ થજો. તારા શબને કાગડા ગીધ ચુંથજો. ઘોર પાપી !

કામમાં તું અંધ થઇ, શું આટલો મલકાય છે,
કરીને કાળાં ક્રૂર કર્મ. કોકટ કાં ફુલાય છે ?
પત્રીને પ્યારી કહો, મૃત્યુ ગ્રંથિ બાંધે છે;
સમજ કામી મન વિષે, વિનાશ તારો થાય છે.

સેનાપતિ હસી બોલી ઉઠયો. હા, હા, પ્યારી ! તા'રા અમૃત સરોવરમાં વિહાર કરતાં આ પ્રાણ જશે તો નક્કી મને સ્વર્ગની ગાદી મળશે. તું કાળ હોય તો ભલે ! તું તો મા'રી પ્યારી ! કોમળ કામની ! હૃદયને આરામ આપનારી દિલારામ છે. તારા વિના આ સેનાપતિ દુનિયામાં નાકામ છે.

'પામર પશુ ! જે પ્રમિલાને તું કોમળ કામની સમાન અવલોકે છે, તેમાં તું ભુલે છે. આ કામની નથી પણ તારા પ્રાણ લેનારી જ્વાળામુખી દેવી છે; તારા મૃત્યુનું વિષ છે.'

'પ્રમિલા! જેમ જેમ હું શાન્ત રહું છું તેમ તેમ તું વધારે સતાવતી જાય છે, પણ યાદ રાખ કે આ સેનાપતિ આજે તને છોડનાર નથી. તું મા'રો શિકાર છે. મા'રા પંજામાંથી તું છટકનાર નથી. માટે સમજ. હું તને થોડો સમય વિચાર કરવાને માટે આપું છું. તેની અંદર પૂર્ણ રીતે વિચાર કરી મારે સ્વાધિન થા. સ્વાધિન થયા સિવાય છૂટકો છેજ નહિ. કહી સેનાપતિ શાન્ત વદને ઉભો રહ્યો, ને પ્રમિલાના ઉત્તરની આતુરતાથી રાહ જોવા લાગ્યો.'

પ્રકરણ ૧૧ મું.

'પ્રેમ પ્રાબલ્ય.'

પાપીના પંજામાં સપડાયેલી પ્રમિલા શું કરવું તેના વિચારમાં પડી. રાત્રિ ક્યારની પડી હતી. ચંદ્ર આકાશમાં ઉગ્યો હતો પણ કુમારિકાનું દુઃખ દેખી નહિ શકવાથી વાદળામાં વારંવાર અદૃશ્ય થતો હતો. પ્રમિલા આવી પડેલી વિટંબણાથી ભયગ્રસ્ત થઇ શું કરવું તેના વિચારમાં પડી. તેની ભ્રકુટી સંકુચિત્ થવા લાગી, અંતે કંઇક નિર્ણય કરી બોલી. પાપી! વિના કારણ શા માટે મૃત્યુના મુખમાં જવાને તૈયાર થયો છે? નરાધમ! મને લાગે છે કે તારો કાળજ આવી રહ્યો છે.

'અબુધસિંહે વિચાર્યું કે પ્રમિલા માનનાર નથી. માટે હવે બળનો ઉપયોગ કરવો જોઇએ. એમ વિચારી તે પ્રમિલાની છેક નજીક ગયો. પ્રમિલા દૂર ખસવા લાગી. પાપી સેનાપતિ બૂમ મારી તેની પાસે ગયો, અને આ મારા તિરસ્કારનું ફળ કહી તેણે તેનો હાથ પકડયો. દુષ્ટના સ્પર્શથી પ્રમિલા ધ્રુજી ઉઠી, બેબાકળી બની ગઇ, અને ગભરાટથી કહેવા લાગી. મારો હાથ મૂકીદે, નહિ તો પરિણામ વિપરિત આવશે. કહી પ્રમિલા જોરથી હાથ છોડાવવાનો પ્રયત્ન કરવા લાગી, પણ કયાં તે પ્રચંડકાય પુરૂષ અને કયાં એક સુકોમળ બાળા! કામોન્મત સેનાપતિ પ્રમિલાને પાસે ખેંચવા લાગ્યો. કોમળ બાળાને શૌર્ય ચઢયું, તે વિકાળ

વાઘણ જેવી થઇ ગઇ, ને અત્યંત જોરથી એક ઝાટક મારી હાથ છોડાવતાં બોલી ઉઠી. સાવધ! પામર પશુ! હવે તારૂં આવી બન્યું સમજ, કહી પ્રમિલા દૂર ખસી કંઇક હથિયાર ખોળવા લાગી.

કામાંધ થયેલા સેનાપતિને એક પણ શબ્દ અસર કરી શકયો નહિ, કારણ કે કામદેવે તેને અંધ બનાવ્યો હતો. તેના કાન બ્હેરા બનાવી દીધા હતા, કામના પ્રતાપે તેનું મન ઉન્મત્ત બન્યું હતું. તેની રગે રગમાં અનંગનો નીશો વ્યાપી ગયો હતો તે ફરીથી પ્રમિલાને પકડવા દોડયો, સતીત્વ નષ્ટ થવાના ભયે પ્રમિલા કારમી ચીશ પાડી ઉઠી.

'કુસુમોદ્યાન' થી થોડે દૂર ભદ્રકાળી માતાનું એક મોટું મંદિર હતુ. નવરાત્રિ હોવાથી સ્ત્રી પુરૂષોનાં ટોળેટોળાં ત્યાં દર્શને જતાં હતાં. એ સમયે પ્રતાપસિંહ પણ ગુપ્ત સ્વાંગ ધારણ કરી દેવીના દર્શનાર્થે ત્યાં થઇને જતો હતો. તે સ્વાંગ બદલવામાં ઘણો કુશળ હતો, તે તેની કુશળતાથી અનેક પ્રપંચોને પકડવાના પ્રયત્નમાં ફાવતો હતો. રામનગરમાં ચાલતાં કારસ્થાનોથી તે અજ્ઞાત નહોતો. રાજાનો પ્રાણ ભયમાં છે, એમ સમજી તે ભયના વાદળને દૂર કરવા ગુપ્ત વેષથી દુષ્ટોની દેખરેખ રાખતો હતો. કુસુમોદ્યાનની પાસે થઇને જતાં તેને પ્રમિલાની કરૂણાજનક બૂમ સંભળાઈ. તરત તેણે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. જુવે છે તો પોતાના પિતાનેજ પ્રમિલાની ઉપર જુલમ ગુજારતો જોયો. પિતાના કૃત્યથી પ્રતાપના હૃદયમાં શોક થયો. શોકમાં ક્રોધનો આવિર્ભાવ પ્રકટ થયો, તરત તે પિતાની પાસે ગયો અને જોરથી ધક્કો મારી તેને દૂર ફેંકી દીધો, અને કહ્યું. દુષ્ટાત્મા! નિર્દોષ અબળાની ઉપર

જુલમ ગુજારવો એજ તમારૂં હમેશનું કામ છે કે ? કહી પ્રતાપ તિક્ષણુ નજરે તેના સામે જોઇ રહ્યો.

'સેનાપતિ પણ સ્તબ્ધ થયો. રંગમાં ભંગ પાડનારની ઉપર ઘણોજ ગુસ્સે થયો. તેના હોઠ હાલવા લાગ્યા. તે કંઇ બોલે એ પહેલાં તો પુનઃ પ્રતાપ બોલી ઉઠયો. જુલમ ગાર! તમારાં નીચાં કર્મોની હદ આવી રહી છે. પ્રજાને પાળવાને બદલે રાજ્યનું નિમક ખાઇ હરામ કરનારાઓ તમને લાખો બલ્કે કરોડો વાર ધિક્કાર છે. મુઢાત્મા! નિર્દોષ બાળાનું સતીત્વ નષ્ટ કરતાં પહેલાં લગીર તો વિચાર કરવો હતો કે તે બાળાનું રક્ષણુ કરવા પ્રભુ સર્વત્ર સ્થળે હાજર છે. હા, સમજ્યો! તમે તો ઇશ્વરને ઓળખો છોજ કયાં! પણ અત્યારે તેની ગયબી શક્તીનો તો અનુભવ થયો હશે! કાં! ખરૂંને સેનાપતિ સાહેબ' કહી પ્રતાપ આગળ કહેવા લાગ્યો સેનાપતિ! જાઓ, હાલ તો હું તમને જવા દઉં છું, પણ હવેથી આવુ કાર્ય કરતાં પહેલાં વિચાર કરજો ધર્મ, અધર્મ, કપટ, પુન્ય, પાપ વગેરે કર્તવ્યાકર્તવ્યના બદલો આપનાર ભગવાનનો ડર રાખજો તેમ છતાં તેના યમ દંડનો અનુભવ મેળવવો હોય તો ફરીથી અયોગ્ય કાર્યમાં પ્રવર્ત થજો.'

પ્રતાપ બોલતો બંધ થયો, કે તરત સેનાપતિ ગર્જી ઉઠયો.

'અલ્યા પંડીતની પૂંછડી! તું વળી મને ઉપદેશ આપનાર કોણુ મુઓ છે? ઉદ્ધત છોકરા! તું હજી મને ઓળખતો હોય એમ જણાતું નથી. જા, હું તારી ઉપર દયા કરૂં છું. જીવવાની ઇચ્છા હોય તો ચાલ્યો જા, નહિ તો મૃત્યુ સમક્ષ છે.'

'નરાધમ! હું તને સારી રીતે ઓળખી ગયો છું. પુત્રી જેવી પ્રમિલાની ઉપર જુલમ ગુજારનાર જુલમી સેનાપતિને હું બરાબર ઓળખું છું સેનાપતિ! મારૂં મરણ થશે કે તારૂં! તે હવે જોવાનું છે. તારા પંજામાંથી આ નિર્દોષ બાળાને બચાવવાની હિંમત કરનાર કંઈ કાચો પોચો નથી. તા'રા જેવા સેંકડો અધમોને સંહારવા સમર્થ છું.'

'હરામખોર! સેનાપતિનું અપમાન કરનાર ચોર! હું તા'રાં કારસ્થાન સમજી ગયો છું. મને વિદાય કરી તા'રે આ સુંદર સુંદરીને તારા સ્વાધિનમાં લઇ સુખ ભોગવવું હશે? પણ આ સેનાપતિનો તેની ઉપર પ્રથમ હક છે. માટે ડાહ્યો થઇ ચાલ્યો જા.

વિચાર વિનાના વચમાં આવી, ટકટક કરે છે શાને!
પ્યારી પ્રમિલા છે હવે મારી, વખત ગુમાવે તુ શાને?
પુન્ય પાપ ને ધર્મ અધર્મની, લેશ નથી પરવા,
સેનાપતિના બળની આગળ વૃથા આવ્યો તું મરવા.

પ્રતાપ—કુટિલ કામી અંધ થઇને, મસ્ત બન્યો તું માની,
નિમકહરામી થઇને બોલે, દુષ્ટ ઓ અભિમાની;
પુત્રી સરખી પ્રમિલા તારી, તે શું પત્ની થાશે?
સમજ પાપી કાળજ કોપ્યો, મૃત્યુ તારૂં થાશે.

સેનાપતિ—બક બક કરતો છાનો રહેને, ડહાપણ ડો'ળે શાનું,
બળ હોય તો થઈ જા સામો, કે બોલવાનું બ્હાનું?
આ અવનિમાં મારા વિના, સર્વ જણાય નકામું,
પ્રમિલા છે નિશ્ચે મા'રી, ભાગ્ય થકી તેને પામું.

અમાર ! લવ લવ કરતો બંધ થા. તું હવે જીવતો જનાર નથી. તે પહેલાં જણાવ કે કાળના કોળીયા તું કોણ મુઓ છે, ક્યાંનો રહેનાર છે, શું નામ છે ?

પ્રતાપ—ધર્મ સ્થાપવા અવનિ માંહી, ધ્વજા ધર્મની ધારી;
પાપી તારૂં પોગળ ફોડું, સ્હાય થશે ત્રીપુરારી.
પ્રમિલા પુત્રિ છે તારી, સત્ય વદું ઉરધારી;
પિતા ! તારી સમિપ ઉભો, ' પ્રતાપ ' લેજે ધારી.

' સેનાપતિને માથે વિજળી પડી હોય એમ થયું. તેણે પ્રતાપને જોતાંજ ત્યાંથી નીચે મુખે પલાયન કર્યું જોત જોતામાં દુષ્ટ સેનાપતિ ઉદ્યાનની બહાર નીકળી ગયો. પ્રતાપ પ્રમિલાની સામે કરૂણાળુ નજરે જોઇ રહ્યો, પ્રમિલા પણ તેને જોઇ શરમાઇ આડી નજરે જોઇ રહી. બન્નેનું તારામૈત્રક રચાયું, બન્નેનાં હૃદય જોકે એક હતા પરંતુ આ સમયે બેમાંથી એક જણ પણ બોલી શકતું નથી. સેનાપતિની દુષ્ટતા ભરેલી પ્રેમયાચના પ્રતાપે સાંભળી હશે, એમ ધારીને પ્રમિલા મનમાં ઘણી શરમાતી પૃથ્વી સ્હામું જોઇ રહી. જ્યારે ઘણીવાર સુધી તે કાંઇ બોલી નહિ ત્યારે પ્રતાપ આખરે કંટાળી બોલ્યો. પ્રમિલા! આપણે એક બીજાની સાથે ખુલ્લા હૃદયથી વાતો કરીએ છીએ છતાં આજે આ શું ? તમે શા માટે શરમાઓ છો ?

પ્રમિલાએ પ્રતાપના શબ્દો સાંભળ્યા, પરંતુ કોણ જાણે કે આજે તે કાંઇ બોલી શકી નહિ. તે આડી નજરે પ્રતાપને જોતી હતી. તેનું હૃદય ધડકતું હતું. પુનઃ પ્રતાપે પૂછ્યું !

બાબા ! મારો કંઇ અપરાધ તો થયો નથીને ? જો એમ હોય તો હું આપની ક્ષમાને પાત્ર છું.

'હવે પ્રમિલાને જવાબ આપ્યા સિવાય છુટકો નહોતો, તેણે શરમને ત્યાગી સ્હેજ લજ્જા યુકત વદને જવાબ આપ્યો. મહાપુરૂષ! જે શબ્દો આપ જેવાને બોલવા ઘટીત નથી તે શબ્દોનો ઉચ્ચાર કરીને મને શા માટે શરમાઓ છો ? અપરાધિની તો આ પ્રમિલાજ છે કે તમે તેનું રક્ષણ કર્યું છતાં તે હજી સુધી એક પણ શબ્દનો ઉચ્ચાર કરી આપનો ઉપકાર માનતી નથી. પ્રતાપસિંહ! મને ક્ષમા કરો, આપ મહાન્ પુરૂષ છો. જીવન પર્યંત હું આપની ઋણી રહીશ દેવ! આપે આ અભાગીનીને આજે ધર્મ ભ્રષ્ટ થતી બચાવી છે, ઉપકારનો બદલો વાળવા અસમર્થ પ્રમિલા આપના ચરણમાં નમે છે કહી પ્રમિલા પ્રતાપના ચરણમાં પડી તરત પ્રતાપે તેને ઉભી કરતાં કહ્યું. દયાની દેવી ! આ શું કરોછો ? મ્હેં એવું તે શું મહાન્ કાર્ય કર્યું છે કે જેથી મારા ચરણમાં પડી મને પાપનો ભોકતા બનાવો છો ? પ્રમિલા ! તમે અનહદ ગુણનો ભંડાર છો. જ્યાં આખું નગર બદલાઇ ગયું છે ત્યાં તમે એકજ વફાદાર છો. તમે ધર્મ અધર્મ જાણોછો, પ્રતાપને શુદ્ધ નીતિને રસ્તે ચઢાવનાર પણ તમેજ છો. કહી પ્રતાપ અનિમેષ દૃષ્ટિએ પ્રમિલાના વદન સામે નિહાળી રહ્યો.

તેને ઘણીવાર સુધી જોઇ રહેલો જોઇ પ્રમિલા બોલી ! પ્રતાપસિંહ ! આજે એક દૃષ્ટે મારી સામે કેમ જોઇ રહ્યા છો ?

પ્રમિલે ! તમારા શરીર પર ચળકતું સત્યનું તેજ અને હૃદયમાં ભરેલા અપાર ગુણોએ મારા મનનું ભાન ભુલાવ્યું છે.

તેથી આ ચક્ષુઓ તમારા સુકોમળ શશી સમાન વદનમાંથી ઝરતા અમૃત પ્રવાહને અવલોકવાનું સાહસ કરી રહ્યાં છે. દેવી! તમારી ચપળ ચક્ષુઓ દુષ્ટોના હૃદયને ભેદવા તીરની ગરજ સારે છે, અને મને તો અત્યારે તેના સામું જોવાથી શાન્તિ વળે છે. પ્રમિલે! તમારી મૂર્તિ હૃદય મંદિરમાં સમાઇ ગઇ છે. સૂતાં, બેસતાં, તેમજ નિદ્રામાં આ પ્રતાપ પ્રમિલાનેજ જુવે છે. તેજ કારણથી આ ચક્ષુઓ અત્યારે પ્રત્યક્ષ આપને નિહાળી રહી છે. પ્રતાપ આટલું બોલી શાન્ત રહ્યો.

પ્રતાપસિંહ! 'સત્યની સુંદરતા અચળ છે, કૃત્રિમરૂપ નાશવંત છે. માટે એવા મૃગજળ સમ રૂપમાં મોહાંધ ન થવું એજ વીરપુરૂષોનો ધર્મ છે.' જેનાથી આ હાડ ચામ બંધાઇ સુખ ભોગવીએ છીએ, એનામાં વફાદારી એજ ગુણજ્ઞ પુરૂષોનાં કામ છે.

પ્રમિલા! આ પ્રતાપ તમારા ગુણનો ગુલામ છે. દેવી! આ સમશેરને સ્પર્શ કરીને કહું છું કે હું કદાપિ ધર્મથી વિમુખ ચાલનાર નથી. જ્યા સુધી શરીરમાં રકતનું વહન હશે ત્યાં સુધી તો દુષ્ટોને તેમના દાવમાં ફાવવા દેનાર નથી. વફાદારી મને પ્રાણ સમાન વ્હાલી છે. આ પ્રાણ રાજ્ય રક્ષામાંજ અર્પવા ચાહુ છું. પાપી પિતાને તેનાં દુષ્કર્મોથી ધિક્કારૂં છું. પ્રમિલા! આ મારો દૃઢ ટેક છે, તેને નિભાવનાર નારાયણ છે.'

'ધન્ય છે! વીરપુરૂષના મુખમાં આવાજ શબ્દો શોભે છે. પ્રતાપ આજે મારૂં મન ઘણુંજ પ્રસન્ન થયું છે. આજે આ પ્રમિલાનું જીવન પણ સફળ થયું છે. પ્રતાપ! આ પ્રમિલા હવે

તારીજ છે. કહી પ્રમિલાએ પ્રતાપના પગ પકડયા.'

પ્રમિલા! આ શું! ઉઠો, સાવધ થાઓ, સદ્દગુણી બાળાને આવું સાહસ કરી જીવન નષ્ટ કરવું ઉચિત નથી. તમે જાણો તો છો, કે હું કાન્તાની સાથે પરણી પસ્તાયો છું. પ્રમિલા! આ કમભાગ્ય પ્રતાપ! તેને પરણી દુઃખી થયો છે, પાપીણીનો પતિ પતિત હોય છે, તે જાણુવા છતાં તમે સર્વસ્વ અર્પણ કરી શામાટે અપવિત્ર થાઓ છો?

'પ્રતાપ! મા'રો પ્યાર નિર્દોષ છે હું તમને ચાહું છું. ચાહીશ, મરતાં સુધી ચાહીશ. દેવ! આ પ્રમિલા હવે તારીજ છે. હું અબળા છું પણ તમારા દરેક કામમાં મદદગાર થવા તૈયાર છું. આ પ્રમિલા પ્રતાપની સાથે મળી પાપીઓને ખોળી કાઢશે ને રામનગરની ઉપર આવતી આફ્તોને પ્રભુ કૃપાએ વિખેરી નાખશે.'

'પ્રમિલે! ધન્ય છે. આર્યાવર્તમાં તમારા જેવી સદ્દગુણી બાળાઓ ઉત્પન્ન થાઓ એવી મા'રી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે દેવી! તમે જાણો છો, કે હાલ રાજા સુજનસિંહ દુષ્ટોના દગાથી ઘેરાયેલા છે. રાજ્યમાતા સુનંદા, બાળકુમાર, અને કુમારિકા કુસુમના પ્રાણ જોખમમાં છે. તેથી હવે હું જાઉં છું, કારણ કે મા'રે હજી મહેન્દ્રને મળી દુષ્ટોનાં કાવત્રાંને તોડવાની યુક્તિયો કરવાની છે. લ્યો હવે હું રજા લઉં છું.'

'પ્રમિલા દીનમુખે બોલી! પ્રતાપસિંહ! પુનઃ મેળાપ ક્યારે થશે? આ ક્ષુદ્ર જીવને હૃદયમાંથી વિસારશો નહી. પ્રમિલા ઉપર સદા કૃપાદૃષ્ટિ રાખજો.'

'પ્રમિલા! હૃદયના જીવન રૂપ પ્રમિલા! આ દેહમાં જ્યાં સુધી સ્મરણ શક્તીનો નિવાસ છે. ત્યાં સુધી આ પ્રતાપ તમને ભુલી જનાર નથી. કહી પ્રતાપે તેના બન્ને હાથ પકડી ચુમ્યા. બન્ને એક બીજાનાં નેત્ર સામું જોઇ રહ્યાં.'

'પ્રતાપે ત્યાંથી ચાલવા માંડયું, કે પ્રમિલાને કંઇક યાદ આવતાં કહ્યું. પ્રતાપસિંહ! ઉભા રહો, મારે તમને કંઇક કહેવું છે.'

'ખુશીથી કહો.'

'પ્રમિલાએ પાસે આવીને પ્રતાપના કાનમાં ધીમેથી કહ્યું. જો, જો, હાં, મને ભુલી ના જતા?'

'પ્રમિલા સંશય યુક્ત શાને થાઓ છો? હું સત્ય વદુ છું. બોલો હવે બીજું કાઇ કહેવું છે?

'હા.'

'શું?'

'આમ પાસે આવો, ને તમારા બન્ને હાથ મારા હાથમાં મૂકો.'

'પ્રમિલા! અત્યારે આ શું! કહી પ્રતાપે બન્ને હાથ તેના હાથમાં મૂકયા. પ્રમિલાએ તેના હાથને જોરથી હૃદય સાથે દાબી તેની ઉપર બે ચાર ચુંબન કરી મૂકી દીધા.

લ્યો હવે હું જાઉં છું. કહી પ્રતાપ પ્રમિલાની આજની અજબ વર્તણુક સબંધના વિચાર કરતો કુસુમોદ્યાનમાંથી ચાલ્યો ગયો. પ્રમિલા પણ તેના ગયા પછી ત્યાં વધારે વાર નહિ રોકાતાં આનંદયુક્ત વદને રાજમહાલય તરફ ચાલી ગઈ.

પ્રકરણ ૧૨ મું.

ઉશ્કેરાયેલું-હૃદય.

કુસુમોદ્યાનમાંથી નીકળેલો પ્રતાપ રાત્રિના નવેક વાગ્યાના સુમારે તેના મહેલમાં આવ્યો. તેણે દિવાનખાનામાં આવી જોયું તો તેણે મહેન્દ્રને પોતાની રાહ જોઇ બેઠેલો જોયો. મહેન્દ્રને જોઇ પ્રતાપે વસ્ત્ર બદલતાં પૂછયું. મહેન્દ્ર! અત્યારે આપનું આગમન આશ્ચર્ય ઉપજાવે છે. મારૂં કંઇ કામ તો પડયું નથી ને?

'પ્રતાપ! કાલે મહારાજાની જન્મ તીથિ છે, ને તેથી કાલે મો'ટો દરબાર ભરાશે. તેમાં પાપીયો તેમના પ્રપંચમાં ફાવી ન જાય તેને માટે આપણે વિચાર કરવાનો છે. ભાઇ! એજ કારણથી હું અહિં સાયંકાળનો આવ્યો છું આજે તમને આટલી બધી વાર કેમ લાગી?'

મહેન્દ્ર! આજે અહિં આવતાં એક પરોપકારનું કાર્ય કરવામાં વિલંબ થયો. એક નિષ્ઠુર હૃદયનો માણસ એક પવિત્ર રમણીને સતાવતો હતો, તેથી આ તા'રા મિત્રે તે સુંદરીનું રક્ષણ કરવામાં સમયનો વ્યય કર્યો હતો.

'તે રમણી કોણ હતી?'

'મર્હુમ સેનાપતિ અમરસાલની પુત્રી પ્રમિલા દેવી.'

'હેં! શું પ્રમિલા દેવી ઉપર જુલમ?! ખરેખર! આ રામનગરની દશાજ વાંકી છે. પ્રતાપ! તે હિનભાગ્ય દુષ્ટ કોણ હતો?

'મહેન્દ્ર! તે માણસનું નામ જણાવવા હું લાચાર છું. સમય આવે તેને તું સારી રીતે ઓળખીશ. તે રામનગરની ઉથલ પાથલમાં ભાગ લેનાર મુખ્ય પુરૂષ છે.'

'ઓળખ્યો! પ્રતાપ હું તેને બરાબર ઓળખી ગયો. ભાઇ! વિશુદ્ધ વંશમાં જન્મેલા અણુધસિંહની આવી વિપરીત બુદ્ધિ કેમ થઇ હશે? કહી મહેન્દ્રે નિઃશ્વાસ નાંખ્યો.

'મહેન્દ્ર! મા'રા પિતાની બુદ્ધિ ફરી છે, તે મો'ટી લાલચોમાં લપટાઇ રામનગરનું સર્વસ્વ નાશ કરવા તૈયાર થયા છે. હા, ભાઈ! એજ દુષ્ટ પિતાની સામેજ આપણે હથિયાર ઉચકવાં પડશે.'

'જે હશે તે કાલે જણાશે, કાલના દરબારમાંજ નવા જુની થશે. મહેન્દ્ર! કાલે દરબારનો રંગ મંડપ રૂધીરથી રંગાશે. વીરા! આપણે ઘણુંજ સંભાળવાનું છે, કારણ કે ભયંકર કાવત્રુ રચાયેલું છે, ઇશ્વર આપણી મદદે આવશે. રાજાના રક્ષણમાં આપણા પ્રાણનું બળિદાન આપવું પડે તો આપણે સુખેથી આપવું, પણ પાપીયોના કાવત્રાને તો અધવચથીજ તોડવું. ભાઇ મહેન્દ્ર! અત્યાર સુધી અત્રે બેશી રહેતાં તને કંટાળો ના આવ્યો?'

'જ્યારે હું આવ્યો ત્યારે થોડીવાર તો શાન્તિથી બેસી રહ્યો હતો, જ્યારે ઘણીવાર થઇ અને તું ના આવ્યો ત્યારે આખરે હું કંટાળી જવાને ઉભો થયો. એટલામાં તો મને એક

અપૂર્વ ઘટના જણાઈ, કે જે જોતાં અને સાંભળતાં મેં અત્યાર સુધી સમય ગુમાવ્યો.'

'ભાઇ! મારા મકાનમાં એવું તે તને શુ જણાયું કે તેની ઉપર ત્હેં ધ્યાન આપ્યું!'

'બીજું તો કાંઈ નહિ, પણ તમને સુખી કરવાને તમારાં સાસુ તેની પુત્રીને શીખામણ આપતાં હતાં કે પતિને પ્રભુ સમાન માની તેની સેવા કરવી. કહી મહેન્દ્ર હસ્યો.'

મહેન્દ્ર! દુ:ખીની મશ્કરી શા માટે કરે છે. સત્ય વાત જણાવ કે તે કુલટા! કાન્તાને શું કહેતી હતી?

'તે કહેતી હતી કે પતિની એવી તો સેવા કરવી જોઇએ કે તે જીંદગી સુધી યાદ કરે. તે કહે એનાથી અવળી રીતે વર્તવું, સ્વામિને માનપૂર્વક કદી પણ બોલાવવો નહિ. શૃંગાર સમયે તેનો તિરસ્કાર કરતાં મર્કટની માફક નચાવવો. તે આનંદમાં હોય ત્યારે ગમે એ પ્રકારે એને દુ:ખી કરવો. આમ કરવાથીજ તારો સ્વામિ તારા વશમાં રહેશે ને જેથી તારો સંસાર સોનાનો થશે. ભાઇ! તા'રી ગુણવાન સાસુ કાન્તાને આવી તરેહનો સદુપદેશ દેતી હતી.'

'મહેન્દ્ર! આ તો ત્હેં આજેજ સાંભળ્યું હશે, પણ તે શીખામણનો અમલ તો ક્યારનોએ શરૂ થઇ ગયો છે.' મહેન્દ્ર! મા'રો સંસાર દુ:ખી છે. દુ:ખમાં જનમ્યો છું ને દુ:ખમાંજ મરવાનો છું. હા, માતા બાલ્યકાળમાં મરી ગઇ. પિતાની બુદ્ધિ ફરી ગઇ. આ પ્રતાપ એક વિષધર નાગણની કન્યાના પાશમાં સપડાઇ અત્યંત દુ:ખી થયો છે. મહેન્દ્ર! ભાઇ! આ દુ:ખમાંથી

છૂટવાનો મ્હેં નિશ્ચય કર્યો છે. કાલે દરબારમાંજ પાપીયોની સામા થઇ તેમાનાં બેચારને મારી મરીશ.

'પ્રતાપ! સાહસ કર્મ કરવાથી અંતે પસ્તાવું પડે છે. તું મરીશ તો હું પણ તારી સાથે મરીશ. ભાઇ! આપણા મૃત્યુ પછી રાજાનું અને રાજ્યમાતાનું શું થશે! તેનો તો વિચાર કર! તેમજ વળી આપણે મૃત પિતાની સમક્ષ રાજ્ય કુટુંબના રક્ષણમાં પ્રાણ આપવાના સોગન ખાધા હતા, તે કેમ ભુલી જાય છે! માટે શાન્ત થા! હજી સમય ગયો નથી. કાન્તાને જો સુધારીશ તો તે સુધરશે ને તમારો બગડેલો સંસાર પ્રભુ કૃપાએ સ્વર્ગ સમાન થશે.'

'હા, થશે, આ જન્મમાં નહી પણ પેલા જન્મમાં થશે. મહેન્દ્ર! જેને આ સંસારમાં મારા જેવીજ પત્ની મળી હશે તેના દુઃખમાં શું ખામી હશે? કાન્તા! કુટિલ કાન્તા! ત્હેં મારો સોનાનો સંસાર લોહમય બનાવ્યો છે. આ અમૃત ભરેલા હૃદયમાં હળાહળ વિષ રેડયું છે. મહેન્દ્ર! તું કહે છે કે એ સુધરશે. પણ તારૂં ધારવું વૃથા છે. સૂર્ય નિર્માણ જગાએ અસ્ત નહિ થતાં ઉલટીજ દિશામાં અસ્ત થશે, સરિતા અવળી વહેશે, દિવસે પ્રકાશને બદલે અંધકાર છવાશે પરંતુ કુટિલ કાળરાત્રિની પુત્રિ કાન્તા કદાપિ નહિ સુધરશે. ભાઇ.'

દ્રુત વિલંબિત.

ન સુધરે સુધરેલ સખી થકી, ન સુધરે સુધરેલ પતિ થકી.
ન સુધરે સુધરેલ મતિ થકી, કુટિલ જે વનિતા નકટી નકી;
ન સુધરે કદિ અદ્ભુત ભૂષણે, ન સુધરે ડરતાં બહુ દૂષણે,

ન સુધરે રસમાં મસ ડાંપણે, ન સુધરે પડતાં જળ ચાંપણે.
ન સુધરે બહુ હેત બતાવતાં, ન સુધરે સઘળું સમજાવતાં;
ન સુધરે બહુ કાળ બચાવતાં, ન સુધરે કરમાંહિ નચાવતાં.
કેશવકૃતી.

આવી મતિહિન્ કુલટા સુધરવી મુશ્કેલ છે. મહેન્દ્ર! જેને હમેશાં વ્યભિચાર વ્હાલો છે, જેને સ્વામિને ગુલામ ગણવાનું અભિમાન છે, તે કુલટાને સુધારવાનું કામ ભારે છે. મહાન્ ભર્તુહરીએ સંસારને ત્યાગો હશે તે કંઇ કારણ વિના? સઘળા રાજવૈભવનો ત્યાગ કરી એ મહાત્માએ એક દુષ્ટ અબળાના કારણથીજ જંગલ વાસ કર્યો હતો. મહેન્દ્ર! આ સંસારમાં જેને સતી નારી હશે તે ખરેખરો સુખી હશે. પણ આ કળી કાળમાં સતી નારીયો અદ્દશ્ય થઈ હોય એમ જણાય છે. આજકાલ સઘળે ફાંકડી, દેખાવમાં રાંકડી, અને રૂપને શોભાવનારી સ્ત્રીયો સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. પુરાતન કાળમાં જે સતી બાળાઓ પ્રાતઃકાળમાં ઉઠતાંજ તેના સ્વામિના મુખનું દર્શન કરતી હતી તેને બદલે આજ કાલની બાળાઓ ચકચકીત આયનામાં તેના સુંદર રૂપવાન મુખડાને જોઈ શરીર સૌંદર્યથી મલકાય છે. જ્યારે સતી બાળા તેના સ્વામિને અનેક પ્રકારે આનંદ ઉપજાવતી હતી, ત્યારે આજની બાળા પ્રભાતમાંજ સ્વામિને ધમકાવતી, વિના કારણે ધિક્કારતી તેનાં છાણીયાં લે છે. બહાર ભપકો મારી ફરવામાં

આનંદ માને છે, બહાર જતાં પહેલાં શરીરને શોભાવવા અતિશય શ્રમ કરે છે. મહેન્દ્ર! આ કળીકાળની સ્રીયો તો જો.

અનુષ્ટુપ.

" પગો પર પગો મેલી, કરે વાત વડી વડી,
ગુથે ચોવટ બીજાની, જો બેસે નવરી ઘડી;
આપના ગુણ ગાવામાં, રહે તત્પર બેવડી,
અન્યને નિંદવા ટાણે, જીભ એ વામ જેવડી.
ડરે ન દેવથી લેશ, જાણે કો રાક્ષસી વડી,
એ નશીબ ખરે તેનો, કોપરે દૃષ્ટિ જો પડી;
સોગનો પુત્ર–પુત્રીના, સાચાઈકાજ ખાય છે,
ધણીના સમતો જેમ, આટામા લુણ જાય છે. "

કેશવકૃતી.

આમાંના તમામ ગુણ કાન્તામાં છે. કહે ભાઇ! આ સંસારમાં શી રીતે રહેવાય ?

પ્રતાપ! તું જ્ઞાની છે. જ્યારે તા'રો સંસાર આવો દુર્ગુણી છે, તો તું શા માટે પ્રમિલાના પ્રેમનો તિરસ્કાર કરે છે? પ્રતાપ! તું કાન્તાનો ત્યાગ કરી પ્રમિલાના પ્રેમનો ભાગી થા. પ્રમિલા પ્રેમનું સ્વરૂપ છે. તમે બન્ને ગુણવાન છો. તમારૂં જોડું સ્વર્ગમાં પણ જડે એમ નથી. માટે મારૂં માની તું તેનો સ્વિકાર કર. જોને તે બીચારી અદ્યાપિ પર્યંત કૌમાર્યવ્રત ધારણ કરી તારા નામની માળા જપી રહી છે. પ્રતાપ! જો તું એ પવિત્ર બાળાનો ત્યાગ કરીશ તો તું ઇશ્વરનો મહાન્ અપરાધી થઇશ.'

'મહેન્દ્ર! તારૂં કહેવું હું અવશ્ય સ્વિકારીશ. પ્રમિલા પ્રતાપનીજ છે ને આ પ્રતાપ હવે એનો છે. ભાઇ! ભાવી વિપત્તિને દૂર કરી હું અવશ્ય પ્રમિલાને મા'રા હૃદયમંદિરની રાણી બનાવીશ. આમ વાત ચાલે છે એટલામાં તેમને કાને કંઇક ખડખડાટ સંભળાયો બન્ને જણા આસપાસ જોવા લાગ્યા. ખડખડાટ દિવાનખાનાની પાસે આવેલા એક ઓરડામાંથી સંભળાતો હતો. પ્રતાપ અને મહેન્દ્ર તે ઓરડા પાસે જઇ બહારથી જુવે છે, તો તેમની નજરે એક અલૌકિક દેખાવ દેખાયો. એ દેખાવ જોતાંજ પ્રતાપ ઉશ્કેરાયો. તે મ્યાનમાંથી સમશેર ખેંચી ત્યાં દોડી જવાને ઉત્સુક થયો, પણ મહેન્દ્રે તેને આગળ વધતો અટકાવ્યો.'

અંદરના એક શણગારેલા ઓરડામાં કાન્તા અપૂર્વ શણગાર ધારણ કરી હિંચકા ઉપર હિંચતી હતી. તેની પાસે કનકસિંહ નામનો એક રૂપવાન પણ હલકો ખવાસ ઉભો ઉભો તેને હિંચકા નાખતો હતો. કનક કાન્તાના રૂપને વારે ઘડીયે વખાણતો હતો, કાન્તા તેના વખાણથી ફુલાઇ તેની સાથે અનેક પ્રકારની કુટિલ ચેષ્ટાઓ કરી ગમ્મત મેળવતી હતી કનક પણ શોખીન હતો, તે આવો એકાન્ત આનંદમય પ્રસંગ વૃથા જવાદે એવો મૂર્ખ નહોતો, તે પણ કાન્તાને હિંચકા નાખતાં અનેક પ્રકારના હાવભાવ કરી તેના શરીર સ્પર્શનો લાભ મેળવતો હતો. જેમ જેમ રાત વિતતી હતી તેમ તેમ અંદર વધારે રંગ જામવા લાગ્યો; હિંચકો બંધ થયો. રીસામણા મનામણાનું નાટક શરૂ થયું. કાન્તા રીસાઇને એક બાજુ ઉભી રહી, કનક તેનો હાથ પકડી તેના પગ પાસે ઘુંટણીએ બેસી તેને મનાવવા

લાગ્યો. થોડી વાર રકઝક ચાલ્યા પછી, કનકની વિનંતીનો સ્વિકાર થયો ને તેના બદલામાં કનકને કાન્તા તરફથી સસ્નેહે હૃદયદાનનો મહાન લાભ મળ્યો. કનકે પણ આવેશમાં આવી કાન્તાને જોરથી પરિરંભણ આપ્યું, બન્ને રસરંગમાં આનંદ કરવા લાગ્યાં.

ઓરડા બહાર ઉભેલો પ્રતાપ રાતો પીળો થઈ ગયો, તેણે એક ઝાટક મારી મહેન્દ્રના હાથમાંથી પોતાનો હાથ છોડાવી બૂમ મારી અંદર દોડયો ખબરદાર પાપીયો! હવે તમારૂં આવી બન્યું. આમ બોલતો પ્રતાપ અંદર પ્રવેશ્યો. પાછળ મહેન્દ્ર પણ દોડી આવ્યો. જો મહેન્દ્રે સમયસૂચકતા વાપરી પ્રતાપને પકડી ના લીધો હોત તો પરિણામ ઘણું ભયંકર આવત. કનક તો કયારનોયે પ્રતાપની ઉગ્ર મૂર્તિ જોતાંજ પલાયન કરી ગયો. કાન્તા ગુસ્સે થઇ ગઇ, તેણે ગુસ્સાના આવેશથી પ્રતાપને ન સંભળાવાય એવા શબ્દો સંભળાવ્યા. વીર પ્રતાપ! પોતાનું અપમાન સહન કરી શકયો નહિ. પુનઃ તે મહેન્દ્રના હાથમાંથી છુટી કાન્તાની તરફ દોડયો. તે કાન્તાને તલવારનો પ્રહાર કરવા જાય છે, એવામાં વળી પાછો મહેન્દ્ર તેને બાથમાં પકડી બોલી ઉઠયો. હાં, ભાઈ, હાં, સ્ત્રી ઘાતી થઇશ નહિ. પ્રતાપ શાન્ત થઇ મહેન્દ્રના મુખ સામે જોઇ રહ્યો. એ તકનો લાભ લઇ કાન્તા તેની માતાની પાસે નાસી ગઈ. પ્રતાપને લઇ મહેન્દ્ર દિવાનખાનામાં આવ્યો, ઘણી વારે મહેન્દ્રે તેને શાન્ત કર્યો. મધ્યરાત્રિ થઇ હતી. તેથી મહેન્દ્ર તેના મહેલે નહિ જતાં ત્યાં રહ્યો, ને અનેક પ્રકારના દાખલા દૃષ્ટાંતો આપી પ્રતાપને શાન્ત કર્યો. પ્રતાપને શાન્ત થયેલો જોઇ મહેન્દ્રે પૂછયું. ભાઇ! હવે કાલે

આપણે શી રીતે કામ લેવાનું છે ?

'મહેન્દ્ર ! કાલે આપણે પહેલ વ્હેલા દરબારમાં જવું, ને રાજાની પાસેજ બેસવું. પછી જ્યારે કાળરાત્રિ રાજાને ઝેરી અંગુઠી પહેરાવવા આવે ત્યારે આપણે ઉભા થઇ તેની પાસેથી અંગુઠી ખુંચાવી લેવી. કાળરાત્રિ આપણી ઉપર ક્રોધાયમાન થશે, રાજા પણ કોપશે. તે પહેલાં આપણે આપણા વફાદાર નોકરોને રાજાને ત્યાંથી ઉઠાવી લઇ જવાની આજ્ઞા આપવી. પછી જે સામે થાય તેની સામે હથિયાર ખેંચવાં, તેના પક્ષકારો સાથે યુદ્ધ કરવું ને તે અધમોના રૂધીરનો રક્તપ્રવાહ વહેવરાવવો. ત્યાર બાદ કાળરાત્રિને પકડી કેદ કરવી; અને પુનઃ રામનગરમા શાન્તિ સ્થાપવી. મહેન્દ્ર ! કાલેજ સઘળી બાબતોનો ફેંસલો લાવવાનો છે. માટે તું પણ સાવધ રહેજે. કારણ કે તારૂં હૃદય ભોળું છે. કોઇનામાં વિશ્વાસ મૂકતાં પહેલાં જાણજે કે કયું કારગ્યું ધુળ મળે છે.'

'ભાઇ ! હું પૂર્ણ સાવચેતીથી રહીશ, મને કાંઈ પણ કહેવું પડે એમ નથી. આપણે બન્નેનેજ આ જોખમદારીનું કાર્ય કરવાનું છે, એમ હું સમજુ છું.'

'ત્યારે હવે આપણે ચાલીશું ?'

'શું અત્યારે ! ક્યાં ?'

'મહેન્દ્ર ! આશ્ચર્ય ન પામ, જો મધ્યરાત્રિ થઇ ગઇ છે. સવારમાં દરબાર ભરાશે, આપણે જો ઉંઘીશું તો આપણું કામ બગાડીશું. માટે આપણે આજે નિંદ્રાને દૂર કરવી જોઇએ. મહેન્દ્ર ! તારો જો વિચાર હોય તો આપણે અત્યારે ચામુંડા

દેવીના મંદિરે જઇએ, ને તેમની પૂજા કરી મહારાજાના મંગળની પ્રાર્થના કરીએ. માતાની પૂજામાં સવાર થશે, એટલે આપણે પણ ત્યાંથી નીકળી દરબારમાં જઇશું. ત્યાં આપણા વફાદાર સેવકો મારા સમજાવ્યા પ્રમાણે હાજર થયા હશે, તેમને કેટલીક ખાનગી સૂચનાઓ પણ ત્યાં આપીશું.

'પ્રતાપ!' તારી અગમચેતીને માટે તને ધન્યવાદ આપવો ઘટે છે. ચાલ! આપણે દેવીના મંદિરે જઇએ, અને તેમની પૂજા કરી સમય વ્યતિત કરીએ.

'ચાલ ત્યારે.' કહી પ્રતાપે પૂજાની સામગ્રી એકઠી કરી લીધી. બાદ બન્ને જણા મહેલની બહાર નીકળી ચાલવા લાગ્યા.

'તેઓ મહેલમાંથી નીકળ્યા કે તરતજ તેમની પાછળ એક સફેત આકૃતિ પણ તે મહેલમાંથી બહાર નીકળી. તે આકૃતિ સફેત સાલ્લામાં છૂપાયેલી હતી તેથી તેને ઓળખવું અશકય હતું. તે સફેત આકૃતિ પણ પ્રતાપ અને મહેન્દ્રની પાછળ પાછળ ચાલવા લાગી. આગળ પ્રતાપ અને મહેન્દ્ર, તેમની પાછળ સફેત આકૃતિ એવી રીતે એ ત્રિપુટી થોડી વારમાં કિલ્લાની બહાર નીકળી ભયંકર જંગલ પ્રતિ પ્રયાણ કરવા લાગી.

પ્રકરણ ૧૩ મું.

દેવીનું મંદિર.

ચંદ્રની સ્વચ્છ ચંદ્રિકા સઘળે ફેલાયેલી હતી, સૃષ્ટિ શાન્ત ને રમણીય જણાતી હતી. મધ્યરાત્રિ થઈ જવાથી પવન શીતળતાનો ગુણ ધારણ કરી શરીરને કંપાવતો હતો 'ચામુંડા' માતાના મંદિરે જવા નીકળેલા પ્રતાપ અને મહેન્દ્ર ઘોડા જંગલમાં થઇને ચાલ્યા જતા હતા, બન્ને વીરો વાર્તાવિનોદ કરતા ચાલતા હતા, પાછળ સફેત આકૃતિ ચાલી આવે છે તેનું તેમને મુદ્દલે ભાન નહોતું.

ચામુંડાદેવીનું મંદિર નગરથી પાંચ માઇલના અંતર ઉપર આવેલું હતું. દેવીનું મંદિર જુના વખતનું હતું. લોકોમાં એવી દંતકથા ચાલતી હતી કે ચંડ દૈત્યનો નાશ કરી દેવીએ ચામુંડા નામ ધારી ત્યાંજ સ્થાનક કર્યું હતું. રાજા સુજજન-સિંહના દાદાને સ્વપ્ન દીધું. તેથી મહારાજાએ તુરત દેવીનું મંદિર બંધાવ્યું હતું. મંદિર કાળા પથ્થરથી બાંધેલું હતું. અસલના કારીગરોએ તેમાં અનેક જાતની નકશીઓ કોતરેલી હતી. ભર જંગલમાં આવેલાં ચામુંડા માતાના દર્શનાર્થે ઘણાં માણસો દેશ વિદેશથી આવતાં હતાં. દેવીનું સ્થાન ચમત્કારી હતું. દર્શને આવનાર લોકોથી ત્યાં રાત્રે રહેવાતું નહોતું. કાળા

પથ્થરના મંદિરમાં બીરાજતી દેવી દુષ્ટોને ભયંકર ભાસતી હતી. એ દયાળુ દેવીના પૂજનાર્થે આવવા નીકળેલા પ્રતાપ અને મહેન્દ્ર તેના મંદિરે આવી પહોંચ્યા. બન્ને વીરો અંદર પ્રવેશ્યા, ને માતાજીની સન્મુખ આવેલા વાઘ આગળ પૂજાપાનો સામાન મૂકી બેઠા. તેમની પાછળ આવેલી સફેત આકૃતિ પણ દેવીના મંદિરમાં પ્રવેશી ક્યાંક છૂપાઇ ગઈ. રાત્રિ રાત્રિનું કામ કરે જતી હતી. ભયંકર જંગલમાં ચંદ્રિકાનું તેજ પથરાયું હતું. દૂર વાઘ વરૂના ભયંકર અવાજ સંભળાતા હતા. થોડીવાર વિશ્રાન્તિ લઈ પ્રતાપ અને મહેન્દ્ર બહાર નીકળ્યા, ને દેવીના મંદિર પાછળ આવેલા માનસરોવરમાં સ્નાન કરી અપૂર્વ શ્રદ્ધાથી પૂજન કરવા લાગ્યા. પૂજનમાં ઘણો સમય વહી ગયો. અંતે આરતી ઉતારી પ્રતાપ ગુંટણીએ પડી પ્રાર્થના કરવા લાગ્યો. હે જગત્ જનની! હે આદ્ય શક્તિ! આ તમારા બાળકો આપને પ્રણામ કરે છે. દેવી! તમે ચંડમુંડ આદિ દુષ્ટ રાક્ષસોનો નાશ કરી સાધુ પુરૂષોનું રક્ષણ કર્યું છે. માતા! તમે દયાળુ છો, આ બાળકોની ઉપર પ્રસન્ન થાઓ. મંમાયા! આપ સર્વજ્ઞ છો, મહારાજા સુજનસિંહનો પ્રાણ જોખમમાં છે. તેજ કારણથી આ તમારા પુત્રો અત્યારે તેમના મંગળને માટે વિનંતી કરે છે. મા! બાળકોના અપરાધ ક્ષમા કરવાને આપ યોગ્ય છો. આ રામનગરની પ્રજાએ એવું તે શું પાપ કર્મ કર્યું હશે કે તેમને આવા ભયંકર પ્રસંગો નજરે જોવાનો સમય આવ્યો હશે? અંબા! કાલનો દિવસ ઘણો ભયંકર છે, તે ભયંકર દિવસમાં આ તમારા બન્ને બાળકો ખેલ ખેલનાર છે. મા! તારીજ કૃપાથી અમે

દુષ્ટોને દંડ દઈ રાજા સુજનસિંહને બચાવીશું, અને....પ્રતાપ આગળ બોલે છે એટલામાં તો કાનને ફાડી નાખે એવો અવાજ થયો. બન્ને સ્તબ્ધ બની આંખ્યો ફાડી જોઇ રહ્યા. તેમની નજરે કોઇ જણાયું નહિ. ભયંકર અવાજનો પ્રતિધ્વનિ સંભળાયો. બાદ થોડી વારે કોઇ કર્કશ સ્વરે બોલવા લાગ્યું. પ્રતાપ! અને મહેન્દ્ર! તમે પરોપકારી છો, દુઃખીનાં દુઃખ દૂર કરવા હમેશાં ઉત્સુક રહોછો, તમારી ઉપર પ્રભુ પ્રસન્ન છે. પુનઃ શાન્તિ છવાઇ ગઈ. બન્ને આશ્ચર્ય પામ્યા, ને શું દેવી પોતે તો નહિ બોલ્યાં હોય એમ તર્ક વિતર્ક કરવા લાગ્યા અંતે મહેન્દ્ર માથું નમાવી બોલ્યો. દુઃખીને સહાય કરવી એ સર્વ માણસોની ફરજ છે, કૃપાળુ જો તમે અમારી ઉપર પ્રસન્ન હો તો કૃપા કરી જણાવો કે કાલનો દિવસ કેવો જશે?'

પુનઃ અવાજ આવ્યો. વીરપુત્રો! વિધાતાના લેખ મિથ્યા થતા નથી. તમે ગમે એટલા પ્રયત્ન કરશો પરંતુ આખરે પ્રયત્નમાં નિષ્ફળ થશો. કાલનું ભાવી જુદું છે, કાળરાત્રિ તેના પ્રપંચમાં ફાવશે ને રાજા સુજનસિંહ ઝેરી અંગુઠીનો ભોગ થશે. પરોપકારી પુત્રો! ભાવી વૃથા થશે નહિ, માટે તમે પણ ત્યાં જશો નહિ. જો તમે જશો તો સમજજો કે કાળરાત્રિની આહુતીમાં તમે પણ હોમાશો. હવે વધારે કંઈ કહેવાની જરૂર નથી.

'પ્રતાપ અને મહેન્દ્ર ચમકયા! આ શું? શું આ શબ્દો સત્ય હશે? આપણે સ્વપ્નમાં તો નથીને?! ના, ના, બોલનારના શબ્દો સ્પષ્ટ સંભળાયા છે. શું કાલે મહારાજાનો અંત આવશે? શું અમારા પ્રયત્નો વૃથા જશે? ના, ના, પ્રતાપ અને મહેન્દ્ર

ત્યાં જશે, ને પ્રાણના જોખમે પણ રાજાને બચાવશે. આમ કહી પ્રતાપ મહેન્દ્રને કહેવા લાગ્યો. મહેન્દ્ર! આ બોલનાર કોઈ દગાખોર હોય એમ જણાય છે. તે આપણને આપણી ફરજ બજાવતાં અટકાવે છે. ઉઠ, મારા વીરા! આપણે વીરપુત્રો છીએ મરણના નિકટના સગા છીએ. આપણે હિંમત હારવાની જરૂર નથી, ચાલ આપણે અત્યારેજ દરબાર ગઢમાં જઈએ. કાલે શું થશે તે વિચારવાનું અત્યારે નથી, કાલની વાત કાલે છે. દરબારમાં જોઈશું કે શું થાય છે. કાળરાત્રિ પણ જાણશે કે રાજાનો જીવ કેમ લેવાય છે. મહેન્દ્ર! મનમાં નક્કી સમજજે કે ભર દરબારમાં રાજાનું કલ્યાણ થાય છે, કે કાંતો આપણા પ્રાણ જાય છે. વીરા! ડરીશ નહી હાં! આ સામે બેઠેલાં દેવી આપણા કલ્યાણમાં છે, શબ્દો બોલનાર કોઇ પાપાત્મા છે, માટે ચાલ. કહી પ્રતાપ અને મહેન્દ્ર દેવીને પ્રણામ કરી જવાને તૈયાર થયા. બન્ને જણા જેવા મંદિરના દ્વારમાંથી બહાર નીકળે છે એવામાં તો તેમની પાછળ ચાલી આવનાર સફેત આકૃતિ એકાએક ત્યાં નીકળી આવી, ને તેમને બહાર નીકળતા અટકાવી કહેવા લાગી. પ્રતાપ અને મહેન્દ્ર! એક કદમ પણ આગળ ભર્યા પહેલાં મારી વાત શ્રવણ કરો.

બન્ને જણા તેને આટલી રાત્રે ત્યાં જોઇ કેવળ હિંડમુઢ જેવા બની ગયા. પ્રતાપે તેની સામા ઘણીવાર જોયું, અંતે તે ચમકીને બોલી ઉઠયો. હા, તમે કોણ છો, એ હું જાણું છું; તમોને મ્હેં એકવાર જોયા છે.

'પ્રતાપ!' શાન્ત થા. તે આકૃતિએ તેને શાન્તિ આપતાં

કહ્યું. બાળકો ! હું તમારા બુરામાં રાજી નથી. તમારૂં શુભ કરવાને અર્થે હું અત્યારે આવ્યો છું.

'દિવ્ય પુરુષ ! આપની આજ્ઞા જાણવાને અમે ઉત્સુક છીએ.' મહેન્દ્રે જણાવ્યું.

'આજ્ઞામાં એજ કે કાલે તમારે દરબારમાં જવાની જરૂર નથી. કારણ કે જે થવાનું છે તે મિથ્યા થવાનું નથી. સાંભળો–
'બહારથી કોઈ ગયબી અવાજે બોલવા લાગ્યું.'

લખેલું જે લલાટે છે નહીં મિથ્યા થવાનું તે,
ભલે પૃથ્વી વળે ઉંધી થવાનું તે થવાનું છે–૦
ભાગ્ય નદીનું પુર પલકમાં છલકાઈ જાશે,
અરેરે હાય પલક માંહી જવાનું તે જવાનું છે–૦
પળમાં મંદિર માળીઆં પળમાં જંગલ વાસ,
સદા સુખ દુઃખની ઘટમાળ માંહી ઘુમવાનું છે.
નસીબ નટ દોરના રંગે નચાવ્યા નાચવાનું છે–૦

પંડિત નારાયણ.

પુનઃ શાન્તિ છવાઈ ગઇ. પ્રતાપ બોલી ઉઠયો. 'શું આપ અમને દરબારમાં જવાની ના કહો છો ? હવે મને સમજ પડી કે પ્રથમ અદૃશ્ય શબ્દોથી સૂચના કરનાર પણ આપજ હતા ?'

'હા, તે હુંજ હતો. પ્રતાપ ! વિધાતા વિપરીત છે, કાળરાત્રિ રાજાનો કાળ છે.'

'કાળરાત્રિ રાજાનો કાળ છે તો અમે તેના કાળ છીએ. અમે અવશ્ય ત્યાં જઇશું ને દુષ્ટોના હાથથી રાજાને બચાવીશું.

'વિધાતાના લેખને મિથ્યા કરવાની તમારી શક્તી નથી, માટે મારૂં કહેવું માનો, ત્યાં જવાથી નાહકના હેરાન થશો.

'દિવ્ય પુરૂષ! ક્ષત્રિય વીરો મરણની દરકાર રાખતા નથી. દૃઢ શ્રધાથી વિધાતા પણ વીરપુરૂષોને વશ વર્તે છે. અમે જોઇએ છીએ કે કાલે શું થાય છે. આ પ્રતાપ પ્રભુ કૃપાથી વિધાતાના લેખ પર મેખ મારશે ને રાજા સુજ્જનસિંહને બચાવશે.' પ્રતાપ ગર્જી ઉઠયો.

અને આ મહેન્દ્ર વીરપ્રતાપના પડખે ઉભો રહેશે, ને દુષ્ટોના રૂધીરથી ત્યાંનો રંગમંડપ રંગશે. મહેન્દ્ર બોલી ઉઠયો.

'ત્યારે શું તમે મારી આજ્ઞાનો ભંગ કરશો ? તે પુરૂષે પૂછયું.'

'આપની આજ્ઞા અત્યારે અસ્થાને છે, ક્ષત્રિય વીરો ફરજને પ્રાણ સમાન સમજે છે. અમે અમારા દ્રઢ ટેકનું પાલન કરીશું, અને પ્રાણ જાતાં પણ રાજાનું રક્ષણ કરીશું.' પ્રતાપે કહ્યું.

'ક્ષત્રિય પુત્રો પોતાની ફરજ સારી રીતે સમજે છે, જે ક્ષત્રિયો તેમની ફરજો નહિ સમજતાં કેવળ અસત્ય આચરણો આચરે છે, તેઓ જીવતાંજ ભયંકર શીક્ષાઓ સહન કરે છે. અમે અમારી પ્રતિજ્ઞા પાળીશું કે કાંતો શીર ગુમાવીશું. મહેન્દ્ર બોલી ઉઠયો.'

'હું તમને નહિ જવા દઉં તો તમે શું કરશો ? તે પુરૂષે પૂછયું.'

'અમારે લાચારીથી તમને દૂર કરી બળાત્કારે જવાની જરૂર પડશે, માટે હવે અમને જવાદો.

'નહિ, હું તમને જવા દેનાર નથી. તમે વીર છો તો તમારૂં બળ અજમાવી અત્રેથી ચાલ્યા જાઓ.' કહી તે પુરૂષ વચમાં ઉભો રહ્યો.'

'તેના આવા વર્તનથી બન્ને જણા વિચારમાં પડયા, અંતે તેને ગાંડો માણસ ધારી તેઓ જવાને આગળ વધ્યા. તરતજ વચમાં ઉભેલા પુરૂષે ભયંકર બૂમ મારી કહ્યું. વિધાતાને નહિ માનનારા ઉદ્ધત છોકરાઓ! એટલેજ રહો, તમે કોટી ઉપાયે કાલ સાંજ સિવાય આ મંદિરમાંથી બહાર નીકળવા પામનાર નથી. તમારૂં બળ વૃથા છે. બળનું ગુમાન હોયતો એક પગલું આગળ વધો જોઇએ. કહી તે પુરૂષે હાથ લાંબો કરી તેમને આગળ વધતા અટકાવ્યા.

'પણ અરે આ શું! પ્રતાપ અને મહેન્દ્ર ભયભીત બની ગયા, તેમણે ઘણું બળ કર્યું પણ ઉભા હતા ત્યાંથી લગીર પણ ખસી શક્યા નહિ. હા, આ કેવું ધર્મ સંકટ!' કહી પ્રતાપ મહેન્દ્રના સામું જોઇ રહ્યો. મહેન્દ્ર પણ સજ્જડ થઇ તેના સામું જોઇ રહ્યો. તેમની સ્થિતિ અવલોકી તે પુરૂષ કહેવા લાગ્યો. કેમ! તમારૂં બળ ક્યાં ગયું! વિધાતાના લેખને મેખ મારવાનું અભિમાન ક્યાં અદ્રશ્ય થઇ ગયું? બોલો, કેમ બોલતા નથી? જાઓ, દરબારમાં જઈ તમે તમારી ફરજ બજાવો, કહી તે પુરૂષ હસવા લાગ્યો.

તેના શબ્દોથી પ્રતાપને ક્રોધ ચઢયો, તેણે ત્યાંથી ખસવાને ઘણું જોર કર્યું. પણ તેનું બળ વૃથા ગયું. શરીર બળહિન જણાયું, આથી તે કર્કશસ્વરે બોલ્યો. ખરેખર! તમે કોઈ પિશાચ છો!

તમારૂં વર્તન શત્રુની ગરજ સારે છે. આમ કરવાથી તમને શું લાભ મળનાર છે ? '

' મહેન્દ્ર બોલ્યોઃ—ભાઈ! કદાચ આને પણ પાપણી કાળરાત્રિએ લાલચમાં લપટાવ્યો હશે, ને તેથીજ તેણે આપણને અહિં આવી રીતે ફસાવ્યા હશે. કહી મહેન્દ્ર ઉભેલા પુરૂષ પ્રતિ દૃષ્ટિ કરી કહેવા લાગ્યો. ભાઇ ! અમને અહિંથી જવાદે, જો તને કાળરાત્રિએ લાલચ દેખાડી હશે તો તેનાથી અમે તને બમણું આપીશુ. '

' ચૂપ રહો, હું લાલચને ધિક્કારનારો છું. છોકરાઓ! સમજજો કે હુ તમારા ભલામાં રાજી છું. તેણે ક્રોધ યુક્ત વદને કહ્યું.

" શું તમે અમારા ભલામાં રાજી છો ? આવી રીતે અહિં સપડાવી નહિ જવા દેનાર અમારા ભલામાં રાજી કેમ ના હોય ? ! પ્રતાપે મર્મમાં કહ્યું.

' અભિમાનમાં આંધળા થયેલા છોકરાઓ! હું તમારા ભલામાં રાજી છું કે નહિ તેની આગળ ઉપર તમને ખબર પડશે. માટે હાલ તો છાનામાના અહિં પડયા રહો. કહી તે માણુસે પ્રતાપ અને મહેન્દ્રના શરીરે હાથનો સ્પર્શ કર્યો. જોતજોતામાં બન્ને જણા તેના સ્પર્શથી જમીન પર પડયા, ને જાણે ઘણા દિવસના ઉજાગરા ન હોય એવી રીતે તેઓ ચત્તાપાટ પડી ઘસ ઘસાટ ઉંઘવા લાગ્યા. તેમને ત્યાંજ પડયા રહેવા દઇ એ માણુસે મંદિરમાંથી બહાર નીકળી કંઈક સંજ્ઞાદર્શક અવાજ કર્યો. થોડી વારમાં તેના અવાજથી ત્યાં દશેક માણસો દોડી આવ્યા. તેમાંના

નવ જણાના કાનમાં કંઇક વાત કરી વિદાય કરી દીધા. બાદ બાકી રહેલા એક જણના સામે જોઇ તે કહેવા લાગ્યો. તું અત્રે મંદિરની પાછળ ઝાડીમાં છૂપાઇ રહેજે, અંદર બે માણસો ઉંઘે છે, તેઓની દેખરેખ રાખજે, તેઓ કાલ સાંજે જાગૃત થશે, ને મંદિરની બહાર નીકળશે. તેઓ જાગૃત થઇ શું કરે છે તેનું બરોબર અવલોકન કરી તું પાછો આવી મને મળજે. કહી તે સફેતસાહ્યા ધારી પુરૂષ ત્યાંથી ચાલ્યો ગયો. તેની આજ્ઞાનુસાર પેલો માણસ ત્યાં રહી દેખરેખ રાખવા લાગ્યો.

'વિશ્વકર્તાની વિચિત્ર ઘટમાળ ન્યારીજ છે, રાજાને બચાવવાની ઇચ્છા રાખનાર બે વીરપુત્રોની ઇચ્છા તેમના મનમાંજ રહી. માણસ ધારે છે કઇ ને ઇશ્વર કરેછે કઇ એ વાકયની સફળતા થઇ. પ્રતાપ અને મહેન્દ્ર ઘોર નિંદ્રામાં પડયા. વાંચકો! ચાલો હવે આપણે પણ જઇએ ને પ્રાત:કાળ કેવો થાય છે. એ જોઇએ.'

પ્રકરણ ૧૪ મું.

ઝેરી અંગુઠી.

પ્રાતઃકાળ થયો, ભાનુદેવનાં સોનેરી કિરણો સૃષ્ટિમાં પ્રકાશવા લાગ્યાં. બીડાયેલાં કમળો સહસ્ત્ર પાંખડીથી સજ્જ થઈ ભાસ્કર ભગવાનને અભિવંદન આપવા લાગ્યાં. નિશાચરો પ્રભાકરના પ્રતાપથી છૂપાઇ ગયા. ઘણા દિવસથી રાહ જોવાતો જન્મોત્સવનો દિવસ થયો. પ્રજામાં આનંદ વ્યાપી રહ્યો હતો. રાજાના આયુષ્યમાં વધારો થાય એ હેતુથી પ્રજાજનો ક્યારનાંયે ઉઠી પ્રભુ પૂજાની સમાપ્તિ કરી પ્રાર્થના કરતાં હતાં. સર્વનાં મકાનો ધ્વજા પતાકાથી શોભી રહ્યાં હતાં. રાજદરબારમાં પણ અપૂર્વ ધામધૂમ થઇ રહી હતી. નોકર ચાકરો સારાં વસ્ત્રથી સજ્જ થઇ દરબારમાં આવનારને નમન કરતા દ્વાર પાસે ખુલ્લી તલવારે પહેરો ભરતા હતા. બરાબર દસ વાગે દરબાર ભરાવાનો હતો. સમય થતાં સરદારો, પટાવતો, દરબારમાં આવી તેમનાં આસનો ઉપર સ્થાન લેવા લાગ્યા. નિમકહરામ થયેલા સરદારોના મુખ પર આનંદ છવાયેલો જણાતો હતો. રામનગરના તમામ સરદારો અને સિપાઇઓ કાળરાત્રિના પક્ષમાં મળી ગયા હતા ફક્ત પ્રતાપ અને મહેન્દ્રના અંગરક્ષક સરદારો કે જેઓની સંખ્યા આઠ જણાની હતી તેઓ હજી વફાદાર રહ્યા હતા. તેઓ તેમના માલિકની આજ્ઞાનુસાર ક્યારનાએ દરબારમાં આવી ઉપસ્થિત

થયા હતા અને સરદારોની પાછળના ભાગમાં બેસી આતુર નેત્રે પ્રતાપ અને મહેન્દ્રની રાહ જોઇ રહ્યા હતા. દસ વાગતામાં તો દરબારનો રંગમંડપ નાના મોટા અમલદારોથી ચિકાર ભરાઇ ગયો. ઘડીયાળમાં દસના ટકોરા થયા, સાથેજ સલામતીની તોપોના બ્હાર થયા, અલ્પ સમયમાં તો મહારાજા સુજનસિંહ મહારાણી કાળરાત્રિ સાથે પધાર્યા. તેમની પાછળ સેનાપતી અબુધસિંહ અને ઉપ સેનાપતિ અંધકારસિંહ રાજા રાણીનો ઝબ્બો ઉપાડી ચાલતા હતા. મહારાજા અંદર પ્રવેશતાં દરબારી મંડળે ઉભા થઇ નમન કર્યું. નમન પ્રતિકાર હસ્તે વદને વાળી સુજનસિંહ રાણી સાથે સુવર્ણ સિંહાસને બિરાજમાન થયા. તેમની જમણી અને ડાબી બાજુએ ગોઠવેલાં આસનપર અબુધસિંહ અને અધકારસિંહ બેઠા. શાન્તિ ફેલાઇ રહી, થોડીવારે શાન્તિનો ભંગ કરી રાણીએ સેનાપતિને વારાંગનાને બોલાવવાની આજ્ઞા આપી.

રૂપવાન વારાંગના તેના સાગ્રિતો સાથે દરબારમાં આવી. અને મહારાજાને ઘુટણીએ પડી નમન કરી કોમળ કંઠે ગાવા લાગી. ગાયનની સાથે નાચ પણ શરૂ થયો. ફક્ત એકજ ગાયન સાથે નાચથી તે કોમળ કંઠ વાળી વારાંગનાએ સઘળાનાં મન પ્રસન્ન કરી દીધાં તેના નાચ, ગાન, ને હાવભાવ યુક્ત અંગ ચેષ્ટાથી સઘળા સભાસદો વાહ, વાહ, નો ઉચ્ચાર કરી તેને ધન્યવાદ દેવા લાગ્યા. ધન્યવાદથી ફુલાઇ વારાંગનાએ એક પછી એક એમ પાંચ ઉમદા ગાયનો ગાઇ સઘળાંનાં મન રંજન કર્યાં. ગાનને અંતે તેણે મહારાજાના સિંહાસન સમક્ષ ઘુંટણીએ પડી

પ્રણામ કર્યા. સુજનસિંહે આનંદ પામી એક મૂલ્યવાન હિરાનો હાર તેને બક્ષિસ આપ્યો. મહારાણીએ પણ ગળામાંથી મોતીની માળા કાઢી તેને આપી. વારાંગના ખુશી થઇ ચાલી ગઇ. ત્યાર પછી ભાટ બ્રાહ્મણોનાં આશીષ વચનો શરૂ થયાં, તેમનો પણ યોગ્ય સત્કાર કરી સંતોષવામાં આવ્યા ગરીબ ગરબાંઓને દાન આપવામાં આવ્યું. તે પછી સભાગ્રહમાં ભેટો મૂકવાનું શરૂ થયું. દરેક સિપાઇ અને સરદારોએ પોત પોતાના ગજા પ્રમાણે ભેટો મૂકી. મહારાજાએ તેમની ભેટથી બમણી કિંમતનુ ઇનામ આપ્યુ. પશ્ચાત સેનાપતિ અબુધસિંહ ઉભો થયો, ને મહારાજાના સિંહાસન સમિપ જઇ પોતાનુ અને અંધકારસિંહ તરફનું અમૂલ્ય નજરાણું નિવેદન કર્યુ. મહારાજા ખુશ થયા ને તેમને મૂલ્યવાન સુવર્ણ મુદ્રાઓ આપી તેમના માનમાં વધારો કરી ખુશ કર્યો. હવે કોઇ બાકી રહ્યું નથી, ધારીને અબુધસિંહે કાળરાત્રિને આંખની ઇશારત કરી પેલી અંગુઠી પહેરાવવાનું સૂચન કર્યું કાળરાત્રિ આસન પરથી ઉતરી મહારાજાની સામે આવી હાથ જોડી કહેવા લાગી, શિરછત્ર સ્વામિન્! આ તમારા ચરણકમળની દાશી પણ આજના માંગલિક પ્રસંગે તેની તરફની એક નજીવી ભેટ આપવા ઇચ્છે છે. સ્વામિન્! તે નજીવી ચીજ તે આ ' અંગુઠી ' છે. તે આપના કર કમળની આંગળીએ ધારણ કરી મા'રી ઇચ્છા પૂર્ણ કરશો. કહી રાણીએ સ્વહસ્તે મહારાજાની આંગળીએ ' ઝેરી અંગુઠી ' પહેરાવી. હવેજ ધારેલું કાર્ય સિદ્ધ થશે ધારીને બેવફા થયેલા સર્વ સભાસદો આનંદિત્ થયા. સરદારોની પાછળ બેઠેલા સ્વામિ ભક્ત સેવકો પ્રતાપ અને મહેન્દ્ર

હજી સુધી કેમ નહિ આવ્યા હોય, શું તેઓ સંકટમાં તો નહિ સપડાયા હોય! એમ તર્કવિતર્ક કરતા ઉંચા નીચા થવા લાગ્યા.

પુનઃ પાછી થોડીવાર શાન્તિ ફેલાઈ રહી. એવામાં એકાએક મહારાજા સુજ્જનસિંહ સિંહાસન પરથી નીચે ઉતરી પડી કારમી ચીશ નાંખી બોલી ઉઠયા. અરે! મ'ને કંઈક થઇ જાય છે; શરીરમાં ભયાનક વેદના થાય છે. મારૂં માથુ ભમે છે. બોલતાં બોલતાં રાજાની જીભ લથડાવા લાગી. શરીર ધ્રુજવા લાગ્યું. સભાજનો સ્તબ્ધ બની ગયા. પુનઃ રાજા માથે હાથ દઈ બોલી ઉઠયો. રાણી! હું ઘોર અંધકાર જોઉં છું. આંખે અંધારાં આવે છે. હા, મૃત્યુ સમિપ હોય એમ ભાસે છે. ઓ, ઓહ્ આ શું....થ....થ....થાય છે? મ'ને સમજ પડતી નથી. મા'રો કંઠ સૂકાય છે. તરસ લાગી છે, પાણી, પાણી, આમ બોલતો રાજા કારમી બૂમ પાડી ઉઠયો. અહા! અપાર વેદના થાય છે, તરસથી જીવ જાય છે, કોઇ પાણી પાઓ. હા, પાણી, પાણી, પ....અ....આ....ણી....થઇ ચૂકયું. રાજા વિશેષ બોલી શકવાને બદલે પૃથ્વી પર પછડાઈ પડયો, અને જોતજોતામાં તો તે ચૈતન્યહિન્ થઇ ગયો. સભામાં હાહાકાર વર્તાઇ ગયો. સેવક પાણી લાવી રાજાને પાવા લાગ્યો. રાજાનું મુખ ઉઘડયું નહિ. પાણી પાવાનો પ્રયત્ન વૃથા ગયો, કપટકળામાં નિપુણ કાળરાત્રિએ કારમું કલ્પાંત કરી મૂકયું. તે માથાં કુટતી વાળ પીંખવા લાગી. સભાના સભાસદો રડવા લાગ્યા, પ્રતાપ અને મહેન્દ્રના નોકરોએ પણ કલ્પાંત કરી મૂકયું. તેમાંનો એક જણ રાજવૈદ્યને બોલાવી લાવ્યો. રાજવૈદ્યે નાડી જોઇ સર્વને જણાવી દીધું કે રાજાના પ્રાણ

ચાલ્યા ગયા છે. કાળરાત્રિ પોક મૂકી રડવા લાગી, રાજાના મૃત્યુ સમાચાર વાનેવેગે નગરમાં ફેલાઈ ગયા. પ્રજાનો આનંદ શોકમાં બદલાઇ ગયો. સઘળા જનો રાજાના અકાળ મરણુથી આક્રંદ કરવા લાગ્યા. સભામાં પડેલા રાજાના શબની આગળ બેઠેલી રાણીના રૂદનનો પાર નહોતો. જો સેનાપતિ અબુધસિંહે સમય સૂચકતા વાપરી તેના હાથ પકડી લીધા ના હોત તો રાણી તેનું માથું કુટી ભાગત. આખરે મહાપરાણે તે શાન્ત થઇ રાજાની અંત ક્રિયા કરવા લાગી. ક્રિયામાં આખો દિવસ ચાલ્યો ગયો. સાંજના સમયે રાજાના શબને પુષ્પોથી શણગારી બહાર કાઢવામાં આવ્યું. શબને સુવારવામાં આવેલી સુખપાલને પ્રતાપ અને મહેન્દ્રના સેવકોએ ઉપાડી હતી. સરદારો પટાવતો અને અન્ય નગરના પ્રતિષ્ઠીતજનો કિલ્લા સુધી શબની સાથે જઇ કાળરાત્રિના સમજાવ્યાથી મુખ્ય દરવાજેથી પાછા વળ્યા. ફક્ત આઠ વફાદાર સેવકોજ રાજાના શબને ઉપાડી સ્મશાનક્ષેત્ર તરફ ચાલ્યા. સ્મશાનક્ષેત્ર નર્મદાના કિનારે આવેલું હતું. ત્યાં આગળ ઘીચ ઝાડી આવેલી હતી. રાજાના શબને તે સ્થળે લાવવામાં આવ્યું. ત્યાં આગળ અગાઉથી સુખડનાં કાષ્ટની ચિતા તૈયાર કરાવવામાં આવી હતી. શબને નર્મદામાં સ્નાન કરાવી ચિતામાં પધરાવ્યું. જલ્દી બળી જાય એને માટે ઉપર પુષ્કળ ઘી રેડવામાં આવ્યું. અંતે અગ્નિ સંસ્કારની તૈયારી થઇ.

રાજાનું અકાળ મરણ જોઈ જગત પર કાળો અંધકાર છવાઇ ગયો. એકાએક આકાશમાં વાદળાં ચઢી આવ્યાં. પવન જોરથી ફુંકાવા લાગ્યો. થોડીવારમાં તો મુશળધાર વરસાદ વરસવા લાગ્યો.

ભયંકર તોફાન શરૂ થયું. ચિતામાં ધુંધવાતો અગ્નિ ઓલાઇ ગયો. પવનના સપાટાથી મોટાં મોટાં વૃક્ષો જમીન પર તુટી પડવા લાગ્યાં. જોતજોતામાં તો સરિતામાં પાણી ચઢવા લાગ્યું. અત્યાર સુધી ચિતાની સમિપ બેઠેલા આઠ સેવકો પણ હવે ત્યાં બેસી શક્યા નહિ. તેઓ એક મો'ટા વૃક્ષ નીચે ટુંટીયાં વાળી બેઠા. દૈવને જાણે રાજાના દેહને ભસ્મ કરવાનું ના ગમતું હોય તેથી જાણે સરિતામાં પૂર ના આણ્યું હોય એમ નદીનું પાણી ચઢવા લાગ્યું, ને તે ઠેઠ રાજાની ચિતાની સમિપ આવ્યું. ચોરસ ગોઠવેલી ચિતા વિખરાઇ ગઇ લાકડાં છૂટાં છવાયાં તણાવા લાગ્યાં. અંતે રાજાનુ શબ પણ પાણીમાં ઉંચુ નીચું થતું તણાઇ જવા લાગ્યું. થોડો દિવસ હતો છતાં જાણે અમાસની કાળી રાત્રિ ન હોય એવો ભયંકર અંધકાર વ્યાપ્યો હતો. આવા ભયંકર તોફાનમા જે સ્થળે રાજાને બાળવા આવેલા આઠ જણા બેઠા હતા, તેમની પાછળની ઘીચ ઝાડીમાંથી એકાએક વીસ માણસો ત્યાં દોડી આવ્યા. દરેકનાં શરીર ઓળખાય નહિ એવી સ્થિતિમાં હતાં. મોઢાપર બુકાનીયો બાંધેલી હતી. વસ્ત્રથી ભીંજાયેલા વીસે જણા હર નર્મ દે, હર નર્મ દે, ના પોકાર કરતા ભયંકર પૂરમાં કુદી પડયા સરિતામાં કુદી પડેલા માણસો, નદીમાં તણાઈ આવતાં લાકડાં ખેંચી કાઢી કિનારે નાંખતા હતા. એવામાં એક જણના હાથમાં રાજાનું મુડદું આવ્યું. રાજાની આંગળીએ ચળકતી પેલી અંગુઠી જોઇ તે આનંદથી બૂમ પાડી ઉઠયો. સઘળા બહાર નીકળી રાજાના મુડદાની આંગળીએથી અંગુઠી કાઢવા લાગ્યા. પણ તે આંગળીએથી નીકળી નહિ. મુકામે જઇ કાઢીશું. એમ વિચારી

સઘળા, એકઠાં કરેલાં લાકડાં અને રાજાના શબને ઉપાડી વરસતા વરસાદમાં ત્યાંથી ચાલતા થયા. વૃક્ષ નીચે બેઠેલા આઠ જણા આવનારાઓની ભયંકર મુખમુદ્રા નિહાળી ભયભીત થઇ ક્યારનાએ ચાલ્યા ગયા હતા. આઠે જણા ભીંજાયેલાં વસ્ત્રે શ્વાસભર દોડતા ચામુંડા દેવીના મંદિર આગળ આવી ઉભા રહ્યા. તેઓને ત્યાં ઉભા રહે થોડીવાર થઈ હશે એટલામાં તો વરસાદ પણ વરસતો બંધ થઇ ગયો.

'દેવીના મંદિરમાં પડેલા પ્રતાપ અને મહેન્દ્ર ક્યારનાએ જાગૃત થઈ ગયા હતા. તેઓને આ બધું શું થઇ ગયું તેની લગીર પણ ખબર પડી નહિ. જ્યારે તેઓ જાગૃત થયા ત્યારે આકાશ મેઘથી છવાયેલું હતું, ને તેથી ઘોર અંધકાર જણાતો હતો. ઉંઘમાંથી ઉઠેલા બને જણા તે અંધકારને રાત માની સવાર હજી નથી થયું જાણી આનંદ પામ્યા. પણ પછી જ્યારે વરસાદ વરસ્યો ને ધીમે ધીમે પ્રકાશ પડવા લાગ્યો ત્યારે તેમને ખબર પડી કે દિવસતો પૂરો પણ થવા આવ્યો છે. હાય! મહારાજાનું શું થયું હશે! એવા વિચારથી બન્ને જણા ચિત્તભ્રમ જેવા બની ગયા. વરસાદ વરસતો તદ્દન બધ થઈ ગયો જોઇ બન્ને જણા દેવીના મંદિરથી બહાર નીકળ્યા. જેવા તેઓ બહાર નીકળ્યા કે તરતજ તેમની દૃષ્ટિ ત્યાં ઉભેલા પોતાના સેવકો પર પડી. અરે આ શું! કહી પ્રતાપ ચમક્યો. એવામાં તો આઠે જણા તેમની પાસે આવી પોક મૂકી રડી પડ્યા, ને બનેલી સઘળી હકીકત કહેવા લાગ્યા. દરબારમાં બનેલી સઘળી બાબતની જાણ થતાં અને માહારાજાના મૃત્યુ સમાચાર શ્રવણ કરતાંજ બન્ને વીર

પુરૂષો હૃદયફાટ કલ્પાંત કરતા જમીન ઉપર પડી આળોટવા લાગ્યા. સેવકોના શાન્તિસૂચક વાકયોથી બન્ને જણા ઘણીવારે સાવધ થયા. તેમણે સેવકોને ફરીથી પૂછયું, સેવકોએ દુ:ખી હૃદયે રાજાના મરણની અને તેમને બાળવા લઇ ગયા, ત્યાં વરસાદ, રાજાની ચિતાનું નદીમાં તણાવું વગેરે અથ ઇતી કહી સંભળાવ્યું. હાય! રાજા સુજ્જનસિંહ! તમે કેવાં અઘોર પાપ કર્યાં હશે કે અગ્નિસંસ્કારથી પણ ગયા. આમ બોલતો પ્રતાપ કરૂણાજનક રૂદન કરવા લાગ્યો. બેવફાઓના દગાથી રાજા મરણ પામ્યા સાંભળી મહેન્દ્રના ક્રોધનો પાર રહ્યો નહિ. તે ભયંકર ત્રાડ પાડી બોલી ઉઠયો. પ્રતાપ હવે શું વિચાર છે?

વીરા! આપણું ધાર્યું ધુળ મળ્યું, આપણે હવે નગરમાં જઈ રાણી સુનંદાને શાન્ત કરી તેના રક્ષણમાં ધ્યાન આપવાનું છે. ભાઈ! ચાલો આપણે તપાસ કરીએ કે હવે કાળરાત્રિનો શું વિચાર છે. પ્રતાપે કહ્યું..

'પ્રતાપ! હું હવે આ અત્યાચાર સહન કરી શકતો નથી, તારા વિચારમાં વિમાસવાનું થાય છે. પ્રતાપ! તું વીર છે! ચાલ આપણે અત્યારેજ નગરમાં જઇ રાજાના પ્રાણનો નાશ કરનારને ખોળી કાઢી આ સમશેરના શિકાર બનાવીએ. કહી મહેન્દ્રે સમશેર ખેંચી. તેનું શરીર ક્રોધથી ધ્રુજવા લાગ્યું. હાથમાં રહેલી સમશેર ઉંચી નીચી થવા લાગી. તેની એવી સ્થિતિ નિહાળી પ્રતાપ તેને કહેવા લાગ્યો. મહેન્દ્ર! આ સાહસ થાય છે. આપણે હવે યુક્તિથી કામ લેવાનું છે. સાહસ કરીશું તો નાહકના પ્રાણ ગુમાવીશું, માટે શાન્ત થા.

'પ્રતાપ! આ હૃદયમાંથી શાન્તિ જતી રહી છે, તે હવે કદાપિ પાછી મળનાર નથી. તારે યુક્તિયો કરવી હોય તો કર. હું હવે તારૂં કહેવું માનનાર નથી. 'પ્રતાપ! આ નાડીયોમાં લોહી ધમધમાટ વહી રહ્યું છે, ને હવે જોજે કે આ મહેન્દ્ર કેટલા દુષ્ટોનાં રક્ત વહેવરાવે છે. આમ બોલતો મહેન્દ્ર ઉન્મત્ થઇ દાંત ભીસી, હાથમાંની તલવાર ઉંચી કરી પુનઃ બોલી ઉઠયો. સાવધ! ક્રૂર ખૂનીયો! રાજા સુજ્જનસિંહના હત્યાકારીયો! આ કોપેલા સિંહથી હવે સાવધ રહેજો. એ કપટી કાળરાત્રિ! એ ઝેરી અંગુઠીવાળી પાપીણી અબળા! તારા વાળ પીંખી નાંખી હું તને તો પાતાળમાં ચાંપીશ. આ હૃદયમાં આગ, બસ આગના સોહલા ભભુકી ઉઠયા છે. કાળરાત્રિ, અબુધસિંહ અને જુનો વૈરી અંધકારસિંહ હવે આ વીરના શિકાર થયા છે. આમ બોલતો મહેન્દ્ર આકાશ સામે જોઇ બોલ્યો. શું રવિ અસ્ત થયો? હા પ્રભાકર તું ભલે અસ્ત થયો હું જાણું છું કે તું પાપીયોના પાપ કર્મથી કંપે છે. દેવ! રામનગરની પર અંધકાર છવરાવી તેં બહુ સારૂં કર્યું છે. આ અંધકારમાંજ પાપીયોના જીવનનો અંત આવશે, તેમનાં શરીરમાંથી નીકળતા લોહીથી આ મહેન્દ્ર મરેલાઓનું તર્પણ કરશે. કહી મહેન્દ્ર નગર ભણી જવાને ઉત્સુક થયો. તેના ક્રોધથી પ્રતાપ પણ કંપી ઉઠયો. તે ધીમે પગલે મહેન્દ્રની પાસે જઇ કહેવા લાગ્યો. મહેન્દ્ર! બાપુ શાન્ત થા. જો તું સાહસ કરે તો પ્રતાપના તને સોગન છે. વીરા! સબુર કર! હું તારી સાથે આવું છું, આપણે બન્ને નગરમાં જઇ પાપીયોને તેમના કર્મનું પ્રાયશ્ચિત કરાવીશું.

'તેના વચનથી મહેન્દ્ર ગર્જી ઉઠયો. પ્રતાપ બસ કર. હું તારૂં કશું પણ સાંભળનાર નથી. હું અત્યારેજ નગરમાં જઇશ ને કાળો કેર વર્તાવીશ.' પ્રતાપ! આ ઉશ્કેરાયેલાને જવાદે, ને મનમાં ધારેલા ખેલ ખેલવા દે. કહી મહેન્દ્ર જવાને ખેંચતાણ કરવા લાગ્યો. અંતે પ્રતાપની અનેક સમજાવટથી તે સ્હેજ શાન્ત થતાં પહેલાં એક વખત કોપપૂર્ણ વચને બોલી ઉઠયો. પ્રતાપ! તું શા માટે રોકે છે? વિચાર કર ક્રોધમાં આવેલા વીર પુરૂષો ન કરવાનાં કામ એક ક્ષણુમાત્રમાં પૂરાં કરે છે. પ્રતાપ! તારા સોગનથી હું શાન્ત થાઉં છું, પણ તે પહેલા હુ અત્યારે એવી પ્રતિજ્ઞા કરૂં છું કે, મા'રા પિતાને મારનાર, વિશ્વાસઘાતી અંધકારને તો હુ છોડનાર નથી તેને પ્રથમ અને બીજાને પછી હું મારી નાંખીશ. પ્રતાપ! આ સમશેરના અને તા'રા સોગન ખાઇને કહું છું કે કાલે સૂર્યાસ્ત પહેલાં હુ અંધકારને જડમૂળથી ઉખેડી નાંખીશ. જો હું તેને મા'રી પ્રતિજ્ઞા પ્રમાણે કાલે સૂર્યાસ્ત સુધીમાં ન મારી શકુ તો બ્રહ્મહત્યાનુ પાપ માથે લઉં છું કહી મહેન્દ્ર પ્રતાપના સામે જોઇ રહ્યો. આખરે બન્ને વીરો એક બીજાની આંગળીએ વળગી પોતાના સેવકો સાથે નગર તરફ ચાલવા લાગ્યા. બરાબર સાય કાળે તેઓ નગરમાં આવી બારોબાર રાણી સુનંદાને મહેલે ગયા. રાણી સુનંદાના કલ્પાંતની અવધી નહોતી. તે મરવાને તૈયાર થઇ હતી. હાથમાં કટાર પકડેલી હતી. પ્રમિલા! કુસુમ અને બાળકુમાર ચોધાર અશ્રુએ રડતાં હતાં. રાણી ગાંડા જેવી બની ગઇ હતી. એવામાંજ પ્રતાપે અને મહેન્દ્રે ત્યાં આવી કટાર છીનાવી લીધી.

રાણી કારમી ચીશ પાડી બેશુદ્ધ બની ગઇ. સઘળાં તેની સુશ્રવા કરવા લાગ્યાં.

પ્રતાપ અને મહેન્દ્ર આવેલી વિપત્તિથી દિઙ્મુઢ જેવા બની ગયા. એટલામાં સમાચાર મેળવવા ગયેલો એક સેવક ખબર લાવ્યો કે કાળરાત્રિએ ઝેરી વીંટી પહેરાવી મહારાજાના પ્રાણ લીધા હતા, ને તે થોડા દિવસમાં ખાલી પડેલા સંહાસને બેસનાર છે.

'હા, રામ, આખરે તે રંડાનું ધાર્યુંજ થયું, કહી પ્રતાપ મહેન્દ્રના સામું જોઇ રહ્યો. મહેન્દ્ર કંઇ પણ બોલ્યો નહિ. ત્યાર બાદ બન્ને જણા બેશુદ્ધ રાણીને સાવધ કરવાના પ્રયત્નો કરવા લાગ્યા.'

પ્રકરણ ૧૫ મું.

ક્રોધની જ્વાળા.

સુજનસિંહના મરણનો આજે બીજો દિવસ હતો. સર્વત્ર શોક પ્રસરેલો હતો. રામનગર ઝાંખુ જણાતું હતું. દરબારીયો કાળાં વસ્ત્ર ધારણ કરી શોક પ્રદર્શિત કરતા હતા. જોતજોતામાં બીજો દિવસ પણ પૂરો થવા આવ્યો, સાંજ પડી, સૂર્યનાં સખ્ત કિરણ સત્વહિન્ થઈ નભમંડળમાં વિલુપ્ત થવા લાગ્યાં. એ સમયે સતી સુનંદાના મહલમાં બેઠેલો મહેન્દ્ર પ્રતાપને આવું છું કહી બહાર નીકળ્યો. પ્રતાપે તેને ઘણીએ ના કહી છતાં મહેન્દ્ર ત્યાંથી ચાલ્યો ગયો. તેનું મન ઉશ્કેરાયેલું હતું. મહારાજાના મરણથી તેના હૃદયમાં સખત આઘાત થયો હતો. ક્રૂર કાળરાત્રિ અને તેના સહાધ્યાઇયોને સાશન આપવા તે આતુર બની રહ્યો હતો. ક્રોધની આગ પગથી તે માથા સુધી પ્રગટી રહી હતી, તેનો ક્રોધ અસિમ હતો. તેની ક્રોધ જ્વાળા કેટલો ઉત્પાત કરશે તે કહી શકાતું નહોતું. મહેન્દ્ર બહાર નીકળી આડો અવળો નહિ જતાં સેનાપતિ અંધકારસિંહના મકાન તરફ ચાલ્યો. ઝડપથી પગલાં ઉપાડતો તે અંધકારના મકાન સમિપ આવી પહોંચ્યો. દરવાજા આગળ ઉભેલા પહેરેદારે તેને ઓળખી સલામ કરી. મહેન્દ્રે અંધકારસિંહ છે કે નહિ, એવો પ્રશ્ન કર્યો. સિપાઇએ નમ્રતાથી જણાવ્યું કે તેઓશ્રી હમણાંજ નર્મદાના કિનારે ફુવા

ખાવા ગયા છે. જો આપ લગીર વ્હેલા આવ્યા હોત તો તેમની મુલાકાત થાત.

'અંધકારસિંહ' નર્મદાને કિનારે ગયો છે. ચાલ જીવ તું પણ ત્યાં ચાલ. હમણાં પૃથ્વીપર અંધકાર છવાશે, ને નર્મદાને કિનારે ફરતો મારો શત્રુ અંધકારસિંહ પણ અંધકારમાં સદાને માટે અદ્રશ્ય થશે. અહા! પ્રભુ કેટલો સાનુકુળ છે? કે જેને હું ખોળવા આવ્યો તે પોતેજ નર્મદાના એકાન્ત ભાગમાં ગયો છે. હા, ત્યાંજ મારી પ્રતિજ્ઞાની પૂર્ણાહુતી થશે, તે નિર્જન સ્થાનમાં અત્યારે કોઇ હશે નહિ. ત્યાં હું જઇશ, પાપી અંધકારને મળીશ, અને તેના રક્તનું તર્પણ કરીશ. આમ વિચાર કરતો મહેન્દ્ર ઝડપથી નર્મદાજીએ જવા નીકળ્યો. થોડીવારમાં તે સરિતાને કિનારે આવી પહોંચ્યો. નર્મદાનું જળ ગંભીર અવાજે ખળખળ અવાજ કરતું રત્નાકરને મળવા જતું હતું, સાંજના સમયનુ અવલોકન કરતાં નેત્રને આનંદ થતો હતો. દૂર પર્વતોની લાંબી હારો કાળાં વાદળાં સમાન જણાતી હતી. તેની પાછળ આ સમયે સૂર્યભગવાન અદૃશ્ય થતા હતા. આકાશ સિંદુરીયા રંગથી સુરમ્ય જણાતું હતું. આવો આનંદકારક સમય ગમે એવા દુઃખીને પણ ઘડીભર સુખ ઉપજાવે એવો હતો.

'શત્રુની શોધમાં આવેલા મહેન્દ્રને કશાનું ભાન નહોતું તે તો એકાગ્ર દૃષ્ટે આમ તેમ જોતો અંધકારને ખોળતો હતો. તેણે ઘણી તપાસ કરી પણ અંધકારસિંહનો ત્યાં પત્તો લાગ્યો નહિ. મહેન્દ્ર વિમાસવા લાગ્યો. શું તે પાપીના સેવકે મને જુઠું કહ્યું હશે? ના, ના, તેને જુઠું બોલવામાં શું સ્વાર્થ! પાપી

અંધકાર આટલામાંજ ફરતો હશે. તે મા'રા પંજામાંથી હવે છટકનાર નથી. હમણાંજ હું તેને પકડી પાડું છું. તેણે જે હાથથી મારા પિતાને તલવારનો પ્રહાર કર્યો હતો, તે હાથ જોત જોતામાં જળમૂળથી કાપી નાંખુ છું. હા; અંધકાર! બચ્ચા થા હવે તૈયાર, ને બની જા આ તલવારનો શિકાર. મારા પિતાના ખૂની! તારે હવે આ પૃથ્વી પર લાંબો સમય રહેવાનું નથી. પ્રભુએ મને પ્રેરણા કરી છે કે અંધકારનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતાર. આમ બોલતો મહેન્દ્ર નર્મદાના કિનારે કિનારે પાપીને શોધતો આગળ ચાલવા લાગ્યો. પોતે ચાલે છે કે અદ્ધર ઉડે છે તેનું ભાન તેને નહોતુ. મહેન્દ્ર ઘણે દૂર આવ્યો. ત્યાં ઝાડી પુષ્કળ હતી, હરણ, વરૂ, વગેરે પ્રાણીઓ મહેન્દ્રના પગ સંચારથી આમ તેમ દોડવા લાગ્યાં. વિકટ ઝાડી આવેલી જોઇ મહેન્દ્ર આગળ નહિ જતાં ત્યાંજ અટક્યો. તેણે આસપાસ જોયું. એવામાં એકા એક તે ચમક્યો. તેનાથી દશેક કદમ કિનારા ઉપર પડેલા એક પથ્થર ઉપર કોઇક મનુષ્યાકૃતિ નીચું જોઇ બેઠી હતી. મહેન્દ્ર પાંચેક કદમ આગળ વધી તેને જોવા લાગ્યો. તેને જોતાંજ તેણે મનમાં હર્ષની બૂમ મારી. તે જેને શોધતો હતો, એજ અંધકારસિંહ ત્યાં બેઠો હતો. શત્રુને જોતાંજ તે ક્રોધાક્રાન્ત બની ગયો, શરીર શૌર્યથી ધ્રુજવા લાગ્યું. હાથ કંપાયમાન થઇ કમ્મરે લટકતી તલવાર તરફ વારંવાર જવા લાગ્યા. આંખ્યોમાંથી અગ્નિના તનખા ઝરવા લાગ્યા. શત્રુ પાસે છે ધારી મહેન્દ્ર ઉંચે જોઇ આત્મગત બોલવા લાગ્યો. હા, અંધકાર! યમરાજને સ્વાધિન થનાર અંધકાર! તારૂં જીવન હવે મારા હાથમાંજ છે. નિર્દય ખૂની! તું

અત્યારે અહિં આવ્યો છે, તે તારો કાળજ તને ખેંચી લાવ્યો છે. પુનઃ મહેન્દ્ર તેના સામે દૃષ્ટિ કરી બોલવા લાગ્યો. પાપાત્મા! કંઇક વિચારમાં હોય એમ જણાય છે. પાપીનો વિચાર પાપમયજ હશે. તેના વિચાર થોડા વખતનેજ માટે છે. દુષ્ટ! અંધકાર! હવે વિચાર કરવા હોય એટલા કરી લે, પછીથી સમય મળશે નહિ. તારા મૃત્યુ સમયના દૂતો તા'રી રાહ જોઇ રહ્યા છે. દૂતો! હમણાજ પાપી અંધકાર તમારા સ્વાધિન થઇ જશે, થોડી વાર સબુર કરો. આ મહેન્દ્રની તરસી તલવાર તેના શરીરમાં પ્રવેશી તેના રક્તનું પાન કરશે, કે તરત ખૂની અંધકાર તમારા તાબામાં આવી જશે. ચાલ! હવે હું તેની પાસે જાઉં, ને તેને વિચારમાંથી જગાડું. કહી મહેન્દ્ર વિદ્યુત વેગે તેની નિકટ આવી પહોંચ્યો, અને નીચે વદને બેઠેલા અંધકારના ખભા પર હાથ મૂકી મહેન્દ્ર શાન્ત સ્વરે બોલ્યો. અંધકારસિંહ!

'અંધકાર ચમક્યો ને તેની સામું જોઇ બોલ્યો. કોણ મહેન્દ્રસિંહ! અત્યારે અહિં ક્યાંથી ?'

'હું તો ફરતો ફરતો અહિં આવી ચઢયો છું. પણ તમે અત્યારે આવા વિકટ પ્રસંગે આ નિર્જન સ્થાનમાં અત્રે બેશી શું વિચાર કરો છો? મહેન્દ્રે પૂછ્યું.'

'બીજા તે શાના વિચાર હોય, પણ મહારાજાના મરણના વિચાર કરૂં છું, કે થોડા વખતમાં આ શું થઇ ગયું!'

'અંધકારસિંહ! ઇશ્વરની માયા અગમ્ય છે તે એક ક્ષણમાં નવા જુની કરવા સમર્થ છે. વારૂં અંધકારસિંહ! હવે કોઇ શિકાર બાકી રહ્યો છે કે?'

'શિકાર ! અંધકાર ચમકીને પૂછવા લાગ્યો. મહેન્દ્રસિંહ ! તમે આશું બોલો છો. અમારો શિકાર કોણ છે ? તમારા બોલવાનો ભાવાર્થ સમજવામાં આવતો નથી. તમે મારી મશ્કરી તો કરતા નથીને ?'

'મશ્કરી ! બીજું શું ? મહેન્દ્ર હશી પડયો.'

'મહેન્દ્રભાઇ ! તમે હજી એવાને એવાજ રહ્યા. તમારી મશ્કરીની ટેવ હજી પણ ગઇ નહિ. હવે તો ડાહ્યા થાઓ, પિતાજી નથી કે તમને શીખામણ આપે. તમારે રાજકાર્યમાં ધ્યાન આપી તેમનાથી પણ વધારે કીર્તિ સંપાદન કરવી જોઇએ.

'તમારી વાત સત્ય છે. અંધકારસિંહ ! હું હમણાં એવું તો મહાન્ કાર્ય કરનાર છું કે તે કાર્યની પૂર્ણાહુતી થતાં સ્વર્ગમાં ગયેલા મારા પિતા આનંદ પામી મને આશિર્વાદ દેશે, અને આ પૃથ્વીનાં કેટલાક માણસો મારા કામથી પ્રસન્ન થઇ ખુશી થશે. અંધકારસિંહ ! આપ તો મોટા સેનાપતિ છો, હું આપને કંઇ પણ કહેવાને લાયક નથી. પરંતુ ન છૂટકે કહું છું કે આપ મારૂં એક કાર્ય કરશો ?'

'મહેન્દ્ર ! તમારૂં દરેક કામ કરવાને હું તૈયાર છું. તમારા સ્વર્ગસ્થ પિતા પણ તેમનું દરેક કાર્ય મનેજ સોંપતા હતા. તમારૂં કામ કરવાને હું બંધાયેલો છું. માટે જે કાંઇ કામ હોય તે બેલાશક જણાવો.'

'મારે આપની સાથે એક જણને સંદેશો મોકલાવવો છે, હું ધારૂં છું કે તે સંદેશો આપ પહોંચાડશો.'

'ઘણી ખુશીથી. મહેન્દ્ર! તમારો સંદેશો કોને પહોંચાડવો છે? હું તેને ઓળખું છું કે નહિ?'

'તમે તેમને ઘણી સારી રીતે ઓળખો છો. તમે તેનું તો એવું કામ કર્યું હતું કે જેનાથી તે માણુસને દુનિયામાં કંઈ પણ કરવાનું બાકી રહ્યું નથી. તે માણુસ તમારી કૃપાથી હાલ નિવૃત થઇ, મારો સંદેશો તમારાજ મુખથી સાંભળવાને ઇચ્છે છે.'

'જ્યારે એમ છે, તો હું ઘણી ખુશીથી તેને મળી તમારો સંદેશો પહોંચાડીશ. બોલો, તેનું શું નામ છે?'

'તેમનું નામ "વિજયરાય" છે.

'શું વિજયરાજ! તે કોણ? અંધકારે ઉભા થઈ પૂછ્યું.

'જેને તમે સ્વર્ગમાં મોકલ્યા છે તે મારા પિતા, બીજા કોઇ નહિ. મારે તેમનેજ સંદેશો મોકલાવવો છે. તેમને સંદેશો પહોંચાડનાર મારી નજરમાં બીજો કોઇ જણાયો નહિ તેથીજ તમને મોકલવાનું કહ્યું.'

'મહેન્દ્ર! તમે ગાંડા તો નથી થયાને?'

'તેની પણ હમણાંજ ખબર પડશે.'

'તમારા બોલવાનો શું ભાવાર્થ છે?'

'તે હું તમને હમણાંજ ખુલાશાથી જણાવું છું. અંધકારસિંહ! તમારો જમણો હાથ લાંબો કરો જોઇએ. મારે તમને કંઇક આપવું છે. આમ કહેતાં તેનું મુખ લાલચોળ થઈ ગયું. આંખોમાંથી અગ્નિ ઝરતો હોય એમ ભાસવા લાગ્યું. તેની ઉગ્ર

મૂર્તિ નિહાળી અંધકાર ક્ષણભર સ્તબ્ધ બન્યો. પણ મુખ ગંભીર રાખી પૂછવા લાગ્યો. મહેન્દ્ર ! મારા જમણા હાથનું શું કામ છે ?'

'તેને તમારા શરીરથી છૂટો પાડવાનું જ કામ છે. મહેન્દ્રે કર્કશસ્વરે કહ્યું.

'કારણ ?'

'કારણમાં એજ કે તે પાપી હાથે એક વૃદ્ધ મહાત્માનું ખૂન કર્યું હતું, તેથી તેને શિક્ષા કરવાની છે.'

'મહેન્દ્ર ! તું શું બોલે છે તેનું તને જ્ઞાન છે ?'

'અંધકાર ! તેં ગરીબનાં ગળાં કાપ્યાં તેનું ભાન છે ? જો તને તેનું ભાન હોય તો મને બોલવાનું જ્ઞાન હોય ?

'મને તો તું ગાંડો થયો હોય એમ જણાય છે ?'

'અને મને પણ તું કાળનો ગ્રાસ થઈશ એમ જણાય છે.

'મહેન્દ્ર ! તું મૂર્ખ છે ?

'તું પણ દુષ્ટ છે.'

'મહેન્દ્ર ! ચૂપ થા, હજી તું બાળક છે.'

'નરાધમ ! આ બાળક તારો કાળ છે.'

'છોકરા ! તું શું બકે છે ? બોલવાનું ભાન રાખ, આ અંધકારસિંહ તને બાળક જાણી ક્ષમા કરે છે, કારણ કે અત્યારે તારી ડાગળી ખસી ગઇ હોય એમ જણાય છે !'

'અંધકાર ! આગળ વધતી જીભને ખેંચી પકડ, અને એકદમ તારો જમણો હાથ સામે ધરી દે.'

'છોકરા! તું ઘણો ઝનુની છે.'

'નરપિશાચ! તું પણ એક ભયંકર ખૂની છે.' તેં નિર્દોષનું લોહી વહેવરાવ્યું છે, આ શાન્ત હૃદયમાં આગ લગાડી છે. ખૂની! બોલ જવાબ દે કે ત્હેં એવાં ભયંકર કાળાં કામ શું મતલબથી કયા છે?'

'તે પૂછવાનો તને શું અધિકાર છે? છોકરા! તારૂં મ્હોત તને ભમાવે છે'

'મારૂં મ્હોત ભમાવે છે કે તારૂં, તે જોવાને તૈયાર થઇ જા. શરીરે ફુલેલા ગધેડા, આ તારાથી નાના મહેન્દ્રના હાથનો સ્વાદ લેવા સાવધ થઇ જા'

'મહેન્દ્ર! મારા બળનો મુકાબલો તારાથી થઇ શકશે નહિ, હું તને એક મચ્છરની માફક મસળી નાંખીશ.'

'તે પહેલાં હું તને જમીનદોસ્ત કરી દઇશ. ચાલ, નરાધમ સાવધ, અને જોઇ લે આ વીર કેશરીનો સપાટો કહી મહેન્દ્ર અંધકારની ઉપર તુટી પડયો. બન્ને મલ્લયુદ્ધ કરવા લાગ્યા. અંધકાર ભયંકર રૂપ ધારી મહેન્દ્રને વારવાર પૃથ્વી પર પછાડવા લાગ્યો, છતાં મહેન્દ્ર તેનાથી હઠયો નહિ, તે જીવ ઉપર આવી અંધકારની સાથે લઢવા લાગ્યો. શાન્ત સમયે નર્મદાના નિર્જન સ્થાનમાં બન્નેનું તુમુલ યુદ્ધ ચાલવા લાગ્યું. મહેન્દ્ર જોરથી અંધકારના શરીરે વળગ્યો હતો, તેના ક્રોધની સિમા નહોતી, તે અંધકારના શરીર પર પ્રહાર કરતો હતો. બન્નેનું યુદ્ધ ઘણીવાર સુધી ચાલ્યું. આખરે મહેન્દ્ર થાકવા આવ્યો, પણ એટલામાં આમ તેમ ઘુમતા અંધકારને વચમાં પડેલા એક મોટા

પથ્થરની ઠોકર વાગી. અંધકાર જમીન પર પડી ગયો. લાગ જોતો મહેન્દ્ર આવો અમૂલ્ય સમય પ્રાપ્ત થતાં વાઘની માફક છલંગ મારી તેની છાતી ઉપર ચઢી બેઠો. અને ભયંકર ક્રોધથી તેના મુખ પર મુક્કાના સખ્ત પ્રહાર કરવા લાગ્યો. અંધકાર ગભરાયો. તેણે ઉઠવાને ઘણો યત્ન કર્યો છતાં તેના પ્રયત્નમાં તે ન ફાવ્યો. એટલામાં તો મહેન્દ્રે કાળની જીભ સમાન તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢી. તલવાર વિદ્યુતની માફક ચળકવા લાગી. મહેન્દ્ર અંધકાર સામે જોઇ ક્રોધયુક્ત બોલ્યો. ઘોર ખૂની ! જે જમણા હાથથી ત્હેં મારા પિતાનો વધ કર્યો હતો, તે તારો હાથ હું જડમૂળથી ઉખેડી નાંખી પિતાના વૈરનું પ્રાયશ્ચિત કરૂંછું કહી મહેન્દ્રે તેના જમણા ખભા પર જોરથી ઘા કર્યો. વૃક્ષ ઉપરથી ડાળ તૂટું પડે તે પ્રમાણે અંધકારનો હાથ શરીરથી છૂટો પડયો. અંધકારે કારમી ચીસ પાડી, મહેન્દ્રે અટ્ટાહાસ્ય કર્યું રૂધીરની ધારા વહેવા લાગી, અંધકારની આંખ્યો ઉંચી ચઢવા લાગી. તેને અત્યંત વેદના થતી હતી, તે તરફડવા લાગ્યો. તેનું આખું શરીર પરસેવાથી ભીંજાઇ શીતળ થઇ ગયું. પાપી અંધકાર મહેન્દ્રના સામે જોઈ રહ્યો. મહેન્દ્ર અત્યારે જ્ઞાનહિન થઇ ગયો હતો, તેના આખા શરીરમાં ક્રોધનો સંચાર થઇ ગયો હતો, તેથી તે છતી આંખે અંધ બન્યો હતો. તેણે ભયંકર ત્રાડ પાડી અંધકારને કહ્યું. પાપી અંધકાર ! તેં ઘણાંજ દુષ્ટ કર્મ કર્યા છે. પાપી ત્હેં એક કુટિલ અબળાને વશ થઇ ધર્મિષ્ટ રાજાના પ્રાણને હાની પહોંચાડી છે. ધિક્કાર છે તને અને તને જન્મ આપનારી તારી માતાને. નરાધમ ! ત્હેં જેનું ખાધું તેનુંજ

સર્વસ્વ નાશ કર્યું! દુષ્ટ! તું જન્મતાંજ મૃત્યુ વશ કેમ ના થયો? તારા જીવનની અહિં કાંઇ જરૂર નહોતી. ઘોર ઘાતકી! તારા આખા શરીરમાં વિષનો સંચાર છે. હું હમણાંજ તારા શરીરના કટકા કરી વિષ વિહીન કરૂંછું. અંધકાર! અધિકારમાં અંધ થયેલા અંધકાર! કેમ આમ શાન્ત થઇ પડયો છે? એક શબ્દ તો બોલ! તારા મરણ પછી હું તારો એક પણ શબ્દ સાંભળી શકનાર નથી. માટે બોલ! કહી મહેન્દ્ર તેને હલાવવા લાગ્યો.

'અંધકાર' મરણની સમિપ હતો, તેની નાડીયો તુટતી હતી, તે બળાત્કારે બોલ્યો. મહેન્દ્ર! મને માફ કર! હું તારો અને ઇશ્વરનો મહાન્ ગુન્હેગાર છું. ભાઇ! દયા, મારૂં મરણ હવે પાસે છે. મહેન્દ્ર! મારો જીવ ગભરાય છે, હું ઇશ્વરના દરબારમાં પાપની શિક્ષા ખમવા જાઉંછું. તે પહેલાં હું તારી ક્ષમા યાચુંછું.

'પિશાચ! તુ ક્ષમાને પાત્ર નથી, પ્રભુના દરબારમાં તારે ભયંકર શિક્ષા સહન કરવી પડશે. દુષ્ટાત્મા! જે સમયે વૃદ્ધ વિજયરાજ તારી તલવારના ભોગ થઇ લોહીમાં રંગાઇ જમીન પર તુટી પડયા હતા, અને તને શીખામણ દેતા હતા એવામાંજ ત્હેં તેમની શીખામણ નહિ સાંભળતાં બીજો ઘા કર્યો હતો, તે યાદ છે કે? ખૂની! તે વખતનો દેખાવ અત્યારે મારી દૃષ્ટિ સમિપ દેખાય છે. પાપી! તું પણ હવે જવાને તૈયાર થા. પ્રભુને મનમાં યાદ કરી થોડાંક પાપમાંથી બચવું હોય તો બચી લે. હું તારૂં માથું કાપી તારા લોહીનું તર્પણ કરૂંછું. બસ, સાવધ, તારો સમય આવી પહોંચ્યો. મહેન્દ્રે કારમી ગર્જના કરી કહ્યું.

અંધકાર! સંભાળ. કહેતાંજ તેણે જોરથી તેના ગળાપર તલવારનો ઘા કર્યો. એક ઝીણી ચીસની સાથે અંધકારનું માથું ધડથી છૂટું થઇ ગયું. શિર વિનાનું શબ થોડી વાર તરફડી અચેતન થઈ પડયું. લોહી જોશબંધ વહેવા લાગ્યું, મહેન્દ્રે તેના લોહીથી ખોબો ભરી પિતાનુ વેર પૂર્ણ થયું. કહી તેના રૂધીરને નર્મદાના જળમાં રેડી દીધું, અંતે મહેન્દ્ર ઉભો થયો પાપીના શબને સરિતામાં પધરાવી દીધું, તેના માથાને જળમાં બોળી સાફ કરી સાથે લઇ લીધું. નર્મદાના પ્રવાહમાં પાપીનું શબ તણાવા લાગ્યું જ્યાં સુધી તે દૃષ્ટિ મર્યાદામાંથી અદૃશ્ય ન થયું ત્યાં સુધી મહેન્દ્ર તણાઈ જતા શબને જોઇ રહ્યો. તેના માથેથી જાણે મહાન્ ભાર ઓછો ન થયો હોય એમ મહેન્દ્રને થવા લાગ્યું તે અંધકારનુ માથું લઇ ફરતો ફરતો રાત્રિના અગિયાર વાગે તેના મહેલે આવ્યો. નોકર ચાકરો ઉંઘતા હતા તેમને નહિ જગાડતાં મહેન્દ્ર મહેલમાં ગયો, અને એક નાની પેટીમા અંધકાર નામાથાને મૂકી નિદ્રા લેવા પલંગમાં પડયો તેનું ધારેલું કામ પૂર્ણ થવાથી તેનું હૃદય શાન્ત થયું હતું. તેથી મહેન્દ્ર થોડીવારમાં સર્વ દુઃખ, કલેશ, વૈર વગેરે વિસારી ગાઢ નિંદ્રાને આધિન થઇ ગયો. '

પ્રકરણ ૧૬ મું.

રંગમાં ભંગ.

દિવસ પર દિવસ જવા લાગ્યા, શોકનું ઓસડ દહાડા એ પ્રમાણે મહારાજાનો શોક ઓછો થવા લાગ્યો. આજે સવારથી રામનગરમાં ધામધુમ થઈ રહી હતી. લોકો નવાં વસ્ત્રાભુષણ સજી દરબારગઢમાં જતા હતા. શાન્તિ સૂચક વાજાં મધુર સ્વરે વાગી રહ્યાં હતાં. દરબારના વિશાળ ચોગાનમાં માણસોની મેદની મળી હતી દરબારી હોલ પણ સામંતો, સરદારો, પટાવતો વગેરેથી ચિકાર ભરાઇ ગયો હતો. આજે રામનગરની ખાલી પડેલી ગાદી ઉપર મહારાણી કાળરાત્રિ બિરાજમાન થવાની હતી. એજ કારણથી આજે ધામધુમ થઇ રહી હતી. સભામાં બેઠેલા સભાસદો મહારાણીની રાહ જોઇ રહ્યા હતા. રાજ્યગુરૂ રાજ્યાભિષેકની ક્રિયામાં જોઈતા સામાન સાથે કાળરાત્રિના આવવાના માર્ગ પ્રતિ નિરીક્ષા કરી રહ્યા હતો. એવામાં પ્રતાપ અને મહેન્દ્ર દરબાર તરફ આવતા જણાયા. મહેન્દ્રના હાથમાં આ સમયે એક સુશોભિત નાનકડી પેટી હતી. પેટી દરબારમાં શા માટે લાવ્યો છે, એમ પ્રતાપે ઘણી વખત તેને પૂછયું હતું. પણ તેણે પ્રતાપને કંઇજ નહિ. સ્હેજ, કહી જવાબ આપ્યો હતો. આજે મહેન્દ્ર તદ્દન શાન્ત જણાતો હતો. તે હજુ સુધી પ્રતાપની સાથે કંઇ પણ બોલ્યો નહોતો. તેના વર્તનથી

પ્રતાપને નવાઈ લાગી, તે મનમાં અનેક પ્રકારના વિચાર કરતો વારંવાર મહેન્દ્રની સામે જોતો હતો. મહેન્દ્ર તો નીચું નિહાળીનેજ ચાલતો હતો. બન્ને વીર એક બીજાની આંગળી પકડી ચાલતા હતા. તેમણે આજે અપૂર્વ સ્વાંગ ધારણ કર્યો હતો. રામ લક્ષ્મણ સમાન શોભના પ્રતાપ અને મહેન્દ્રને જોઇ જોનારના નેત્રોને આનંદ થતો. ગભીર વદને બન્ને જણાએ સભાગૃહમાં પ્રવેશી પોતાના આસનો પર સ્થાન લીધું. મહેન્દ્ર આસપાસ જોવા લાગ્યો. ખાલી રાજ્ય સિંહાસન પ્રતિ નજર કરતાં તેની આંખમાંથી અશ્રુબીંદુ નીકળી પડયાં, તેની કોઇને ખબર પડી નહિ.

‘ બહાર તોપોના અવાજ થયા, સઘળાને ખબર પડી કે મહારાણી પધારે છે. થોડીવારમાં મહારાણી સુખપાલમાં બેસી ત્યાં આવી. તેને લેવાને માટે સેનાપતિ અબુધ સંહ અને બીજા બે સરદારો દ્વાર સુધી સામા ગયા. હસ્તેવદને સુખપાલમાંથી ઉતરી કાળરાત્રિ અંદર આવી. પીઠ પાછળ લટકતો જરીનો સાહ્યો ઉંચકીને અબુધસિંહ તેની પાછળ ચાલી આવ્યો. ચપળ ચક્ષુઓ ચારે તરફ ફેરવતી રાણી સભાગૃહમાં આવી સિંહાસનારૂઢ થઈ. દરબારી મંડળે ઘુંટણીએ પડી તેને નમન કર્યું. રાજ્યગુરૂએ ક્રિયા શરૂ કરી, કાળરાત્રિને મંગળમય આશિષ દેઈ રાજ્યમુકુટ ધારણ કરાવ્યો; અને રાજ્યદંડ હાથમાં આપ્યો. સઘળાએ મહારાણીનો જયધ્વનિ કર્યો. પુનઃ તોપોના બહાર થવા લાગ્યા. આનંદનાં વાજીંત્ર જોરથી વાગવા લાગ્યાં. બંધિવાનો મૂક્તિ મળવાથી જયજયકાર કરવા લાગ્યા. કાળરાત્રિએ ખોબે ખોબે સોના મ્હોરો બ્હેંચી ગરીબ જનોને પ્રસન્ન કર્યા. સરદારો, પટાવતો વગેરેને મણિ મુક્તા, આભુષણો વગેરે આપી સંતોષ

પમાડયા. કોઇ દિવસ નહિ મળેલું દ્રવ્ય થોડીવારમાં મળતાં સરદારો મહારાણીની ઉપર ઘણાજ પ્રસન્ન થઇ ગયા. પુનઃ સઘળે શાન્તિ છવાઇ ગઇ. અંતે રાણી કંઇક વિચાર કરી પ્રતાપ સામે નિહાળી બોલી. પ્રતાપસિંહ! તમે મારા જામાત્ર છો, અને આ રાજ્યના વફાદાર સરદાર છો. તેથી હું તમારી ઉપર પ્રસન્ન થઇ તમારા પિતાનું સેનાપતિ પદ તમને સોપુ છું. તમારા પિતાને તેમની ફરજમાંથી મૂક્ત કરી પ્રધાન પદે સ્થાપુ છું. પ્રતાપસિંહ! તમે સર્વ ગુણ સંપન્ન છો તેથી વિશેષ નહિ કહેતાં આશા રાખું છું કે સોપેલા સેનાપતિ પદને વફાદારીથી વર્તી તમારી કીર્તિમાં વધારો કરશો.' પ્રતાપસિંહ! આમ આવો, ને આ સેનાપતિના પદની સુવર્ણ મુદ્રા સાથે આ હિરાજડિત્ર સમશેરનો સ્વિકાર કરો.

તેનાં વચન સાંભળી પ્રતાપ કંઇ પણ નહિ બોલતા તેની પાસે ગયો, ને એક કાષ્ટના પુતળાની માફક ઉભો રહી તેણે હાથ લાંબો કરી સુવર્ણ મુદ્રા અને સમશેર કાળરાત્રિ પાસેથી લીધી.

કાળરાત્રિએ હાષ્ય કરી કહ્યું:-પ્રતાપસિંહ! દરેક માણસમાં એક અવગુણ હોય છે, એ પ્રમાણે તમારામાં એક પણ અવગુણ રહેલો છે તે એ કે, પોતાના માલીકની આગળ કેમ વર્તવું તેનું તમને ભાન નથી. માટે તેનો વિવેક હવેથી શીખજો. જાઓ હવે તમારા આસન પર બેસો.

'તેનાં વચનો તીરની માફક પ્રતાપના હૃદયમાં ખુંચવા લાગ્યાં. તે ચૂપચાપ નીચે વદને તેના આસન પર આવી બેઠો.

તેના ગયા પછી કાળરાત્રિએ મહેન્દ્ર સામે જોઇ પૂછયું. મહેન્દ્રસિંહ?

'શું છે! મહેન્દ્રે આસન પર બેસી રહી જવાબ આપ્યો.

કાળરાત્રિ આશ્ચર્ય પામી, તે લગીર રોષયુક્ત વદને બોલી. મહેન્દ્રસિંહ આમ આવો.

'મહેન્દ્ર આસન પરથી ઉતરી તેના સામે ઉભો રહી બોલ્યો. મને કેમ બોલાવ્યો!'

તેના વર્તનથી કાળરાત્રિને અજાયબી ઉત્પન્ન થઇ. તેણે ગંભીર મુખે કહ્યું. મહેન્દ્ર! તમે પણ પ્રતાપની માફક અવિવેકી છો, રાજ્ય સિંહાસન સમિપ કેવી રીતે વર્તવું તે જાણોછો?

'હા, જાણુનો હતો, પણ રામનગરના સૂર્યાસ્તથી સઘળું ભૂલી ગયો છું. મહારાણી! આ મહેન્દ્રનું મન કેટલાક દિવસથી ફરી ગયું છે.'

'મહેન્દ્ર! થનાર વસ્તુ થયાજ કરે છે, મહારાજાના મૃત્યુનું દુઃખ તમને સાલતું હશે. પણ તેમાં આપણો ઉપાય નથી દૈવ ઇચ્છા બળવાન છે માટે સર્વ શોકનો ત્યાગ કરો, ને હું આપુ તે પદવીનો સ્વિકાર કરો. મહેન્દ્રસિંહ! હુ તમને મોટી પદવીએ ચઢાવવા ઇચ્છું છું.'

'આપનો ઉપકાર થયો. મહારાણી! હાલમાં મારૂં ચિત્ત વ્યગ્ર હોવાથી હું આપની આપવા ધારેલી પદવીનો અસ્વિકાર કરૂંછું. કહી મહેન્દ્રે નીચું જોયું.

તેના બોલવાથી સભાસદો આશ્ચર્ય પામ્યા. પ્રતાપ તો ચિત્રવત્ બની તેના સામેજ જોઇ રહ્યો. કાળરાત્રિ પણ દિઙમુઢ બની અંતે બોલી મહેન્દ્ર! અમૂલ્ય સમય વારે ઘડીયે આવતો નથી, આવી સોના સમાન તક શા માટે ગુમાવો છો?'

'નીતિજ્ઞ પુરૂષોને હમેશાં અમૂલ્ય સમય પ્રાપ્ત થાય છે, તેની પણ તેઓ દરકાર કરતા નથી. મહારાણી! હું આપની

આપેલી પદવીનો સ્વિકાર કરી નીતિથી ભ્રષ્ટ થવા ચાહતો નથી.

'એટલે! સ્પષ્ટ સમજાવો.'

'સ્પષ્ટ શું સમજાવું? સમજવું હોય તો સમજી જાઓ કે તમે મહાન્ અપરાધિ છો.'

'શું હું અપરાધિ છું? કાળરાત્રિ કર્કશસ્વરે બોલી આસન પરથી નીચે ઉતરી પૂછવા લાગી. મહેન્દ્ર! મ્હેં શું અપરાધ કર્યો છે?'

'ન પૂછો, મહારાણી તે વાત અત્યારે ન પૂછો. કારણ કે તે ઢંકાયેલી વાતને ઉઘાડી કરતાં ભયંકર આગ લાગશે. તમારા શરીરમાં વાસ કરી રહેલું વૈર વૃદ્ધિ પામશે. તેમાં કાંતો તમે કે આ મહેન્દ્ર પતંગોયા રૂપ થઇ નાશ પામશે.'

'મહેન્દ્ર! સ્પષ્ટ જણાવ કે તું શું કહેવા માગે છે, તારા મર્મયુક્ત વાક્યોથી આ કાળરાત્રિ વ્હેમાય છે. બોલ, જલ્દી જણાવ કે તારા પેટમાં કઇ વાત છૂપાઇ રહી છે? રાણીએ ક્રોધથી પૂછ્યું'

'મહારાણી! જ્યારે તમે પૂછોછો ત્યારે કહુછું કે તમે મહાન્ પાપી છો; મહારાજાના મૃત્યુનું કારણ આપ પોતેજ છો. આ સામે જણાતી પવિત્ર ગાદીને તમે કલંકિત્ કરી છે. આ મહેન્દ્ર તેજ કારણથી તમારી આપવા ધારેલી પદવીને અંતઃકરણથી ધિક્કારે છે.

મૂર્ખના સરદાર! શું મારો તિરસ્કાર! કાળરાત્રિ ગર્જી ઉઠી.

સભા સ્તબ્ધ બની ને શું થશે, એમ તર્કવિતર્ક કરવા લાગી.

એટલામાં તો મહેન્દ્ર બોલી ઉઠયો. કાળરાત્રિ! જે સજ્જન છે તેના મુખમાથી કદાપિ પણ હલકા શબ્દો નીકળતા નથી. પણ જે નીચ છે, દુષ્ટ છે, તેજ હલકા શબ્દો બોલી જાણે છે. રાણી!

આ મહેન્દ્ર વીરપુત્ર છે, તેને હલકા શબ્દોથી બોલાવતાં વિચાર કરજો, નહિ તો પરિણામ વિપરીત આવશે.

'નાદાન છોકરા! નહાના મોઢે બોલતાં વિચાર કરતો નથી? રામનગરની મહારાણીના શિરે કલંક મૂકતાં શરમાતો નથી?'

'શા માટે શરમાઉં? હું જુઠું કલંક મૂકવા કદાપિ હિંમતવાન થાઉં નહિ. આ મહેન્દ્ર સત્યને માટે પ્રાણ આપવા તૈયાર છે. મહારાણી! શા માટે જુઠું બોલી પ્રભુનાં અપરાધિ થાઓ છો! મહારાજા સુજ્જનસિંહના પ્રાણનો નાશ થયો તે ઝેરી અંગુઠીને જાણો છો છતાં શા માટે મને પૂછો છો?'

'બસ કર! મહેન્દ્ર! તું હદ બહાર જાય છે તા'રાં વચનોથી આ શરીર ક્રોધની જ્વાળાથી ઘેરાય છે. મૂર્ખ! તું ઘણો જ્ઞાની છે તો સમજજે કે હવે કાળથી તું ઘેરાય છે.'

'મારો વાંકો વાળ કરવાને કોઈનું ગજું નથી! નારાયણની કૃપાથી નીતિજ્ઞ જનો એક વખતે કાળને પણ કંપાયમાન કરી મૂકે છે. તા'રા ક્રોધની જ્વાળ આ મહેન્દ્ર તૃણવત્ લેખે છે! અભિમાની રાણી! રાજાનો નાશ કરનારી કાળી પિશાચની! આ વીર! તારી સમક્ષ નિડર થઇને ઉભો છે. તે તને અને પાપમાં પ્રવર્ત થએલા આ તારા સઘળાં સભાજનોને ધિક્કારે છે. આમ બોલતો મહેન્દ્ર ક્રોધથી કંપવા લાગ્યો. તેનું હૃદય આકળ વિકળ થઇ ગયું. પોતે શું બોલે છે તેનું ભાન વિસારી મૂક્યું. સભામાં બેઠેલા સરદારો તેની ઉપર ગુસ્સે થઇ ગયા. પ્રતાપ દિઙ્મુઢ બની એને સમજાવું કે નહિ. તે મારૂં માનશે કે નહિ, એમ વિચાર કરતો બેસી રહ્યો કાળરાત્રિ પણ તેનાં વાક્યોથી થોડીવારને માટે જડવત્ બની ઉભી રહી.'

પ્રકરણ ૧૭ મું.

કોપેલી કાળરાત્રિ.

છંછેડાયલી નાગણ, ઉશ્કેરાયેલો વાઘ જેમ ભયંકર ગર્જના કરે એ પ્રમાણે ખૂની કાળરાત્રિ ક્રોધથી લાલચોળ બની બોલી ઉઠી. નિમકહરામ! તારા બોલેલા શબ્દો હું તા'રા મુખમાંજ સમાવું છું.

કાળરાત્રિ! નિમકહરામ હું કે તું તે તા'રા હૃદયને પૂછી જો! મહેન્દ્રે કહ્યું.

'ઉદ્ધત! યાદ રાખ કે તું જોત જોતામાંજ લોહની સાંકળોથી બંધાઈ ભુંડી હાલતે મૃત્યુને શરણ થશે.'

'ભાવી મિથ્યા થશે નહિ, થવાનું અવશ્ય થશે. આ મહેન્દ્ર તેથી લેશ માત્ર પણ નહિ ડરશે.'

'અભાગી મહેન્દ્ર! શું તા'રી ઇચ્છા મ'ને મારવાની છે?

'તને મારવા શ્રીભગવાન સમર્થ છે. તારૂં પાપ પ્રકાશશે ત્યારે તું અવશ્ય ભયંકર મૃત્યુથી મરશે.'

'હું મરીશ કે તું! તેની તને હમણાંજ ખબર પડશે. રામનગરની મહારાણી જે ધારે તે કરવા સમર્થ છે ધારશે તો આ આકાશ અને અવનિ એક કરશે, તા'રા ઝીણા કટકા કરી છૂટા છવાયા ફેંકી દેશે મૂર્ખના શિરોમણી! આ કાળરાત્રિ તેના શત્રુને કદાપિ જીવવા દેશે નહિ.'

'ગર્વમાં છકેલી! મિથ્યા ગર્વ નહિ કર, કુટિલ કાળરાત્રિ!

પુલી ફાળકા થાઇને, પાપે કાં લપટાય છે?
કુકર્મ કરતી કુલટા, જો મૃત્યુ નાદ સંભળાય છે:
મદે ભરેલી ભામની, બાથ આભે કાં ભરે!
ધાર્યું ધુળ તારૂં થશે, અંતે રીબાઈ તું મરે.

અધિકારમાં અંધ થયેલી અંધા! તું વારંવાર મ'ને શું સંભળાવે છે! મહેન્દ્ર એક વીર છે, મૃત્યુને મળવા આતુર છે. કુટિલા! એજ કારણથી આજે હું તારી સમક્ષ હિંમતથી ઉભો છું. તા'રા શિરછત્રનો નાશ કરનારી નારકી નારી! તારાં કુટિલ કર્મો અથાગ છે, પાપણી તને હજારો ધિક્કાર છે.

'ઓહ! થઇ ચૂક્યું! તારૂં આવી બન્યું. કાળના કોળીયા થા હવે તૈયાર, હૃદયમાં આગ લગાડી તું હવે નથી બચનાર. મહેન્દ્ર!'

"કોપાવતાં આ રાણીને, મૃત્યુ તારૂં થાય છે,
મૂર્ખ મહેન્દ્ર માનજે, દુઃખ તુ દટાય છે:
ચીરૂં ચામ તન તણી, ખેંચું તા'રા વાળ,
બદન કંપે માહરૂ, થાશે તારો કાળ."

'મહેન્દ્રે વિકટ હાષ્ય કરી કહ્યું.'

"કાળ કાળ તું શું કરે, વાંકો થાય ન વાળ,
શેતાન સમજજે ઉરમહિં, પાસે દિનદયાળ:
ચતુરા ચેતજે મન વિષે, કુકર્મની અવધી નથી,
પડીશ પૃથ્વી પર પલકમાં, આખર જીવવાની નથી."

'ચાલ, ઓ નશિબના ચક્કરે ચઢેલી ચતુરા! તારાથી થાય તે કરી લે.'

ઓહ્! ભયંકર અપમાન! કાળરાત્રિ બરાડ પાડી ઉઠી તેની આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. તેણે ભયંકર બૂમ મારી. અરે અંધકારસિંહ! આમ આવો, ને આ પાપીનું માથું ધડથી જુદું કરો. કહી કાળરાત્રિ અંધકારસિંહને બોલાવવા આમ તેમ જોવા લાગી. હજી અંધકારના મૃત્યુની કોઇને ખબર પડી નહોતી સઘળા સરદારો અંધકારને જોવા લાગ્યા. પણ અંધકાર ક્યાંથી હોય કે તે જણાય? કાળરાત્રિએ ફરીથી બૂમ મારી! અંધકાર-સિંહ ક્યાં છે?

'મહેન્દ્ર બોલી ઉઠ્યો. અંધકાર નર્કમાં છે. દુષ્ટા! અંધકાર સદાને માટે અંધકારમાં મળી ગયો છે તને દેખાડવાની નિશાની મને આપતા ગયો છે!'

'શું આપતા ગયો છે?'

'ફક્ત એક નિશાની કે જેથી તને ખબર પડશે કે તારી પણ દશા આખરે તેના જેવીજ થવાની.'

'વધારે વિવેચન કર્યા વિના બતાવ કે તે શું છે?'

બતાવું છું. નગુણી નારી! હમણાંજ હું તા'રી અંધ આંખ્યો ઉઘાડું છું. કહી મહેન્દ્ર આસન તરફ દોડયો, ને આસન નીચેથી એક નાનકડી પેટી લઇ આવી કાળરાત્રિ સમક્ષ આવી ક્રોધયુક્ત વદને બોલ્યો. કાળરાત્રિ!' 'આ પેટીમાંથી નીકળતી ચીજને ધ્યાનપૂર્વક જોજે, ને તા'રી પણ આવીજ દશા થવાની એ નક્કિ મનમાં સમજજે. કહી મહેન્દ્રે પેટી ઉઘાડી અંદરથી

અંધકારનું ભયાનક જણાતું માથું બહાર કાઢયું, અને કાળરાત્રિને દેખાડી કહ્યું. આને ઓળખો છો? ન ઓળખાણ પડતી હોય તો સાંભળો. આ તમારા પક્ષકાર અંધકારનું માથું છે.'

'ઓહ! શું આ અંધકારનું માથું? કાળરાત્રિ ત્રાડ મારી જમીન પર બેસી ગઈ.'

'હા, એજ પાપાત્મા! રાજ્યના રીપુ અંધકારનું માથુ. કહી મહેન્દ્ર નિર્ભયતાથી વિક્રાળવદને અંધકારના માથાને જોઇ રહ્યા. સભાસદો મોમાં આંગળાયો ઘાલી સ્તબ્ધ બની જોઇ રહ્યા. અંતે કાળરાત્રિ બૂમ પાડી ઉઠી. મારો અંધકાર કયાં ગયો?'

'યમરાજના સ્વાધિનમાં ગયો, તેનાં પાપની શિક્ષા ખમવા પ્રભુના દરબારમાં હાજર થયો.'

'હરામખોર! બોલ, જવાબ આપ! હુ અંધકારના ખૂનીને ખોળું છું. તેનું લોહી પીવા આતુર છું. બોલ, જલ્દી બોલ, અંધકારનો ખૂની કોણ છે? કાળરાત્રિ તેના હાથમાંથી અંધકારનું માથું ખુંચાવી લઈ પૂછવા લાગી.'

'અંધ બનેલી કાળરાત્રિ! તારા અંધકારને મારનાર આ મહેન્દ્ર પોતેજ છે.'

'ઓ દુષ્ટ! તેં શા માટે તેનું ખૂન કર્યુ? તેણે તારૂં શુ બગાડયું હતું?'

'તેણે મા'રૂં ઘણું બગાડયું હતું. કાળરાત્રિ! તેણે શા માટે મા'રા પિતાનું ખૂન કર્યું હતું? તેમણે તેનું શું બગાડયું હતું? પ્રથમ મ'ને જવાબ આપો અને પછી મારો જવાબ સાંભળો.

'દુષ્ટ ખૂની! અંધકારસિંહે મારી આજ્ઞાથીજ તા'રા પિતાનું ખૂન કર્યું હતું. કારણ કે તે મારા મતને મળતો નહતો. તેથી તે મરવાને લાયક હતો.'

'તો સમજ કે એ પિતાના ખૂનનો બદલો ખૂનથીજ તેના પુત્રે લીધો છે. ચુડેલ! જે જીભે ત્હેં મારા પિતાને અન્યાય કર્યો છે, તે તારી જીભ જડમૂળથી ઉખેડવા આ વીર તૈયાર છે.'

'મરણને મળવા જનારા છોકરા! તું બોલતો બંધ થા.' કાળરાત્રિએ કહ્યુ.

'શા માટે બોલતો બંધ થાઉ? કુટિલ કાળરાત્રિ! આ મહેન્દ્ર તારાં સઘળાં કારસ્થાનો જાણે છે. સુંદર રૂપમાં અવતરેલી ચુડેલ! જવાબ આપ કે ત્હેં શા માટે મારા પિતાનું ખૂન કરાવ્યું હતું? આમ બોલતાં મહેન્દ્ર શૌર્યથી ધ્રુજવા લાગ્યો.

'કાળરાત્રિ અત્યંત ગુસ્સે થઈ ગઈ. તે ગર્જના કરી બોલી. તારો પિતા ના લાયક માણસ હતો, તે ચંડા....

'ચૂપ કર ચુડેલ! મહેન્દ્ર તેને બોલતાં અટકાવી બોલ્યો. દુષ્ટા! જો વધારે બોલી તો જીભજ ખેંચી નાંખીશ, અભાગણી! રાજ્યાસન પ્રાપ્ત કરી ખુશી થઈશ નહિ. આ ઝેરી નાગ તને સુખે જંપવા દેશે નહિ. હું તારાથી તેમજ તારા આ બાયલા સરદારોથી ડરતો નથી. કપટિ અબળા! જો હિંમત હોય તો આ શરીરને સ્પર્શ કરી જો, કહી મહેન્દ્ર મ્યાનમાંથી તલવાર ખેંચી હાથમાં પકડી ઉભો રહ્યો.

'સઘળી સભા સ્તબ્ધ બની અને આજે શું થશે તેનો વિચાર કરવા લાગી. એટલામાં અત્યાર સુધી શાન્ત બેસી રહેલો કુટિલ-

સિંહ નામક સરદાર મહારાણી કાળરાત્રિનું અપમાન થતું જોઇ આગળ ધસી આવી કહેવા લાગ્યો. અલ્યા મહેન્દ્ર! મહારાણીનું અપમાન કરતાં વિચાર કરતો નથી? મને લાગે છે કે તારૂં મ્હોત પાસે આવી પહોંચ્યું છે.'

'મારૂં મ્હોત કે તારી મહારાણીનું મ્હોત પાસે આવ્યું છે તે તારા જેવા બ્હોતને હમણાં જણાશે. આ મહેન્દ્ર પિતાના ખૂનના માટે આજે આ રંગમંડપને લોહીથી રંગશે.'

'કુટિલસિંહ! ખૂન પર ચઢેલા એ છોકરાને જલ્દી કાપી નાંખ કે જેથી તે બોલતો બંધ થાય. કાળરાત્રિએ આજ્ઞા આપી. કુટિલસિંહ તલવાર ખેંચી મહેન્દ્ર પર ધસ્યો, ને ક્રોધયુક્ત સ્વરે બોલ્યો. અલ્યા મહેન્દ્ર! તારો કાળ આવી પહોંચ્યો '

'મા'રો કાળ કે તા'રો તેનો તું પ્રત્યક્ષ નિર્ણય કરી લે. કહી મહેન્દ્રે જોરથી તેની ગરદન પર તલવારનો ઘા કર્યો. વૃક્ષ પરથી પાકેલું ફળ નીચે તૂટી પડે એ પ્રમાણે કુટિલસિંહનુ માથું ધડથી જુદું થઈ જમીન પર પડયું. રાજ્યમંડપ લોહીથી રંગાઇ ગયો, ત્રાસજનક દેખાવ થઇ રહ્યો. કાળરાત્રિએ કારમી બૂમ મારી સરદારોને કહ્યું. મા'રા વફાદારો! શું જોઇ રહ્યા છો. એક ના'ના છોકરાએ કુટિલસિંહનું ખૂન કર્યુ છે, તે ખૂનનો બદલો ખૂનથી લ્યો.'

'સરદારો ઉશ્કેરાઇ આસન ઉપરથી ઉતરી તલવારો ખેંચી મહેન્દ્રની સામા ધસ્યા સભા મંડપમાં ભયંકર કાપા કાપી શરૂ થઈ. હજારો બકરામાં વાઘ ઘુમે એમ મહેન્દ્ર ક્રોધના આવેશથી ભયંકર ગર્જના કરતો ઘુમવા લાગ્યો. હાથમા રહેલી તલવારથી

શત્રુના બે ભાગ કરતો, મો'ટી મોટી છલંગો મારતો હતો. તેની સ્થિતિ ગાંડા ગજરાજ સમાન થઇ હતી. તેના શરીર પર પણ તલવારના બેએક ઘા થયા હતા. તેથી તેનું આખું શરીર લોહીથી રંગાઇ ગયું હતું. લોહીથી લાલ રંગાયેલાં વસ્ત્રે અને હાથમાં રક્તવર્ણી તલવારે તેમજ માથાના વિખરાયેલા વાળથી મહેન્દ્ર કૃતાંત કાળરૂપ ભાસતો હતો. તેના અપ્રતિમ શૌર્યથી કાળરાત્રિ પણ ચકિત બની જોઇ રહી.

એવામાં એક સરદારે મહેન્દ્રને પાછળથી ઘા કરવાને તલવાર ઉંચી કરી. દૂર ઉભેલા પ્રતાપનું એ તરફ ધ્યાન ખેંચાયું. તે તત્કાળ ત્યાં દોડી આવ્યો, ને એકજ ઝટકે મહેન્દ્રને મારવા ઉંચા થયેલા પાપીના હાથને કાપી નાખ્યો

મહેન્દ્રે પાછળ જોયું, પ્રતાપને દીઠો, તેનું અંતઃકરણ ભરાઇ આવ્યું. તરત પ્રતાપે તેને સમશ્યામાં સમજાવી દીધું કે સાહસમાં પ્રાણ જશે જીવતા હશો તો ફરીથી જોઇ લેવાશે, માટે મારૂં માની પલાયન થઇ જાઓ, હું તમને આવી મળીશ.

મિત્રની સમશ્યા મહેન્દ્ર સમજ્યો. તેણે વિચાર કર્યો. પ્રતાપનો વિચાર ઉચિત જણાયો, તે કારમી કિકીયારી કરી બોલ્યો. કાળરાત્રિ! અને બાયલા સરદારો! સાવધ! જુવો આ તમારાથી ઘેરાયેલો કેશરી તમારી આંખ્યોમાં ધુળ નાંખી ચાલ્યો જાય છે. દુષ્ટો! એમ ન સમજશો કે આ વીર ભય પામી પલાયન કરી જાય છે, હું પાછો થોડા સમયમાં તમારી અને આ ઉભેલી ચુડેલની ખબર લેવા હાજર થઇશ. બસ, સંભાળો. આમ કહેતાંજ તલવાર ફેરવવામાં નિપુણ મહેન્દ્રે ચારેક સરદારોને જમીન પર

પાડી રસ્તો કર્યો. પાછળ આવનારને કાપતો વીર મહેન્દ્ર જોત-જોતામાં બહાર નીકળી અદૃશ્ય થઇ ગયો. સઘળા હાથ ઘસીને જોઈ રહ્યા. મિત્રને નિર્વિઘ્ને ગયેલો જોઇ પ્રતાપ આનંદ પામ્યો, ને એક જગાએ શાન્ત મુખાકૃતિએ ઉભો રહ્યો. મહેન્દ્રના જતા રહેવાથી કાળરાત્રિના ક્રોધમાં વૃદ્ધિ થઇ. તેણે ઘણા ધમપછાડા માર્યા, ઘણા સરદારોને પાછળ દોડાવ્યા, પણ કાંઇ વળ્યું નહિ. આથી નિરાશ થઇ તેણે સભાને વિસર્જન કરી. પ્રતાપ પ્રથમ નીકળી ગયો; બીજા સરદારો પણ આજના બનાવની વાતો કરતા પોતપોતાના મકાન તરફ ચાલ્યા ગયા. સભામાં ફક્ત રાણીના આઠ અંગ રક્ષકો સેનાપતિ અબુધસિંહ અને કાળરાત્રિ સિવાય કોઇ રહ્યું નહિ. હવે બીજું કોઇ નથી જોઇ ત્યાં ઉભેલા આઠ સરદારોને તે કહેવા લાગી. મારા વિશ્વાસુઓ! તમે જાઓ, અને નાશી ગયેલા શત્રુને ગમે ત્યાંથી પકડી મારી પાસે લાવો. આ કામમાં તમને ઘણુ જ ઇનામ મળશે, હું તમને મોટી પદવી ઉપર ચઢાવીશ.

'જેવી આજ્ઞા. કહી આઠે સરદારો ત્યાંથી ચાલતા થયા; તેમના ગયા પછી સેનાપતિ અબુધસિંહે નમ્ર વદને પૂછ્યું. મહારાણી સેવકને શું આજ્ઞા છે?'

'આજ્ઞામાં એજ કે શત્રુઓને જલ્દીથી ઠાર કરો, હું હવે વધારે વાર શાન્ત રહી શકતી નથી. સેનાપતિ! યાદ રાખજો કે તમે જે રાણીના પ્રેમમાં પડયા છો તે એક ઝેરી નાગણ છે, તમે જેમ બને એમ જલ્દીથી આપણો માર્ગ ખુલ્લો કરશો તો મારા પ્રેમના વધારે ભાગી થશો. સેનાપતિ જાઓ, આજે એક કામ

કરો. આજે તમારી પરિક્ષાનો સમય છે, જ્યાં સુધી તમે મારૂં સોંપેલું કામ નહિ કરો ત્યાં સુધી તમે મારૂં મુખ નહિ જોઇ શકો.

'મહારાણી ! સેવક મરવાને પણ તૈયાર છે, અને આપનું કામ બજાવવા અત્યારેજ આતુર છે.'

ધન્ય છે! તમારા જેવા વફાદારો મળે તો આ કાળરાત્રિ ધારે એ કરે. સેનાપતિ! તમે આજે રાતના ગમે એ પ્રકારે નાના રાજકુમારને ઉપાડી આવો કે જેથી આપણું મોટું ગામ પૂર્ણ થાય. સેનાપતિ! જ્યારે તમે એ બાળકુમારને લઇ મારા મહેલે આવશો ત્યારે હું તમને એવાતો પ્રેમમાં નવરાવીશ કે તે પ્રેમસાગરના અનુભવનો તમને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ થયો હોય.'

'બહુ સારૂં! આ સેવક જવાની આજ્ઞા માગે છે.'

સુખેથી જાઓ. રાણીએ આજ્ઞા આપી.

સેનાપતિ ચાલ્યો ગયો. કાળરાત્રિ પણ ત્યાંથી મહેલ પ્રતિ પ્રયાણ કરી ગઇ.

રાજસભા ખાલી પડી રહી, તેમાં આઠ મુડદાં લોહીથી તરબોળ થઇ પડયાં હતાં. રાણીના ગયા પછી સેવકો અંદર આવી મુડદાંને લઇ ગયા અને બીજા સેવકો રંગમંડપને સાફ કરવા લાગ્યા.

પ્રકરણ ૧૮ મું.

રાજકુમારનું હરણ.

પાપી માણસો ગમે એવું ભયંકર પાપકર્મ કરતાં ડરતા નથી, ઇશ્વર કોણ છે? તેની શું શક્તિ છે, એવુ કદાપિ મનમાં વિચારતા નથી. પાપ કર્મમા મચેલા માણસો છતી આંખે અંધ હોય છે. સ્વાર્થને માટે મહાન પાપ કર્મમાં પ્રવર્ત થાય છે. એ પ્રમાણે સ્વાર્થાંધ અબુધસિંહ કુટિલ કાળરાત્રિની મોહજાળમાં જકડાઈ તેની આપેલી જુઠ્ઠી લાલચોમાં લપટાઇ તેના અન્નદાતાનું સર્વસ્વ નાશ કરવા તૈયાર થયો છે. પાપી માણસને સદ્‌ઉપદેશ નકામો છે. તે પાપ પુન્યની પરવા રાખતો નથી. તેને તો પોતાનો સ્વાર્થજ સાધવો છે.

એ પ્રમાણે અબુધસિંહ હું શુ કરૂં! કે જેથી રાણીનો વિશેષ પ્રીતિ પાત્ર થાઉં? એમ નિરંતર વિચાર કરતો હતો. તેને પ્રતાપ જેવો ગુણવાન, બળવાનને નીતિજ્ઞ પુત્ર હતો, છતાં પાપી અબુધ વૃદ્ધાવસ્થાના ગાળે પહોંચ્યો હતો તોપણ વિષય સુખ ભોગવવા અત્યંત ઉત્સુક રહેતો હતો. પ્રમિલાના રૂપથી તે અંજાઇ ગયો હતો. તેને મેળવવા તે આતુર હતો. કાંતો પ્રમિલા કે કાંતો કુસુમ બન્નેમાંથી એકેએ મા'રી પત્ની થવુંજ જોઇયે, એવો તેણે દૃઢ સંકલ્પ કર્યો હતો. પ્રમિલાને પંજામાં સપડાવી એ વખતે પ્રતાપના તિરસ્કારથી અબુધસિંહ શરમાયો હતો. તે વારંવાર

નિઃશ્વાસ નાંખી મનમાં બોલતો કે. હા, પ્રમિલા! શું તું નહિ મળે? અરે દયાહિન્ સુદરી! જો તારી ઇચ્છા મારી સાથે પ્રેમ બાંધવાની ના હોય તો તા'રી સખી કુસુમને સમજાવ કે જેથી આ બળતા હૃદયમાં શાન્તિ થાય. અરે! આ અબુધસિંહ નિરંતર તમનેજ જંખ્યા કરે છે, પ્રમિલા અને કુસુમનો જાપ આ જીભ પળે પળે જપે છે સુદરીયો! આ જીવ તમારા વિના દુઃખી છે. તમે બન્ને સ્વર્ગની અપ્સરાઓ છો એમ હું નક્કી માનું છું. હુ તમારી સાથે સુખ ભોગવવા ઇચ્છું છું. પ્રમિલા! ત્હેં તો મા'રો તિરસ્કાર કર્યો છે, પણ યાદ રાખજે કે આ બુઢ્ઢાના સપાટામાંથી તું છટકનાર નથી. હુ તને ગમે ત્યારે પણ મારા પંજામાં સપડાવી તા'રા કોમળ અધરોષ્ટનું પાન કરીશ. પ્રમિલા! મદાધ પ્રમિલા! હાલ તો હું તારા વિચારનો ત્યાગ કરી, કુસુમના વિચારમાં ગુંથાઉં છું. કુસુમ ડાહી છે, તેને સમજાવતાં તરત તે સમજી મા'રે સ્વાધિન થઇ જશે. જ્યાં કુસુમ મા'રી હૃદયેશ્વરી થશે કે તરત પ્રમિલાને પકડી મંગાવી તેની દાશી બનાવીશ. બાદ તેને ધીમે ધીમે સમજાવી તેનો પ્યાર મેળવીશ. પ્રમિલા માનશે, આ અબુધસિંહનો પડી ભાગેલો સંસાર પાછો સુંદર થશે; અને બે સુંદર બાળાઓની વચ્ચમાં આ રૂપગુણ સંપન્ન સેનાપતિ કનૈયા કા'ન જેવો શોભસે. ઠીક છે, એ બધું પછીથી થઇ રહેશે. હાલતો મહારાણીના હુકમ મુજબ બાળરાજાને ગમે એમ કરી લઇ આવવો જોઇએ. બસ હું આજેજ રાજકુમારને તેના મહેલમાંથી ઉપાડીશ અને મહારાણીના ચરણમાં હાજર કરીશ. ચાલ જીવ હમણાં રાત પડશે, રાણી સુનંદાના મહેલના તમામ

દરવાજા બંધ થશે, તો પછી મહારાથી શી રીતે અંદર જવાશે. માટે હું અત્યારે ત્યાં જાઉં, ને તેના મહેલમાં કોઇક છાની જગાએ સમય મળતાં સુધી છૂપાઇ રહું. ત્યાં વ્હાલી કુસુમનાં પણ દર્શન થશે, કે જેથી આ નેત્રોને ઘડીવાર આનંદ મળશે. મારે એક પંથમાં બે કામ થશે. રાજકુમાર હાથમાં આવશે ને કુસુમનું મુખ જોવાશે. આમ વિચાર વમળે ચઢેલો અબુધસિંહ સુનંદાના મહેલ તરફ ચાલવા લાગ્યો. બરાબર સાયંકાળના સમયે પાપી અબુધસિંહ સતી રાણીના મહેલમાં દાખલ થઇ એક ગુપ્ત સ્થળે છૂપાઇ રહી સમયની રાહ જોવા લાગ્યો.

'એ વખતે રાણી સુનંદા, પ્રમિલા, કુસુમ વગેરે ભોજન કાર્યથી પરવારી દિવાનખાનામાં બેસી બની ગયેલી વાતો કરતાં દુ:ખી થતાં હતાં. તેમની પાસે પ્રમિલાનો ભાઇ હમીરસિંહ અને નાનો રાજકુમાર રામસિંહ આમ તેમ કુદતા, રમતા હતા. એવામાં મહેન્દ્રે ગભરાયેલે ચહેરે ત્યાં પ્રવેશ કર્યો. રાજદરબારમાંથી નીકળી મહેન્દ્ર એક જગાએ છૂપાઇ રહ્યો હતો, પાછળ પડેલા સિપાઇઓ તેને ખોળી, થાકી કંટાળી ચાલ્યા ગયા. તે પછી સાયંકાળે મહેન્દ્ર ત્યાંથી નીકળી રાજ્યમાતા પાસે આવ્યો. તેને લોહીથી રંગાએલો જોઈ ત્યાં બેઠેલુ મંડળ ચીશ પાડી ઉઠયું. મહેન્દ્રે સઘળી હકીકત કહી સર્વેને શાન્ત કર્યા. રાજ્યમાતાએ ત્યાર પછી જણાવ્યું કે આપણે હવે અહિં રહેવું નથી, માટે કાલે સવારે સર્વે સાથે અહિંથી દૂર આવેલા સૂર્યનગરમાં આપણે રહેવા જવું. ઠરાવ નક્કી થયો. મહેન્દ્ર વસ્ત્ર બદલી ભોજન કરી રાજદરબારમાં બનેલી હકીકત ફરીથી કહેવા લાગ્યો. તેના પર

ગુજરેલી આફતથી સઘળાંની આંખ્યોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં.

મહેન્દ્ર સર્વેને આશ્વાસન આપી રાજકુમારને રમાડવા લાગ્યો. વાતોમાં ને વાતોમાં રાત વીતવા આવી. ધીમે ધીમે એક પછી એક શૈયામાં પડી નિંદ્રાવશ થવા લાગ્યાં. રાણી સુનંદા સોડમાં રાજકુમારને લઇ નિંદ્રાને શરણ થઇ. પહેરો ભરતા સિપાઇયો પણ નિંદ્રામાં પડયા, જગ જંપી ગયું. કોઇ જાગતું નથી ધારીને છૂપાયેલો અબુધસિંહ બહાર નીકળી ધીમે પગલે દિવાનખાનામાં આવ્યો. માતાની પાસે પથારીમાં કુસુમ અને પ્રમિલા ઘાઢ નિંદ્રામાં પડયાં હતાં. તેમની પર દૃષ્ટિ નાંખી પાપી અબુધસિંહ મનમાંજ ખુશી થયો. તેણે બીજી તરફ જોયું તો મહેન્દ્રને એક પલંગમાં સૂતેલો જોયો, તેને જોતાંજ પાપી ચમકયો, બીન્યો ને કદાચ જાગશે તો ભોગ મળશે, ધારી ઝટપટ કામ કરી ચાલ્યા જવાનો નિર્ણય કર્યો. તેણે ધીમે રહીને રાણીની સોડ-માંથી રાજકુમારને ઉઠાવ્યો, અને એક વાર કુસુમ અને પ્રમિલાના મુખ સામે જોઇ આવ્યો હતો તે રસ્તે થઇને બહાર નીકળી ગયો. પાપીના દુષ્ટ કાર્યની કોઇને ખબર પડી નહિ.

'આખર થોડીવારે રાણીને અજંપો થઇ આવવાથી જાગી ઉઠી. તેણે પથારીમાં હાથ ફેરવ્યો તો કુમાર જણાયો નહિ. રાણીને ફાળ પડી, કુમાર ગુમ થયો. સુનંદાએ ચીશ પાડી, તેની ચીશથી સઘળાં જાગી ઉઠયાં ને શું થયું ? શું છે ? એમ પ્રશ્ન કરવા લાગ્યાં.

'રાણી હૃદયફાટ રડતી, હા કુમાર! તું કયાં ગયો ! એમ બોલતી માથું કુટવા લાગી. મહેલમાં રોકકળ થઇ રહી, મહેન્દ્ર

અભરાયો, તેણે તરત પહેરેગીરોને દોડાવ્યા. રાણીના આક્રંદથી મહેન્દ્રનું હૃદય ભરાઇ આવ્યું, તે માથાં કુટતી રાણીને પકડી રાખી કહેવા લાગ્યો. માતા! શા માટે આક્રંદ કરોછો? રાજકુમારના એક વાળને પણ ઇજા કરવા કોઈ સમર્થ નથી. મ્હેં આપણા સેવકોને દોડાવ્યા છે, તેઓ હમણાંજ પાછા આવશે. માતા! ધૈર્ય ધરો, આમ અકળાઓ નહિ.

'રાણી શાન્ત થઇ નહિ, તે રડતાં રડતાં બોલી. હાય, દુઃખપર દુઃખ! હા, આટલાં બધાં દુઃખો ક્યાં છુપાઇ રહ્યાં હશે? હા, મહેન્દ્ર! મારો બાળકુમાર ક્યાં છે? બોલો, એ મારી આંખ્યોનો તારો, મારા હૃદય મંદિરનો દિવો ક્યાં છે? રાણી ભાન ભુલી ફાટી આંખે મહેન્દ્રના સામે જોઇ રહી. તેનું માથું ભમવા લાગ્યું, મન ચીગવા લાગ્યું, અને એક વખતની રામનગરની મહારાણી સતી સુનંદા પછાડ ખાઇ જમીન પર પડી બેશુદ્ધ બની ગઈ. સઘળાં તેની આસપાસ ફરી વળ્યાં અને તેને માથે ગુલાબજળ છાંટવા લાગ્યાં. થોડી વારે શોધમાં ગયેલા થોડાક માણસો નિરાશ થઇ પાછા આવ્યા, રાણી કુમારને નહિ જુવે તો મહા ઉત્પાત કરશે ધારીને મહેન્દ્ર, કુસુમ અને પ્રમિલાને રાણીની સંભાળ રાખવાનું સૂચવી કુમારની શોધમાં મહેલની બહાર નીકળ્યો. મહેન્દ્ર અંધારી રાત્રે કઇ તરફ ગયો તેની કોઇને ખબર પડી નહિ.

પ્રકરણ ૧૯ મું.

પત્ની કે પિશાચિની!

વંઠેલી વનિતાને હજારે હજાર ઉપદેશ ઘો, તેને દર રોજ નવ નવા રંગથી રીઝાવી રાજી રાખો. તેની ઇચ્છિત વસ્તુ વગર વિઘ્ને હાજર કરો તથાપિ કુભારજા નાર કદાપિ કાળે સુધરવાની નહિ. લસણની ગંધને કાઢવા કસ્તુરીની મેળવણી કરો, કોયલાને ઉજળા કરવા સાબુથી ધુવો પણ તે ઉજળા થશે નહિ. એવી રીતે વંઠેલી વનિતા કદાપિ કાળે પતિને પ્રભુ સમાન માનશે નહિ.

આખ્યોને આંજી નાંખે એવા પ્રકાશમય કાળરાત્રિના મહેલના એક દિવાનખાનામાં જુવાનીથી દિવાની બનેલી કાન્તા ભીંતે જડેલા એક મોટા અરિસામાં તેનું મુખ જોઇ મલકાતી હતી. તે અત્યારે ઘણા ઉમંગમાં હોય એમ જણાતી હતી. મુનીવરોનાં મન લોભાવે એવો મનહર સ્વાંગ ધારણ કરી તેણે તેના બાહ્ય સ્વરૂપને શણગાર્યું હતું. કાન્તા મખમલના કોચ ઉપર બેસી સામે જડેલા અરિસામાં મુખનું અવલોકન કરી પોતાના ઉપરજ જાણે મોહી ન પડતી હોય એમ ભાવ ભજવતી હતી. તે વારવાર હસતી હતી, હસવાથી તેના ગુલાબી ગાલમાં ખાડા પડી તેના રૂપને અધિક શોભાવતા હતા. આયનામાં સારી પેઠે જોઈ રહ્યા પછી કાન્તા ઉભી થઇ ને મનને આનંદ ઉપજાવવા માટે મદિરાનું પાન કર્યું. મદિરાની અસરથી તેની ચંચળ ચક્ષુઓ ચળકવા

લાગી, નીશાના તાનમાં મસ્તાન થયેલી ચતુરા ચટકતી ચાલ ચાલતી, મનમાં વિચારતી કે હું મારા મનના વ્હાલાને આ રીતે ચાલી રીઝાવીશ, આ રીતે બોલાવીશ, અને આ રીતે હું રીસાઈ તેને કાલાવાલા કરાવીશ, વગેરે પ્રકારના હાવ ભાવ કરતી દિવાન-ખાનામાં ફરતી હતી. ઘડીમાં ફરતી ઘડીમાં સામે જડેલા આયનામાં મુખ જોઇ કંઇક વિચાર આવતાં બડબડવા લાગી અરેરે! આ રંગીલું રૂપ, આ રંગીલુ જોબન શા કામનું? પરમેશ્વર બરાબર જોડું ગોઠવતો નથી. જ્યારે હું રંગીલી, છબીલી છું ત્યારે મારો કહેવાતો ધણી મૂર્ખ, પ્રેમ વિનાનો ને એક ઇંદ્રિના જ્ઞાનવાળો છે હાય તેને જોતાંજ મારો જીવ ભડકે બળી જાય છે. મુઆ ભગવાને શા સારૂ એવો કોદાળ જેવો ભર્તાર મારા ભાગ્યમાં સરજ્યો હશે? કહ્યું છે કે–

નારી સુઘડ જ્યાં વસે, ત્યાં મુરખ ભર્તાર;
રંગીલા નરને મળે, નારી ગુણ ગમાર.
કાન્તા કનક લતા સમી, રૂપ જોબન સંપૂર્ણ,
તેમાં મૂર્ખ ભર્તારથી, જીવન રહ્યું અપૂર્ણ;
અનંગ રંગે રંગાયેલી, હું ચતુરા સુજાણ,
તેમા ગમાર સ્વામી મળ્યો, કામ શાસ્ત્ર અજાણ.

બળ્યું આ જીવવું, લાહ્ય લાગી આ સંસારમાં. મા’રી માતાનું નખ્ખોદ જજો કે પ્રતાપ જેવા કૂર હૃદયના ખવીસની જોડે મ’ને પરણાવી. મા’રો રોયો! મ્હને જોતાંજ ડોળા કાઢી ડરાવે છે. રસ રંગમાં રમવાને આતુર થયેલી આ ચતુરાને તેના હાબમાં દબાવે છે. પણ આ કાન્તા કંઈ તેના હાબે દબાય એવી નથી! તેની આંખ્યોમાં ધુળ નાંખી હું મારા હૈયાના હાર

કનકસેનની સાથે રંગ રાગ ઉડાવી જુવાનીનું સાર્થક કરૂં છું. જુવાની ચાર દિવસની ચાંદની જેવી છે, તે કંઈ વારંવાર આવતી નથી. માટે જેટલું ભોગવાય એટલું સુખ ભોગવી લેવું. ગરીબ બીચારો કનક! એક હલકો સિપાઇ છે, પણ રૂપનો ભંડાર છે, પ્રેમનો પ્રભાવતો તેના બાપનોજ છે, અને કામશાસ્ત્રનો તો તે એકકો છે. આ કાન્તા અને કનકની જોડી આખી અવનિમાં મળવી મુશ્કેલ છે. ભલે લોકો પ્રતાપને ગુણવાન, બળવાન, કહી વખાણે; પરંતુ મારા કનકની સમાન તે થઇ શકેજ નહિ. આજ હજી સુધી તે આવ્યો નથી. શું ખબર કે ક્યાં ગયો હશે? ગમે ત્યાં પડી રહ્યો હશે. જ્યારથી તેને પરણી છું ત્યારથી તેના મ્હોં ઉપર મ્હેં કદી હાષ્યનું ચિહ્‌ન પણ જોયું નથી. આમ બડબડતી કાન્તા ભીંતે લટકાવેલા ઘડીયાળ સામે જોઇ બોલી. ઓહો! દસ વાગવા આવ્યાને શું! લાવ હવે હું જાઉં. મા'રો રસીક કનક ક્યારનોએ મારી રાહ જોઈ રહ્યો હશે; અને આ સુંદર રસીકાને ભેટવા આતુર થઈ રહ્યો હશે; આ શૃગારેલુ શરીર અત્યારે મદન જવાળાથી તપી રહ્યું છે, તે જ્યારે વ્હાલા વરણાગીયાના સુખકારક સમાગમમાં આવી તેની સાથે વૃક્ષને વેલ જેમ વિંટાય એમ આ કનકલતા વિંટાશે ત્યારેજ આ મદનજ્વર શાન્ત થશે. ચાલ જીવ! નકામી વાર કર નહિ, જો રખેને ક્યાંક પેલી પારસમણી રૂપ પ્રતાપની મૂર્તિ આવી ચઢશે તો મને જતી અટકાવશે. શું એ મૂર્ખને એટલુએ ભાન નહિ હોય કે આ જુવાની જવાની છે. માટે એને નકામી ના જવા દેવી. ખરેખર! સાકરનો સ્વાદ ગર્ધવ ક્યાંથી જાણે? એમ એ પ્રતાપ રામાના રસરંગની મઝા ક્યાંથી માણે. આમ બોલતી કાન્તા ત્યાંથી જવાને તૈયાર થઇ. દિવાનખાનાનું

બારણું ઉઘાડી બીજા ખંડમાં આવી. એવામાં અચાનક એ ચમકી. કારણ કે તે ખંડમાં પ્રતાપસિંહ પલંગમાં સુતો હતો. તેને જોઇ જેમ બકરૂં વાઘથી ગભરાય એ પ્રમાણે કાન્તા પ્રતાપને જોતાંજ ગભરાઈ ગઇ. તે એક પગલું પણ આગળ નહિ ભરતાં ત્યાંજ જડભરત જેવી થઇને ઉભી રહી. તેને અપૂર્વ ઠાઠમાઠથી આવેલી જોઇ પ્રતાપ આનંદ પામ્યો, ને આજે સૂર્ય પશ્ચિમમાં ઉગ્યો હશે કે શું ? કે જેથી કુભારજા કાન્તા આજે સંપૂર્ણ શૃંગાર ધરી મારી પાસે આવી છે ? પ્રતાપ વિચારમાં પડયો. તેને ખબર નથી કે તારી કાન્તા તને નહિ પણ તેના વ્હાલા કનકને રીઝાવવા જાય છે. પ્રતાપ આનદ પામી પલંગમાંથી ઉતરી કાન્તાને ઉમળકાથી હૃદય સાથે ચાંપી કહેવા લાગ્યો. અહા ! આજે તો ખૂબ બન્યા છો ? વ્હાલી ! તને જોઇ આ નેત્રો આજે તૃપ્ત થયાં છે.

‘ તમે એવાને એવાજ રહ્યા, સ્ત્રીને શી રીતે બોલાવવી તેનો વિવેક ન શીખ્યા તે નજ શીખ્યા. જાઓ, વેગળા ખસો, આ કાન્તાને હુંકારાથી બોલાવવી હોય તો માંરાથી આઘા જાઓ. કાન્તાએ કહ્યું.’

‘ શું હું તને માનથી બોલાવું ! તુ મારી પત્ની છે તેથીજ હું તને તું કહીને બોલાવું છું. વ્હાલી ! પ્રેમમાં માનની જરૂર હોય નહિ.

‘ તેથી શું ? પતિએ પત્નીની પૂજા કરવી જોઇએ, જાણતા નથી કે આપણા નગરમાં મો'ટા મોટા લોકો તેમની સ્ત્રીયોને માનથી બોલાવે છે. કદાપિ સ્ત્રી તેમને ધમકાવે તોપણ એક શબ્દનો ઉચ્ચાર નહિ કરતાં કેવળ ગુલામ જેવા બની રહેછે.

જ્યારે તે જ્ઞાની લોકો સ્ત્રીઓના તાબેદાર થઇ રહે છે ત્યારેજ તેઓ સંસારમાં સુખી થાય છે. સમજ્યા ! માટે તમારે પણ મારી સાથે માનપૂર્વક વર્તવું !'

'કાન્તા ! કાન્તા ! તું આ શું બોલે છે ? હાય ! તારા જેવી સ્ત્રીઓ આ દેશમાં પાકશે તો ગજબ થઇ જશે ! કાન્તા ! પત્નીએ પતિની પૂજા કરવી એ શાસ્ત્રનો સિદ્ધાંત છે.

'અને પતિએ પત્નીના કહ્યા પ્રમાણે ચાલી તેનું માન રાખવું એ આ સમયનો સિદ્ધાંત છે.'

'હશે જવાદે એ વાત, આજ મારૂં માથું દુખે છે તો તારા સુકોમળ હાથથી ગુલાબજળ છાંટ કે જેથી માથાની વેદના જરાક શાન્ત થાય.'

'હેં ! શું હું તમારૂં માથું દબાવું ! નહિ, નહિ, હું તમારી દાસી નથી કે જેથી હું મારા સુકોમળ હાથને તમારા પથરા જેવા માથાને દબાવી તસ્દી આપુ. માથાના નજીવા દુખાવાના કારણે હું મારા હાથને મહેનત આપવા નથી ઇચ્છતી. તમે સમજુ થઇ મને શા માટે આવું કરવાનુ કહો છો ? હજારો વખત કહ્યું કે વિવેક શીખો, પણ પથ્થર પર પાણી.

'કાન્તા ! મારૂં માથું દબાવતાં તારા હાથ દુખે છે કે ? હું તારો સ્વામિ તને એટલું પણ ના કહી શકું કે ? ધન્ય છે તને અને તને શીખામણ આપનારી તારી માતાને.'

'ચૂપ રહો, મારી માતાના સંબંધમાં એક શબ્દ બોલ્યા તો સમજજો કે તમારાં દહાડાપાણી ઉઠયાં.'

'કમજાત ! બોલતાં શીખતી હઇશ કેમ વારૂં ! તું મને

ઓળખે છે? ધણીને સામો જવાબ આપતાં શરમાતી નથી?'

'હું તો તમને મનથી ધણી તરીકે માનતીજ નથી. મારી માતાએ લાકડે માંકડું વળગાડયું છે, ધારીનેજ ઉપરના દેખાવથી તમને ધણી તરીકે સંસારમાં ઓળખાવું છું, બાકી તો મનમાં તમને ધિક્કારૂં છું'

'શું તું મને ધિક્કારે છે? હા, અફસોસ! કળીકાળની સીમા આવી રહી.' ઓ નીચ!

નારી નથી તું રાક્ષસી, પરવા પતિની ના કરે;
નારી નથી તું રાક્ષસી, મમ વાક્ય ઉરે નવ ધરે.
નારી નથી તું રાક્ષસી, કંથ શબ્દો ઉથાપતી,
નારી નથી તું રાક્ષસી, મનથી પતિ ધિક્કારતી

'બસ કરો, તમારી જીભ વધારે આગળ જાય છે, તમે એક નાલાયક મૂર્ખ છો?'

પતિ પત્નીની પૂજા કરે, એવા નરને ધન્ય છે,
પત્ની વચન હૃદય ધરે, તેના જીવનને ધન્ય છે
પતિ નહિ તે પતિત છે, જે નારીને ધમકાવતા;
પતિ નહિ તે પતિત છે, જે નારી ગુણ ઉથાપતા.
પત્ની પતિની દેવી છે, સંસારમાં તે શોભતી,
નર તણી કિંમત નારીથી, ઝવેરી સમ તે આંકતી

'પતિને પતિતની ઉપમા આપનારી કાળી કાગડી! ધિઃક્કાર છે તારી જાતને.'

કાન્તા ખરેખર નાગણી, વિષ ભરેલી ભામિની,
કમજાત કુલટા શું કહું, અંધારી થઈ આ જામની.

વચન વનિતા તાહરાં, સુણી પ્રકટી છે જ્વાળ;
ધિક્કાર તારી માતને, ક્યમ જણી આ બાળ.

હા અફસોસ! આ ભાગ્યનોજ વાંક છે. કહી પુનઃ પ્રતાપ મન સાથે બોલ્યો:-

સમજ્યો સુખ છે સાસરે, તેથી રહ્યો હું આંહ્ય;
પણ સાસરવાસ નરક સમ, સમજ્યો દિલની માંહ્ય.

હર હર, વિશ્વંભરા! થઇ ચૂક્યું, પતી ચૂક્યું. શાસ્ત્રમાં કહેલો કળીકાળ આવી પહોંચ્યો. કાન્તા! કાન્તા! હેં હદ કરી, આજે મારી અંધ ચક્ષુઓ ઉઘાડી. દુષ્ટા! આજે હું સમજી ગયો કે તારો પ્યાર કૃત્રિમ છે, તું વ્યભિચારમાં મસ્ત બનેલી બલા છે. હાય! જેની ધાકથી આ ધરા ધ્રુજે છે, અરે જેની વીર હાકથી દુષ્મનોનાં કાળજાં કંપે છે, એ પ્રતાપને આજે એક કુટિલ અબળાએ મૂર્ખ કહ્યો. હા, દુષ્ટ પિતા! તમે આ પિશાચણીના પાસમાં મને શા માટે સપડાવ્યો! તમે દુષ્ટ છો! તમારો પુત્ર દુષ્ટોનો દુશ્મન છે, એજ કારણથી તમે મારા સંસારને સ્મશાન સમાન બનાવ્યો છે. હા, પિતા! પિતા! તમને શું કરૂં? ઓ પાખંડી પિતા! ઓ કાળરાત્રિના કુટિલ મોહમાં અંધ થયેલા પિતા! તમે મારો અવતાર રદ કર્યો છે, અને આ પ્રતાપને આગની હોળીમાં હોમ્યો છે. કહી પ્રતાપ કપાળે હાથ પછાડી નીચું જોઇ રહ્યા.

તેના વર્તનથી કાન્તા હસી કહેવા લાગી શા માટે પસ્તાઓ છો? હજી શું બગડી ગયું છે? મને મનાવવી હોય તો લાંબા થઇ પગે પડી મારી માફી માંગો, કે જેથી હું તમને ક્ષમા કરીશ.

'ચંડાળણી! બોલતાં ફાટી કે શું? ઉભી રહે હું તારી માફ માગું. કહી પ્રતાપ પાસે પડેલા ટેબલ તરફ દોડયો, ને ત્યાં જઇ કટાર ખોળવા લાગ્યો. તે દિવાનખાનામાં આમ તેમ કટાર ખોળતાં બોલતો હતો કે-અરે મારી કટાર કયાં છે? કોઇ કટાર આપો કે જે જીભે કુટિલ કાન્તાએ મને હલકા શબ્દો સંભળાવ્યા છે તેની જીભ કાપી નાંખું. દુષ્ટાને એવી તો શિક્ષા કરૂં કે જગત્‌ની બીજી નારીયો તેની સ્થિતિ સમજી પતિને પજવતાં અટકશે. આમ બોલતો પ્રતાપ કટાર ખોળવાને આમ તેમ ફરવા લાગ્યો. ચાલાક કાન્તા તેની વિક્રાળ મૂર્તિ જોઈ, અહિં રહેવામાં સાર નથી, સમજીને પ્રતાપની નજર ચૂકાવી કનકની પાસે જવા નાશી ગઈ તેના નાશવાના અવાજથી પ્રતાપ ચમકયો, તેને પકડવા પાછળ દોડયો પણ કાન્તા હાથ આવી નહિ, આથી નિરાશ થઈ તેણે પલંગમાં પડતું નાખ્યું તેનું મન અત્યંત ઉશ્કેરાયેલું હતું તેણે પલંગમાં પડયે પડયે પાસાં ઘસ્યાં પણ તેને ઉંઘ આવી નહિ. ઘણીવારે તેણે ઘડીઆળ સામે નજર કરી, બે વાગ્યા હતા, પ્રતાપ ઉભો થઈ આમ તેમ આંટા મારવા લાગ્યો, એટલામાં તેને કાને પાસેના ખંડમાં કંઇક ખડખડાટ થતો સંભળાયો. તે તરત એ તરફ દોડીને જોવા લાગ્યો, તો તેની નજરે એક હૃદયભેદક દેખાવ દેખાયો કે જેને જોવાથીજ વીર પ્રતાપ ધ્રુજવા લાગ્યો તરત તેણે પલંગ નીચે રાખેલી તલવાર હાથમાં પકડી ને અંદરનું રહસ્ય જોવા લાગ્યો.

પ્રકરણ ૨૦ મું.

નિર્દોષપર ઝઝુમી રહેલું ખંજર.

બાળકુમારને ઉપાડી સેનાપતિ અબુધસિંહ કાળરાત્રિના મહેલે આવી પહોંચ્યો. કાળી રાત્રે કાળરાત્રિના મહેલમાં કાળું કામ થવાનું હતું. રાણી આતુરતાથી તેની રાહ જોઇ રહી હતી. અબુધસિંહને બાળકુમાર સાથે આવેલો જોતાંજ તેના હર્ષનો પાર રહ્યો નહિ. રાક્ષસી રાણીએ તેના હાથમાંથી નિંદ્રિત કુમારને લઇ લીધો. અને ખૂની આંખોથી તેના સુકોમળ મુખ સામે જોઇ રહી. જેમ જેમ તે વધારે સમય બાળકુમારના મુખ સામે જોઇ રહી, તેમ તેમ તેના ક્રોધની વૃદ્ધિ થતી ગઇ તેણે એક સમચોરસ ટેબલપર રાજકુમારને સૂવારી તેને મારી નાંખવા ખંજર હાથમાં લીધું. નિર્દોષ બાળકના મૃત્યુનો સમય સમિપ આવી પહોચ્યો. કાળરાત્રિનાં દુષ્ટ કર્મેથી ત્યાં બળતો દિપક ઝાંખો થઇ ગયો, પાપાત્મા અબુધસિંહ રાણીના ભયાનક દેખાવથી ધ્રુજવા લાગ્યો. નિર્દોષ બાળક ઘસઘસાટ ઉંઘતું હતું, પાપીણીનું ખૂની ખંજર તેના સુકોમળ શરીર પર પડવાને તૈયાર થઇ રહ્યું હતું.

અંદરનું રહસ્ય નિહાળતો પ્રતાપ કાળરાત્રિનું ક્રૂર કર્મ જોઇ કંપ્યો. તેનો ચહેરો ક્રોધથી લાલચોળ બની ગયો, તેણે એક ક્ષણમાં મન સાથે કંઇક વિચાર કરી લીધો; અને કોઇની

પરવા કર્યા વિના વીર પ્રતાપ અંદર ધસી આવી રાણીની સન્મુખ ઉભો રહ્યો. કાળરાત્રિ તેને એકાએક ત્યાં આવેલો જોઈ સફેત પુણી જેવી થઇ ગઇ. અબુધસિંહ પીંપળાના પાંદડાની માફક ધ્રુજવા લાગ્યો, એટલામાં તો પ્રતાપ રોષ યુકત વદને બોલ્યો. મહારાણી! આ શું! આ નિર્દોષ બાળકે તમારૂં શું બગાડયું છે? કે જેથી તેનો આવી રીતે અંત આવે છે?

તેનાં વચન સાંભળી કાળરાત્રિ શાન્ત સ્વરે બોલી. પ્રતાપસિંહ! આ બાળક ભવિષ્યમાં આપણો શત્રુ થવાનો સંભવ છે, માટે તેને મોટો થતાં પહેલાંજ પૂરો કરવાનો જરૂર છે, દર્દ અને દુશ્મનને વધતાં અટકાવવાં એજ નિયમ છે.

'મહારાણી! હું નથી ધારતો કે આ બાળકને તમારી સાથે કંઇ વૈર હોય? દેવી દયા કરો, અને તેના નિર્દોષ મુખનું અવલોકન કરી તેને બચાવો. મહારાણી! આ પ્રતાપ હજી સુધી કોઇના ચરણમાં પડયો નથી, તે આજે તમારા ચરણમાં પડી આ બાળકને બચાવવાની વિનંતી કરે છે.

'પ્રતાપસિંહ! હું તમારી વિનંતીને માન્ય રાખી શકતી નથી. હું આને મારીશ, તેના કટકા કરીશ, ત્યારેજ શાન્ત થઇશ. પ્રતાપસિંહ ઉભા થાઓ, જો તમારાથી આનું મરણ જોઇ ના શકાતું હોય તો અત્રેથી ચાલ્યા જાઓ.

'પ્રતાપ! મહારાણીશ્રીનું કહેવું ખરૂં છે, તારે વચમાં બોલવાનું શું કારણ છે? આ બાળકના મરણથી તને ભવિષ્યમાં મહાન્ લાભ થવાનો સંભવ છે, માટે જે થાય એ છાનોમાનો જોયા કર. અબુધે કહ્યું.

'ક્ષમા કરો, આ પ્રતાપ હવે વધારે વાર સહન કરી શકશે નહિ. પિતા! પાપી પિતા! તમે શુદ્ધ વંશને લાંચ્છન લગાડયું છે, તમે જેનું ખાધું તેનુંજ હરામ કર્યું છે હાય! વૃદ્ધાવસ્થામાં પ્રભુ ભજવાને બદલે પુત્રી સમાન કુમારિકાઓ ઉપર કુદૃષ્ટિ કરી તમે નર્કગામી બન્યા છો, પાપમા પતિત થયેલા પિતા! વિકારમય દૃષ્ટ થતાં તમારી આંખ્યોને શા માટે ફોડી નથી નાંખતા? હા, 'જેવી સોબત એવી અસર.' તમારી બુદ્ધિ બ્હેર મારી ગઇ છે, તમારૂં ભાવી ભુલાવે છે.

'હવે જાણ્યું તારૂં ડહાપણ! હું તારા કરતાં બહુ સમજુ છું, માટે દ્રોઢ ડાહ્યો થા માં. તુ મારો પુત્ર છે, હું તારો પિતા છું, પિતા પ્રત્યે તારી શું ફરજ છે તેનો વિચાર કર. અબુધે કહ્યું.

'સારા દરજ્જા પર ચઢી લોકોનાં ખૂન કરવાં, પવિત્ર બાળાઓની આબરૂ ઉપર હલ્લા કરવા એ શું તમારી ફરજ છે? જો તમારી ફરજ એવી હોય તો આ તમારા પુત્રના તમારા પ્રત્યે એવી ફરજ હોય એમાં શું નવાઇ? પાપી પિતા! આજથી આ પ્રતાપ તમારો પુત્ર છે એમ મનમાંથી ભુલી જજો. પ્રતાપ પાપી પિતાને પિતા કહેતાં શરમાય છે, ને હવેથી આ પ્રતાપ નિર્દોષના કલ્યાણને અર્થે હાથમાં તલવાર પકડી તમારી સામે થાય છે. યાદ રાખજો કે આ પ્રતાપ તમારાં દરેક કામને ધુળમાં મેળવશે, ને આજથી તમારો ભયંકર શત્રુ ગણાશે.'

'પ્રતાપ! સાહસ થાય છે. પોતાનોજ કુહાડો પોતાના પગ પર પડે છે. વિચાર કરો, ભવિષ્યનો લાભ ન ગુમાવો. કાળરાત્રિએ કહ્યું.

'ભવિષ્યમાં શું થવાનું છે તેની ખબર એક નારાયણનેજ છે. ભવિષ્યના ક્ષણીક સુખને માટે પાપમાં પ્રવર્ત થવા કરતાં હું ચિરકાળનું સુખ ભોગવવા ઘણોજ આતુર છું. મહારાણી! આ પ્રતાપનાં વચન સત્ય માનજો. પ્રતાપ આજથી પુરેપૂરૂં સમજ્યો છે, તે તમારા નરકાગારથી કંટાળ્યો છે, ને તેથી પરોપકારમાં પ્રાણ ગુમાવવાનો ભેખ ધારણ કરી આજ તમારી સન્મુખ ઉભો છે. રાણી! કેટલા લાંબા જીવનને માટે આવું અઘોર કર્મ કરોછો? તમે અમર તો નથીના! આખરે તમારે પણ મરવાનું છે. વિચાર કરો, પ્રભુનો ડર રાખો, ને આ ઉગતા પુષ્પને કચરી ન નાંખો.

ડર રાખો કંઇક ઇશનો, જેથી પ્રસન્ન તે થાય;
કુટિલ કર્મે લપટાઇને, મિથ્યા જીંદગી જાય,
રાણી સમજો મન વિષે, સમય હજી છે હાથ;
માફ માગો પ્રભુ તણી, સ્હાય થશે શ્રી નાથ.

આમ કહી પ્રતાપ કાળરાત્રિના સામે જોઇ રહ્યો.

'રાણીને સ્વપ્ને પણ આશા નહોતી કે પ્રતાપ આવી રીતે બોલવાની હિંમત કરી શકશે. પ્રતાપના શબ્દોથી તે કોપેલી કુલટા બોલી પ્રતાપ બસ કર! પ્રભુ કોણ? કાળરાત્રિ પ્રભુની પણ પ્રભુ છે. તું જાણે છે કે તું કોની આગળ ઉભો છે?

'અને તું પણ જાણે છે કે તું તુંકારાથી કોને બોલાવે છે?

'હા, મારા ગુલામ પ્રતાપને.'

'નહિ, હું તારો ગુલામ નહિ, પણ તારી પ્રીય પુત્રી કાન્તાનો સ્વામિ અને તારો જમાઇ છું.' સમજી?

"હા, જમાઇ થઇનેજ તું શત્રુની ગરજ સારે છે. પ્રતાપ! જા, હું તને જવા દઉં છું; કાન્તાનું મુખ આડે આવે છે તેથીજ તું જીવતો રહે છે. પ્રતાપ! જવું હોય તો જા, અને ન જવું હોય તો અત્રે ઉભો રહી શાન્તિથી જોયા કર કે આ બાળકના પ્રાણ કેમ જાય છે?'

'તેના પ્રાણ લીધા પહેલાં તને પણ ખબર પડશે કે રાજકુમારના પ્રાણ કેમ લેવાય છે રાણી! આ પ્રતાપ વીર છે. શિયાળવાને શેળાનાં સિંહને જેટલી વાર લાગે એટલીજ તમારા મરણની વાર છે. હું અહિંથી જનાર નથી, હું અહિં ઉભો છું, તમે આ બાળકના પ્રાણ કેવી રીતે લ્યો છો એ જોઉંશું. રાણી! બાળકનો બચાવનાર પ્રતાપ અત્રે ઉભો છે તેનો મનથી વિચાર કરજો.'

'જ્યારે તું વીર છે તો જોયા કર કે આ બાળકનો તારી સમિપજ ઘાત થાય છે. તારામાં સત્તા હોય તો બચાવ આ બાળકને, કહી કાળરાત્રિએ પુનઃ ખંજર ઉંચું કર્યું; તરત પ્રતાપ તેની જગાએથી કુદયો અને રૌદ્ર ગર્જના કરી બોલી ઉઠયો. ખબરદાર પાપીણી! કહી કાળરાત્રિનું ખંજર નીચું ઉતરે તે પહેલાં તો પ્રતાપે બાળરાજાને ટેબલપરથી ઉઠાવી લીધો. પ્રતાપની આંખ્યો ચળકવા લાગી, બાળકુમાર જાગી ઉઠી ચીસે ચીસ પાડવા લાગ્યો. પ્રતાપ તેને બાથમાં પકડી બીજા હાથે સમશેર પકડી કરડી આંખે ક્રૂર રાણીના સામે જોઇ રહ્યા.

કાળરાત્રિ ગુસ્સે થઇ ગઇ. તે બૂમેબૂમ પાડવા લાગી. પ્રતાપ! આજ સુધી હું નહોતી ધારતી કે તું આવો નીકળી

અધમાધમ શત્રુની ગરજ સારીશ! બસ આજથી તું મારા માર્ગમાં કંટકરૂપ છે; હું મારા હાથેજ તારો નાશ કરીશ.

'તે પહેલાં હું તારી છાતી ચીરી નાંખી અપમાનનું યોગ્ય ફળ ચખાડીશ. પાપણી કાળરાત્રિ! તેં મારો ભવ બગાડયો છે, કુલટા કાન્તાને પરણાવી સંસારમાં મને હલકો પાડયો છે. દુષ્ટા! તારી પુત્રી વ્યભિચારી કુતરી નીકળી છે, તેણે મારી આબરૂ રાખમાં મેળવી છે, અરે તેણે મને દુનિયાની પાર કર્યો છે, સંસારમાં મારૂં નાક કપાવી કુલટાના પતિ તરીકે જાહેર કર્યો છે. હા, કાળરાત્રિ! યાદ રાખ કે તેનો બદલો તને નક્કી મળશે.

'પ્રતાપ! હદ થાય છે, મહારાણી તારી માતા સમાન છે, તેને આવા શબ્દો કેમ સંભળાવે છે? અક્કરમી દીકરા! તેં મારૂં નામ બોળ્યું છે, તું મારા કુળમાં પથરો પેદા થયો છે. હજી સમજ ને તારાં દોઢ ડાહ્યાં ટાયલાં મૂકી દઇ મહારાણીને પગે પડ. તે દયાળુ છે, તારો અપરાધ ક્ષમા કરશે.

'પાપી પિતા! બોલતા બંધ થાઓ, કુળમાં હું પથરો નહિ પણ પથરાના રૂપે તમેજ અવતર્યા છો. કે જેથી આવી વૃદ્ધાવસ્થામાં પણ વિકારમય નજર થાય છે. દુષ્ટ પિતા! તમારાં કામ અઘોર છે. જે અન્નદાતાની પુત્રી તમારી પુત્રી સમાન ગણાય તેની પર વિકાર ભરી દૃષ્ટે જોતાં તમારા પાપી પ્રાણ પલાયન કેમ થઈ નથી જતા.'

'પ્રતાપ! અક્કલના ઇશકોતરા! બહુ ડાહ્યા વધારે ખરડાય, એવી તારી અક્કલ છે. આ તારો બાપ વૃદ્ધ થયો છે તેથી શું થઇ ગયું? હજી તો મા'રો જીવ જુવાન છે. માટે હું હાલે

એમ કરવાનો. તારે જો સુખના શિખરે ચઢવું હોય તો મહારાણીની માફી માગ માફ.'

ધિક્કાર છે તમને કે પુત્રને આવાં વચનો સંભળાવતાં તમને લેશ માત્ર પણ શરમ આવતી નથી! પાપી! હું સુખના શિખરે ચઢવા નથી માગતો. એક કુટિલ અબળાની માફી માંગી તેના સુખથી મોજમઝા ભોગવવા હું નથી ચાહતો. દુષ્ટાના આપવા ધારેલા સુખને હુ ઠોકર મારૂં છું આ રાણી મા'રી મહારાણી નથી, પણ કાચું કાળજું ખાનારી રાક્ષસી સાસુ છે. તેની માફી માગવા કરતાં પ્રભુની માફી માગીશ કે જેથી તે મને મદદ કરશે. પતિત પિતા! જા, તારાથી થાય એ કરી લે. સ્વધર્મ બજાવતાં તને અને કાળરાત્રિને હું મા'રા દુશ્મન તરીકે જાણીશ, અને સમય મળતાં તમને બન્નેને મા'રા પગ તળે કચરી છુંદી નાંખીશ આમ બોલતો પ્રતાપ ક્રોધથી ઉગ્ર જણાવા લાગ્યો

અત્યાર સુધી શાન્ત રહી ઉભેલી રાણી પણ તેની વિક્રાળ મૂરત જોઇ ગભરાઇ ગઇ

હજી તો તે કંઇક બોલવાનો વિચાર કરે છે એ પહેલાં તો પુનઃ પ્રતાપ ગર્જી ઉઠયો.

" પાપી પ્રપંચી પ્રેમદા. જુલ્મ તા'રો છે ઘણો,
કુટિલ કુલટા કામની, જોઉં પ્રાણ કેમ લે બાળનો;
વિષ ભરેલી જાળને, પ્રતાપ તોડે પલકમાં,
કાપી કટકા કોડ કરૂં, હાક વગાડું ખલકમાં.

* * * *

મદથી ફુલેલી માનની, ધાર ન જીવનઆશ,
ચેતવું હોય તો ચેતજે, પ્રતાપથી તુજ નાશ;

હદથી વધુ ક્રૂર કર્મ છે, ધરા જો ધ્રુજી રહી,
રંડા નક્કી સમજજે, આયુષ્ય દોરી ખુટી ગઈ. ”

ચાલ ચંડાળણી! થા તૈયાર અને બોલાવ તા'રા મદદ-ગારોને, પણ તે પંહલાં યાદ રાખજે કે આ પ્રતાપ એક સિંહ છે, તે તને અને આ દુષ્ટ સેનાપતિને તારા મદદગારો સાથે જીવતા છોડશે નહિ. આ રક્ત પ્યાસી તલવાર દરેકનું બળીદાન લેશે.

‘ અરે કોઇ આવો, આ ચંડાળને મારો, તેને કાપો કાળરાત્રિ જોરથી બૂમો પાડવા લાગી. સેનાપતિ પ્રતાપને પકડવા ધસ્યો વીર પ્રતાપ ઉશ્કેરાયો, ધસી આવતા પિતાને જોરથી લાત લગાવી પૃથ્વી પર પછાડયો. પડવાના પ્રહારથી મરી ગયોરે બાપ, કહી અબુધસિંહ ચીસે ચીસ પાડવા લાગ્યો છંછે-ડાયેલા સિંહ સમાન બનેલો પ્રતાપ કાળરાત્રિને જોરથી ધક્કો મારી પૃથિવી પર સૂવારી દઇ બોલી ઉઠયો. ચંડાળણ ચુડેલ! તા'રા પ્રાણ હવે આ હાથમાં છે પણ ગભરાઇશ નહિ, હું હાલ તને મારીશ નહિ. જ્યારે તા'રા પાપ સંપૂર્ણ ભરાસે. ત્યારેજ તું ભયંકર મ્હોતે મરશે. કાળરાત્રિ! જો! તારી ચીશોથી તારા વફાદાર દુષ્ટ સેવકો તારી મદદે દોડી આવતા જણાય છે. તે પહેલાં આ પ્રતાપ તા'રી આંખોમાં ધુળ નાંખી આ બાળકુમારને લઈ સહિ સલામત ચાલ્યો જાય છે. કુમારજા! તા'રા મહેલનો મ્હેં આજથી ત્યાગ કર્યો છે તું પ્રતાપને ફરીથી મળી શકીશ નહિ. કદાચ તા'રો અને મા'રો મેળાપ થશે તે જુદાજ રૂપમાં થશે. હવે હું જાઉ છું. લે, સંભાળ. કહી પ્રતાપસિંહ બાળકુમા-રને લઇ વિદ્યુત વેગે ત્યાંથી નીકળી ગયો. ’

તે નીચે ઉતર્યો હશે એટલામાં તો સેંકડો સૈનિકો ખુલ્લી તલવારે દિવાનખાનામાં ધસી આવી કાળરાત્રિની આસપાસ વિંટાઇને ઉભા રહ્યા.

કાળરાત્રિના ક્રોધની સીમા નહોતી. તેણે પ્રતાપને પકડવા ઘણા સૈનિકોને દોડાવ્યા. પ્રતાપ અદ્રશ્ય થઇ ગયો, તેને પકડવા દોડેલા સૈનિકોનો શ્રમ વૃથા ગયો. તેઓ નિરાશ વદને પાછા આવ્યા.

' ક્રૂર કાળરાત્રિ ક્રોધથી કંપતી હતી, તે વારંવાર દાંત પીસતી, હાથની મુક્કીઓ ઉંચે નીચે ઉગામતી હતી. ઘડીકમાં પાસે પડેલું ખંજર હાથમાં પકડી દિવાનખામાં દોડી, પ્રતાપને મારો, કાપો, એમ મોટેથી બૂમો પાડવા લાગી. પૃથિવી પર પછડાઇ પડેલો અણુધસિંહ ઉભો થઇ ધ્રુજતા શરીરે રાણીની પાસે આવી સમજાવવા લાગ્યો. ઘણીવારે સેનાપતિનો શ્રમ સફળ થયો. કાળરાત્રિનો ક્રોધ શાન્ત થયો. સૈનિકો ચાલ્યા ગયા. સૈનિકોના ગયા પછી રાણીએ અને સેનાપતિએ મોડી રાત સુધી ખાનગી વાતો કર્યા કરી. આખરે દરવાજે બાંધેલી ઘડીયાળમાં પહેરેગીરે વગાડેલા ડંકાથી તેમને જાણ થઈ કે મળસકાના પાંચ વાગ્યા છે. તમણે વાતોની સમાપ્તિ કરી, થોડીવાર આરામ લેવા અંદરના ભાગમાં ગમન કર્યું.

પ્રકરણ ૨૧ મું.

દુઃખી માતા.

પ્રાતઃકાળનો સમય થવા આવ્યો છે. સૂર્ય ભગવાન હજી પ્રકટ થયા નથી. આળસુ લોકો શૈય્યામાં પડયા પડયા હજી ઉંઘે છે, ચોર, લુચ્ચાઓ વગેરે છૂપાતા છૂપાતા તેમના ઘર તરફ ચાલ્યા જતા હતા. નગરના મહોલ્લામાંથી ઘંટીના ઘોર તથા કોઇ સ્થળેથી પ્રભાતીયાના લાંબા રાગડા સંભળાતા હતા. ભાવિક ભકતો પ્રભુનું રટણ કરતા કરતા નર્મદાએ સ્નાન કરવા જતા હતા. મુસાફરો તાપ ના ચઢે તેને માટે મુસાફરી કરવાને તૈયાર થતા હતા. એવા શાન્ત સમયે રાજકુમારની ખોળમાં નીકળેલો મહેન્દ્ર આખી રાત રઝળી રખડી, થાકી, નિરાશ વદને સુનંદાના મહેલ તરફ જતો હતો. આખી રાતના ઉજાગરાથી તેની આંખો લાલચોળ થઇ ગઇ હતી મુખ મ્લાન અને નિસ્તેજ જણાતુ હતું. તે વારવાર મનમાં દુઃખી થઈ બોલતો હતો, કે:-હાય ! મારી શોધ નિષ્ફળ ગઇ. હુ મહારાણીને શું મુખ બતાવીશ. અરેરે ! જ્યારે એ દુઃખી રાણી મને જોઈ બાળકુમાર વિષે પ્રશ્ન કરશે, ત્યારે હું શું જવાબ આપીશ ? પ્રભો ! પ્રભો ! અમારા ઉપર આટલો બધો ગજબ ગુજારવાનું શું કારણ હશે ? મારા ધારવા મુજબ અબુધસિંહ બાળકુમારને ઉપાડી કાળરાત્રિની પાસે લઇ ગયો હશે. તે નિર્દોષ પુષ્પ ક્રૂર રાણીને

હાથે છૂંદાઇ જશે. હાય! હું કેવી રીતે ત્યાં જઇ તપાસ કરૂં! પ્રભુ! અજ્ઞાન બાળકનું રક્ષણ કરજો. અરે! હવે મારે કરવું શું? કહી મહેન્દ્ર ચાલતાં ચાલતાં વિચારમાં પડયો.

'રાણી સુનંદાએ પણ આખી રાત શોકમાંજ ગુજારી હતી. તેની આંખ્યોમાંથી શ્રાવણ ભાદરવો વહેતો હતો. તે વારંવાર આમ તેમ ફરતી ડુસકાં ભરી રડતી હતી હાય! મા'રો બાળકુમાર ક્યાં ગયો? અરેરે! તેનું શું થયું હશે? આમ વલોપાત કરતી રાણી ગાંડા જેવી બની ગઇ હતી. પ્રમિલા અને કુસુમની અનેક સમજાવટ છતાં તે શાન્ત થતી નહોતી. એ અરસામાં મહેન્દ્રે ત્યાં પ્રવેશ કર્યો. તેને જોતાંજ રાણી તેની નજીક દોડી બોલી ઉઠી. મહેન્દ્ર! મા'રો કુમાર ક્યાં છે?'

'મા'તા! શું કહું! આખી રાત રખડયો રઝળ્યો પણ કુમારને લઈ જનાર પાપ. પકડાયો નહિ કહી મહેન્દ્ર રડી પડયો.'

'રાણી હૃદયફાટ રૂદન કરતી બોલી. હાય! હવે હું શું કરૂં! મારા કુમારને ક્યાં જઈ મળું. કુમાર! મારા લાલ! તું ક્યાં હઇશ?'

પુત્ર પ્યારા નેત્ર તારા અદ્રશ્ય તું તો ક્યાં થયો,
હા, વૈર વાળ્યું વૈરીએ, હા ગજબ શું આ થયો?
રાંક રત્ન બાળ માહરો, શું હવે તે નહિ જડે?
મહેન્દ્ર! પુત્ર ઓ મા રા, ચેન દીલે નવ પડે.

ક્યાં જાઉં! ક્યાં રહું! દુઃખની વાત કોને કહું? આ અભાગની! જ્યાં જશે ત્યાં દુઃખમાં હટાશે. હા, કાળરાત્રિ! મેં તારૂં શું બગાડયું હતું કે તેં મારૂં રાંકનું રત્ન છિનવી લીધું.

અરે! તારેને મારે ક્યા જન્મનું વૈર હશે કે તારાથી આવો કાળો કેર ગુજરશે?'

'માતાં! ધૈર્ય ધરો, ધિરજ સિવાય હવે બીજો કોઇ રસ્તો નથી. તમે માથાં કુટીને મરી જશો તોપણ થનાર વસ્તુ મિથ્યા થશે નહિ. માતા! પ્રભુ પર વિશ્વાસ રાખો, તે દયાળુ છે તે નિર્વિઘ્ને બાળકુમારને આપણી પાસે લાવશે. તેનું અનિષ્ટ કરનારનો નાશ કરશે. માતા! મા'રો અંતરાત્મા સાક્ષિ પૂરે છે કે બાળકુમાર હમણાંજ આપણને આવી મળશે. માટે ધૈર્ય ધરો. જુઓ! તમારા કલ્પાંતથી કુસુમ અને પ્રમિલા પણ ચોધાર અશ્રુએ રડે છે, માટે તેમને શાન્તિ આપો. તેમને શાન્તિ આપનાર તમારા વિના બીજું કોઇ નથી.

'પુત્ર મહેન્દ્ર! ધિરજ શી રીતે ધરૂં? મહારાજાના મરણનો તાજો ઘા હજી આ હૃદયમાંથી રૂઝાયો નથી. એટલામાં બાળકુમારના અનિષ્ટનો પ્રસંગ જોવા વારો આવ્યો. હાય! હવે તો આ પ્રાણ દેહમાંથી ચાલ્યો જાય તો સારૂં કે જેથી ન દેખવું અને ન દાઝવું હા, મારો રામસિંહ! મારા મહેલનો પ્રકાશમાન હિરો! ક્યા ગુમ થઇ ગયો? રામસિંહ બેટા કહે કે તું ક્યાં છે? શું તુ તારી માતાથી રીસાઇ તો નથી ગયોને? દિકરા! તને રીસાવું ના ઘટે! સુનંદા ચિત્તભ્રમ જેવી બની આસપાસ જોવા લાગી. પુનઃ મુખથી ઉંડો નિઃશ્વાસ મૂકી બોલી.'

"રત્નરે આ રાંકનું, હે હરી હવે ક્યાં મળે?
રામ રૂડીયાળો માહરો, જોતાં નેત્રો આઠરે;
ક્યાં ગયો, શું થયું, એ જીવન આધાર,
દેખાડો દુઃખીયારીને, મમ રામ જગદાધાર."

હાય! હવે શું કરૂં. સુનંદા પછાડ ખાઇ પડી. મહેન્દ્ર સજળ-નયને તેની પાસે જઇ કહેવા લાગ્યો. માતા! આમ શુ કરોછો?

'મહેન્દ્ર! સુનંદા બેઠી થઇ બોલી!'

'માતા! બાળકને શું આજ્ઞા છે?'

'મારો રામ મને નહિ મળે?'

'મળશે, માતા ધૈર્ય ધરો, પ્રભુ દયાળુ છે, અને એજ રામનો રખવાળ થઇ અહિં લાવશે.

'ક્યારે લાવશે! મારા રામને આ નેત્રો ક્યારે જોશે? પ્રભુ! પ્રભુ! આ હિનભાગ્યની ઉપર દયા કરો. દુખીયાંને દુ:ખમાં ન રીબાવો. વિશ્વંભરા! આ કિકરીની પર કૃપા કરો, ને મારા જીવનના આધાર રામને મારી પાસે મોકલો. ઓ....હજી તો રાણી આગળ બોલવા જાય છે એટલામાં તો પ્રતાપે બાળકુમાર સાથે ત્યાં પ્રવેશ કર્યો. સુનંદાની સ્થિતિ જોતાં પ્રતાપ પાસે દોડી આવી બોલ્યો. માતા! શાન્ત થાઓ, અને આમ ઉચું જુવો, આ તમારા રામસિંહને બોલાવો, તે તમારા વિના અકળાય છે.'

'હેં! ક્યાં છે મારો રામ?'

'માતા! તમારા પ્રતાપની પાસેજ છે શ્રીરામ.' કહી પ્રતાપે બાળકુમારને સુનંદાના હાથમાં આપ્યો. પુત્રને જોતાંજ રાણી હર્ષાવેશથી બાળકુમારને છાતી સરસી ચાંપતી વારંવાર ચુંબન કરવા લાગી. અંતે સુનંદાએ પ્રતાપને આશિષ દીધી. પ્રતાપે શિર નમાવી સતીને પ્રણામ કરી બનેલી સર્વ બીના જણાવી..મહેન્દ્રે કાળરાત્રિ અને અઘુષને મનથી હજારે હજાર

ધિક્કાર યુક્ત વચનો સંભળાવ્યાં, પછી સર્વ પ્રસન્ન વદને વાતો કરી પ્રાતઃકર્મ કરવા ચાલ્યાં ગયાં. પ્રતાપને કંઇક યાદ આવતાં સર્વેની રજા લઇ કાળરાત્રિના મહેલ તરફ જવા ચાલતો થયો.

'રામ રાખે એને કોણ મારે!' એ પ્રમાણે પાપીયોના પંજામાં ફસાયેલા બાળરાજાનું પ્રતાપે રક્ષણ કર્યું. પ્રભુની લીલા ન્યારીજ છે, તેની અકળકળામાં બ્રહ્માદી દેવો ભુલ્યા તો માણસ બીચારાનાં શા ગજાં? પ્રભુ! નવનવા રંગ બતાવે છે. તે ક્ષણમાં રડાવે છે, તો ક્ષણમાં હસાવે છે, તે દયાળુ નિરંતર સર્વનુ કલ્યાણ ઇચ્છે છે, એવા આનંદમય મંગળમૂર્તિ પ્રભુને અમારા પ્રણામ હો.

પ્રકરણ ૨૨ મું.

સ્નેહ સંમિલન.

મનુષ્ય વારા ફરતી સુખ અને દુઃખ ભોગવતોજ જાય છે, કોઇને પણ નિરંતર સુખ મળતું નથી. સુખમાં પડેલો માણુસ અત્યંત આનંદમય બની જાય છે, પણ તેને ખબર નથી કે દુઃખ મારી પાછળ ડોકીયાં કરી રહ્યું છે. સંસારમાં સુખ અને દુઃખની ઘટમાળ ચાલ્યા કરે છે. માણુસને હમેશાં દુઃખમાંથીજ સુખ પ્રાપ્ત થાય છે, તેથી દરેક મનુષ્યોએ સદાચરણથી ચાલી કર્તાની કસોટીરૂપ દુઃખ સહન કરી સુખની ઇચ્છા રાખવી સુખમા સૂતેલો જો સુખને ઇચ્છે છે તો તે કર્તાના કોપને પાત્ર ઠર છે. પ્રભુ! દુખીયાને સુખી કરે છે ને સુખમાં અભિમાની થયેલા જનોની સુખની વધુ તૃષ્ણાથી ક્રોધે ભરાઇ તેને ક્ષણમાં દુઃખી કરે છે.'

પૂર્વમાંના પ્રકાશમય દેવતાએ પશ્ચિમ સ્થાન તરફ ધીમે ધીમે પ્રયાણ કરવા માંડયું. દિનકરના પશ્ચિમ ગમનથી સંસારી લોકો પોતપોતાનાં કાર્યો આટોપી લઇ નિવૃત થવા લાગ્યા.

સૂર્ય અસ્ત પામવાથી ચોર નિશાચરોને આનંદ થાય છે. સુવતિયો અનંગ વશ થઈ સ્વામિ સમાગમનું સુખ મળશે માની મનમાં મલકાય છે. સુવતિયોની ચુવાની દિવાની સમાન થઇ રાત્રે

તેમને અનંગના નિશાથી ડોલાવે છે, અનંગની પીડા અસહ્ય છે, એતો જેણે તેનો અનુભવ કર્યો હોય તે જાણે છે. અનંગના રંગે રંગાયેલાં જોડાં અનંગના રંગમાં ગુલતાન થઈ મસ્તાન બની શુળીના સંકટને પણ ત્રણવત્ ગણે છે.

આવા આનંદકારક સમયે 'કુસુમોદ્યાન' માં મહેન્દ્રસિંહ વિચારગ્રસ્ત થઇ આમ તેમ ફરતો હતો, તે સર્વાંગ સુંદર યુવાન હતો. શરીરનો બાંધો બળવાનને મજબુત હતો, તે અત્યારે સાદા પોશાકમાં હતો, શસ્ત્રમાં ક્ષત્રિયના આભુષણરૂપ તલવાર હિરાજડીત્ર પટામાં કમ્મરે ઝુલી રહી હતી, તેના હૃદયમાં ઉપરા ઉપરી વિચારો ચાલતા હોય એમ તેના મુખ પર થતા ફેરફારોથી અનુમાન થતું હતુ. તે મહેલમાંથી કંટાળી શાન્તિ શોધતો ઉદ્યાનમાં આવી ફરતો હતો, આખરે તે તેના વિચાર મનમાં સમાવી ના શકયો, અને તેથી તે મુખોદ્ગાર બહાર કાઢવા લાગ્યો. અહા! પાપીયોની પ્રપંચમાં કેવી નિપુણતા! ઓ કાળરાત્રિ! તું આવી નીકળીશ એવી મને સ્વપ્ને પણ આશા નહોતી! તું આ પૃથિવી ઉપર અવતાર લઇ આવેલી કોઇ રાક્ષસી છે, તારાં ક્રૂર કર્મો પથ્થર જેવા હૃદયને પીંગળાવવા પૂરતાં છે. પાપણી! તારા જુલ્મથી હદ વળી ગઇ છે. તારા નામ માત્રથીજ મહારાણી સુનંદા થરથર કાંપે છે. સતી સુનંદા! આપણે સંકટથી ઘેરાયેલાં છીએ, અરેરે! મ્હેં તે સતી માતાને સૂર્યપુર. જતાં અટકાવીને અહિં રાખ્યાં છે. મહેન્દ્ર! મહેન્દ્ર! તારે ઘણું સંભાળવાનું છે. ક્રૂર કાળરાત્રિની નજર બાળકુમાર ઉપર પડી છે, પ્રતાપના પ્રતાપથી તે ચુડેલ એકવાર પાપ કર્મમાં નિષ્ફળ થઇ છે. આથી તે વધારે

ભયંકર થશે; ને તેના ક્રોધથી શું થશે એ અત્યારે કહી શકાતું નથી. માતા સુનં....મહેન્દ્ર બોલતો બંધ થયો. કોઈના આવવાનાં પગલાં સંભળાયાં. મહેન્દ્ર આવનાર તરફ આતુર નેત્રે જોઈ રહ્યો.

આવનાર બીજું કોઇ નહિ પણ રાજકુમારી કુસુમ તેની સખી શાન્તા સાથે ત્યાં આવતી હતી. પ્રમિલાને માતાની પાસે મૂકી મનને શાન્ત કરવાના ઇરાદે તે ત્યાં આવી હતી. તેની ચપળ ચક્ષુઓ ચારે તરફ ફરી કંઇક શોધતી હતી. મહેન્દ્ર તેને જોતાંજ વૃક્ષના કુંજમાં છૂપાઇ ઉભો.

'કુસુમ અને શાન્તા ફરતાં ફરતાં એક રમણીય પુષ્પોધાનમાં આવી ઉભાં રહ્યાં. રંગબેરંગી પુષ્પો ખીલી રહ્યા હતાં. ઘણીવાર સુધી કુસુમ પુષ્પોને જોઇ મનમા ગણગણવા લાગી. અહા! કેવાં સુંદર પુષ્પો ખીલી રહ્યાં છે અરેરે! એ પુષ્પોની માળા ગુંથી મારા માનીતા મનહર મહેન્દ્રના કંઠમાં આરોપવાનો સમય ક્યારે આવશે! હાય વિધાતા! તુ પણ વેરીણી થઇ છે. તાત પરલોક સિધાવ્યા, માતાને દુ:ખના દહાડા આવ્યા; પાપણી કાળરાત્રિના ક્રૂર કર્મે આજ પર્યંત કૌમારાવસ્થામાં દિવસ ગુજાર્યા. હે પ્રભુ! હવે તો દયા કરો, ને આ આશાભરેલી બાળાની આશા પૂર્ણ કરો. કહી તેણે ઉંડો નિ:શ્વાસ મૂકયો. તેના નિ:શ્વાસથી પાસે ઉભેલી શાન્તા પૂછવા લાગી. બ્હેન! શું થાય છે! તમે નિ:શ્વાસ કેમ નાંખો છો?'

શાન્તા! શું કહું? કાંઈ નહિ સ્હેજ. કુસુમે કહ્યું.

'બ્હેન! મનની વાત મનમાં રાખવાથી તમારૂં સુકોમળ

શરીર સુકાશે, હતૂભાગ્યણી ચિંત્તા ચિતા સમાન છે. વ્હેન! તમને મારા સમ છે! તમારા મનની વાત મને કહો! શાન્તાએ હઠ પકડી કહ્યું.'

'શાન્તા! બાળાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશેલી બાળાને શાના વિચાર થાય? એ તું તારા મનને પૂછી જો.'

'સમજી! તમારા વિચાર હું સમજી વ્હેન! એમાં આપણો શું ઉપાય છે તમે અત્યારે તો ક્યારનાંએ મહેન્દ્રસિંહના હૃદયમંદિરનાં દેવી બની ગયાં હોત, પણ રાંડની કાળરાત્રિનાં કારસ્થાનોથી તમારી હજી આ સ્થિતિ રહી. વ્હેન! ધૈર્ય ધરો, પ્રભુ દયાળુ છે તે તમારા મનના કોડ પૂરા કરશે.'

'સખી! મહેન્દ્ર મા'રા પ્રાણ છે, તેને હૃદયથી વરી ચૂકી છું. તે મ'ને ચ હ્યા છે. અમારા દુઃખમાં ભાગ લેતા તેપણ દુઃખી થાય છે. સખી! આપણો અવતાર સુધારનાર પતિ છે, પતિ વિના પ્રેમદાનું જીવન નકામું છે. હું મહેન્દ્રને મારા પતિજ ધારૂં છું તેને પરમાત્મા સમાન સમજું છું. તેનો પ્રેમ મારી ઉપર અપાર છે, ને મ ને જોતાંજ ગાંડા ઘેલા બની જાય છે. મારા દુ:ખી દેદારથી તે દીલમાં ઘણા દુખાય છે. અહા, પતિના પ્રેમની ખૂબી તો કંઇક ઓરજ છે! સખી સાંભળ.'

પતિ વિના પ્રેમદાના મનના પુરાય ક્યાંથી કોડ,
કહે સખી પુરાય ક્યાંથી કોડ.
સરજનહારે સરજી જગમાં નરનારીની જોડ (૨)
પશુ પક્ષિ વન વૃક્ષ નિહાળો,
સૃષ્ટી માંહી સઘળે જઈ ભાળો;

નાના મોટા જીવ જંતુમાં પણ એવી નથી ખોડ;
રાખી પણ એવી નથી ખોડ—સરજનહારે.
પતિ ભજ્યે પાતક સહુ ટળતાં,
અખંડ સુખડાં તેહુજે મળતાં;
પતિ વિના સાહેલી ભવમાં હરાય જીતી હોડ—સરજનહારે.

કાદમ્બરી.

પતિ વિનાની પ્રેમદા શોભતી નથી. સખી! પતિના ચરણોદકે આપણે જેવાં પાવન થઇએ એવાં શુદ્ધ ગંગાજળના પાનથી પણ પાવન થતાં નથી. જ્યારે તેમના ચરણોદકમાં એટલો ગુણ રહેલો છે, તો જે સતી બાળા તેના પતિની મન વચન, અને કર્મથી શુદ્ધ રહી સેવા કરશે, ત્યારે તેના સૌભાગ્યમાં શું ખામી રહેશે?' "સતીનો પતિ તેનો તારનાર છે, પતિને પૂજનાર પતિવ્રતાને ધન્ય છે. તે આ સંસારનાં સર્વ સુખ ભોગવી અતે સ્વામિ સાથે સ્વર્ગમાં વસી ચિરકાળ સુખ ભોગવે છે." શાન્તા! પતિસેવાનો એવો મહિમા છે.

'ઠીક છે, એ તો જ્યારે તમે પરણુશો ત્યારે જોઇશું કે તમે મહેન્દ્રની કેવી સેવા કરો છો? બ્હેન! પરણ્યા પહેલાં ઘણી બાળાઓ પતિના નામની માળાઓ ફેરવે છે, અને હું મારા પતિની આવી રીતે સેવા કરીશ, તેને આમ બોલાવીશ, તેને કોઈ વાતે ખોટા શબ્દો કહી કનડીશ નહિ, એમ મનમાં ધારે છે. પણ પછી જ્યારે પરણીને સાસરે જાય છે, ને થોડા દિવસ વિતી જાય છે કે તરત સઘળું ભુલી જવાય છે. સ્વાર્થથી યાતો પતિના ત્રાસથી રોજ કલેશ કંકાશ થાય છે, ને પતિને

પૂજવાના વિચાર કરનારી બાળા આખરે પતિનું લોહી શોકનારી નારી નિવડે છે. માટે એતો જ્યારે વાગતું ગાજતું માંડવે આવશે ત્યારે સમજાશે કે પતિની પૂજા કેમ થાય છે.'

'શાન્તા! તું ગમે એમ કહે, પણ આ તારી કુસુમ અત્યારે જે બોલે છે. તે તારા હ્રુદયપટમાં કોતરી રાખજે. હું પ્રાણાંતે પતિધર્મથી વિમુખ રહેનાર નથી.'

'હવે એતો જાણે સમજ્યાં કે તમે કહેવા પ્રમાણે વર્તશો. પણ બ્હેન! તમારા મહેન્દ્રસિંહ તો ઉલટા તમારી પૂજા કરે એવા છે. જાણતાં નથી કે તે દિવસે તમારૂં માથું સ્હેજ દુખતું હતું, ત્યારે તેઓ અમને બધાને આઘાં ખસેડી સ્વહસ્તે ગુલાબજળ છાંટી તમારૂં માથું દબાવી દુ:ખ દૂર કરવાના પ્રયત્ન કરતા હતા. એવા પતિ જો દરેક બાળાને મળે તો જે કુભારજા હશે એજ એવા ગુણવાનની સેવાથી વિમુખ રહેશે. કુસુમ બ્હેન! જ્યારે સ્વામિ આંધળો હોય, કુરૂપ હોય, નિર્વાહ ચલાવવાને અશક્ત હોય, અને હમેશાં ત્રાસ દેનારો હોય ત્યારેજ સ્ત્રીની પતિભક્તી જણાય. બાકી તો સુખમાં સુખ માનનારી તો ઘણીએ હોય છે. સમજ્યાં બ્હેન?'

શાન્તા! અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષિએ જેવો ભર્તાર મળ્યો હોય તેની સેવા કરવી એજ સતીનો ધર્મ છે. આંધળો, અપંગ, અશક્ત, દુષ્ટ હોય તદપિ સ્ત્રીયોયે સંતોષ માની તેની પ્રભુ પ્રકારે પૂજા કરવી. "સુખમાં પતિની સેવા કરવાને બદલે આપતકાળમાં પોતાના સ્વામિની સેવા કરી તેને સુખ આપનાર સતી બાળાના જીવનને ધન્ય છે." સમજી મારી શાણી શાન્તા.

કહી કુસુમ હસીને કંઈક યાદ આવતાં પુનઃ કહેવા લાગી. અરે! હું તો તને કહેવાનું ભુલી ગઇ. શાન્તા! તું પુષ્પ વીણી જલ્દી મહેલમાં જા. માતા પૂજામાં બેઠાં હશે, ને પુષ્પોની રાહ જોતાં હશે.'

'હા, હું પણ ભુલી ગઈ. લ્યો બ્હેન! હું જાઉં છું, તમે પણ જલ્દીથી આવજો, બહુ મોડું ના કરતાં. કહી શાન્તા ત્યાંથી ચાલી ગઇ. કુસુમ તેની પાછળ એકાગ્ર દ્રષ્ટે જોઇ રહી.

પેલી તરફ છૂપાઇ ઉભેલો મહેન્દ્ર બન્ને સખીયોનો સંવાદ સાંભળી આનંદ પામ્યો. તે પોતાના ભાગ્યને વખાણવા લાગ્યો. અહા! હજી કૌમારાવસ્થામાં રહેલી કુસુમ શાસ્ત્રના કેવા સિદ્ધાંત સમજે છે! ખરેખર! "સદ્‌ગુણી માતાની પુત્રી સુપાત્રજ હોય છે, અને કુલટાની કુભારજા હોય છે." એ મારા મિત્ર પ્રતાપ અને કાન્તાના સંસારથી સિદ્ધ થાય છે. અહા! શશીવદનીની શું સુંદરતા!

દેખું ચંચળ પ્રેમથી ચળકતાં, ચક્ષુ વિલાસે રમે;
ગાલ ગુલાબી નજરે ચમકતા, શ્વાસે સુગંધી ગમે.
શોભે સિંહ કટી મુખ શશી સમું ગજગમની ગતી;
દેખી હરખુછું પ્રીયા મુજ તણી, રંભા સમી દીસતી.

ચાલ જીવ! એ કમળ નયની કુમારિકાને બોલાવી તેના મુખના દર્શનથી આ નેત્રને તૃપ્ત કરૂં. કહી મહેન્દ્ર છૂપાયેલી જગાએથી બહાર નીકળી બોલ્યો. કુમારિકા! આજ તો કંઇક અહિં ભુલાં પડયા છોને શું?

'તેના અવાજથી કુસુમે ચમકી પાછળ જોયું તો મહેન્દ્રને

જોયો. તેને જોતાંજ કુસુમ તેની પાસે દોડી ગઈ અને સ્મિત હાસ્ય કરી બોલી. કોણ મહેન્દ્રસિંહ! હં....વારૂ આપશ્રી અત્રે ક્યારના પધાર્યા છો? તબીયત તો આનંદમાં છે ને?

'રાજકુમારી! જ્યાં દેવકન્યાઓ નિવાસ કરે છે ત્યાં રહેનાર પણ સદા આનંદમાંજ હોય છે. કુમારિકા! મને અહિં આવે ઘણી વાર થઇ છે.'

'ત્યારે તો તમે અમારી બધી વાતો સાંભળી હશે? કહી કુસુમે શરમાઇ નીચું જોયું."

'રાજદુલારી! શા માટે શરમાઓ છો? પ્રેમનો પ્રભાવ એવોજ હોય છે, પ્રેમના પાશમાં ફસાયેલાં પ્રેમીયોના ઉદ્‌ગારને રોકી શકવાને કોઈ સમર્થ નથી. કુમારી! તમારો મારી ઉપર મહાન્ ઉપકાર થયો છે, તેના બદલામાં આપવાને મારી પાસે એવી કંઇ પણ ચીજ નથી કે તે હું તમને આપી શકું!

'મહેન્દ્રસિંહ! આપ જો મને ઉપકારના બદલામાં કંઇ આપવા ધારતા હો તો હું માગું તે માગણી કબુલ રાખશો?

'રાજ્યબાળા! તમારા માટે આ પ્રાણ પણ તૈયાર છે, આપની ઇચ્છામાં આવે તે માગો.'

'હું માગીશ ને તમે ના કહેશો તો?'

'અરે એમ તે થાય, ક્ષત્રિય વીરનું બોલેલું વચન પ્રલય કાળે પણ મિથ્યા ના થાય.

'જો, જો, હાં? પણ અરે, આ શું! મહેન્દ્રસિંહ! તમારી પાસે માગતાં મન મુંઝાય છે, શરીર ધ્રુજે છે, અને મનમાં માગું કે ન માગું એમ થાય છે.'

'કુમારિકા! જ્યાં પ્રેમનું સામ્રાજ્ય પથરાયેલું છે, તો પછી મનમાં મુંઝાવાનું શું કારણ છે?'

'ત્યારે લ્યો સાંભળો, હવે હું માગું છું.

'ખુશીથી માગો, સેવક સર્વસ્વ આપવાને તૈયાર છે.'

'મહેન્દ્ર! માગવામાં એટલુંજ કે તમારા મુખથી એકવાર કહો કે કુસુમ તું મારી છે, બસ મારી એજ માગણી છે.

'કુસુમ! હજી પણ આટલો અવિશ્વાસ? મૃગનયની! તું તો ક્યારનીએ આ હૃદય મંદિરની દેવી બની ગઇ છે, હવે તો ફક્ત સંસારની નજરે પડવા પરણવાનીજ વાર છે.

'ત્યારે હવે હું તમને પ્રાણનાથ કહીને બોલાવું તો શું વાંધો છે?'

'વડિલોની મર્યાદા સાચવવા એવું કહેવાની જરૂર નથી. કુસુમ! જો તને એવા સંબોધનથી બોલાવવાની ઇચ્છા હોય તો તેના જેવાં અનેક સંબોધનો પ્રેમી યુગલોને માટે વિદ્વાનોએ શાસ્ત્રમાં સાચવી રાખ્યાં છે.'

'એતો જાણે સમજી. ત્યારે હું તમને પ્રીય મહેન્દ્ર કહીને બોલાવીશ, પણ વારૂ તમે મને શુ કહીને બોલાવશો?'

'મારી દેવી, મારી મીઠડી, મારી જીવનપ્રભા, જે કહું તે તુંજ છે. મહેન્દ્ર પ્રેમશાસ્ત્રનો પૂરો પંડીત છે, તેને વધારે શીખવવાની જરૂર નથી.

'અરે વાહરે મારા મનહર મહેન્દ્ર! હું તો તમને જોઇ ગાંડી ઘેલી બની ગઇ છું, કહી કુસુમ પ્રેમાવેશથી મહેન્દ્રના કંઠે વળગી પડી.'

'મહેન્દ્ર અમૃત વૃક્ષના સ્પર્શથી શીતળતા અનુભવતો,

તેને હૃદય સાથે જોરથી દાબતાં બોલ્યો. કુમારિકા! આ સાહસ થાય છે, મર્યાદાની સીમા બહાર જવાય છે. કુમારી! મને મૂકી દો, કોઇ જોશે તો આપણને શું કહેશે?'

'મહેન્દ્ર! વ્હાલા! શા માટે ડરો છો. લોકો શા માટે આપણને કંઇ કહે? તેમનાથી આપણે પણ શા માટે ડરવું જોઇએ? આપણા બન્નેનાં મન મળી ગયાં છે, અને સ્નેહી પંખીડાં એક બીજાનાં ગળે વળગી આનંદ કરે છે, એમાં મર્યાદા શું! ને શરમાવાનું એ શું?'

'અવિવાહીત્ કુમારિકાને આલીંગન આપવું તે ધર્મ વિરૂદ્ધની વાત છે! જ્યાં સુધી આપણાં લગ્ન થયાં નથી ત્યાં સુધી આપણે એક બીજાની સાથે આવી રીતે વર્તવું યોગ્ય નથી.'

'તમે ગમે એમ કહો, પણ હું તો તમને મનથી વરી ચૂકી છું અને તમે પણ મને વરી ચૂક્યા છો. આપણા પ્રેમની ઐક્યતા થઇ ગઈ છે. તે હવે જીવન પર્યંત છૂટનાર નથી. ભલે લોકના થોક ગમે એમ કહે, હું કોઈની પરવા કરનાર નથી. કહી કુસુમ તેને વળગી રહી હસવા લાગી.'

'અરે કુસુમ! હવે મારાથી દૂર ઉભાં રહો. 'લોક વિરૂદ્ધ ન વર્તવું' તે યાદ કરો! પ્રેમોન્મત્ બની આ શું કરો છો?'

'મારા વ્હાલાને પ્રેમ નીશાની તરીકે કંઠાશ્લેશ કરી શીતળ કરૂં છું. કારણ કે આ સ્નેહદાન સિવાય મારી પાસે બીજું કાંઇ નથી કે જેથી હું મારા વ્હાલાને રીઝાવી શકું. વ્હાલા! અપરમાતા કાળરાત્રિના ક્રોધથી અમે નિર્ધન થઇ ગયાં છીએ, તેથી હું તમને બીજું શું આપું? કહી કોમળ કુસુમ મહેન્દ્રના

પગ પાસે નીચે બેસી ગઇ. તેની આંખ્યોમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં. તેને દુઃખ લાગ્યું જાણી મહેન્દ્ર મનમાં દુઃખી થયો. તે સુગંધ યુક્ત રૂમાલથી તેનાં અશ્રુ લ્હોતાં તેને ઉભી કરી બોલ્યો. પ્રીયે! મનમાં શા માટે દુઃખ ધારે છે? તારા દુખે આ મહેન્દ્ર પણ દુઃખી છે. સુંદરી! ભલે આ સંસારમાં આપણે લોકોની નજરે ભીખારી હાલતે દુખી જણાઇયે છીએ, પણ પ્રભુની નજરમાં આપણે ઉંચ્ચ શ્રીમંત ગણાઇયે છીએ. કુસુમ! મનમાં દુખી ન થા, તારા દુખી દેદારથી મને અપાર વેદના થાય છે. આપણું સંકટ શ્રીભગવાન દૂર કરશે. રાત પછી દિવસ અને દિવસ પછી રાત જેમ આવે જાય છે તેમ સુખ દુઃખની લીલા અવલોકાય છે. જે કાળરાત્રિ આપણને સંકટમાં સપડાવી સુખથી મલકાય છે, તેજ કાળરાત્રિને જોજે કે આખર તેના કેવા હાલ થાય છે. માટે શાન્ત થા. મારી મીઠડી! આમ ઉંચુ જો, ને દુઃખને વિસારી આ દુખીયાને પણ આનંદ કરાવ. તારામાં આનંદનો વાસ છે. તને જોતાં દુઃખી સુખી થાય છે.

'મહેન્દ્ર! દુઃખના પડેલા તાજા ઘાને રૂઝાતાં વાર લાગે છે, માતાનું કલ્પાંત જોઇ છાતી ફાટે છે. અરેરે! રાજ્યસુખ ભોગવનારાંની આ શી દશા!

મહેન્દ્ર મનના માનિતા, દિન દુઃખમાંહી જાય છે;
કોપી માતા કારમી, ન સમજાય કે શું થાય છે?
મમ તાત સ્વર્ગે સંચર્યાં, મુજ માત દુઃખનો પાર નહિ;
શું કહું એ વાલમા? આ દુખ જોવાતું નથી.
ક્રૂર કર્મના અંતરાયથી, કર્મે લખેલું દુઃખ આ;
વારે ચઢો ઓરે વિધાતા, કષ્ટ નવ સહેવાય આ.

કહી કુસુમ રડી પડી, મહેન્દ્ર અકળાયો, તે બોલી ઉઠયો. કુસુમ! વ્હાલી કુસુમ! આ શું કરે છે? રડ નહિ, મારૂં મન અભરાય છે.

કુસુમ કમળ સમ નેત્રમાં, અશ્રુ જોવાતાં નથી;
શાન્ત થા શાણી સુહાગી, કર્મે લખેલું છે નહિ.
મહેન્દ્ર મનથી ઉચરે, સત્ય સુંદરી માનજે;
લગાવીશ ઝેરની ફુંકો, પ્રીયા દુખી ન તુ થાજે.

* * *

શત્રુ સુવારીશ સાથરે, હિંમત મનથી ધાર;
વૈર ન વાળું સર્પનું, વૃથા જન્મ જનાર.
લીધો અવતાર અવનિમાં, ભયંકર પાપીને માટે;
દગાનું વૈર લેવાનો, હવે હું શિરને સાટે.

સુંદરી શાન્ત થા, આ કોપની જ્વાળામાં આપણા શત્રુઓ ભષ્મિભુત થશે, અને દુખી જીવો પ્રભુ કૃપાએ આનંદ કરશે કહી મહેન્દ્ર કુસુમનાં અશ્રુ લ્હોવા લાગ્યો. કુસુમ શાન્ત થઇ બોલી. વ્હાલા! સમય ઘણો વહી ગયો, આમ ઉંચે તો જુઓ! નભ મંડળમાં શશીનો ઉદય થયો. તે આપણને જોઇ હસે છે. વ્હાલા! ઉભા રહો, હું આ ખીલેલાં પુષ્પોની માળા બનાવી તમારા કંઠમાં પહેરાવી અદેખા ચંદ્રને વધારે હસાવું. કહી મહેન્દ્ર જવાબ આપે તે પહેલાં તો કુસુમ પુષ્પોદ્યાનમાં પ્રવેશી પુષ્પો વિણુવા લાગી.

પ્રકરણ ૨૩ મું.

દુશ્મનોના દાવમાં.

આકાશમાં શશીકાન્ત પ્રકાશી રહ્યા હતા, મહેન્દ્ર અને કુસુમના પ્રેમવિનોદથી તે જાણે ખુશી થતા હોય એમ જણાતા હતા. સરળ હૃદયની કુસુમ પુષ્પોધાનમાં ચાલી ગઇ. મહેન્દ્ર તેને જતાં જોઇ રહ્યો. અંતે તેનું મન બોલી ઉઠયું, અહા ! કેવી મનોહારી પ્રેમ વલ્લભા ! પ્રભુએ આ સુંદરીના સહવાસથી મને સુભાગી બનાવ્યો છે. અરેરે ! એકજ રાજાની બે રાણીયો, અને તેમની જુદી જુદી પુત્રીયોમાં પણ કેટલો ફેરફાર ! કયાં કુસુમ ! અને કયાં કાન્તા ! એક સુંદરી તો બીજી પીશાચિની, એક સતી અને બીજી કુલટા. કાન્તામાં એની માતાના તમામ ગુણો આવી રહેલા છે, તેનું જેવું બાહ્ય સૌન્દર્ય છે, એવુ હૃદયમાં નથી. લોકો કહેશે કે રૂપવાન બાળાના સ્વામિનો સંસાર શોભે છે, પણ ગુણ વિનાનું એકલું રૂપ શું કામનુ, ગધેડાં ઘણાં રૂપવાન હોય છે, પણ તેનો ત્યાગ કરી માણુસો અશ્વ ઉપર સ્વારી કરે છે. સોમલનો કટકો સફેત હોય છે, પણ તેના પ્રાસનથી પ્રાણ પલકમાં ચાલ્યા જાય છે. કાન્તા રૂપવાન છે, પણ ગુણમાં ચુડેલ સમાન છે. ભલે રૂપ ન હોય પણ જેનામાં ગુણ ભરેલા હોય, તેના સહવાસથી જીવન સુધરે છે. કસ્તુરી કાળી હોય છે, પણ મરણ કાંઠે પડેલા માણુસને જીવન આપવાનો ગુણ ધરાવે છે. “રૂપને

કુરૂપ થતાં વાર લાગતી નથી, પણ ગુણ નાશ પામતો નથી. વૃદ્ધાવસ્થા થતાં રૂપ નાશ પામે છે, અને ગુણ માણસના મૃત્યુ સમયે પ્રાણની સાથે જાય છે. "ગુણની કિંમત અમૂલ્ય છે." એવા ક્ષણભંગુર રૂપની કામિની કાન્તા સાથે પ્રતાપ ના પરણ્યો હોત તો ઘણું સારૂં થાત. પ્રમિલા ગુણની ભંડાર છે, આખરે એજ દેવીથી પ્રતાપનો ઉદ્ધાર છે.

'મારી કુસુમ સર્વાંગ સુંદર ગુણની ભંડાર છે, તેના ગુણથી આ મહેન્દ્ર દિવાનો થઇ તેને મોહ્યો છે. અરે! તેને જતી રહેલી જોઇ આ ચક્ષુઓ તેને ફરીથી જોવાને વ્યાકુળ થઇ તેના માર્ગની નિરીક્ષા કરી રહ્યાં છે. આમ બોલતો મહેન્દ્ર થોડીવાર શાન્ત થઇ પુનઃ પાછો મન સાથે ગણગણવા લાગ્યો. અહા!

"ગુલાબી ગાલની લાલી,
અરે મતવાલી તું વ્હાલી ?
નજર કરો નેહથી નારી,
ઉભો છે પ્રેમ ભિખારી.

* * *

અરે ! દિલદાર દયા લાવી.
જુઓને સ્નેહથી પ્યારી !
ભુલાવ્યો ભુરકી નાંખી,
દયા દિલે નહિ રાખી.
સંભાળું સુંદરી રાચી,
જીવનની જ્યોતી તું સાચી.

* * *

હવે તું મોહિની મ્હારી,
હૃદયની દેવી મ્હેં ધારી.
પડી પ્રેમ ગાંઠ વજ્જરની,
નહિ છોડાવી છુટવાની.
ભલે આ પ્રાણ તો જાશે,
કુસુમ કો દી ન વિસરાશે.

પ્રેમોન્મત્ મહેન્દ્ર આમ બોલતો પુષ્પોદ્યાન તરફ આતુરતાથી જોઇ રહ્યો. થોડીવારમાંજ પુષ્પોને પાલવમાં એકઠાં કરી ગજગમની કુસુમ ત્યાં આવી, અને સ્નેહથી મહેન્દ્રનો હાથ પકડી કહેવા લાગી. વ્હાલા ! ચાલો આપણે પેલી સ્વચ્છ ચાંદનીમાં બેસીયે. તમે કંઇક આનંદદાયક વાત કહો, એટલામાં હું આ પુષ્પોની માળા બનાવી આપના કંઠમાં પહેરાવું.

" જેવી તમારી ઇચ્છા, કહી મહેન્દ્ર તેની સાથે ચાલ્યો. બન્ને જણાં એક બીજાનો હાથ પકડી ખુલ્લા ચોગાનમાં પ્રકાશી રહેલી ચાંદનીમાં બેઠાં. કુસુમ પુષ્પોની માળા બનાવવાની તૈયારી કરે છે એટલામાં તો ત્યાં કેટલાક માણુસોનું ટોળું આવતું માલૂમ પડયું, બન્ને ચમકીને જોવા લાગ્યાં. મહેન્દ્ર ઉભો થઇ આવનારાઓને જોઇ રહ્યો, ત્યાં આવનાર માણુસોની સંખ્યા વીસ જણાની હતી. સઘળા શસ્ત્રથી સજ્જ થયેલા હતા. થોડીવારમાં તો તેઓ ત્યાં આવી પહોંચ્યા, અને મહેન્દ્ર–કુસુમને ઘેરી ઉભા રહ્યા. મહેન્દ્ર સમજી ગયો કે આ આવનારાઓ મિત્ર નથી, પણ શત્રુ છે. કુસુમ ભયથી ધ્રુજતી મહેન્દ્રના પડખામાં ઉભી રહી, તેમનું આવું વર્તન જોઈ વીર મહેન્દ્ર ઉશ્કેરાઇ બોલી ઉઠયો.

'વિચાર વિનાના પશુઓ! જાણુતા નથી કે આ એકાન્ત છે ? બોલો તમે કોણુ છો ? અને શા માટે અહિં આવી અમને ઘેરીને ઉભા છો ? તેનો પ્રશ્ન સાંભળી એક સરદાર આગળ આવ્યો, તેને જોતાંજ મહેન્દ્ર બૂમ પાડી ઉઠયો. કોણુ! પાપી અબુધસિંહ !

'હા, અબુધસિંહ! કેમ ઓળખાણુ પડીને ?

'પુન્યવાનને ઓળખવા કરતાં પાપીને ઘણાં જન ઓળખે છે. બોલ, તારૂં આવવાનું શું કારણુ છે ?

કારણુમાં એજ કે તમને બન્નેને પકડી કેદ કરવાનાં છે.

'અમારો અપરાધ ?'

'અંધકારસિંહના ખૂનનો જવાબ.' સમજ્યો ? માટે રકઝક છોડી બન્ને જણાં અમારે સ્વાધિન થઇ જાઓ.

'અબુધસિંહ! અમે સ્વાધિન નહિ થઇએ તો તું શુ કરીશ ?'

'મહારાણીની આજ્ઞાનો ભંગ કરીશ તો તને બળાત્કારે પકડી કેદ કરીશ.'

'તું કઈ મહારાણીનો હુકમ લાવ્યો છે ?'

'શ્રીદેવી કાળરાત્રિનો.'

'તે મહારાણી નથી, પણુ માણુસનું માંસ ભક્ષ કરનારી ચુડેલ છે, તેની આજ્ઞા અમારે માન્ય નથી.

'ઉદ્ધત છોકરા ! હું નથી બોલતો એમ વધારે બ્હેંકે છે કે ? અપરાધી થઇ સામો અમને અડાવે છે કે ? અબુધે ડોળા કાઢી કહ્યું.'

'મેં શું અપરાધ કર્યો છે?

'વારે વારે શું પૂછે છે? ખૂની! બોલ, અંધકારસિંહનું ખૂન કોણે કર્યું હતું?'

'આ તારી સામે જે વીર ઉભો છે તેણે. મહેન્દ્રે કહ્યું.

'તેનું ખૂન ત્હેં શા માટે કર્યું?

'બુઢ્ઢા! તે પૂછવાનો તને શું અધિકાર છે?

'મહેન્દ્ર! અપમાન કરતાં વિચાર કરજે?'

'નહિ તો તું શું કરીશ?'

'મહારાણીને કહી તને ઘણો રીબાવી રીબાવીને મારી નંખાવીશ.'

'અરે પામર! તે પહેલાં તો તને અને તારી મહારાણીને હું રગદોળી નાંખીશ.

મહેન્દ્ર! આ અબુધને અપમાનની આગમાં સળગાવી તું સાર નહિ કાઢે!

'સાર અસારનો વિચાર તારે કરવાનો નથી. ઘરડા ખચ્ચર! વૃદ્ધ થઈ ન કરવાનાં કામ કરનાર ઘરડા ઘુવડ! તારાથી અને તારી મહારાણીથી કાંઈ થઈ શકવાનું નથી.

મહેન્દ્ર ડરે નહિ તમ થકી, વિચાર કરીને જો ઘણા,
રોળી નાખું ક્ષણ એકમાં, કટકા કરૂં હું તો ઝીણા;
શક્તી સ્વરૂપ સમશેર આ, ધરી તમારે માટ,
શૌર્ય હોય તો આવી જા, જાવા નર્કની વાટ.

નકામા લવારા કર નહિ. બળનું ગુમાન હોય તો થઈ જા સામો. કહી મહેન્દ્ર તિક્ષ્ણ નજરે તેના સામે જોઇ રહ્યો.

‘ અપમાનની આગથી કોપેલો બુઢ્ઢો અણુધસિંહ ગર્જના કરીને બોલી ઉઠયો. હરામખોર ! ચોરી અને વળી શિર જોરી ! જોઇ લે કે હવે તારે કેવાં ફળ ચાખવાં પડે છે ? ’

‘ અરે નામ પ્રમાણે ગુણવાળા અણુધ ! કડવાં ફળ ચખાડયા પહેલાં આ ચાંદનીમાં ચળકતી સમશેર જોત જોતામાં કાળો કેર વર્તાવશે, અને તમને બધાને નર્કમાં મોકલશે. ’

‘ એમ ! તો જોઇ લે મારો ઝપાટો. કહી અણુધસિંહ તેના સૈનિકોને સંબોધી બોલ્યો. મારા બહાદુરો ! શું જોઈ રહ્યા છો ? આ મારૂં કઇ ઓછું અપમાન થયું ના કહેવાય. માટે હવે એકદમ તમે ઉપડો ને આપણા કેદીને પકડો, તેને બાંધો ને મહારાણી પાસે લઇ ચાલો. ’

‘ જેવો હુકમ ! પણ તેની પાસે કુંવરી બ્હેન ઉભાં છે, તેમનું શું કરવું ! ’

‘ તેને સાચવીને સુખપાલમાં બેસારી આપણા મહેલે લઇ જાઓ. ’

‘ જેવી આજ્ઞા. કહી સર્વ સૈનિકો મહેન્દ્રની તરફ ધસ્યા. કુસુમ થરથર ધ્રુજવા લાગી. તેને ધ્રુજતી જોઇ મહેન્દ્ર કહેવા લાગ્યો. કુસુમ ! વીર બાળા થઇ આમ શું ડરે છે ! હિમ્મત ધર. જ્યાં સુધી હું ઉભો છું ત્યાં સુધી તારા એક પણ વાળને ઇજા આવવા દેનાર નથી. પ્રીયે ! આવ મ્હારા પડખામાં. કહી મહેન્દ્ર તેને પડખામાં લઇ, હાથમાં પકડેલી સમશેરને નજીક

આવતા સિપાઇઓની સામે ધરી મોટા અવાજથી કહેવા લાગ્યો. ખબરદાર! એક પણ તસુ આગળ વધ્યા તો મુઆ સમજજો. તમે આ વીરના હાથથી બચવાના નથી. માટે જો જીવવાની ઇચ્છા હોય તો એટલેજ રહેજો. તેના ભયંકર પહાડી અવાજથી સિપાઇઓ આગળ વધતા અટક્યા કે તરત અબુધસિંહ ગર્જી ઉઠયો. મારા સૂરવીરો! આમ નાહિંમત કેમ થાઓ છો? તુટી પડો એ છોકરા ઉપર! તે વીર છે તો શું તમે બાયલા છો? કહી અબુધસિંહ દૂર જઈ ઉભો રહ્યો.'

'તેના આવેશયુક્ત વાક્યોથી સિપાઇયો ઉશ્કેરાઈ તલવારો ખેંચી મહેન્દ્રની ઉપર તુટયા. વીર મહેન્દ્ર પણ સમશેર ખેંચી તેઓની પર તુટી પડી રૌદ્ર ગર્જનાથી બોલવા લાગ્યો. ઘુમો! મરણને મળવા આવેલા સિપાઇયો જોરથી ઘુમો. મારાથી દૂર જતા નહિ, જેને નર્કમાં જવું હોય તે મારી પાસે આવજો. આમ બોલતો વીર મહેન્દ્ર પડખામાં રહેલી કુસુમને શત્રુઓના પ્રહારથી બચાવતો ચાલાકીથી ચારે તરફ સમશેર ફેરવતો હતો. તેની યુદ્ધ નિપુણતાથી સિપાઇયો આશ્ચર્ય પામ્યા. તેઓ તેની નજીક નહિ જતાં દૂરથીજ તલવારો ફેરવવા લાગ્યા. બકરાંના ટોળામાં વનરાજ ઘુમે એમ મહેન્દ્ર એક હાથથી કુસુમને સંભાળી બીજા હાથથી સમશેર ચલાવી ઘુમતો હતો. વીર મહેન્દ્ર શત્રુઓના ઘા તેની સમશેર પર ઝીલતો પોતાનું અને કુસુમનું રક્ષણ કરવા લાગ્યો. થોડીવારમાં તો તેની સમશેરે બે સિપાઇઓનાં બળિ-દાન લઈ લીધાં. આથી બાકીના સિપાઇયો ક્રોધાયમાન થઈ કિકીયારી કરી વેગથી ધસ્યા. મહેન્દ્ર તેમના આક્રમણથી લેશ

માત્ર ગભરાયો નહિ. શત્રુઓની સામે તે હિંમતથી ટકાવ કરવા લાગ્યો. પ્રભુ કૃપાથી હજી સુધી તેના શરીરે એક પણ જખમ થયો નહતો. તેના યુદ્ધ કૌશલ્યથી કુસુમ આનંદ પામી ઘુમતા વીરને વીર નાદથી ઉશ્કેરવા લાગી. જોત જોતામાં મહેન્દ્રે બધા મળી પંદર સિપાઇયોને જમીન દોસ્ત કરી નાંખ્યા. બાકી રહેલા પાંચ સિપાઇયો મહોત જીવતની દરકાર રાખ્યા વિના તેની સાથે લઢતા હતા. મામલો બદલાશે તો ભોગ મળશે ધારીને દૂર ઉભેલા અબુધસિંહે કમ્મરમાંથી પિસ્તોલ બ્હાર ખેંચી કાઢી. 'જ્યારે દૈવ રૂઠયો હોય ત્યારે માણુસ ચારે તરફથી ઘેરાય છે.' એ પ્રમાણે સિપાઇયોની સાથે લઢતા મહેન્દ્રનું ધ્યાન દૂર ઉભેલા અબુધસિંહ તરફ ન ખેંચાયું. અબુધસિંહે પિસ્તોલમાં ગોળી ગોઠવી નેમ તાકી તેનો બ્હાર કર્યો. વિદ્યુત વેગી ગોળી યુદ્ધમાં ઘુમતા મહેન્દ્રના કપાળમાં આબાદ વાગી. ઉંડો જખમ થયો. રક્તનો રેલો નીકળ્યો. જીવ ગભરાયો, કુસુમ સંભાળ કહી વીર મહેન્દ્ર ચકરી ખાઈ જમીન ઉપર તુટી પડયો. કુસુમે કારમી ચીસ પાડી. આગળ વધતા સિપાઇયો અટક્યા. મહેન્દ્રના કપાળમાંથી નીકળતો રક્તપ્રવાહ નિહાળી કુસુમ ભાન ભુલવા લાગી. તેના હૃદયમાં સખ્ત આઘાત્ થયો. દુખથી નરમ બનેલું હૃદય બંધ પડયું, તેની સાથેજ કુસુમનું કોમળ શરીર અચેતન થઇ મહેન્દ્રના શરીર ઉપર ઢળી પડયું.

દૂર ઉભેલો અબુધસિંહ આનંદ પામ્યો. તે મહેન્દ્રની નજીક આવી તિરસ્કાર ભરી દૃષ્ટે તેનું મુખ જોવા લાગ્યો. કુસુમના મુખ પર દૃષ્ટિ નાખતાં પાપીનો તિરસ્કાર આનંદના

રૂપમાં બદલાઈ ગયો. તત્કાળ તેણે બે સિપાઇયોને સુખપાલ લેવા દોડાવ્યા. બાકીનાને મહેન્દ્રને બાંધી કાળાકિલ્લામાં પૂરવાની આજ્ઞા કરી. બે સિપાઇઓ સુખપાલ લેવા ચાલ્યા ગયા, બાકી રહેલા ત્રણ જણા મહેન્દ્રની પાસે ગયા. તેના કપાળમાંથી લોહી નીકળતું જોઇ એક સિપાઇને દયા આવી, તરત તેણે માથે બાંધેલા ફેંટામાંથી પાટો ફાડી લોહી સાફ કરી કપાળ ઉપર બાંધી દીધો. બાદ અબુધસિંહની આજ્ઞા મુજબ મહેન્દ્રને ઉપાડી કાળાકિલ્લા તરફ લઈ ચાલ્યા.'

'સુખપાલ લેવા ગયેલા સિપાઇયો પણ તરત આવી પહોંચ્યા. તેમાં કુસુમને સુવારી પાપી અબુધસિંહ મનમાં ખુશી થતો પોતાના મહેલ તરફ ચાલ્યો. તેનો મહેલ રામનગરની બહાર નિર્જન સ્થાનમાં આવેલો હતો. તે જંગલવાળા મહેલ તરફ અબુધસિંહ સુખપાલ સાથે ચાલવા લાગ્યો. સુખપાલને ઉપાડી ચાલતા સિપાઇયો સેનાપતિના મહેલ આગળ આવી, અંદરથી કુસુમને ઉપાડી મહેલમાં એક પલંગ ઉપર સૂવારી.

'રાત ઘણી ગઇ હતી. તેથી સિપાઇયો નીચે જઈ તેમનું કાર્ય કરવા લાગ્યા. બુઢ્ઢો અબુધસિંહ ભોજન કરવા ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૪ મું.

કનક અને કાન્તા.

સ્ત્રીઓની વાંકી ભ્રકુટી કે જે નરકનાં દ્વાર ઉઘાડવાની ચાવી જેવી છે. તેનાથી મોહાંધ થયેલો જ્ઞાની અને પંડિત હોય પરંતુ તે નરકમાંજ વિચરવાનો. અબળાની વાંકી ભ્રકુટીની વ્યથાથી કામીજન કામવ્યથાથી બળે છે, અને ભાન ભુલી નારીના સમાગમની ઇચ્છાથી નર્કમાં પડે છે.

“ પ્રતાપ ” હવે કદાપિ અહિં આવશે નહિ ધારીને કનક અને કાન્તા આનંદ પામ્યાં. માર્ગમાં નડતો કંટક દૂર થવાથી યથેચ્છ આહાર વિહાર કરવા લાગ્યાં. આજે સવારના પહોરમાંજ રંગીલો કનક બની ઠણી કાન્તાની રાહ જોતો દિવાનખાનામાં બેઠો હતો. તે કાન્તાના વિચાર કરવા લાગ્યો. વિચારમાં કનક મદનના શરથી વિંધાઇ કાન્તા કયારે આવે અને હું તેને મળું એમ જપમાળા જપવા લાગ્યો. એટલામાંજ અપૂર્વ શૃંગારથી શોભતી કાન્તા લટકતી ચાલે ત્યાં ચાલી આવી. તેને જોતાંજ કનક ઉભો થઇ બોલ્યો. આવો, આવો, મારી મનહરણી આવો, આ સેવક કયારનોએ મદન બાણુથી વિંધાઇ રતિદેવીની સેવાને અર્થે તમારી રાહ જોઈ રહ્યો છે. દેવી ! સેવકની સેવા સ્વિકારો, કહી કનકે કાન્તાનો હાથ પકડયો. કાન્તા નેત્ર કટાક્ષથી તેને ઘાયલ કરતી કહેવા લાગી. કનક ! આટલો અધિરો શાને થાય

છે? મારી કૃપાથી તારી મન કામના પૂર્ણ થશે, માટે ચાલ હવે આપણે આનંદ ઉપજાવવા મદિરાનું પાન કરીએ, કહી કાન્તાએ મદિરાના બે પ્યાલા ભર્યા. બન્ને જણાં હાસ્ય વિનોદથી એક બીજાને પાવા પીવરાવવા લાગ્યાં. ઉપરા ઉપરી મદિરાના પ્યાલા પીતાં અરસ પરસ વિનોદ યુકત વાર્તાઓ કરવા લાગ્યાં. મદિરાથી ઉન્મત્ બની બન્ને જણાં સાથે હિંચકા ઉપર બેસી હિચવા લાગ્યાં. કાન્તા શાન્ત બેસી રહી, પરંતુ કનકથી ના રહેવાયું, તે ઉભો થઇ બોલ્યો. સુદરી! હવે શું વાર છે? તારા અધરામૃતના પાન વિના મારો જીવ જાય છે.

“ કનક ! નીચે બેશ ! આનંદને માટે આખો દિવસ પડયો છે. આમ અકળાઇ કેમ જાય છે?

“ રસીલી! આજ મ્હેં એક નવી રમત શોધી કાઢી છે. તે રમત એવી તો મઝાની છે કે તેથી તું ઘણી ખુશી થઇ જઇશ.

ત્યારે તો ચાલ તે રમત હમણાંજ શરૂ કર. ”

“ જ્યારે તમારી એવી ઇચ્છા છે ત્યારે તમે બની જાઓ એક કુમારિકા, અને હું બનું તમારો આશક. મોહાંધ થયેલો આશક જેમ તેની માશુકને પ્રથમ મળી મનાવે .એમ હું તમને મનાવું. તમે માનમાં રહો. પછી જ્યારે હું તમને ઘણા કાલાવાલા કરૂં ત્યારે તમારે પ્રસન્ન થઇ, સર્વ શર્મ તજી દઇ તમારૂં સ્વરૂપવાન શરીર મારે સ્વાધિન કરી દઇ આનંદ કરવો પછી જોઇલ્યો કે તેમાં કેવી મઝા મળે છે.

“ કુટિલ કાન્તા તેના કહેવા પ્રમાણે કરવા તૈયાર થઇ. બન્નેએ વેશ બદલ્યો. આશક માશુકનાં મનામણાનું નાટક ભજવાવા લાગ્યું. ”

અહા! એક મહારાણીની પુત્રી દેખરેખ રાખ્યા વિના કેવી ખરાબ થાય છે, તે આ ઉપરથી જણાય છે. પોતાનાં પુત્ર અગર પુત્રીયોની ઉપર દેખરેખ નહિ રાખતાં, તેમને સ્વચ્છંદ પણે રહેવા દે છે, તેનું આખરે ખરાબ પરિણામ આવે છે. પુત્ર હોય તો ગણીકાને ત્યાં ગમન કરે છે, અને પુત્રીયો હલકા નોકરોની સાથે પ્યારમાં પડી તેમની જીંદગી ધુળ કરે છે.

કાન્તા અને કનક મદોન્મત્ બની અંધ બની ગયાં, કહ્યું છે કેઃ—

नपश्यातिच जन्मान्धः कामान्धोनैव पश्यति ।
मदोन्मत्तो न पश्यन्ति अर्थी दोषन्न पश्यति ॥

જન્માંધ દેખી શકતો નથી. કામોન્મત્ મનુષ્ય છતી આંખે અંધ થઇ જોઇ શકતો નથી. મદોન્મત્ અંધ થઇ સર્વને ત્રણ વત્ લેખે છે, અને સ્વાર્થી પણ પાપ શું ચીજ છે તે જાણતો નથી. તેઓ સારાસારનો વિચાર નહિ કરતાં પાપ કર્મમાં પ્રવર્ત થઇ અમૂલ્ય મનુષ્યાવતારને રદ કરે છે. "પરનારી નર્કની બારી" એ જાણે છે છતાં દુષ્ટો પાપ કર્મમાં પડે છે.

"પરધન પથ્થર માન સમ, પર સ્ત્રી માત સમાન,
ઈતનેસે હરી ના મીલે, તો તુલસીદાસ જમાન."

કેટલો અમૂલ્ય ઉપદેશ! પણ એ ઉપદેશની દરકાર અંધ બનેલાઓ કરતા નથી. એતો પરનારીની ધાંખનામાંજ જીવન ગુજારે છે.

दर्शनात् हरते चित्तम् स्पर्शनात् हरते बलम् ।
संभोगात् हरते वीर्यम् नारी प्रत्यक्ष राक्षसी ॥

એવી પરનારીની યારી છે, તેના સેવનથી માણસનો સંસાર સ્મશાન સમાન બને છે. માટે સુજ્ઞ જનોએ પરનારીને પ્રાણ હરનારી રાક્ષસી સ્વરૂપ સમજી તેનાથી દૂર રહી જીવનનું સાર્થક કરવું.

ઉપર કહ્યા મુજબ કાન્તાને કનક અંધ થયાં હતાં, એ અંધ દશાના કુટિલ વર્તન ઉપર કાળો પડદો નાખવાની જરૂર છે. કુટિલ કર્મની અવધિ આવી રહી. વીર પ્રતાપ અચાનક ત્યાં આવી ચઢયો, તેની નજર એ અલૌકિક પ્રકાર ઉપર પડી. વીરનું લોહી ઉકળી આવ્યું. મ્યાનમાંથી તલવાર ખેંચી વીર પ્રતાપ ભયંકર ગર્જના કરી દોડયો. તેને જોતાંજ બન્ને જણાં થરથર ધ્રુજવા લાગ્યાં. તેમના રંગમાં ભંગ પડયો, કનક નાસવાને માટે માર્ગ ખોળવા લાગ્યો. તેના મનની વાત સમજી તરત પ્રતાપે કમ્મરપટામાંથી બીજા હાથે પિસ્તોલ કાઢી તેના સામે તાકી કહ્યું. ગુલામ! તારો નાસી જવાનો યત્ન નકામો છે, જીવ બચાવવો હોય તો ત્યાંજ ઉભો રહેજે. નિમકહરામ! જો સ્હેજ પણ ખસવાનો પ્રયત્ન કર્યો તો સમજજે કે આ ભરેલી પિસ્તોલ તારો જીવ લેશે. કહી પ્રતાપે તેના સામે પિસ્તોલ ધરી રાખી કાન્તા તરફ જોઇ કહ્યું. કમજાત કુલટા! આજ તું આ હાથથી જીવતી રહેવાની નથી, તારૂં કુટિલ કર્મ મ્હેં આજે પ્રત્યક્ષ નિહાળ્યું છે. બોલ કુલટા! મૃત્યુ પહેલાં તું શું જવાબ આપે છે?

'મને ક્ષમા કરો, હું નિર્દોષ છું.' કાન્તાએ રડી પડતાં કહ્યું. બળતામાં ઘી હોમાયું, તેના જુઠ્ઠા જવાબથી પ્રતાપ ઉશ્કેરાયો, તલવાર મ્યાન કરી કાન્તાની નજીક દોડી તેને પૃથ્વીપર

પછાડી ક્રોધે ભરાયેલા પ્રતાપે તેનું માથું કાપવા પુનઃ તલવારને મ્યાનમાંથી બહાર ખેંચી કાઢી. કાળની જીભ સમાન તલવારને જોતાંજ કાન્તાએ કારમી ચીસ પાડી, તેની ચીસથી કાળરાત્રિ તત્કાળ ત્યાં દોડી આવી. કાન્તાની દુર્દશા કરનાર પાસેના ખંડમાંથી પ્રતાપને જોતાંજ કાળરાત્રિ કોપ યુક્ત વદને બોલી. કોણ પ્રતાપ !

પ્રતાપ-'હા, તારો જામાત આ પ્રતાપ.'

કાળરાત્રિ-'આ શું તોફાન છે ?'

પ્રતાપ-'તોફાનમાં આ કમજાત કુલટાનું નીચ કામ છે.'

કાળરાત્રિ-'સ્પષ્ટ જણાવ કે શું છે ? કાન્તાની પર જુલમ ગુજારવાનું શું કારણ છે ?'

પ્રતાપ-'કારણમાં એજ કે આ તારી માનીતિ પુત્રી કુલટા નીકળી છે, ને તેણે આ સામે ઉભેલા એક હલકા ખવાસ સાથે યારી કરી છે.'

કાળરાત્રિ-'કોણ કહે છે કે કાન્તા કુલટા છે ? નિર્દોષની ઉપર કલંક ચઢાવનાર મહાન્ અપરાધી છે.'

પ્રતાપ-કાન્તા કમજાત છે એ તું સત્ય માનજે. વિશેષ ખાત્રી કરવી હોય તો કરી લે. કહી પ્રતાપ કનકની સામે લાલચોળ નેત્રે જોઇ કહેવા લાગ્યો. અલ્યા ગુલામ ! યાદ રાખજે કે જુઠું બોલીશ તો આ પિસ્તોલથી પ્રાણ ગુમાવીશ. બોલ, કાન્તા કુલટા છે કે નહિ ?

'તેની ભયાનક મુખમુદ્રા જોઇ કનક કંપતો કંપતો કહેવા

લાગ્યો. મ...મ...મને...મ...આ...ફ...ફસો...હું...હું...
નિર્દોષ છું. મ...મ...ને ફસાવનાર આ ક...કાન્તાજ છે.

'ચૂપ થા ગુલામ! કાળરાત્રિ ગર્જી બૂમ પાડી ઉઠી. અરે કોઈ છે હાજર?

'શું આજ્ઞા છે મહારાણી! કહેતા ચાર સેવકો અંદર દોડી આવ્યા. તેમને કનકને બતાવી કાળરાત્રિ બોલી. આ ગુલામને હાથ પગમાં લોઢાની સાંકળો જડી કેદમાં પૂરો, અને હું બોલાવું ત્યારે હાજર કરો.'

જેવી આજ્ઞા. કહી યમરાજ જેવા જણાતા સિપાઇયો કનકને ત્યાંથી લઇ ગયા. તેમના ગયા પછી કાળરાત્રિ પ્રતાપને કહેવા લાગી. પ્રતાપ! શાન્ત થાઓ. હુ તમારા સઘળા અપરાધ ક્ષમા કરૂં છું. તમારો વ્હેમ ખોટો છે, મારી કાન્તા નિર્દોષ છે.'

'હા, મારી માતા! હું તદ્દન નિર્દોષ છું, અને આ નકામા ક્રોધે ભરાઇ મને મારી નાખે છે. કહી કાન્તા માતાની સોડમાં ભરાઇ રડવા લાગી. તેના સ્ત્રી ચરિત્રથી પ્રતાપ વધારે ગુસ્સે થઇ બોલી ઉઠયો. કાળરાત્રિ! તારી કાન્તા કુટિલ કર્મમાં જેવી કુશળ છે, એનાથી વધારે સ્ત્રી ચરિત્રમાં કુશળ હોય એમ જણાય છે.'

કાળરાત્રિ–પ્રતાપ! તમારી જીભ હદ ઉપરાંત આગળ વધે છે. શા માટે કાન્તાને કુલટા કહી તમારૂં છીદ્ર ખુલ્લું કરો છો?

પ્રતાપ–ખુલ્લું થવાનું હતું તે ક્યારનું એ જગતની નજરે પડી ગયું છે. હવે તે ઢાંકયું ઢંકાવાનું નથી. તારી પુત્રીએ મારા કુળને કાળું કલંક લગાડયું છે.

કાળરાત્રિ—થનાર વસ્તુ થઇ ગઇ. હવે પસ્તાવો નકામો છે. માટે હવે તમે બન્ને હળીમળીને ચાલો.

પ્રતાપ—નહિ. એ કુલટાનો હું હવે સ્વપ્ને પણ સંગ કરનાર નથી. તે મારી નજરમાં ઝેરી નાગણ છે. ઘોળા સ્વરૂપમાં આવેલી ડાકણ છે.

કાળરાત્રિ—બસ હદ થાય છે. પ્રતાપ! કાન્તા મારી પુત્રી છે એ તું જાણે છે?

પ્રતાપ—અને તે મારી સ્ત્રી મારા ઘરની ગુલામ છે એ તો તું જાણે છેને?

કાળરાત્રિ—વિના કારણે મરવા તૈયાર થયેલા પ્રતાપ! તારો શું વિચાર છે?

પ્રતાપ—વિચારમાં આ તલવારથી હું તે કુલટાનું નાક કાપીશ, અને પતિને પજવી પર નરથી યારી કરનાર કમજાતને આખા નગરમાં ફેરવીશ. કે જેથી બીજી બાળાઓ તેના જેવાં કુકર્મોમાં પ્રવર્ત થતાં અટકે.

કાળરાત્રિ—પ્રતાપ! તારી ઉપર દયા લાવી તને તે દિવસે જીવતો જવા દીધો તેનું તું આ ફળ આપતો હોઇશ કેમ વારૂ?

પ્રતાપ—ચંડાળણી! તું મારી પર દયા કરનારી કોણ! હું તારી દયા માગતો નથી. તે દિવસે હું તારી દયાથી નહિ, પણ મારા બાહુ બળના પ્રભાવથી તારી આંખ્યોમાં ધુળ નાંખી બાળકુમારને લઇ ચાલ્યો ગયો હતો. રંડા! જુઠું બોલતાં શરમાતી નથી?

તેના શબ્દો કાળરાત્રિને હાડોહાડ લાગી ગયા, તે બૂમ પાડી ઉઠી. અરે કોઇ મારૂં ખંજર લાવો, કે જેથી હું આ અભાગીયાને બોલતો બંધ કરી દઉં. કહી કાળરાત્રિ આવેશથી અંદરના ભાગમાં ખંજર લેવા દોડી. કાન્તા પણ માતાની પાછળ પલાયન કરી ગઇ.

'પ્રતાપ એકલો પડયો, જીવ જોખમમાં છે એમ વિચાર ઉત્પન્ન થયો. અહિંથી જાઉં કે ઉભો રહું એમ વિચારવા લાગ્યો. અંતે અત્યારે અહિંથી જીવ બચાવવા ચાલ્યા જવું. 'જીવતો નર ભદ્રા પામશે ' જીવતા હોઇશું તો ફરીથી જોઇ લઈશું. આમ નિર્ણય કરી પ્રતાપ ત્યાંથી જવાને તૈયાર થયો. એટલામાં કોપેલી સિંહણ ફાટી આંખે હાથમાં ખંજર સાથે આવતી જણાઇ. તેની પાછળ અસંખ્ય સૈનિકો, મારો, કાપોના પોકાર કરતા ત્યાં આવતા જણાયા. એક પળમાં પ્રાણ જશે, ધારીને પ્રતાપે ત્યાંથી ઉતાવળે પગલે પ્રયાણ કર્યું. મહેલની સીડી ઉતરી તે છેલ્લે માળ આવ્યો. કાળરાત્રિ અને તેના સિપાઇયો તેને પકડવા પાછળ પડયા. પ્રતાપે માળ ઉપરથી નીચે પડતું નાખી નાશવા માંડયું. સિપાઈયો પણ નીચે ઉતરી તેની પાછળ વેગથી દોડવા લાગ્યા.'

'રામ રાખનાર તેને કોઈ નથી મારનાર. પ્રતાપ ! પ્રભુ કૃપાથી તેમના હાથમાં આવ્યો નહિ. પાછળ પડેલા સિપાઇયો થાકી કંટાળી પાછા વળ્યા. કાળરાત્રિ ક્રોધાવેશથી બોલી ઉઠી. જે કોઇ પ્રતાપને પકડી લાવશે તેને પાંચહજાર સોનામહોર મળશે. કહી તેણે ફરીથી સિપાઇયોને તેની શોધમાં દોડાવ્યા, તેમના ગયા પછી કાળરાત્રિ કાન્તાની પાસે જવા અંદર ચાલી ગઇ.

પ્રકરણ ૨૫ મું.

પ્રતાપના વિચાર અને નવિન સમાચાર.

પ્રભાકર દેવ માથે આવ્યા હતા, તેમનાં કિરણો શરીરને ગરમ લાગતાં હતાં. આવા મધ્યાન્હકાળે રામનગરની બહાર કે જ્યાં સેનાપતિ અબુધસિંહનો મહેલ આવ્યો હતો, ત્યાંથી થોડેક દૂર વિકટ ઝાડીમાં વીરપ્રતાપ એક વૃક્ષ નીચે શાન્તિથી બેસી રહ્યો હતો, તે સ્થળે કોઇ પણ બીજું માણસ દૃષ્ટિગોચર થતું નથી, ફક્ત પવનના સુસવાટાથી ખરી પડેલાં સૂકાં પાંદડાં ઉડી ખડખડાટ કરી રહ્યાં હતાં. પ્રતાપ મહાન્ વિચાર તરંગોમાં મશગુલ થઇ લમણે હાથ ટેકવીને બેઠો હતો. આજે તેનું મુખ નિસ્તેજ જણાતું હતું, ગોળ ગોર મુખપર ચિંતાઓની જુદી જુદી છાયાઓ દેખાતી હતી. ઘણી વાર સુધી તે એવી સ્થિતિમાં બેસી રહી, અંતે આસપાસ નજર કરી આત્મગત બોલ્યો. અરે! હવે મારે કયાં જવું? ઉંચે આભ અને નીચે પૃથ્વી સિવાય હવે કાંઇ રહ્યું નથી. આ સંસાર સાર વિનાનો થયો છે, દુઃખની સીમા નથી. પ્રભો! વિદ્વાનો કહે છે કે આપ દયાળુ છો, છતાં આટલું બધું સંકટ કયા અપરાધથી નાંખોછો. દેવ! હવે હદ થાય છે, દયા કરો, હું તો તમારૂં બાળક છું, આટલું બધું ક્રૂર થવું આપને ઘટતું નથી.

દયાનીધિ વિશ્વંભરા, સ્હાય કરો શ્રીરામ;
મુંઝાયો ભવાબ્ધિમાં, ગઈ છે મારી હામ.

અરેરે! આજે ચાર ચાર દિવસો થવા આવ્યા, છતાં ભાઇ મહેન્દ્રના મુખનું દર્શન થયું નથી. શું તેની ઉપર કંઇ વિપત્તિનું વાદળ તો નહિ તુટયું હોય? જો એમ હશે તો મહેન્દ્ર સાહસ કરી પ્રાણ ગુમાવશે. સંકટમાં શી રીતે વર્તવું તેથી એ અજ્ઞાત છે. પ્રભુ! મહેન્દ્રનું રક્ષણ કરજો. હા! ક્રૂર કુટિલ કાળ-રાત્રિએ અમને દુનિયાની પાર કરી નાખ્યા છે, દુનિયામાં રહેવાનું હવે એક પણ સ્થાન રહ્યું નથી. અરે! આ દુનિયારૂપી દરીયામાં ધર્મીષ્ટ જનો આવી રીતે દુઃખી થતાં હશે તેની મને ખબર નહોતી. દુનિયાં દુનિયાં તને મારા નમસ્કાર છે, ત્હેં અને કુભારજા કાન્તાએ મને દુઃખ દરીયામાં ડુબાડયો છે. કાન્તા તારા કુકર્મના પ્રતાપથી આ પ્રતાપ દુનિયામાં તેનું મુખ દેખાડી શકતો નથી. લોકો હસે છે, ને આ પેલી વ્યભિચારીણીનો પતિ કહી મારી મશ્કરીયો કરે છે. કાન્તાની દયાથી અને કાળરાત્રિના કોપથી આ હૃદય સળગી ઉઠયું છે, મારી દશા ત્રીશંકુ જેવી થઇ છે કહ્યું છે કે—

દુનિયાં દોરંગી શાને મનવા તું કરે શોકરે,
રંગે નારંગી તો પણ નારગી કહે લોકરે. દુનિયાં.
વન જંગલ દાવાનળ સળગ્યો નહીં ટીપે બુઝાય (૨)
અંતર ધાએ પેટ પાકયુ ત્યાં પાટા કયાં બંધાય (૨) દુનિયાં.

* * * *

કુભારજાના દુઃખનું વર્ણન બ્રહ્માથી નવ થાય (૨)
આપત્તિનું આભ ફાટયું ત્યાં થીગડું કયાં દેવાયરે. (૨) દુનિયાં.

અનસુયા.

બસ હવે હદ આવી રહી. દુઃખ પડવામાં બાકી રહી નથી. સંસારના સપાટાથી આ હૃદય પથ્થરનું થયું છે. આ પ્રતાપ દુઃખના ડુંગરા તુટી પડશે, કાળરાત્રિના કોપથી આ પ્રાણુ રીબાઈ રીબાઇને જશે પણ કદાપિ કાળે બેવફા થઈ નીતિ ભ્રષ્ટ નહિ થશે તે નહિજ થશે! હું....પ્રતાપ બોલતો બંધ થયો. સામેથી કોઇક માણસ શ્વાસભેર દોડી આવતો જણાયો. દોડી આવનાર પ્રતાપની નજીક આવતાં બોલી ઉઠયો. ભાઈસાહેબ! હું તો આપને ખોળી ખોળીને થાકી ગયો, અને આખા નગરમાં રઝળી આપને શોધતો અહિં આવ્યો, સારૂં થયું કે આપનો ભેટો થયો.

‘ તે આવનાર પ્રતાપનો વિશ્વાસુ સેવક હતો. તેની વાત સાંભળી પ્રતાપે પૂછયું. મહોબતસિંહ! તમે આમ ગભરાયેલા જેવા કેમ જણાઓ છો!’

‘ અરે બાપુ! જુલમ થઇ ગયો છે, પાપીયોએ કાળો કેર ગુજાર્યો છે.’

‘ શું છે? પ્રતાપે ચમકી પૂછયું.’

‘ મહેન્દ્રભાઇ કેદ પકડાયા છે, ને કુસુમબાને ઉપાડી જવામા આવ્યાં છે, અને તમને પકડી લાવનારને પાંચહજાર સોનામહોરો આપવાનું ઇનામ જાહેર થયું છે.’

‘ હા, રામ! થઇ ચૂકયું, સાંભળવાનું બાકી હતું તે સાંભળી લીધું. પ્રતાપે નિઃશ્વાસ નાંખી પૂછયું. મહોબતસિંહ! સવિસ્તર જણાવો કે એ બધું શી રીતે બન્યું?’

'મહોબતે સર્વ વાત જણાવી. પ્રતાપ ઘણો મુંઝાયો પણ શું કરે! આખરે કંઇક વિચાર કરી પ્રતાપે મહોબતને કહ્યું. મહોબતસિંહ! તમે જાઓ, ને દુશ્મનોની છૂપી હિલચાલ પર નજર રાખજો. મારૂં જો કામ પડે તો આ જંગલમાં આવજો. હું હમેશાં આ વખતે અહિં આવી જઇશ. સરદાર! તમે વિશ્વાસુ છો, તેથી વધારે કંઈ કહેતો નથી, પરંતુ શત્રુઓ પ્રપંચમાં કુશળ છે તેમનાથી સાવધ રહી કામ કરજો.

'મને કંઇ કહેવું પડે એમ નથી. લ્યો બાપુ રામ, રામ, હવે હું જાઉં છું, કહી સ્વામિભક્ત સેવક ચાલ્યો ગયો.'

'તેના ગયા પછી પ્રતાપ મહાન્ વિચારમાં પડયો અને મનમાં નિશ્વાસ નાંખી બોલવા લાગ્યો. મારી ધારેલી આશાઓ મારા મનમાંજ સમાઈ. આ ભાવીની ભવાઇ આજ પ્રત્યક્ષ નિહાળી. ખરેખર માણસનું ધાર્યું વૃથા જાય છે, પ્રભુનું ધાર્યું સિદ્ધ થાયછે.

'ભૂલે ભલભલા ભૂલેરે, (૨)
ભાવીનો ભરમ કોથી નવ ખુલે (૨)
મૂર્ખ મન ભલે ફુલાવ્યું ફૂલે. ભૂલે.
અતિ ઉમંગથી કાર્ય આદરે, ધરી મન મોટી આશ;
અધવચ વાડી લૂંટાઇ જાએ, (૨) આખર થાય નિરાશ. ભૂલે.
કાળ હીંચોળે અણુ માત્રનું, જીવન ઝોલાં ખાય;
રહે દૂર નિરધાર્યું, ધાર્યું ધરણીધરનું થાય. ભૂલે.

સાવિત્રી.

હવે તો પ્રભુ કરે તે ખરૂં. તે સર્વદા સારૂંજ કરે છે. ખોટું થાય એ સારાને માટેજ ધારીને હું હવે તેને ભરોંસે કાર્ય કરવાની શરૂઆત કરૂંછું. પ્રભુ મને મદદ કરશે, તેજ દયાળું પાપીયોના કોપથી નિર્દોષનું રક્ષણ કરશે. હા, મહેન્દ્ર ! તારી ઉપર ગુજરેલા ગજબથી આ હૃદય વિંધાઈ જાય છે. કુમારિકા કુસુમ ! કોમળ વયમાં તારી ઉપર આટલો બધો જુલમ ગુજરશે, એ હું નહોતો ધારતો. પાપી પિતા ! તું તારી પુત્રી સમાન કુસુમની ઉપર કુટિલ દૃષ્ટિ કરી પાપ કર્મથી શી રીતે બચીશ ? મહેન્દ્ર ! કુટિલ કર્મીઓના કોપમાં બળિદાન થયેલા ભાઇ ! તારી અત્યારે શું દશા હશે ? ભાઇ ! વ્હાલા ભાઇ ! આપણી જોડમાં ખોડ પડી. મહેન્દ્ર ! તારા વિયોગથી આ હૃદયબળીને ભષ્મ થાય છે વીરા ! પાપણી કાળરાત્રિ ત્હારૂં અમે શું બગાડયું હતું કે તુ અમારી ઉપર આવો કારમો કેર ગુજારવા તત્પર થઈ છે.

મહારાજા સુજ્જનસિંહે તને અધમ સ્થિતિમાંથી મહારાણી પદે સ્થાપિ તેમાં તેમણે તારો અપરાધ કર્યો હશે કેમ વારૂ ? કે જેથી તું તેમનુંજ સર્વસ્વ નાશ કરવા તૈયાર થઈ છે. પિશાચિની! મહારાજાનો તો ત્હેં પ્રાણ લીધો છતાં તેમનાં નિર્દોષ બાળકોને તું શા માટે સતાવે છે! ધિક્કાર છે તને, દુષ્ટા! તારો જન્મ થતાં તને સર્પદંશ કેમ ન થયો કે વિદ્યુતનો વજ્રપાત કેમ ન નડયો, કે જેથી તું જીવતી રહી ? ઠીક છે, હજી કાંઇ સમય વહી ગયો નથી. સુંદર સ્વરૂપવાળી ચુડેલ ! યાદ રાખજે કે આ પ્રતાપ જ્યાં સુધી જીવે છે, અરે જ્યાંસુધી આ શરીરમાં એક બીંદુ રૂધીર રહેશે ત્યાં સુધી હું તને સુખેથી સૂવા દેનાર નથી. હું તારાં

પિશાચી કર્મનો બદલો આપીશ; ઇશ્વર મારી સ્હાય કરશે. નીચ રંડા ! તું ગમે તેવા સુરક્ષિત કિલ્લામાં નિવાસ કરીશ, તેમજ બળવાન સરદારોથી વિંટાયેલી હોઇશ, તદપિ હું ડરનાર નથી. તારા બાયલા સરદારોને મારી તારા કેશ પકડી પૃથ્વીપર પછાડી કુકર્મનો બદલો આપીશ. આમ બોલતાં બોલતાં પ્રતાપ શૌર્યથી કંપવા લાગ્યો, શરીર વ્યાકુળ બની ગયું. આંખ્યો લાલચોળ થઇ ગઇ. પછી પાછો થોડીવાર શાન્ત થઇ કંઈક વિચાર નક્કી કરી બોલ્યો. સમય આવે સઘળું થઇ રહેશે. અત્યારે બોલવાથી કંઇ વળનાર નથી. હાલ તો મારે મહેન્દ્રની શોધ કરવી જોઇએ કે પાપાત્માઓએ તેને કયાં કેદ કર્યો છે. મારા ધારવા પ્રમાણે તો તેને ‘ રાજગઢી ’ ના ‘ કાળાકિલ્લા ’ માં કેદ કરેલો હોવો જોઇએ. ચાલ જીવ, હું કાળા કિલ્લા તરફ જાઉં, દિવસને પૂરો થતાં વાર લાગશે નહિ. કહી પ્રતાપ ત્યાંથી જવાને ઉભો થયો. જલ્દીથી પગ ઉપાડતો પ્રતાપ ત્યાં આવેલા તેના પિતા અબુધસિંહના મહેલ પાસે થઇને નીકળ્યો. એવામાં એકાએક તેના કાને કોઇ ડસકાં ખાઇ રડતું ન હોય એવો અવાજ આવ્યો. પ્રતાપ ચમકયો તેનું હૃદય ધબકવા લાગ્યું. તેણે આસપાસ જોયું. કોઇ નોકર ચાકર ત્યાં જણાયો નહિ, કે જેથી તેઓની પાસેથી ખબર મેળવાય. પ્રતાપને કાને રડવાનો વધારે અવાજ સંભળાવા લાગ્યો તેણે મનમાં વિચાર્યું કે નક્કી પાપી પિતાનું કંઇક પાપ કર્મજ હોવું જોઇએ. રડવાના ઝીણા અવાજથી ધારી શકાય છે કે દુષ્ટ પિતા કોઇ નિર્દોષ બાળાને ઉપાડી લાવી તેની ઉપર જુલમ ગુજારતો હશે! લાવ તપાસ કરૂં. નિર્દોષનું રક્ષણ કરવું એ દરેકનો ધર્મ

છે. કહી પ્રતાપ મહેલનાં પગથીયાં ચઢી ઉપરના માળે ગયો. તે માળનાં સઘળાં દ્વાર બંધ હતાં, તેમાંથી રડવાનો અવાજ આવતો હતો. પ્રતાપે બારણું ઉઘાડવા ઘણી મહેનત કરી પણ તે ન ઉઘડયું. જોઉં છું કે થોડીવારમાં અંદરથી કોઇ આવે છે કે નહિ. જો થોડીવારમાં કોઈ આવી આ બારણું નહિ ઉઘાડે તો હું દ્વાર તોડી નાંખી અંદર દાખલ થઇશ. જોઉં તો ખરો કે અંદર શું થાય છે. આમ વિચાર કરી પ્રતાપ ધ્યાનથી અંદરનો પ્રકાર સાંભળવા લાગ્યો.

પ્રકરણ ૨૬ મું.

કુકર્મીના કોપમાં ફસાયેલી કુસુમ.

અંદરના ભાગમાં કુસુમ આંખ્યોમાંથી અશ્રુ વરસાવતી ઉભી હતી. તેની સામે નિષ્ઠુર હૃદયનો પાપાત્મા અબુધસિંહ ઉભો રહી પાપમય યાચના કરતો હતો. કુસુમ આખા શરીરે ધ્રુજતી હતી. અબુધસિંહ તેને અનેક પ્રકારે સમજાવતો કહેવા લાગ્યો. સુંદર કુમારિકા! આમ કયાં સુધી કરશો, લગીર તો સ્નેહ નજરે આ પ્રેમાભિલાસીની તરફ જુઓ. મોહિની! સેવકની ઉપર કૃપા કરો અને તમારો દિવ્ય પ્રેમ આપી મારો સંસાર સુધારો. મૃગલોચની! મનમાં બિલકુલ મુંઝાશો નહિ. મારા સમાગમમાં તમે અત્યંત સુખી થશો. હું તમને સ્વર્ગસમાન સુખ આપીશ. માટે પ્રી....

'વૃદ્ધના વેશમાં છૂપાયેલા વિષયાંધ! તારી જીભને એટલેથીજ અટકાવ. પાપી! આવાં કુકર્મથી સમજજે કે જગત્ પિતા તારી ઉપર કોપશે. હું તારી પુત્રી કહેવાઉં. પુત્રીની ઉપર કુદૃષ્ટિ કરતાં તારી આંખ્યો કેમ ફુટી જતી નથી? તું મારો પિતા છે. આ પુત્રી ઉપર દયા કરી નિર્વિઘ્ને જવા દે. કુસુમે તેને બોલતો અટકાવી કહ્યું.

'બહાર ઉભેલો પ્રતાપ અંદરનું રહષ્ય સમજી ગયો. હજી તેણે કુસુમને ઓળખી નહોતી. તે પિતાના અયોગ્ય વર્તનથી

કંપી આત્મગત્ બોલી ઉઠયો. પાપી પિતા ! કોઇ ગરીબ બાળાને ઉપાડી લાવ્યો લાગે છે. અરેરે ! મરવાને ભોંય સુંઘતો બુઢ્ઢો તેની કુટિલ વાસનાને હજી પણ ત્યાગી શકતો નથી. હરી, હરી, હવે હદ આવી રહી. કળીકાળનું સામ્રાજ્ય પૂર્ણ રીતે ફેલાઈ ગયું. કળીકાળ તારી કળા ન્યારી છે. તું ધર્મીને અધર્મી અને નીતિવાનને અનીતિવાન બનાવી નર્કમાં મોકલે છે. અહા ! તારા સામ્રાજ્યમાં ત્રાહ્ય ત્રાહ્ય પોકારાય છે. પુન્યવાનો પિડાય છે, અને દુષ્ટો સુખમાં મલકાય છે.'

"કેર કળીમાં કેવો છે, નજરે જોયા જેવો ભાઈ;
ઘર ફુટે ઘર જાય જગત્માં દોશ કોને દેવા. કેર.
સત્ય હંસને હાય હરાવે પાપી પારેવા;
ઠાકર તે ચાકરના ચાકર તાલ બન્યો તેવા. કેર.
અન્યાયી ગાદી તકીયે ન્યાયીને પરશેવા;
ધનવંતા અભિમાને અંધા આવ્યો અવસર એવા. કેર.
માયા મદીરા મહીલા મહીમાં માન્યો મીઠો મેવો;
દગલબાજને દુનિયાં માને, દેવ તણા દેવા. કેર.
ઠેર ઠેર નકલી થઈ બેઠા, ખરો કોને કહેવા;
પથ્થરના પડમાં મોતીનો, ધરમ નથી રહેવા. કેર.

તારાસુંદરી.

સારૂં થયું કે પ્રભુએ મને આ સ્થળે આવવાની પ્રેરણા કરી. પાપી પિતા હવે તમારૂં આવી બન્યું છે. પિતાની આમન્યા હાથે કરી તોડાવનાર તમે છો.

પિના પ્રપંચી પાપીયો, દુષ્ટ ઘણો છે એહ,
પ્રતાપ પ્રકટ ત્યાં થઈ, પાડે એનો દેહ;
કામાંધ કુકર્મી એ ઘણો, નીચ નિર્દય નાદાન,
જુલમ ઝાઝો તેહનો, જાશે એનો જાન.

ચાલ જીવ! પાપીના પંજામાં સપડાયેલી ગરીબ બાળાનો ઉદ્ધાર કરૂં, પણ સબુર! તે બાળા કોણ છે એ હજી જણાયું નથી, થોડીવારમાં જણાશે કે તે કોણ છે આમ વિચાર ગોઠવી પુનઃ પ્રતાપ ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો.

'કામમાં અંધ થયેલા અબુધે કુસુમના શબ્દો ઉપર કંઇ પણ ધ્યાન આપ્યું નહિ. ભાંગ પીધેલો માણસ દિવાના પ્રકાશથી જેમ વધારે બ્હે કે એમ પાપી અબુધસિંહ કામોન્મત્ થઈ નિર્લજતાથી બોલ્યો. મનમોહિની! તું તારા મહેલે હવે કદાપિ જઇ શકનાર નથી. મારો વિચાર તને મારી ગ્રહદેવી બનાવવાનો છે. પ્રિયતમા! આજ કાલ કરતાં ઘણા દિવસથી હું તને ચાહું છું, માટે મારી વિનંતિ સ્વિકારો.'

'હા, પ્રભુ! નહોતી ખબર કે પાળેલો વિષધર પાળનારનેજ કરડશે. ઓ કામાન્ધ! જરીક તો વિચાર કરી જો કે હું તારે શું થાઉં?'

'તું મારી પ્રીયા! મારી નેત્રમણિ! આ જીવનનું રત્ન! જે કહું એ તુંજ છે. માટે મારી આશા પૂર્ણ કર. કહી અબુધ હસવા લાગ્યો.'

'બસ કર નરાધમ! ત્હેં જેનું ખાધું છે, તેનુંજ હરામી કર્યું છે, તું કોઇ નર રાક્ષસ છે.'

" ધિક્કાર તારી જાતને, દયા દીલે નહિ લાવે,
પુત્રી પર થઈ અંધ, ક્ષત્રિની જાત લજાવે;
ઘેરી ગાય ગરીબડી, દાબમાં તું શું દબાવે ?
સત્ય સાહ્યક શામળો, વૃથા મનથી શું ફુલાયે ! "

અબુધ–દિલદાર ! દિવાનાની ઉપર દયા કર, તારા પ્રેમના તરસ્યાને મિષ્ટ અધરોષ્ઠનું પાન કરાવી તૃપ્ત કર. હૈયાના હાર ! મને નિરાશ ના કર.

દિવાનો છું હું તાહરો, દીલ દબાયું ના રહે;
જોતાં ગૌર બદન આ, ભૂલ્યો છુ ભાન આ દેહે.

કુસુમ–પતંગીયા રૂપ પાપીયા ! લગીર તો પ્રભુથી ડર ! આ સુંદર જણાતું શરીર અગ્નિની જવાળા છે, તેના સ્પર્શ માત્રથીજ તારો નાશ છે. લંપટ ! વિચાર કર કે આ કાયામાં એવું તે શું ભરેલું છે કે જેનાથી તું અંધ થઇ મરવાને તૈયાર થયો છે.

" ક્રૂર કુકર્મી આંધળા, ગરીબને તું શીદ નડે,
વિષયાંધ વિષના પાનથી, સંસારમાં તુતો સડે.
કાયા કલેવર કારમું, ભરેલ ગંદકી ગાડવો,
વિચારી જો નીજ મન વિષે, નથી સ્વાદિષ્ટ લાડવો. "

અબુધ–તું ગમે એમ કહે પણ મને કંઈ અસર થનાર નથી. પથ્થર પલળે તો હું પલળું. માટે મારૂં કહેવું માની જા, ને છાની માની ડાહી થઇ મારે સ્વાધિન થઇ જા. સુંદરી ! સ્વર્ગ અને નર્ક સઘળું અહિંજ છે ઉંચે કાંઇ નથી ઉંચે તો આભલું છે. માટેજ તને ભાર મૂકીને જણાવું છું કે આ સંસારમાં જે

સ્વર્ગ સુખ છે તેનો અનાદર નહિ કરતાં ભોગવાય એટલું ભોગવી લે. મુઆ પછી કંઇ નહિ ભોગવાય. રસીલી! હાથમાં આવેલી અમૂલ્ય તક નકામી જવા દઇશ નહિ.

કુસુમ–હું કોટી કાળે તારૂં કહ્યું માનનાર નથી. તારા સ્વર્ગસુખમાં લાહ્ય લાગો. મુઆ ખવિશ વારંવાર મને શામાટે નિર્લજ શબ્દો સંભળાવે છે?

અબુધ–બસ! એજ વિચાર! માન હજી કહું છું કે માન. હું જોર જુલમથી તને ભ્રષ્ટ કરીશ.

કુસુમ–મારો પ્રભુ તારા જુલમથી મને બચાવશે. બુઢ્ઢા! એક નિર્દોષ બાળાને ફસાવતાં તને કેવાં ફળ મળે છે તેની તને આખરે ખબર પડશે. નરાધમ! જા, તારાથી થાય એ કરી લે, પણ યાદ રાખજે કે તારો સ્પર્શ થતાં આ દેહ નિર્જીવ થઇ જમીન ઉપર પડે છે કે નહિ તે જોજે.

અબુધ–હઠીલી છોકરી! હું જેમ જેમ નરમાશથી કહું છું તેમ તું વધારે ઉદ્ધત થતી જાય છે? લે હવે જોઇ લે મારો સપાટો. તારા શબ્દો તારા મુખમાંજ પેસાડી હું કુસુમ કળીનો ભોક્તા થાઉં છું કે નહિ! કહી અબુધસિંહે ધસી જઇ તેના હાથ પકડયા. કુસુમ બેબાકળી બની ખેંચતાણ કરતી બોલી. પાપી! મને મૂકી દે!

‘હાથમાં આવેલા અમૃતનું પાન નહિ કરનાર નાલાયક મૂર્ખ ગણાય છે. માટે સીધી રીતે માનો, મારી કુસુમલતા માનો. કહી પાપી અબુધ તેને ખેંચવા લાગ્યો.’

‘પ્રતાપ ચમકયો, અને કુસુમ છે એમ જાણી ગયો. ક્રોધાંધ

થયેલા પ્રતાપે જોરથી લાત મારી એક નાની બારી તોડી નાંખી તેની સાથે કુસુમની કરૂણાજનક ચીસ સંભળાઈ.

'બ્હેન ગભરાઈશ નહિ, હું આવી પહોંચ્યો છું. કહે તો રૌદ્ર મૂર્તી પ્રતાપ ત્યાં આવી ઉભો.'

'તેને જોતાંજ કુસુમમાં બળ આવ્યું, તેણે જોરથી પાપીના હાથમાંથી હાથ છોડાવી, પ્રતાપની પાસે દોડી તેના પગ પકડી બોલી, ભાઈ મને બચાવ.

'નિર્ભય રહે! બ્હેન તારૂં રક્ષણ કરવાજ હું અહિં આવ્યો છું. કહી પ્રતાપે કોપ યુક્ત નેત્રે અબુધ સામે જોઇ કહ્યું, પાપાત્મા! આજ તારૂં પરાક્રમ કે? ધિક્કાર છે કે તું આવો દુષ્ટ કેમ થયો! બુઠ્ઠા તું હવે આ પૃથ્વીપર વધારેવાર રહેવાને લાયક નથી, હું તને હમણાંજ પરલોકમાં મોકલી આપુંછું.'

'પ્રતાપને જોતાંજ અબુધ ધોળી પુણી જેવો બની ગયો તે આસપાસ જોવા લાગ્યો. હવે મારૂં આવી બન્યું ધારી પાપી અબુધ લાગ મળતાં ખુલ્લી બારી તરફ દોડયો. પ્રતાપ તેને પકડવા દોડે એ પહેલાં તો તે નીચે ઉતરી પલાયન કરી ગયો. શું બુઠ્ઠો નાશી ગયો!'કહી પ્રતાપ આસપાસ જોવા લાગ્યો. ફીકર નહિ, હવે તે આ પૃથ્વીપર વધારેવાર જીવતો રહેનાર નથી. હું તેને થોડા દિવસમાં પરલોક પ્રયાણ કરાવી પૃથ્વીનો ભાર ઉતારીશ. તે મારો પિતા છે, પિતાની સેવા કરવી એ મારો ધર્મછે, પણ આ પાપી પિતા સેવા કરવાને લાયક નથી. તે આ ભૂમીના ભાર રૂપ છે, એકને મારવાથી અનેકનું કલ્યાણ થતું હોય તેને મારવામાં પાપ નથી.

આમ વિચારી પ્રતાપ કુસુમની પાસે આવી તેને આશ્વાસન આપવા લાગ્યો. જેમ એક બ્હેન તેના ભાઇના ગળે વળગી રડે એ પ્રમાણે કુસુમ પ્રતાપને ગળે વળગી રડી પડી. પ્રતાપે તેને રડવા દઈ તેનું હૃદય હલકું થવા દીધું. પછી તેને શાન્ત પાડી સર્વ હકીકત પૂછી. કુસુમે જેટલી બની હતી તેટલી હકીકત કહી સંભળાવી. પ્રતાપ તેના પાપી પિતા ઉપર ઘણોજ કોપાયમાન થયો. આખરે મનને શાન્ત કરી કુસુમને લઇ રાજ્યમાતા પાસે જવા નીકળ્યો. છેક સમીસાંજે પ્રતાપ કુસુમને લઇ સુનંદાના મહેલે આવ્યો. સુનંદાના દુઃખનો પાર નહોતો. પુત્રીના વિયોગથી તે ઝુરની હતી. પ્રમિલાની આંખ્યો પણ રડી રડીને સુજી ગઇ હતી. એવામાંજ પ્રતાપે કુસુમ સાથે ત્યાં આવી સઘળાના શોકને દૂર કર્યા. સુનંદા તેને પોતાના પુત્ર પ્રમાણે છાતીએ ચાંપી આશિષ દેવા લાગી. ત્યાર બાદ પ્રતાપે મહેન્દ્ર અને કુસુમપર ગુજરેલા ગજબની સઘળી વાત કહી સંભળાવી. સુનંદા મહેન્દ્રને માટે કલ્પાંત કરવા લાગી. મહેન્દ્રને કેદમાં પૂર્યો છે સાંભળીને કુસુમના કોમળ હૃદયમાં વજ્રાઘાત થયો. તે રડી પડી. પ્રતાપે તેને ધિરજ આપી કહ્યું.

પ્રભુ કૃપાએ હું થોડા દિવસમાં મહેન્દ્રને છોડાવીશ કહી પ્રતાપે સઘળાંને શાન્તિ આપી. એટલામાં એક સેવક ભોજનને માટે બોલાવવા આવ્યો. સઘળાં શોકાતુર હૃદયે ભોજનગૃહ તરફ ગયાં. તે દિવસથી વીરપ્રતાપ ત્યાં રહેવા લાગ્યો, અને મહેન્દ્રને માટે અનેક યુક્તિ પ્રયુક્તિયો ગોઠવવા લાગ્યો.

પ્રકરણ ૨૭ મું.

કાળા કિલ્લામાં કેદી મહેન્દ્ર.

રામનગર રાજ્યમાં ભયંકર ગણાતો કાળો કિલ્લો નગરથી દશ માઇલના અંતર ઉપર આવેલો હતો. તે તદ્દન કાળા પથ્થરથી બાંધેલો હતો, અંદર જવાને મજબુત લોઢાનાં બારણાંનો દરવાજો હતો, કાળા કિલ્લા વિષે લોકોમાં અનેક તરેહની વાયકાઓ ઉડતી હતી, કોઇ કહેતું કે તેમાં અનેક ભૂત પ્રેતો નિવાસ કરે છે, તો કોઇ કહેતું કે તેમાં જોગણીયો રહે છે, ને તેઓ રાત્રે ગરબા ગાય છે. ગમે એમ હો પણ કાળો કિલ્લો દેખાવમાં ઘણો ભયકારક ભાસતો હતો. આ કિલ્લામાંજ મહેન્દ્રને એક કોટડીમાં કેદ કરવામાં આવ્યો હતો, અંદર વૃક્ષોની ઘનઘોર ઘટાઓ આવી રહી હતી.

'રાત્રિ બે પ્રહર ગઇ હતી, આકાશમાં ચંદ્ર ઉગ્યો હતો, વૃક્ષોમાં તેનાં કિરણોનું સ્હેજસાજ અજવાળું પડતું હતું, ત્યાં આગળ રાત્રે કોઈ રહેતું નહિ પહેરેગીર સિપાઇયો આખો દિવસ ત્યાં રહી રાત પડે કિલ્લાને મજબુત બંધ કરી ચાલ્યા જતા હતા. આ કિલ્લાના એક જાળીવાળા બંધ ઓરડામાં મહેન્દ્રને હાથે પગે સાંકળો નાંખી પૂરવામાં આવ્યો હતો.

'વાચકો! ચાલો આપણે ત્યાં જઇ જોઇએ કે મહેન્દ્ર શું કરે છે.'

'રાત્રિ બે પ્રહર જેટલી વિતી ગઇ છે, પરંતુ મહેન્દ્રને તેનું ભાન નથી, તે ભારે સાંકળોના બોજા સહિત બળાત્કારે આમ તેમ ફ્રરે છે, તેના હૃદયમાંથી દુઃખના નિઃશ્વાસ વારે વારે નીકળે છે, તે ઘડીકમાં ચાલે છે અને ઘડીકમાં સ્તબ્ધ બની ઉભો રહી આસપાસ જુવે છે. મહેન્દ્રે બહાર નજર કરી, ચાંદની ચળકી રહી હતી, ઝાડમાં ચંદ્રનાં કિરણો પથરાયાં હતાં, એવામાં તેની નજરે એક અલૌકિક દેખાવ દેખાયો કે જે જોતાંજ વીર મહેન્દ્ર ભયથી ધ્રુજી ઉઠયો, તેને પૂર્યો હતો ત્યાંથી થોડેક દૂર ઝાડના જથ્થામાં તેણે ચાંદરણાંમાં જોયું તો જણાયું કે કોઇક સફેત આકાર ત્યાં ફ્રરે છે. મહેન્દ્રે કાળા કિલ્લા વિષે ઘણી વાતો સાંભળી હતી તેથી તેણે એ દેખાયેલા આકારને ભૂત માન્યું. એવામાં વળી પાછો તે ચમકયો, તેણે સફેત આકારને પૃથ્વીના ગર્ભમાં અદ્રશ્ય થઇ જતાં જોયો. નક્કી! કોઇ અવગતીયોજ હોવો જોઇએ. એમ શંકાનું સમાધાન કરી મહેન્દ્ર નીચે બેસી દુખોદ્ગગાર કાઢવા લાગ્યો. અરે હા! શું મારે હવે કમ્હોતે મરણને શરણ થવુંજ પડશે? મારી કુસુમનું શું થયું હશે! હા, પ્રીયે! હું તને હવે કેવી રીતે આવી મળું. પ્રતાપ! મારા ગુણવાન ભાઇ, આ તારો મહેન્દ્ર લોહશૃંખલાથી બંધાઈ કાળા કિલ્લામાં પૂરાયો છે તેની શું તને ખબર પડી હશે! આમ બોલતો મહેન્દ્ર અત્યંત દિલગીર થઇ કપાળે હાથ અફાળી બોલ્યો. હા, દૈવ! છેવટે મારી આ દશા! ક્રૂર કાળરાત્રિ મને રીબાવી રીબાવી મારશે. હા, મને મૃત્યુને માટે નથી લાગી આવતું, પણ આવા કંગાલ મ્હોતથી ગભરાઉં છું. સૂરવીરોની સાથે યુદ્ધ કરી આ

શરીરે સહસ્ર છિદ્રો પડી રક્તનો પ્રવાહ નીકળે એવી વેદના સહન કરી બહાદુરીથી મરણુને મળવા મને ઘણી ઇચ્છા છે. વ્હાલાં સ્નેહિયો, કુસુમ અને પ્રતાપને પણ મરતાં અગાઉ નહિ મળાય. અરે! તે મારે માટે કેટલુંએ કલ્પાંત કરતાં હશે! હા, શું કરૂં? કહી મહેન્દ્ર વિચારમાં પડયો. અંતે પાછો બરબડયો; લોકો કહે છે કે શત્રુઓના પ્રસંગમાં તે થાય એવા થઇએ તો ગામ વચ્ચે રહીએ. એ પ્રમાણે હું પણ કાળરાત્રિના કાલાવાલા કરી તેના પક્ષમાં મળું તો? પ્રથમ તો તેને વિશ્વાસ બેસાડી ધીમે ધીમે તેને તેના કૃત્યનું ફળ આપવું. આમ કરવાથી જીવન બચશે, સુખની પ્રાપ્તિ થશે, ને છેવટે વૈર પણ વળાશે, આને માટે ફક્ત કાળરાત્રિની ક્ષમા અને તેની ખુશામદની જરૂર છે. આમ બોલી વળી પાછો તે કંઇક વિચાર કરવા લાગ્યો, વિચારમાં તેના મુખ ઉપર જાતજાતના ફેરફાર થવા લાગ્યા. આખરે કંઇક નિર્ણય ઉપર આવ્યો. તેના મનમાંનો જુસ્સો બહાર નીકળ્યો. તે એકાએક પૃથ્વી ઉપર પગનો પ્રહાર કરતાં બોલ્યો. નહિ, નહિ, આ શરીરમાં પ્રાણુ છે ત્યાં સુધી તો હું તે એક નીચ ક્રૂર ખૂની અબળાના કાલાવાલા કરનાર નથી. ભલે આ જીવનનો આજેજ અંત આવે. આ મહેન્દ્ર વીર બાળ છે. મૃત્યુનો નિકટનો સંબંધી છે, છતાં તેનો ટેક અચળ છે. આ ઉંચે આવેલું આકાશ જો કદાપિ મારી ઉપર તૂટી પડે, આ ઝગમગતા તારાઓ ધગધગતા અંગારા રૂપ બની મને ભષ્મ કરે, અને પ્રત્યક્ષ કાળ આવીને મારો ગ્રાસ કરે પણ આ મહેન્દ્ર એમ નહિ કરે તે નહિજ કરે. હા, પ્રભો! આજે મને આવા હલકા વિચાર ક્યાંથી ઉદ્દભવે છે? પ્રભો! પ્રભો! મને

આત્મબળ આપો. હા, કાળરાત્રિ! સમજજે કે તારી ઉપર હવે કિરતારજ કોપ્યો છે.

'તું ભાવીના ભમાવ્યાથી ભૂલી ક્રૂર ખૂની થઇ છે, અધમાચરણો આચરનારી રાક્ષસી નીકળી છે, બસ એજ તારો મ્હોતનો ડંકો છે. 'ઘણું કરે તે થોડાને માટેજ.'

દુનિયાંના દિવાનાઓ, ખુશી થઈ ખુબ તો ખાલે !
પછડતા પૃથ્વીએ પળમાં, રડે તે મુખડે ઢીલે,
દશાના ચક્રરે ચઢતા, આખરે ભાન તે ખાતા;
ખીલે હદથી વધુ જેકો, લલાટે કર દઈ રોતા.

કંગાલ કાળરાત્રિ! તારી પણ આખર એ સ્થિતિ! હા, પાપણી! તું અઘોર કર્મ કરનારી પિશાચિણી છે. તારાં નીચ કર્મોની ભયંકર શિક્ષા તારે સહન કરવીજ પડશે. આ વીર બાળ! તારા પ્રપંચમાં પરવશ થઇ પડયો છે. જો છૂટો હોત તો તું પણ જુવત કે રાજ્ય આમ કરાય છે. હા પ્રભુ! મારી આ શું દશા? વિજયરાજના પુત્રના કર્મના આ શા તમાશા? વિભુ વારે ચઢો હવે હદ થાય છે.

દુ:ખીયારી દશા મારી, પ્રભુજી લ્યોને ઉર ધારી !
છોડાવો હે હરી મુજને વિનંતી મા'રી સ્વિકારી;
ભયંકર મૃત્યુ ભાસે છે, ઉગરવાનો નથી આરો,
દયા દીલે દયાળુ લ્યો, જીવાડો કે તમે મારો.
પ્રભુ હું બાળ તારો છુ, ભરોંશો છે પૂરો ભારી,
બચાવો ક્રૂર નારીથી, કહું કરજોડી લાચારી;
ભજે જે ભાવથી તમને, દુ:ખે દેખું દટાએલા,
કહો એ કાયદો ક્યાંનો, કથોને નંદના લાલા !

લીધા અવતાર અવનિમાં, પ્રપંચીને પીડા કાજે,
દબાવો દુષ્ટને દુઃખે, પધારો ભક્તને કાજે;
અમૂલ્ય એ શાસ્ત્રનાં વાક્યો, સુણી આ કાન તો થાક્યા,
કરો ફિરતાર કરૂણારે, સમાચાર મૃત્યુના આવ્યા.

પ્રભો! એક વખત અહિંથી છોડાવો. હા, કાળરાત્રિ! અહિંથી છૂટો થતાંજ તારૂં બળિદાન દેવા ઇચ્છું છું. પણ હાય! પ્રભુની કૃપા વિના અહિંથી છૂટવું મુશ્કેલ છે, મારા વિચાર સ્વપ્નવત્ છે. હવે તો જે થાય તે ખરૂં. દયાળુ દેવ! દયાના ભંડાર! તમે સર્વ જાણી શકો છો. કુટિલ કાળરાત્રિના કોપથી પુન્યાત્મા-ઓનું પતન થાય છે. પ્રભુ! આવો અને તમારો ચમત્કાર બતાવો, તમે ધારશો તો એક પળમાં પાપણી કાળરાત્રિનો અંત લાવશો. વિભુ! તેમ ન બની શકે તો તમારા ચક્રને મોકલી દુષ્ટાના શિરનુ છેદન કરો. આ સૂર્યને આજ્ઞા આપો કે તે રાક્ષસીને બાળી ભસ્મ કરે, અગર તો આ પૃથ્વીને કહો કે તે ચંડાળણીને તેના ઉદરમાં સમાવી અદ્રશ્ય કરે. આમ બોલતો મહેન્દ્ર દિવાનાની માફક આમ તેમ આંટા મારવા લાગ્યો. એવામાં તેની નજરે સ્વચ્છ ચાંદનીમાં જણાયું કે કોઇક આવે છે. તે સર્વ વિચારોને દૂર કરી આવનાર આગંતુકને જોઇ રહ્યો. આવનાર બીજાં કોઈ નહિ પણ કાળરાત્રિ અને અબુધસિંહ કેટલાક સિપાઇયો સાથે ત્યાં આવ્યાં. તેમને જોતાંજ એક તિરસ્કાર યુક્ત દૃષ્ટિ ફેંકી મહેન્દ્ર પીઠ ફેરવી ઉભો રહ્યો. તેનું કાતિલ કટાક્ષ નિહાળી અબુધસિંહ પાસે આવી બોલ્યો. છોકરા! તારી આંખ્યો ખૂની જણાય છે, તું ગમે એટલો ઉચો નીચો થા પણ અહિંથી હવે છૂટો થનાર નથી. અંધકાર-સિંહના ખૂનીનો આ કાળા કિલ્લામાંજ અંત આવશે.

'હા, હવે એમજ થશે. આ કાળરાત્રિ ખૂનીને કેવી સખ્ત સજા કરે છે તે આખું નગર જોશે. મહેન્દ્ર! તારે હવે મરવા સિવાય બીજો રસ્તો નથી. મરણ અગાઉ તારે કંઇ કહેવું હોય તે કહે. તારા મનની ઇચ્છા હું પૂરી પાડીશ. કાળરાત્રિએ કહ્યું.'

મહેન્દ્ર—હું તારી પાસે માગવા કરતાં મરણને શરણ થવા ઘણોજ ખુશી છું. કાળરાત્રિ! તારી ભયંકર અને ઘાતકી શિક્ષા આ વીર હસ્તે મુખડે સહન કરશે, પરંતુ એક નીચ નારીની આગળ કદાપિ કાળે તેની ઇચ્છા જાહેર નહિ કરશે.

કાળરાત્રિ—ઉદ્ધત છોકરા! આ તારી હાલત તારા અભિમાની શબ્દોના પ્રતાપેજ થઇ છે. જો એમ ન હોત તો તું કદાપિ આવા અપશબ્દ એક મહારાણીને સંભળાવત નહિ.

મહેન્દ્ર—જેમ કાગડો હંસનાં પીંછા ખોસી હંસ થવા ગયો હતો. પણ આખરે ઓળખાતાં પસ્તાયો હતો. ગધેડો વાઘનો સ્વાંગ ધરી મરણને શરણ થયો હતો. તેમ તું થોડા વખતની મહારાણી છે. લોકો ભલે તને મહારાણી કહે; પણ આ મહેન્દ્ર તને મહારાણી નહિ પરંતુ એક ઝેરી નાગણ માને છે.

'દુષ્ટ શેતાન! કહી કાળરાત્રિ ખંજર ખેંચી તેને મારવા દોડી. તરત પાસે ઉભેલો અબુધસિંહ વચ્ચે પડી તેને અટકાવતાં કહેવા લાગ્યો. મહારાણી! શાન્ત થાઓ, શા માટે તમારા નાજુક હાથને તે ચંડાળ ખૂનીના લોહીથી રંગી બગાડો છો, તેને તો આપણા શિકારી કુતરાઓ ફાડી ખાશે કે જેથી તેનું મ્હોત જોઇ જોનાર પણ ધ્રુજશે.

તેનાં વચન સાંભળી મહેન્દ્ર કંપ્યો, તેની આંખોમાં

ઝળઝળીયાં ભરાઇ આવ્યાં, કમકમાટી ઉપજાવે એવું મૃત્યુ સાંભળી દુઃખી મન બોલી ઉઠયું. હા, વિભો! થઇ ચૂકયું, વીર વિજયરાજના પુત્રને આવી દુર્દશાથી કંગાલ મ્હોતે મરવું પડશે એવી સ્વપ્ને પણ આશા નહોતી. હા, બંધુ પ્રતાપ, પ્રિય કુસુમ! આ હતભાગ્યને હવે ભુલી જજો, કહી તેણે નિશ્વાસ નાંખી નીચે જોયું.

'તેના મુખમાંથી નીકળેલો કુસુમ શબ્દ સાંભળી અબુધસિંહ હસ્તે વદને કહેવા લાગ્યો. મૂર્ખા! કુસુમ કુસુમ શું કરે છે! કુસુમ તો હવે આ હૈયાનો હાર થશે, ને તારા નામનો છેડો વાળશે.'

'ચૂપ કર, દાઝયા ઉપર ડામ દઈ દુશ્મનને સતાવનાર પાપી! થા હવે તૈયાર. તારી જીભને હું બહાર ખેંચી કાઢુ, કહી મહેન્દ્ર ગુસ્સાથી તપી જઈ અબુધને મારવા ધસ્યો સાંકળોના ભારથી બળાત્કારે દોડતા મહેન્દ્રને સિપાઇઓએ અધવચમાંજ પકડી આગળ વધતો અટકાવ્યો.

'અબુધસિંહ ખડખડાટ હશી પડી કાળરાત્રિ સામે જોઇ રહ્યો. કાળરાત્રિ વક્ર દૃષ્ટિએ મહેન્દ્ર સામે જોઇ બોલી. માથે મરણની નોબત વાગી રહી છે, છતાં અભિમાન છોડતો નથી એજ ઉદ્ધતાઈ તારા મરણનું કારણ છે.

મહેન્દ્ર–મારા મરણનું કારણ જુદું છે, રાક્ષસી અબળા! દોર બળે છે પણ તેનો વળ કાયમ રહે છે. તેમ આ મહેન્દ્ર વીર વિજયરાજનો પુત્ર છે, છુટો થતાંજ તમને બધાને ક્ષણમાં રોળવા સમર્થ છે, પણ હાલ બંધનમાં બંધાઈ લાચાર છે. કાળરાત્રિ!

વારંવાર મૃત્યુનો ભય શા માટે દેખાડે છે? તું એમ સમજતી હોઇશ કે મૃત્યુનો ભય દેખાડવાથી આ મહેન્દ્ર બચાવને માટે કરગરશે, પણ નહિ.

પૂર પિંજરે વનરાજને, મરતાં ઘાસ ન ખાય,
બાળ સુખડ અગ્નિમાં, સુવાસ કદી ન જાય;
સૂર્ય તૂટી આભથી, અંધકાર અવનિમાં થશે,
શશી પ્રકાશે દિનવિષે, પણ ટેક વીરનો નહિ જશે.
બાર મેઘ તૂટી પડી, સૃષ્ટિનો પ્રલય કરે,
ઉગે દિનકર પશ્ચિમે, પણ વીર મૃત્યુથી નવ ડરે;
ધરતી કંપથી આ ધરા, જુદી જુદી થઇ જાય,
પણ મહેન્દ્ર વીર કેશરી, તમથી ડરી નહિ જાય.

કાળરાત્રિ—મદથી ફુલેલા માંકડા, કાળ ચક્ર શિરે ફરે,
ચુંથાશે ચામ પલકમા, નયને અશ્રુઓ ઝરશે.

મહેન્દ્ર—કંગાલ કુલટા કામની, મિથ્યા ફુલાઈ શું મરે,
સાચું શરણુ છે સ્યામનું, મહેન્દ્ર દુ:ખથી નવ ડરે;
રામ રસના એ રહ્યા, નારાયણમાં મન,
કવચ પહેર્યું કૃષ્ણનું, જાણુ વર્જ્રનુ તન.
મદાંધ થયેલી માનુની, તજને કુડા કામ,
અંતે રીબાઇ મરીશ, ભજને તુ શ્રીરામ.

માટે હજી પણ સમજવું હોય તો સમજજે, નહિ તો રીબાઈ રીબાઇને મરજે.

કાળરાત્રિ—હું રીબાઇને મરૂંછું કે તું, તેની તને થોડા વખતમાંજ ખબર પડશે. શેતાન છોકરા! આજથી ત્રીજા દિવસે

તૈયાર થજે અને તારી સર્વ આશાઓનો ત્યાગ કરજે. ચંડાળ! હું તને મારા શિકારી કુતરાઓને સ્વાધિન કરી તારૂં શબ ચુંથાવીશ.

મહેન્દ્ર—જા, જા, ઓ ઝેરી નાગણ! તારાથી થાય એ કરી લેજે. કેશરી વાઘને પિંજરામાં પૂરી સતાવનારી ચુડેલ! જા, જા, તારૂં શ્યામ મુખ લઇ અહીંથી ચાલી જા. આ મહેન્દ્ર મરવાને માટે તૈયાર છે, અરે તું કહેતો અત્યારેજ તારા શિકારી કુતરા તો શું પણ ભયંકર ભુજંગોને હાથમાં પકડી શરીરે વળગાડી તેના વિષથી મરવાને તૈયાર છું. જા, જા, રાક્ષસી જા. આ વીર કેવી રીતે મરે છે, તે ત્રીજા દિવસે જોજે. કહી મહેન્દ્ર ત્યાંથી દૂર ખસી ઉભો રહ્યો.

‘કાળરાત્રિએ અબુધસિંહની સાથે કંઇક ખાનગી વાત કરી, પછી સાથે આવેલા સિપાઇયોના કાનમાં કંઈ સૂચના આપી. બાદ બન્ને જણાં ત્યાંથી ચાલવા લાગ્યાં, ચાલતાં ચાલતાં કાળરાત્રિએ મહેન્દ્રને મૃત્યુને માટે તૈયાર થજે. એમ ફરીથી સૂચન કર્યું. થોડીવારમાં તો તેઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. સિપાઇયો પહેરો ભરવા લાગ્યા. મહેન્દ્ર! દુઃખી મહેન્દ્ર! જમીન ઉપર બેસી પ્રભુની પ્રાર્થના કરતો નીચે વદને બેસી રહ્યો.’

પ્રકરણ ૨૮ મું.

કેદી કનકની કોટડી.

પરનારીની યારી કરંતાં, જન દુખી બહુ થાય છે;
મરીને જાતા નર્કમાં, દિલે બહુ પસ્તાય છે.
પરનારીની યારીથી, લજ્જા ગઇ ત્રીલોકમાં;
સદ્‌બુદ્ધિ જાતી કામિની, ચિત્ત રહેતું વિષયમાં.

અંધારી કોટડીમાં કેદ થયેલા કનકના દુઃખનો પાર ન હતો, તેના હાથે બેડીયો જડવામાં આવી હતી, ખાવાને માટે સૂકો રોટલો મળતો હતો, પહેરેદાર સિપાઇયો તેની મશ્કરીયો કરી દાઝ્યા ઉપર ડામની માફક કરતા હતા. તેને જે કોટડીમાં કેદ કરવામાં આવ્યો હતો તે કોટડી કાળરાત્રિના મહેલના એક એકાન્ત ભાગમાં આવેલી હતી. તેની ચારે તરફ લોખંડની જાળીયો જડેલી હતી, એ કોટડીમાં કેદ થયેલા કનકનું શરીર થોડા દિવસમાં તો સૂકાઈ ગયું હતું, તે વારંવાર નિશ્વાસ નાંખી કરેલાં કુકર્મોનો પસ્તાવો કરતો હતો. કુટિલ કાન્તાનો મનથી તિરસ્કાર કરતો દુખી કનક કેદખાનાની કોટડીમાં દિવસ નિર્ગમન કરતો હતો. કાળરાત્રિ મહેન્દ્રની પાસેથી ગઇ તેના બીજા દિવસની સાંજે કનક કેદખાનાના કષ્ટથી કંટાળી લમણે હાથ દઈ બેઠો હતો. મારૂં શું થશે ? એમ તે મનમાં પ્રશ્ન કરતો હતો. ઘણીવાર સુધી

તે એવી અવસ્થામાં બેસી રહી અંતે મનને ઠપકો આપવા લાગ્યો. પાપી મન! આ તારા કૃત્યના પ્રતાપેજ દેહનું દમન થાય છે. હાય! મારૂં મૃત્યુ ભયંકર રીતે થશે. કમકમાટી ભરેલા મૃત્યુનું દુઃખ આ દેહ કેવી રીતે સહન કરી શકશે. હાય! કાન્તા તું કાળી નાગણ થઇ મને ડશી છે, તારા વિલાસથી મારા કર્મમાં ફાંસી લખાઇ છે. વ્યભિચારનું વિષ રગેરગમાં વ્યાપી ગયું છે, તે વિષનો ઉતાર મરણ સિવાય બીજું કાંઇ નથી. ભયંકર વિષવાળા નાગદેવનો દંશ સારો કે અલ્પ સમયમાં પ્રાણ પરલોક સિધાવે છે. અને મૃત્યુ સુખમાં થાય છે. પણ પરનારીના યારનું મ્હોત ભયંકર વેદનાઓ સહન કર્યા પછીથીજ થાય છે. અરેરે! આ ભાવીના ભુલાવાથીજ હું સળગતા અગ્નિ કુંડમાં જાણી જોઇને કુદી પડયો છું. તેનાં ફળ ચાખ્યા સિવાય હવે છૂટકોજ નથી. હા, ભાવી ત્હેં કયા જન્મનું વૈર વાળી મારા ભોગ મેળવ્યા! હા, ભાવી—

વિષય વમળે ધકેલીને, અતિ દુખીયો બનાવ્યો ત્હેં,
ગુમાવી જ્ઞાન મારૂંરે, તજાવ્યો ધર્મ મારો ત્હેં;
અજબ ત્હારી કળા ન્યાળી, ભુલાવ્યો ભાવી ત્હેં ભારી,
પ્રિયા પર નર તણી જાણી, ઉઘાડી નર્કની બારી.
અધમ મરશે બુરા હાલે, તજી સંસાર આ જાશે;
ભુલી ભટકયો ભવાબ્ધિમાં, રટયા ના રામ ઉલ્લાસે.

કરેલાં કર્મની સજા સહન કરવીજ જોઇએ. હા, જે શરીર વિલાસ સુખમાં રમતું હતું તે આજે પાપ કર્મના પ્રતાપે કેદખાનાનું દુ:ખ સહન કરે છે. હા, જે મુખ પરનારીના મિષ્ટ અધરોષ્ટનું પાન કરતું હતું, તે સૂકો રોટલો ખાઇ ઉનું પાણી

પીએ છે. જે શરીર સારાં વસ્ત્રો પહેરી શોભતું હતું, એજ શરીર પરનારીની યારીથી આ ખાદીની બંડી ને ટુંકી તંગડીથી શોભી રહ્યું છે. જે માથામાં સુવાસવાળાં તેલ અત્તરો ચોળાતાં હતાં. હા! તેજ માથે કાનટોપી ધારણ કરી છે. જે હાથ પરનારીને આલિંગન આપતા હતા, તે હાથ અત્યારે લોઢાની બેડીયોથી બંધાયા છે. ખરેખર વ્યભિચારીને આવીજ શિક્ષા ઘટે છે. આમ પશ્ચાતાપ કરતો કનક દુઃખથી નિઃશ્વાસ નાંખવા લાગ્યો. એટલામાં પહેરેગીર સિપાઇયે ત્યાં બાંધેલી પીતળની ઘડીયાળમાં આઠ ડકા વગાડયા. કનક કોટડીની જાળીમાંથી બહાર દૃષ્ટિ કરી જોવા લાગ્યો. અંધકાર અવનિ ઉપર છવાયો હતો. રાત્રિ પડી, ચાલ જીવ હવે આરામ લઉં ભાગ્યમાં થવાનું હશે તે થશે. કાલે શું થશે તે સમજી શકાતું નથી. કહી કનક જમીન ઉપર લાંબો થઇ સૂતો.

રાતના આઠ વાગ્યા. પહેરો બદલાયો. બીજો પહેરેગીર ત્યાં આવી ફરવા લાગ્યો. તેને ત્યાં આવ્યે થોડીક વાર થઇ હશે, એટલામાં તો તેની નજરે કોઇ આવતું હોય એમ જણાયું. કાળા જબ્ભાથી ઢંકાયેલી એક વ્યક્તિ ધીમે પગલે ત્યાં ચાલી આવતી હતી. સિપાઇ ચમકયો, ને હાથમાંની બંદુક તાકતાં બોલી ઉઠયો. ખબરદાર! એટલેજ રહેજો, નહિ તો આ બંદુકના ભોગ થશો. અહિં આવતાં પહેલાં જણાવો કે તમે કોણ છો, અને આ કેદીની કોટડી તરફ આવવાનું શું કારણ છે?

સિપાઇ બોલતો બંધ થયો કે તરત તે આવનાર વ્યક્તિ કોમળ અવાજે તેને કહેવા લાગી. ગુલાબસિંહ! મારી સામે

નજર કરી જો કે હું કોણ છું. કહી તેણે છૂપાવી રાખેલું ફાનસ બહાર કાઢી તેનો પ્રકાશ પોતાના મુખ પર આવવા દીધો. સિપાઇ ચોંકયો, આવનારને ઓળખી તેની પાસે દોડી જઇ ઘુંટણીએ પડી અવિનયની ક્ષમા માગવા લાગ્યો.

આવનાર વ્યકિતએ તેને સ્વહસ્તે ઉભો કરી ક્ષમા આપી, સિપાઇના આનંદનો પાર રહ્યો નહિ. તે હાથ જોડી આવનાર વ્યક્તિનો હુકમ ઉઠાવવા તૈયાર થઇ ઉભો. તે આવનારે જણાવ્યું કે મારે કેદીને મળી કંઇક ખુલાસો મેળવવો છે, માટે હાલ હું તેની પાસે જાઉંછું. તું બહાર દેવડી પાસે ઉભો રહેજે, કોઈ આવે તો અટકાવજે. જ્યાં સુધી હું તને બોલાવું નહિ ત્યાં સુધી તું અંદર આવીશ નહિ. સમજ્યો કે ?

'હા, બીજી કાંઈ આજ્ઞા છે ?'

'કોટડીના તાળાની કુંચી ક્યાં છે ?'

'આ રહી.' કહીં તેણે ગજવામાંથી કુંચી કાઢી તેને આપી.

'બસ જા હવે.' કહી તે આવનાર વ્યક્તિ કનકની કોટડી તરફ ચાલી.

'પહેરેગીર સિપાઇ ત્યાંથી ચાલ્યો ગયો, અને આજ્ઞા મુજબ દેવડી પાસે જઇ ઉભો રહ્યો.'

'કુંચી લઇ જનાર વ્યક્તિ કનકની કોટડી પાસે આવી. ધીમે સાદે બોલી.' કનકસિંહ !

'કનક' સફાળો ઉઠી બેઠો થઇ આસપાસ જોવા લાગ્યો, પુન: અવાજ થયો. કનકસિંહ! શું વિચાર ચાલે છે ?

'શબ્દ પરિચીત લાગ્યો, કનક આશ્ચર્યતાથી બોલ્યો. મારા વિચાર જાણુવાની ઇચ્છા રાખનાર તમે કોણુ છો ?

'હું તમારૂં કલ્યાણુ ઇચ્છનાર છું !'

'મારૂં કલ્યાણુ થઈ ગયું છે, હવે કાંઈ બાકી રહ્યું નથી. દુઃખીની મશ્કરી કરી શા માટે વધારે દુખી કરોછો ?'

'તમને દુઃખી કરવાની મારી મરજી નથી, હું સદા સર્વદા તમારૂં કલ્યાણુ ઇચ્છુછું, અને તેથીજ તમને પૂછુછું કે હાલ શું વિચાર ચાલે છે ?'

'વિચાર કુકર્મના પશ્ચાતાપનાજ ચાલે છે, આ કેદખાનામાં બીજા શાના વિચાર હોય !'

'કનકસિંહ !' કરેલાં કર્મનો પશ્ચાતાપ કરવાથી શું વળનાર છે ? શું તેથી તમે અહિંથી મૂક્ત થઈ શકશો ?

'ના, મારા નશિબમાં મરણુ લખાયેલું છે, વ્યભિચારીનું મૃત્યુ કેવી રીતે થાય છે, એ આખું નગર જોશે ને મારી થનાર દશા જોઇ જોનાર પણુ દુષ્ટ કર્મ કરતાં વિચારશે.

'તેથી તમને શું લાભ ?'

'મને ઘણો લાભ છે, લોકો મારા દૃષ્ટાંતથી પરનારીની પ્રીત કરતાં વિચારશે અને "પરનારી દુઃખની ક્યારી છે" એમ સમજશે.

'કનકસિંહ ! તમારૂં માનવું ભૂલ ભરેલું છે, ગમે એવો જ્ઞાની પુરૂષ હશે, પણુ સ્રીના કટાક્ષ યુકત નયનો નિહાળતાં તેનો ગુલામ થશે, તમને ખબર છે ? સાંભળો.

નારીનાં નયનો નિહાળી, મોહ વશ સૌ થાય છે;
અજ્ઞાની કે ગુણવાન હો, પણ નેત્રથી તે નાચશે.

કનકસિંહ! નારીના નયનમાં એવો જાદુ ભરેલો છે, ભૂલો પડેલો મુસાફર કોઈને માર્ગ પૂછશે, પણ તેને કોઇ જવાબ દેશે નહિ પણ જો તેને સ્થાને કોઈ સ્ત્રી માર્ગ પૂછશે તો તેને માર્ગ બતાવવાને સૈ। તૈયાર થશે, સ્ત્રીમાં એવો ચમત્કાર છે.

'હા, એ ચમત્કારથીજ આ સૃષ્ટિને છેલ્લા નમસ્કાર કરવાનો સમય સમિપ આવી પહોચ્યો છે.

'કનકસિંહ! તમે આ શું બોલોછો! શું તમને તો કોઈ સ્ત્રીયે સપડાવ્યા તો નથીને?

'અરે સપડાવ્યો તો શું પણ તેના પ્રેમમાં મસ્તાન થઈ ભાન ખોઈ દુનિયાપાર થયો છું, તેના પ્રતાપથી આ કેદખાનામાં લોઢાની સાંકળો ધારણ કરી મૃત્યુની રાહ જોતો બેઠો છું.'

'જ્યારે તમારી આવી દશા થઇ છે, ત્યારે તમારી પ્રેમ-દેવીની શું દશા થઇ હશે?'

'મારા કરતાં તેની દશા સારી હશે, તે સુખે નિંદ્રાને શરણ થઇ હશે.'

'નહિ, કનકસિંહ એમ નથી. આમ નિહાળો. કહી તેણે પુનઃ ફ્રાનસનો પ્રકાશ પોતાના મુખ ઉપર ધર્યો.'

'અરે કોણ કાન્તા! કનક સ્તબ્ધ બની બોલી ઉઠયો. હા, આ કનકની કાન્તા. વ્હાલા! તું જ્યારે કેદમાં દુઃખ ભોગવે

ત્યારે આ કાન્તા સુખમાં ક્યાંથી સૂવે. કહી કાન્તા દ્વાર ઉઘાડી અંદર પ્રવેસી.'

'કનક ગભરાયો, પહેરેગીર જોશે તો મહા ઉત્પાત થશે ધારીને તે બોલ્યો. કાન્તા! તું જતી રહે. મારા ભાગ્યમાં બનવાનું લખ્યું હશે તે બનશે. હમણાં પહેરેગીર જોશે. તો તારી ઉપર ગજબ ગુજરશે.'

'વ્હાલા! તું નિશ્ચિંત રહે. હું સર્વ બંદોબસ્ત કરીનેજ અહિં આવી છું. આમ કહેતાં કાન્તાએ તેની બેડીયો અને સાંકળો ખોલી નાંખી.'

'કનકના આનંદનો પાર રહ્યો નહિ. કાન્તાના ઉપકારથી તે ગળગળો થઇ તેને હૃદય સાથે દાબી ઉપકાર માની પૂછવા લાગ્યો. કાન્તા! હવે શું કરવું?'

'અહિંથી પલાયન કરવું. જુઓ હું મારી સાથે આ કિમતી જવાહિરનો દાબડો લાવી છું. તેનાથી આપણું ગુજરાન સદાકાળ આનંદમાં ચાલશે. આપણે દૂર દેશ નીકળી જઇ આનંદ કરીશું.'

'એ તો જાણે ઠીક, પણ આપણે જઇશું કયાં થઇને! બહાર સિપાઇ મુઓ હશે તેનું કરવું શું? કનકે ગભરાઇ પૂછ્યું.'

'મ્હેં તેને બહાર કાઢયો છે. તે મારા બોલાવ્યા સિવાય અંદર આવશે નહિ. આપણે એ દરવાજે નહિ જતાં બીજે દરવાજે થઈ ગુપ ચૂપ ચાલ્યાં જઈશું. કહી કાન્તા કનકને લઇ ત્યાંથી ચાલવા લાગી. બન્ને જણાં ધીમે પગલે ચાલતાં બીજે દરવાજે થઇ પસાર થઇ ગયાં.'

વખત ઘણો થયો, મધ્ય રાત્રિનો સુમાર થયો. હજુ કાન્તા બા અંદર શું કરતા હશે ! લાવ તપાસ કરૂં. કહી દેવડી ઉપર ઉભેલો સિપાઈ અંદર આવી જોવા લાગ્યો, તો ત્યાં તેને કોઈ જણાયું નહિ. આટલામાં ફરતાં હશે, કહી પહેરેગીર ચારે તરફ ફરી વળ્યો, પણ કાન્તાની મૂર્તિ જણાઇ નહિ. તેણે કનકની કોટડીમાં જોયું અને ત્યાં સાંકળો ને બેડીયો પડેલી જોતાંજ તેણે ભાન ખોયું. તે ચીસ પાડી બોલી ઉઠયો. હાય બન્ને થયાં પસાર ને આ નિર્દોષને બનાવ્યો ગુન્હેગાર, કહી ગરીબ સિપાઈ ભયભીત બની જમીન ઉપર ઢળી પડયો.

પ્રકરણ ૨૯ મું.

વિપરીત સમાચાર.

શિયાળાની લાંબી રાત્રિ ક્યમે કરીને ખૂટતી નહોતી, પશુ પક્ષી અને માણસો ઘાઢ નિંદ્રાને શરણે થઈ પડેલાં હતાં. રાત્રિના બે વાગવાનો સુમાર થયો હતો, જ્યારે સર્વ સૃષ્ટિ શાન્તિમાં હતી, ત્યારે રાણી સુનંદાના મહેલમાં અશાન્તિ છવાયેલી હતી. મહેલના મોટા દિવાનખાનામાં એક જાંખી બત્તી બળી રહી હતી, જમીન ઉપર પાથરેલા સુંવાળા બિછાનામાં રાણી સુનંદા નાના રાજકુમાર રામસિંહને લઇ નિંદ્રાવશ થયેલી હતી, ત્યાં પડેલા એક કોચ ઉપર કુસુમ અને પ્રમિલા હજી જાગૃતાવસ્થામાં બેઠાં હતાં. પ્રમિલાના ખોળામાં તેનો નાનો ભાઈ હમીરસિંહ નિદ્રાધિન થયો હતો, હમીર અને રામસિંહ સરખી ઉમ્મરના હતા. કુસુમ અને પ્રમિલાના મુખ ઉપર શોકની છાયા જણાતી હતી, કુસુમ મહેન્દ્રને યાદ કરી વારંવાર રડતી હતી.

પ્રમિલા તેનાં અશ્રુ લ્હોતી ધિરજ આપતી હતી કે બ્હેન શા માટે રૂદન કરોછો, પ્રભુ સૌ સારૂં કરશે.

' તેનાં વચન સાંભળી કુસુમ તેને ગળે વળગી રડતાં રડતાં કહેવા લાગી. પ્રમિલા ! આ અંતર બળીને ખાક થાય છે ! મહેન્દ્રના ગૂમ થયાથી જીવ ગભરાય છે. મારા લીધે ફસાયેલા મહેન્દ્રની શું દશા હશે ? મહેન્દ્ર ! મારા મનના માનિતા મહેન્દ્ર !

તમે ક્યાં છો ? બોલો ! લાલા બોલો ! આ તમારી કુસુમને શાન્તિ વચન સંભળાવો. તમારા વિના સર્વત્ર શુન્યકાર ભાસે છે. પ્રમિલા બ્હેન ! હવે હું શું કરૂં ? કહી કુસુમ વધારે રડવા લાગી.'

'તેને આશ્વાસન આપતી પ્રમિલા કહેવા લાગીઃ—કુસુમ આમ ગાંડી શું થાય છે, ધૈર્ય ધર. મહેન્દ્રનું રક્ષણ કરનાર ભગવાન છે. તેજ પ્રભુ તેમને કુશળક્ષેમ અહિં લાવશે. માટે શાન્ત થા અને પ્રભુની પ્રાર્થના કર.'

બન્નેના અવાજથી પ્રમિલાના ખોળામાં સૂતેલો હમીર જાગી ઉઠયો. હાથવતી આંખ્યો ચોળતો તે પ્રમિલા સામે જોઈ પૂછવા લાગ્યો. મોટી બ્હેન ! તુ હજી જાગે છે કે શું ? મને તો બહુ ઉંઘ આવી ગઇ હોં.

'મને ઉંઘ આવતી નથી. તું હવે પાછો સુઇ જા.' પ્રમિલાએ કહ્યું.

'મોટી બ્હેન ! હવે મને ઉંઘ આવશે નહિ. હું તો જાગતો તમારી પાસે બેસી રહીશ. પણ બ્હેન ! આ મ્હોટાં બ્હેન અત્યારે કેમ રડે છે ?' હમીરે કુસુમની સામે જોઇ પૂછ્યું.

'એતો અમસ્તાં રડે છે.'

'અમસ્તાં તે રડે કે ! કહી હમીર કુસુમને વળગી પૂછવા લાગ્યો. મોટાં બ્હેન ! તમે અમસ્તાં રડો છો કે ?'

'તેના કાલા શબ્દોથી કુસુમ સ્હેજ હાસ્ય યુક્ત વદને કહેવા લાગી. મારૂં માથુ દુઃખે છે, તેથી રડું છું.'

'અરે બોય તમારીની ! તેમાં રડો છો શું કરવા ? લાવો

હું તમારૂં માથુ દબાવી દુખાવાને દૂર કાઢી મૂકું. કહી હમીર ઉભો થઇ કુસુમનું માથુ દબાવવા લાગ્યો.'

'કુસુમે તેને ખેંચી ખોળામાં બેસાડયો.'

પુનઃ તે બોલી ઉઠયો. હેં મ્હોટાં બ્હેન! તમે કહેતાં હતાં કે આજે પરતાપભાઇ અને મહેન્દ્રભાઇ આવશે ને તારે માટે કંઇક સારૂં સારૂં ખાવાનું લાવશે. તે બધું જુઠુંજ કહ્યું હતું ને? આ મારી મોટી બ્હેન પણ ઘણી પક્કી છે કે તેણેય મને એવું કહી સમજાવી ફોસલાવી ઉંઘાડી દીધો.

'તેના બોલવાથી બન્ને બાળાઓ હસવા લાગી.'

'આમ વાત ચાલે છે એટલામાં ત્યાં કંઇક અવાજ થયો, દાદરના પગથીયાં ચઢી કોઇ આવતું હોય એવો ભાસ થયો, બન્ને જણાં આતુરતાથી જોઇ રહ્યાં. થોડી વારમાં વીર પ્રતાપ ત્યાં આવી ઉભો રહ્યો. હમીર તેને જોતાંજ કમ્મરે બાઝી પડયો, પ્રતાપે તેને રમાડી કંઇક ખાવાનું આપ્યું. ખાવાનું મળતાં તે ત્યાંથી દૂર જઇ એક સોફા ઉપર સૂઇરહી ખાવા લાગ્યો.

'મધ્યરાત્રિએ પ્રતાપને ત્યાં આવેલો જોઇ પ્રમિલા પૂછવા લાગી. પ્રતાપસિંહ! મહેન્દ્રના કંઇ સમાચાર મળ્યા કે?

'હા, ઘણી તપાસને અંતે વિપરીત સમાચાર શ્રવણ કર્યા. પ્રતાપે કપાળે કર સ્પર્શ કરી કહ્યું.'

'શું છે? પ્રતાપસિંહ! વ્હેમમાં ન રાખો, કુસુમ બોલી ઉઠી.

'મહેન્દ્ર કાળા કિલ્લામાં કેદ છે. અને કાલે તેનો અંત આવનાર છે.

'હા, રામ, જાણુવાનું જાણી લીધું. કહી કુસુમ કપાળ કુટતી નીચે બેસી ગઇ, પ્રમિલા તેને શાન્ત કરતી પ્રતાપને પૂછવા લાગી. મહેન્દ્રનો અંત કેવી રીતે આવનાર છે ?

'તેને શિકારી કુતરાઓને સ્વાધિન કરવામાં આવનાર છે. પ્રતાપે નીચે જોઇ જણાવ્યું.

'હાય હવે શું થશે ! કહી કુસુમ કલ્પાંત કરવા લાગી. પ્રતાપ તેને શાન્ત કરતો કહેવા લાગ્યો. રાજકુમારી ! ગભરાઓ નહિ. હું અત્યારે કાળા કિલ્લા તરફ જઇશ, અને યુક્તિ પ્રયુક્તિથી મહેન્દ્રને છોડાવીશ કે કાંતો તેની સાથે હું પ્રાણ આપીશ. લ્યો હવે હું રજા લઉંછું. કારણ કે સવાર પડતાં પહેલાં છોડાવવાની યુક્તિ કરવાની જરૂર છે.'

'પ્રતાપસિંહ ! ઉભા રહો, હું પણ તમારી સાથે આવુંછું. કહી પ્રમિલા કુસુમને કહેવા લાગી. બ્હેન ! હું પ્રતાપસિંહની સાથે જાઉ છું. તું હમીરને સંભાળજે. ઇશ્વર કૃપાથી અમે સાંજ સુધીમાં મહેન્દ્રસિંહને લઈ અહિં આવીશું.'

'તમને પ્રભુ મદદ આપો. કુસુમ વધારે બોલી શકી નહિ.'

તરત બન્ને જણાં ત્યાંથી નીકળી નીચે આવ્યાં. અશ્વશાળામાંથી બે અશ્વ લઇ બન્ને જણાં સ્વાર થઈ મહેલના દરવાજાની બહાર નીકળી અશ્વોને કાળકિલ્લા તરફ પૂરપાટ દોડાવી મૂકયા.

પ્રકરણ ૩૦ મું.

આશામાં નિરાશા.

" હું કરૂં આ મ્હેં કર્યું એ માનવી મિથ્યા બકે,
પણ ઇશની આજ્ઞા વિના, નવ પાન પણ હાલી શકે;
ચંદ્ર તારા સૂર્યને ગ્રહની ગતિ આધીન છે,
પણ ઇશની ન્યારિકળા, જ્યાં સર્વ પ્રાણી દિન છે.

ઝવેરી.

માણુસની આશાઓનો અંત નથી. ગરીબ, શ્રીમાન સર્વજણુ મોટી મોટી આશાઓમાં કાળ નિર્ગમન કરે છે. આશાની ઇચ્છાથી જ્ઞાની અને વિદ્વાનો પણ ભૂલે છે. માણુસના પ્રારબ્ધની કોઇને ખબર પડતી નથી. "પુરૂષના ભાગ્યની આડું પાંદડું" એ કહેવત સત્ય છે.

પાછલી રાતનો ચંદ્રમા નભ મંડળમાં પ્રકાશી રહ્યો હતો. ટાઢ સખત હતી. જંગલમાં શિયાળવાં રોતાં હતાં. કવચિત્ વનરાજની ગર્જના કર્ણુ ગોચર થતી હતી.

પ્રતાપ અને પ્રમિલા અશ્વોને દોડાવતાં ઝડપથી જતાં હતાં બન્નેએ કાળા જબ્ભાથી શરીર ઢાંકયું હતું. ગળાથી પગ સુધી આવી રહેલા કાળા જબ્ભાથી પ્રમિલા અપૂર્વ શોભી રહી હતી. તેના માથાના વાળ છૂટા હતા. જબ્ભાની ઉપર કમ્મરમાં સમ-

શેર લટકી રહી હતી. આવા ભયંકર સમયે ગમન કરતી બાળા, તેની અતુલ હિંમત અને શૌર્યથી યોગમાયા સમાન જણાતી હતી.

'પ્રતાપ તેની હિંમતથી મનમાંજ તેના વખાણ કરતો, અને વારંવાર તેના મુખ સામે નિહાળતો ગમન કરતો હતો. તેના હાથમાં રહેલો લાંબો ભાલો ચંદ્રના પ્રકાશમાં ચળકતો હતો.'

'મહેન્દ્રને બંધન મૂક્ત કરવાની આશાએ તેઓ ઘણીજ ઝડપથી કાળા કિલ્લા તરફ જતાં હતાં. પૂરવેગથી પસાર થતા ઘોડા ઉંડા કોતરોમાં ઉતરતા, ચઢતા, અને વચમાં પડેલા પથ્થરોની ઠોકરો ખાતા હતા.

પ્રતાપ અને પ્રમિલાએ જોત જોતામાં અર્ધો રસ્તો પસાર કર્યો. એવામાં તેમની જમણી બાજુએ કંઇક ખડખડાટ થયો. શિયાળવાં જોરથી રડવા લાગ્યાં. ઘોડાઓ કાનની ટીશીયો ઉંચી કરી આસપાસ જોવા લાગ્યા. એત્રામાં એકાએક પૂર વેગથી દોડતા ઘોડા ચમકીને ત્યાંજ ઉભા રહ્યા. પીઠ ઉપર ચાબુકોના પ્રહાર થયા પણ એક ડગલુંયે આગળ ન વધ્યા. આનું શું કારણ હશે? પ્રતાપ અને પ્રમિલા વિમાસવા લાગ્યાં. તેમને તો રાત થોડી અને વેશ ઘણા. એ પ્રમાણે સૂર્યોદય થયાં પહેલાં ગમે એ યુક્તિ પ્રયુક્તિએ મહેન્દ્રને બધન મૂક્ત કરવાની ઇચ્છા હતી. એવામાં એક કારમી ગર્જના સંભળાઈ. પ્રતાપ ચોંકયો. અણધાર્યા સંકટથી ગભરાયો. ગર્જના વાઘની હતી. મોટી મોટી છલંગો મારતો કેશરી તેમની ઉપર દોડી આવતો હતો. ઉભા રહેલા ઘોડા વાઘને જોતાંજ ભયભીત થઇ ચારે પગે ફાવે એમ દોડવા લાગ્યા પ્રતાપ બૂમ પાડી ઉઠયો. પ્રમિલા સાવધ! આપણે સંકટમાં

સપડાયાં છીએ. મોટો વાઘ આપણી પાછળ પડયો છે.

'ફીકર નહિ. તમે તમારો બચાવ કરો ને હું મા'રો બચાવ કરૂં છું. કહી પ્રમિલાએ પટામાંથી પિસ્તોલ ખેંચી કાઢી, એવામાંજ દોડી આવતા વાઘે પ્રમિલાના ઘોડા ઉપર તરાપ મારી. વાઘના છાપાથી પ્રમિલા ઘોડા ઉપરથી નીચે ગબડી પડી. પડતાં પડતાં તેણે પિસ્તોલનો બ્હાર કર્યો. ગોળી બ્હાર ખાલી ગયો. લોહી લુવાણ કરેલા ઘોડાને જમીન પર પડેલો રહેવા દઇ વિક્રાળ વાઘ ગોળી બ્હાર કરનાર પ્રમિલા પર તૂટયો. પ્રમિલાની સ્થિતિ નિહાળી પ્રતાપે દોડતા ઘોડા ઉપરથી પડતું નાંખ્યું. ચમકેલો ઘોડો નાશી ગયો. વાઘ પ્રમિલાની ઉપર પડે તે પહેલાં તો પ્રતાપે તેનો લાંબો ભાલો તેની આંખ્યમાં ખોસી ઘાલ્યો. દુ:ખથી વાઘે ભયાનક બૂમ મારી. તેની કારમી બૂમથી પાસેના કોતરમાં રહેતી વાઘણ તેના સ્વામિની મદદે દોડી આવી. વાઘને ભાલાથી વિંધાયેલો જોઇ, વાઘણ કારમી ચીસ નાંખી ચારે પગે ઉછળી પ્રમિલાની ઉપર પડી. તેના લાંબા પંજા શરીરમાં પેસે તે પહેલાં પ્રમિલાએ સમય સૂચકતા વાપરી કમ્મરની કટાર ખેંચી વાઘણના પેટના પોચા ભાગમાં ખોસી જોરથી આંચકો માર્યો. તેનું પેટ ચીરાઇ ગયું. લોહીનો ધોધ નીકળ્યો. ભયાનક ત્રાડ મારી વાઘણ જમીન ઉપર પડી તરફડવા લાગી. એટલામાં પ્રતાપે પણ વાઘને પૂરો કરી જમીન ઉપર સૂવાડયો. પ્રતાપ અને પ્રમિલાને તે હિંસક પ્રાણીયોના પંજાના પ્રહારથી શરીરમાં નાના નાના જખમો થયા હતા. શરીરમાંથી નીકળતા લોહીને સાફ કરી, સ્વસ્થ થઇ બન્ને જણાં પગપાળાં આગળ ચાલવા લાગ્યાં. અચાનક થયેલા તોફાનથી તેઓ ખરો રસ્તો તજી બીજે રસ્તે

ચઢી ગયાં હતાં. માર્ગ અજાણ્યુ હતો. વૃક્ષોનાં ઝુંડ અને ખાડા ટેકરાઓનો સુમાર નહતો. પ્રતાપે આસપાસ જોઈ એક ધાડ નિઃશ્વાસ નાંખી પ્રમીલાને કહ્યું. પ્રમિલે ! આપણી આશા નિરાશામાં ફેરવાઇ ગઇ છે. આપણે ભયંકર વનમાં ભૂલાં પડયાં છીએ. આગળ રસ્તો જણાતો નથી.

'પ્રતાપસિંહ ! હિંમત રાખો. દૈવ ઇચ્છા બળવાન છે. આપણે પ્રયત્ન તો કરવો જોઇએ. માટે ચાલો, હવે જ્યાં જવાય ત્યાં ખરૂં. કહી પ્રમિલા પ્રતાપનો હાથ પકડી ઉંડાં કોતરો ચઢતી ઉતરતી ચાલવા લાગી. કોતરો એટલાં તો ઉંડા અને સાંકડાં હતાં કે તેમાં ચંદ્રનો બીલકુલ પ્રકાશ પડતો નહતો. બન્ને જણાં ઘણીવાર સુધી ચાલ્યાં, પણ કોતરનો પાર આવ્યો નહિ. આથી થાકી કંટાળી પ્રતાપ કહેવા લાગ્યો. પ્રમિલા ! થાક બહુ લાગ્યો છે. આ કોતર ઘણું લાંબુ હોય એમ જણાય છે. પગ આગળ ચાલવાને અશક્ત થયા છે.

ત્યારે હવે આપણે કરવું શું ? પ્રતાપસિંહ ! આપણે ખરેખરા સંકટમાં સપડાયાં છીએ. આગળ જવાને પગ ઉપડતા નથી. તેમ પાછાં જવાની પણ હવે શક્તિ રહી નથી. પ્રમિલાએ કહ્યું.

'પ્રમિલા ! આપણે હિનભાગ્ય છીએ. જો એમ ન હોય તો આપણે શા માટે આવા સંકટમાં સપડાઇયે. આપણે લગભગ ચાર કલાકથી ચાલીયે છીએ. પરંતુ કાળમુખી રાત અને આ ભયંકર કોતરનો અંત આવતો નથી.

'મારા ધારવા પ્રમાણે તો રાત પૂરી થઇ અને સવાર થયું હશે.'

'સવાર થયું હોય તો સૂર્યનો પ્રકાશ કેમ ન જણાય ?'

'પ્રતાપસિંહ ! આમ ઉંચે નજર કરી જુવો કે આ કોતર ભોંયરાના આકારનું થઇ ગયું છે. આપણે પ્રથમ જે વખતે અંદર પ્રવેશ્યાં હતાં ત્યારે આ કોતર પહોળું હતું. પણ જેમ જેમ આપણે આગળ વધતાં ગયાં તેમ તેમ સાંકડું અને ભોંયરાના આકારનું થતું ગયું.'

'ત્યારે હવે આપણાથી આ અંધારામાં કેવી રીતે આગળ ચાલી શકાશે ?' હા, રામ. અમારી દુર્દશાનો પાર નથી. કહી પ્રતાપે એક દિર્ઘ નિશ્વાસ નાંખ્યો.

'તેને હિંમત આપતી પ્રમિલા બોલી. પ્રતાપસિંહ ! આમ નાહિંમત કેમ થઇ જાઓ છો ? ઉઠો આપણે ધીમે ધીમે આગળ વધીએ. મારા ધારવા પ્રમાણે હવે આ કોતરનો છેડો આવી રહેલો હોવો જોઇએ.'

'તમે ગમે એમ ધારો, પણ મારી તો ખાત્રી છે કે આ કોતરનો છેડો આવવાનોજ નથી. જેમ જેમ આપણે આગળ જઈશું તેમ તેમ વધારે સંકટમાં સપડાઇશું. પ્રતાપે કહ્યું.'

'ત્યારે અહિંથી પાછાં વળીશું ? પ્રમિલાએ પૂછયું.'

'તેમ પણ બની શકવું મુશ્કેલ છે. કારણ કે આપણે ઘણે દૂર ચાલી આવ્યાં છીએ. આપણે લગભગ ચાર પાંચ કલાકથી ચાલ, ચાલ, કરીયે છીએ. ધીમેથી ચાલનાર માણસ પણ એક કલાકમાં આશરે એક ગાઉ કાપે છે, તો આપણે ચાર પાંચ કલાકથી એક કલાકના ત્રણ ગાઉ કાપીએ એટલી ઝડપથી ચાલતાં આપણે પંદર ગાઉના સૂમાર ઉપર આવી પહોંચ્યાં છીએ. જ્યારે

પાછા પંદર ગાઉ જઇયે ત્યારેજ ખુલ્લા મેદાનમાં પહોંચીયે. પ્રતાપે ગણુત્રી કરી જણાવ્યું.'

'પ્રભુએ ધાર્યું હશે એ થશે. આપણે તો હવે તેના ભરોંસે આગળ ચાલવાનું છે. પ્રતાપસિંહ! ચાલો આપણે ધીમે ધીમે આગળ વધીયે. કહી પ્રમિલા પ્રતાપનો હાથ પકડી પુનઃ આગળ ચાલવા લાગી.'

એવી રીતે ચાલતાં તેઓ આશરે એક કલાકના સૂમારે કોતરની અંદર આવેલા એક પહોળા મેદાનમાં આવી પહોંચ્યાં. ત્યાં સંપૂર્ણ પ્રકાશ પડતો હતો. પ્રતાપની ગયેલી હિંમત પાછી આવી. તેણે ઉંચે જોયું તો દિવસ ઘણો ચઢેલો જોયો. પ્રતાપે આસપાસ જોવા માંડયું. તે વિશાળ મેદાનની ચારે તરફ કોતરોની અંદર આગળ જવાના દરવાજા જેવા આકાર આવી રહ્યા હતા. પ્રતાપ પ્રમિલાને લેઇ એક દરવાજામાં થઇ આગળ ચાલવા લાગ્યો. બહાર નીકળવાની આશામાં તેમના પગ જોકે થાકી ગયા હતા છતાં ઝડપથી ઉપડતા હતા. જેવાં તેઓ દરવાજો વટાવી આગળ ચાલ્યાં કે તુરત પાછી એક સાંકડી નેળ શરૂ થઈ. તે નેળ બહુ લાંબી નહોતી. નેળની બહાર નીકળી પ્રતાપ અને પ્રમિલા એક સુંદર જગાએ આવી પહોંચ્યાં, ત્યાં આગળ અનેક પ્રકારનાં ફળ વૃક્ષ ઉપર ઝુકી રહ્યાં હતાં. પાણીનાં તાજા ઝરણાં વહન કરી રહ્યાં હતાં. બન્ને જણાંને ભૂખ કકડીને લાગી હતી. બન્ને જણાંએ ઇચ્છા મુજબ ફળ તોડીને ખાધાં. નિર્મળ પાણી પી સ્વસ્થ થઈ કુદરત કર્તાની લીલા અવલોકવા લાગ્યાં. એવામાં પ્રતાપની નજરે ત્યાં આગળ એક લાકડાનું ચોકઠું ગોઠવેલું

માલૂમ પડયું. આ ચોકઠું કોણે અને શા માટે ગોઠવ્યું હશે? પ્રતાપ વિચારવા લાગ્યો. તેની જીજ્ઞાસા વધી. પ્રમિલાને લઇ પ્રતાપ તે ચોકઠાની પાસે જઇ ચારે તરફથી તપાસવા લાગ્યો. ચોકઠાની વચમાં એક કમળના જેવું લાકડાનું ફુલ બનાવી ગોઠવેલું હતું. પ્રતાપ અને પ્રમિલા જાણી ન શકયાં કે એ કમળનું ફુલ લાકડાનું બનાવી ગોઠવેલુ છે. પ્રતાપે તેની ઉપર હાથ ફેરવ્યો તે કઠણ જણાયું. અને આ શું! આ કમળ આટલું બધું કઠણ કેમ? કહી પ્રતાપે તેને તોડી લેવા જોરથી આંચકો માર્યો. આંચકાની સાથેજ પૃથ્વી ફાટે એવો કાટકો થયો. કે જેથી વીર પ્રતાપ ભયથી ધ્રુજી ઉઠયો. પ્રમિલા તો ભયભીત બની જડવત્ થઇ ઉભી રહી. અવાજ બંધ થતાંની સાથે ત્યાં ઉંડાણમાં ઘંટ વાગવાનો અવાજ સંભળાવા લાગ્યો. આ શું આશ્ચર્ય! પ્રતાપ કાન માંડી સાંભળવા લાગ્યો. આશરે પા કલાકે ઘંટ વાગતો બંધ થયો. કે તુરત પાછો મોટો અવાજ થયો. અવાજની સાથે જણાયું કે ત્યાં આગળની જમીન હાલે છે. જોત જોતામાં ઉંડો ખાડો પડતો હોય એમ જણાયું, પ્રતાપ આંખનો એક પણ પલકારો માર્યા વિના ખાડા તરફ જોઇ રહ્યો. તે ખાડામાંથી વરાળ નીકળતી હતી. વરાળ ઉંચે ચઢતાં વળી પાછો બીજો અવાજ થયો. અવાજની સાથેજ પ્રતાપ ચમકી પ્રમિલાને ખેંચી ચાર ડગલાં પાછળ હઠયો. તેને તે ખાડામાં એક કાળો આકાર ઉભેલો જણાયો. તેનું મુખ બીહામણું દેખાતું હતું. પ્રતાપ ફાટી આંખે તેના સામે જોઇ રહ્યો. પ્રમિલા ભયથી પ્રતાપને વળગી પડી.

ખાડાની વચમાં ઉભેલો આકાર થોડીવારે ઘોઘારી અવાજે બોલ્યો:–કાળના મુખમાં આવી પડેલાં માણુસો તમે કોણુ છો ? અને અહિં શા માટે આવ્યાં છો ?

તેના પ્રશ્નથી પ્રતાપમાં હિંમત આવી, તે બોલ્યો:–અમે ભૂલાં પડી અહિં આવી ચઢયાં છીએ, અમને રસ્તો બતાવો તો તરત ચાલ્યાં જઇએ.

'મૂર્ખ માણુસો ! તમે મોટો ગુન્હો કર્યો છે, અહિંથી બહાર નીકળવાનો રસ્તો નથી, આગળ સિદ્ધ લોકોનો નિવાસ છે, ત્યાં તમે જઈ શકવાને લાયક નથી.

'તમે કોણુ છો ભાઇ ? પ્રમિલાએ પૂછ્યું.'

'તે જાણુવાની તમારે જરૂર નથી, તમે આ રસ્તે આવી મહા અપરાધ કર્યો છે, તેની શિક્ષા તમારે સહુન કરવી પડશે, કહી તેણે ત્રણ ચપટીયો વગાડી.'

ચારે તરફ કોલાહલ મચી રહ્યો, જમીન ધમધમવા લાગી, પ્રતાપ અને પ્રમિલા જમીનમાં સરી જતાં જણુાયાં, નીચે જતાં બન્નેને માલૂમ પડયું કે આપણે જમીનને તળીયે આવ્યાં છીએ અંધકાર એટલો હતો કે એક બીજાનું મ્હો પણુ જોવાઈ શકાતું નહોતું, બન્ને જણાં હાથ પહોળા કરી રસ્તો ખોળવા લાગ્યાં. તેમણે ઘણી મહેનત કરી પણ આગળ જવાના રસ્તાની માહિતી મળી નહિ, પ્રતાપ ગભરાઈ બોલી ઉઠયો, પ્રમિલે કયાં છો ?'

'હું આ રહી, તમે કયાં છો ? આમ તેમ ફાંફાં મારતી પ્રમિલા બોલી.'

'તેના અવાજના આધારે પ્રતાપે કહ્યું:—આમ જમણી બાજુએ ચાલ્યાં આવો.'

'પ્રમિલા ફાંફાં મારતી તેની પાસે ગઇ, તેનો હાથ પકડી પ્રતાપ ગળગળે સાદે બોલ્યો, પ્રમિલા! આપણે પાતાળમાં ઉતરી પડયાં છીએ, મૃત્યુ નિકટ છે, મારૂં માથું ભમે છે, આંખ્યો ખેંચાય છે, પ્રમિલા, પ્રમિ....લા, કહી ધબ લઇ પ્રતાપ બેફામ બની જમીન ઉપર તૂટી પડયો. થોડીવારમાં પ્રમિલાની પણ એવી દશા થઇ. ઘોર અંધકારમાં જમીનને તળીયે બન્ને જણાં ભાન ખોઇ એક બીજાની પાસે પડયાં.'

'તેમની આશા નિરાશામાં બદલાઇ ગઇ, મહેન્દ્રને બંધન મૂક્ત કરવા જતાં તેઓ સંકટમાં સપડાયાં. નશીબનાં નખરાં એવાંજ હોય છે.'

પ્રકરણ ૩૧ મું.

મૃત્યુના મુખમાં.

આજે વીર મહેન્દ્રના મૃત્યુનો દિવસ છે. કાળાકિલ્લામાં જે કોટડીમાં તેને પૂરેલો છે ત્યાં આગળ એક લોખંડનું મોટુ પિંજરૂં મૂકવામાં આવ્યું હતું. તેની અંદર બે મોટા શિકારી કુતરા જીભ બહાર કાઢી બેઠેલા હતા મોટા વનરાજના જેવાજ એ બે કુતરાઓ ભયકારક જણાતા હતા. તેઓને બે ત્રણ દિવસથી ખોરાક ખવરાવવામાં આવ્યો નથી. તેથી તે ઝનુની અને વિક્રાળ બની ખોરાકની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

સૂર્ય માથે આવ્યો, પણ હજુ સુધી મહેન્દ્રની કોટડી પાસે કોઈ માણસ આવ્યું નથી કાળરાત્રિનું કરપીણ કામ જોઈ સવિતા નારાયણ પણ કુપિત થઇ સખ્ત તાપથી તપતા હતા. બહાર ખરા બપોર થયા હતા, પરંતુ કાળા કિલ્લામાં તો ઝાંખો ઝાંખો પ્રકાશ જણાતો હતો.

લોઢાની સાંકળોથી બંધાયેલો મહેન્દ્ર મરવાને તૈયાર થઇ ગયો હતો. તે કાળરાત્રિની રાહ જોતો લમણે હાથ ટેકવી બેસી રહ્યો હતો. મૃત્યુ હવે નજીકમાંજ છે, હવે જીવવાનું નથી. એમ ધારી તે તેના સઘળા સ્નેહિજનોને યાદ કરી અશ્રુ વિસર્જન કરતો હતો. સઘળાંને યાદ કરી તેણે અંતે પ્રભુની પ્રાર્થના કરી. હજી તો તે તેની પ્રાર્થના પૂરી કરી રહ્યો નથી, એટલામાં તો

પિંજરામાં પૂરેલા કુતરાઓ ભયંકર અવાજે આર્તનાદ કરવા લાગ્યા. મહેન્દ્રનું ધ્યાન ભંગ થયું, તેણે ઉંચે જોયું. કાળરાત્રિ અને સેનાપતિ અબુધસિંહ બે પહેરેગીરો સાથે ત્યાં આવતાં જણાયાં, તેમને જોતાંજ મહેન્દ્ર કંપી બોલી ઉઠયો, બસ થઈ ચૂક્યું. યમ દૂતો આવી પહોચ્યા. મરણને મળવાનું નક્કી થઇ ગયું. ચાલ જીવ! વ્હેલું મોડું અવશ્ય મરવાનું તો છેજ, તો નાહક શા માટે ગભરાય છે. આમ મનને શાન્તવન આપતો મહેન્દ્ર મરણને માટે તૈયાર થઇ ગયો.

નિર્દોષ માણસોના લોહીની તરસી કાળરાત્રિ ભયંકર વેશથી તેના સોબતીઓ સાથે ત્યાં આવી. તેની આંખ્યો આ સમયે સળગતા અંગારા સમાન જણાતી હતી. માથાના વાળ છૂટા થઇ ગરદન પર પથરાયા હતા. તેણે કાળા જભ્ભાથી શરીરને ઢાકયું હતું. ક્રોધાંધ થયેલી કાળી નાગણ કાળરાત્રિના હાથમાં તેનું વ્હાલું ખંજર માણસનું લોહી પીવાને કંપી રહ્યું હતું. તેની એવી નિક્રાળ મૂર્તિથી તેની સાથે આવેલો સેનાપતિ પણ ધ્રુજતો હતો. તે બન્ને પહેરેગીરો સાથે કંઇ પણ બોલ્યા સિવાય એક બાજુ ઉભો રહ્યો.

‘ક્રૂર કાળરાત્રિએ મહેન્દ્રની કોટડી પાસે આવી ત્યાં મૂકેલા પિંજરા પાસે જઇ કંઇક અવાજ કર્યો. ભૂખ્યા ડાંસ જેવા કુતરા તેને જોતાંજ ઉભા થઈ ગર્જના કરવા લાગ્યા. અંતે તે નિષ્ઠુર નારીએ પાસે ઉભેલા પહેરેગીરને મહેન્દ્રને લાવવાનું સૂચવ્યું. ધ્રુજતે પગલે સિપાઇ અંદર ગયો, અને મહેન્દ્રને લઈ બહાર આવ્યો.’

' કાળરાત્રિએ મહેન્દ્રની સામે તિક્ષણુ નજરે જોઇ પાસે ઉભેલા સિપાઇને કહ્યું. મહેતાબ! તું જા, અને આપણા મહેલના કિલ્લામાંથી કેદી કનકને અહિં લઇ આવ. તેનો પણુ આજે ખુલાસો કરી નાંખીએ.'

' જેવો હુકમ. કહી મહેતાબ ત્યાંથી નીકળી રાજમહેલ તરફ ચાલ્યો.'

' તેના ગયા પછી કાળરાત્રિએ પુનઃ મહેન્દ્ર સામે જોઈ પૂછ્યું. મહેન્દ્ર! તારા મૃત્યુનો સમય થયો છે. મરતાં અગાઉ તારે કંઇ કહેવું છે?'

' ના, મહેન્દ્રે ટુંકો ઉત્તર આપી પતાવ્યું.'

કાળરાત્રિઃ–મહેન્દ્ર! મને તારે માટે ઘણું લાગી આવે છે. જો તું અમારી સાથે સલાહ સંપથી ચાલ્યો હોત તો તારી આવી દશા થાત નહિ. હું તારી ઉપર ઘણી ખુશ થઇ તને મોટી પદવીએ ચઢાવત.

મહેન્દ્રઃ–નીચ નારીના સહાયક થઇ સુખ ભોગવવા કરતા જેણે અમારૂં પાલન કર્યું છે તેના પ્રત્યે વફાદાર રહી કષ્ટ સહન કરવામાંજ હું સુખ માનું છું.

કાળરાપિઃ–શું તું મારી દયા નથી ઇચ્છતો?

મહેન્દ્ર–દુષ્ટાના દિલમાં દયા હોયજ નહિ. હું તારી કૃત્રિમ દયાને ઠોકર મારી દૂર કરવા ઉત્સુક છું.

કાળરાત્રિઃ–મૂર્ખ! નાના મુખે બોલતાં વિચાર કર, આ કાળરાત્રિના કોપથી શું તું અજાણ્યો છે?

મહેન્દ્રઃ-નહિ, મેં તારા કોપમાં બળીદાન થયેલા નિર્દોષ જનોને લોહીથી રંગાએલા જોયા છે. પરંતુ આ મહેન્દ્ર તારા કોપની લગીર પણ પરવા કરતો નથી.

કાળરાત્રિ-ઓ ઉદ્ધત છોકરા.

દાવાનળ સળગાવીને, જીવતો નથીરેનાર;
મૃત્યુ તારૂ નિકટ છે. થા હવે તૈયાર.
મહેન્દ્રઃ-કુલટા કૃતાંત કારમી, શું તુજથી થાનાર?
ટેક અચળ છે માહરો, મરતા નહિ જાનાર,

કાળરાત્રિ-ઓહ્!

માની ગુમાની અંધ થઈ, બોલે શું તું બાળ,
હવે જાણજે મુજને, કૃતાંત સરખી કાળ;

* *

મહેન્દ્રઃ-હેલ વનિતા શું બકે? ભાગ્યાધિન સૌ થાય,
મરણ જનમ છે સર્વને, જે જાયુ તે જાય;
જો કૃપા હોય કૃષ્ણની, તો વાંકો થાય ન વાળ,
અભિમાન ઉતરે તાહરૂ, પાસ ન આવે કાળ.

કાળરાત્રિ-:-બસ હદ થઈ. હું હવે વધારે વાર તારા વચન સાંભળી શકતી નથી. તારા ઝેરી શબ્દોથી મારા શરીરે આગ લાગી છે, હુ તને....કાળરાત્રિ આગળ બોલતી અટકી. કનકને લેવા ગયેલો મહેતાબ એક કેદીને લઇ ત્યાં આવ્યો.

'તે કેદીને જોઇ કાળરાત્રિ ગુસ્સાથી મહેતાબને પૂછવા લાગી. મહેતાબ! કેદી કનક ક્યાં છે? અને આ કેદી કોણ છે?'

'મહારાણી! કનક તેની કોટડીમાં નથી. તેથી ત્યાંના આ પહેરેગીરને બંધીવાન બનાવી અહિં લાવ્યો છું, કારણ કે આ પહેરેગીર કેદીના સંબંધમાં કંઇ પણ ખુલાસો કરતો નથી.'

'કનકના નાશી જવાના સમાચાર સાંભળી છ છેડાયેલી વાઘણ સમાન કાળરાત્રિ વિક્રાળ વદને બંધીવાન પહેરેગીરને પૂછવા લાગી. તારા તાબાનો કેદી ક્યાં છે?'

'મહારાણી! ક્ષમા કરો. કેદી કોટડીમાંથી ચાલ્યો ગયો છે. પહેરેગીરે કહ્યું.'

'શું કનક નાશી ગયો? ચંડાળ! તું ગફલતમાં કેમ રહ્યો? કાળરાત્રિએ પૂછ્યું.'

'હું નિર્દોષ છું. કાન્તાબા તે સ્થળે આવ્યાં હતાં, અને તેમણે મને કહ્યું કે કેદીની સાથે મારે કંઈ કામ છે તેથી તું દરવાજા બહાર ઉભો રહે. મારા બોલાવ્યા સિવાય અંદર આવીશ નહિ. તેમનું એવું કહેવું સાંભળી હું બહાર ઉભો રહ્યો. અંતે ઘણીવારે અંદર આવીને જોયું તો કોઈ જણાયું નહિ. પાછલો દરવાજો ઉઘાડો હતો, તેમાં થઇ તેઓ નાશી ગયાં છે. પહેરેગીરે સર્વ વાત જણાવી. તેનો ખુલાસો સાંભળી કાળરાત્રિ ગભરાટથી બોલી ઉઠી:–અફસોસ, ગજબ, કાન્તા પણ કનકની સાથે નાશી ગઇ. હા! મારા મહારાણીના પદને કાળું કલંક લગાડયું. અભાગી સિપાઇ તું સાવધ કેમ ન રહ્યો કે જેથી આવું પરિણામ આવ્યું! તારે અસાવધતાની શિક્ષા સહન કરવીજ પડશે, ને તે શિક્ષાથી તારે મરણના મુખમાં પ્રવેસવું પડશે. ચાલ તૈયાર થા.

ગરીબ સિપાઇ ધ્રુજી ઉઠયો. તે બે હાથ જોડી ગળગળે સાદે બોલ્યો:–મહારાણી ! હું તદ્દન નિર્દોષ છું, મારી ઉપર દયા કરો, કહી તે કાળરાત્રિના ચરણમાં પડયો.

'તેને લાત મારી દૂર કરતાં કાળરાત્રિ બોલી:–નિમકહરામ!

દયા શબ્દ વાપરવાની આ જગા નથી. તેમ દયા આ હૃદયમાં પણ નથી. પોતાના માલીકની વફાદારીથી અને સાવધનાથી સેવા કરવી જોઈએ, તેને બદલે તેં એક નાદાન બાળકીનું કેહેવું માની મોટી ભૂલ કરી છે. એજ ભૂલ તને અત્યારે મરણના મુખમાં હડસેલે છે. ચાલ તારો વખત થઇ ગયો છે. કહી તે રાક્ષસી અબળાએ હાથમાં પકડેલું ખંજર ઉંચું કર્યું. ગરીબ સિપાઇ થરથર કાંપવા લાગ્યો, અને એક શબ્દ બોલે તે પહેલાં તો તે કાળરાત્રિના ખૂનીખંજરનો ભોગ થઇ પડયો. કારમી ચીશ પાડી લોહી લુવાણ થઇ તે નિર્દોષ સિપાઇ થોડીવાર તરફડી મરણને શરણ થયો. બાદ તેના મુડદાને ત્યાથી દૂર કરાવી તેણે મહેતાબને કહ્યું મહેતાબ! તું સો ઘોડેસ્વાર લઇ હાલને હાલ નીકળી પડ. કાન્તા અને કનકને પૃથ્વીના પડમાંથી પણ ખોળી કાઢી મારી પાસે હાજર કર. મહેતાબ! યાદ રાખજે કે આ રાણી વફાદારોની કિંમત ઘણી સારી સમજે છે. હું તને ખુશ કરીશ.

'મહારાણીની આજ્ઞા પ્રમાણે વર્તવાને આ સેવક બંધાયેલો છે. દેવી! હું જાઉં છું, અને થોડા દિવસમાંજ તે બન્ને જણાંને પકડી આપના ચરણમાં રજુ કરૂં છું.'

'બસ જાઓ. કાળરાત્રિએ આજ્ઞા આપી. મહેતાબ ચાલ્યો ગયો. ક્રૂર કાળરાત્રિનું નિર્દય કામ જોઇ મહેન્દ્ર કંપી ઉઠયો.

ને હવે મારી વારી આવી. કહી મરણને મળવા તૈયાર થઈ ઉભો. એટલામાંજ કાળરાત્રિએ ક્રૂર કંઠે કહ્યું:—ચાલ! તું પણ તૈયાર થઈ જા, અને આ સામે ઉભેલા કુતરાઓના પિંજરામાં દાખલ થા.'

'હું તૈયાર છું. તારા શિકારી કુતરાઓના પિંજરામાં હું હસ્તે મુખડે દાખલ થાઉં છું. ઓ નીચ રંડા! આ મહેન્દ્ર થોડા સમયમાં સ્વર્ગે પ્રયાણ કરશે, પછીથી તને કોઈ કહેનાર નહિ રહેશે. માટે સાંભળ. નારીના રૂપમાં આવેલી રાક્ષસી! તારાં દુષ્કર્મોની હદ આવી રહી છે. તારા ભારથી આ પૃથ્વી કંપી રહી છે. જો, જો, બહાર જઇને જોકે આકાશમાં પ્રકાશેલા સૂર્ય ભગવાન લાલચોળ નેત્રે તારી સામે જોઈ રહ્યા છે કે નહિ? રંડા! તારાં ક્રૂર કર્મોથી તું રીબાઈ રીબાઇને મરીશ. યાદ રાખજે કે તું રૈરવ નર્કમાં પડીશ. કહી વીર મહેન્દ્ર એક ધિક્કાર યુક્ત નજર ફેંકી પિંજરા સમિપ ચાલ્યો, અને પિંજરાનું બારણુ ઉઘાડી જયરામ કહી અંદર કુદી પડયો તેના પડવાનો ભારે અવાજ થયો, તે અવાજની સાથેજ પિંજરાની બીજી બાજુ પણ એક બીજો ભયંકર અવાજ થયો. એ અવાજની સાથેજ પિંજરામાના શિકારી કુતરાઓ જે પહેલાં વિકાળ અને ભક્ષને માટે આતુર જણાતા હતા. તે આ સમયે તદ્દન શાન્ત અને જાણે પાળેલા ન હોય એમ તેમની પાસે પડેલા મહેન્દ્રની સાથે ગમ્મત કરવા લાગ્યા. કાળરાત્રિ અને અબુધસિંહ અવાચક બની પથ્થરના પુતળાની માફક ઉભાં રહી આવો અજબ જેવો ફેરફાર જોઈ રહ્યાં. એવામાં એકાએક કાળરાત્રિ એક ઝીણી ચીસ પાડી બોલી ઉઠી:—અરે આ શું!'

પ્રકરણ ૩૨ મું.

ચમત્કારનેજ નમસ્કાર.

પ્રભુની કળાને પાર પામવા કોણ સમર્થ છે? વીર મહેન્દ્ર જે સમયે વિક્રાળ કુતરાઓના પિંજરામાં કુદી પડયો તે સમયેજ કાનને ફાડી નાંખે એવો અવાજ થયો અવાજ તરફ જોતાંજ કાળરાત્રિને કંઇક જણાયું ને તેથી તે બેબાકળી બની ચીસ પાડી ઉઠી.

પિંજરામાં પૂરેલા ઝનુની કુતરાઓ પણ શાન્ત થઈ મહેન્દ્રની સાથે ગેલ કરવા લાગ્યા. આ શો ચમત્કાર! કાળરાત્રિ મન સાથે અનેક તર્ક વિતર્ક કરવા લાગી. અબુધસિંહ તો પથ્થરના પુતળાની માફક સ્થિર થઇ આસપાસ જોવા લાગ્યો. એટલામાં તો તેમની અત્યંત અજાયબીની અંદર એક સફેત આકૃતિ તેમની પાસે ધીમે પગલે ચાલી આવતી માલૂમ પડી. અરે આ કોણ! કહી કાળરાત્રિ ગભરાટથી તેની સામે જોઇ રહી. આવનાર સફેત આકૃતિ તદ્દન શાન્ત જણાતી હતી. તેનું મુખ જોઇ શકાતું નહોતું. કારણ કે તેણે પગથી તે માથા પર્યંત સફેત જભ્ભો ધારણ કર્યો હતો. આંખ્યોની આગળ કપડામાં બે ઝીણાં કાણાં પાડેલાં હતાં. આવી રીતથી ઢંકાયેલી એ આકૃતિ ધીમે પગલે પિંજરા પાસે આવી અંદરના કુતરાઓને હાથનો સ્પર્શ કરી તેમને છૂટા કર્યા, અને કંઇક વિચિત્ર શબ્દ કર્યો. કે

તે શબ્દના ચમત્કારથી કુતરાઓ પિંજરામાંથી બહાર નીકળી એ આકૃતિના પગ આગળ ઉભા રહ્યા. તેમના શરીર ઉપર થોડીક વાર હાથ ફેરવી પુનઃ તેણે કંઇક અવાજ કર્યો. કે જેથી તે કુતરાઓ ત્યાંથી દોડી ગયા. બાદ થોડીવાર શાન્ત ઉભા રહી તેણે પિંજરામાં બેઠેલા મહેન્દ્રને ઈશારતથી બહાર આવવાનું સૂચવ્યું, મહેન્દ્ર બહાર નીકળી તેના ચરણમાં પડયો. દયાળુ આકૃતિએ તેને માથે હાથ મૂકયો. વાંચકો ! તે આકૃતિ બીજી કોઈ નહી પણ પેલા સફેત પુરૂષની હતી. અત્યાર સુધી કાળરાત્રિ તો સ્તબ્ધ બની ચિત્રવત્ ઉભી રહી વિચાર કરતી હતી કે આ આવનાર કોણ હશે ! તે અચાનક અહિં કયાંથી આવી ચઢયો હશે અને તેની શું મતલબ હશે ? આમ વિચાર કરતી કાળરાત્રિ તે આવનારની ઉપર ઘણી ગુસ્સે થઇ ગઇ અને ગુસ્સાના આવેશથી તે કરપીણ નારી વિકટહાષ્ય કરી પૂછવા લાગી. કાળના બળિદાન થયેલા મૂઢ ! તું કોણ છે અને તારે આ કાળા કિલ્લામાં આવવાનું શું કારણ છે ? તું ભૂલો તો પડયો નથીને ? જો ભૂલો પડયો હોય તો જાણી લેજે કે તું આ મ્હોતની જગ્યાએજ આવી ચઢયો છે.

'કાળરાત્રિના શબ્દોથી તે સફેત પુરૂષ ગંભીર પણ તિવ્ર શબ્દોથી બોલ્યોઃ—ક્રૂર કાળરાત્રિ ! હું માર્ગ ભૂલ્યો નથી, પણ જાણી જોઇનેજ અહિં આવી ચઢયો છું.'

કાળરાત્રિઃ—અહિં આવવાનું શું કારણ છે ?

સફેતપુરૂષ—સંસારથી દૂર થયેલા સંસારમાં શું કારણથી આવતા હશે તે તું તારા મનથીજ વિચાર કરી જો.

કાળરાત્રિઃ—મારે વિચારી જોવાની કંઈ જરૂર નથી, માટે સ્પષ્ટ જણાવ કે તું કોણ મુઓ છે?

સફેત પુરૂષઃ—તેની તને થોડીવાર પછી ખબર પડશે કે હું કોણ છું, મદાંધ થયેલી માનુની! મારી ઓળખાણ પડતાંજ તું ભયથી ધ્રુજી ઉઠશે.

કાળરાત્રિઃ—અરે મૂર્ખ! શું તારી ઓળખથી હું ધ્રુજીશ! જાણતો નથી કે આ એક ભયંકર રાણી છે, મને લાગે છે કે તું કોઈ દિવાનો છે.

સફેત પુરૂષઃ—દિવાના ડાહ્યા હોય છે, પણ ડાહ્યા દુષ્ટ હોઇ દુનિયાનું નિકંદન કાઢે છે. ઓ શેતાન અબળા! તારા ભયંકર અપરાધ છે, તારાં ક્રૂર કર્મથી આ પવિત્ર ધરા થરથર ધ્રુજે છે.

કાળરાત્રિઃ—મારે કોઇની દરકાર નથી. રામનગરની રાણીનું અપમાન કરનાર પ્રેત! જણાવ કે તારા મનમાં શું છે?

સફેત પુરૂષઃ—મારા મનમાં ધર્મનો વાસ છે. હું નિર્દોષને બચાવીશ અને તારા દુષ્કર્મનો જવાબ લઇશ. કાળરાત્રિ! કેટલા લાંબા જીવનને માટે તુ આવાં અઘોર કર્મ કરી રહી છે?

કાળરાત્રિ.—તે પૂછવાનો તને શું અધિકાર છે?

સફેત પુરૂષ.—મારો અધિકાર સર્વ સ્થળે છે. નિર્દોષ જનોના પ્રાણને હાની પહોંચાડવા ઇચ્છનાર દુષ્ટોને દંડ દેવો એ મારૂં કામ છે. પાપમાં પ્રવર્ત થયેલી નારી! તારૂં ગુમાન મારી આગળ વૃથા છે. સંસારનું કલ્યાણ કરવું એ મારૂં મુખ્ય કર્તવ્ય છે.

કાળરાત્રિઃ—અને હું પણ તારા જેવાનું બળિદાન લેનારી દેવી છું. તારા જેવા ધર્મના ઢોંગી લોકોનો વિનાશ કરવા ઇચ્છું છું. માટે જો જીવતા રહેવું હોય તો મુંગા મુંગા પધારી જાઓ.

સફેત પુરૂષઃ—મારૂં ધારેલું કામ પૂર્ણ કર્યા વિના હું અહિંથી જનાર નથી. તેમજ તારાથી હું લેશ માત્ર પણ ડરનાર નથી.

કાળરાત્રિઃ—મૂર્ખ ! હું ધારૂં છું કે તું હજી મારા કોપથી અજાણ્યો હોઇશ ?

સફેત પુરૂષ·—અને હું પણ ધારૂં છું કે તું મારા ચમત્કાર-થીજ મારા પગમાં પડીશ.

કાળરાત્રિઃ—શેતાન ! ચૂપ થા. હું તારૂં કંઇ પણ સાંભળવા નથી માગતી. તું જાદુગર હો યાતો દેવ હો, પણ હું તારાથી ડરનાર નથી. અભાગી પુરૂષ! તું જે બોલે છે તે કોને સંભળાવે છે ? હું કોણ છું તે તું જાણે છે ?

સફેત પુરૂષઃ—હા, જાણું છું અને તેથીજ તને વાકય બાણોથી વિંધું છું નીચ નારી! હુ તને સારી રીતે ઓળખું છું. તું ભયંકર કર્મ કરનારી કુલટા છે, ગરીબ જનોનું લોહી પીનારી ચુડેલ છે. ઓ કંગાલ અબળા ! ત્હેં કેટલાં બધાં પાપ કર્મ કર્યા છે. અહા ! તારાં કુકર્મો યાદ કરતાં હું કંપું છું અને તારૂં શ્યામ મુખ જોતાં ભયંકર ક્રોધને આધિન થાઉં છું.

તેનાં વાકયોથી કાળરાત્રિ ખડખડાટ હસી પડી બોલીઃ—મૂર્ખના શિરોમણિ ! તારો ક્રોધ વૃથા છે. જ્યાં સુધી મારી પાસે આ ખંજર છે, ત્યાં સુધી તારાથી કંઇ થનાર નથી. હું હમણાંજ

મારા ખંજરને તારા શરીરમાં ભોંકી તારા લોહીથી તૃપ્ત કરૂં છું. આ કાળરાત્રિના કોપથી હવે તું જીવતો જનાર નથી. કહી તેણે જબ્ભામાંથી " ખૂની ખંજર " ખેંચી કાઢયું.

' તેના વિકરાળ વદન સામે ગંભીર વદને જોઇ સફેત પુરૂષ કહેવા લાગ્યો. ખરેખર તું એક ભયંકર ભામિની છે. કાળરાત્રિ! યાદ રાખજે કેઃ-જે ધર્મના દાસ છે, નીતિને પાળનાર છે, સત્યને માટે શિર આપનાર છે, અને પરોપકારમાં પ્રાણનું વિસર્જન કરવા ઇચ્છનાર છે. તેનુ પ્રભુ ગયબી શકતીએ રક્ષણ કરે છે. હું તારાથી ભય પામતો નથી, તારા ખંજરની પરવા કરતો નથી, તારાથી થાય તે કરી લે, હું તારી સામે ઉભો છું. કાળરાત્રિ! તારો ગર્વ નકામો છે, તું અત્યારે ભયંકર કર્મ કરી એમ સમજે છે કે હું આ સારૂં કરૂંછું, પણ ના, ના, એમ સમજીશ નહિ! તારે પણ કાળને વશ થવાનું છે. તારાથી વધારે પાપકર્મ કરનારા બળવાન પુરૂષો હતા કે જેઓ દેવ અને દાનવોથી પણ નહોતા ડરતા, તેઓ પણ આખરે કુકર્મના ભોગ થઇ દુઃખમાં રીબાઇ મરણને શરણ થયા. માટે તું કોણ? કાળરાત્રિ! હજી સમજ, પાપ કર્મનો ત્યાગ કર અને નિર્દોષ જનોની પર રહેમ કરી તેમને સુખી કર, કે જેથી પ્રભુ તારી ઉપર પ્રસન્ન થઇ તને સ્વર્ગ સુખ આપશે.

કાળરાત્રિ વિકટ હાષ્ય કરી બોલીઃ-બસ બહુ થયું, તારા ભાષણથી મારૂં માથુ ફરી ગયું. સ્વર્ગસુખ મારા ચરણમાં છે, હું કાળની પણ કાળ છું, અને ધારૂં એ કરવા સમર્થ છું. માટે હવે એક પણ શબ્દ બોલ્યા વિના જણાવ કે તારી શું ઇચ્છા છે?

તારે મરવું છે કે જીવવું છે? બસ આ પ્રશ્ન છેલ્લી વારને માટે છે.

સફેત પુરૂષ:–હિનભાગ્ય અબળા! મરણુ અને જીવનની દોરી ઇશ્વરના હાથમાં છે. દુષ્ટા! તેની શકતી અપરંપાર છે, અભિમાનમાં અંધ થયેલી અંધા! તેની શકતીનો અનુભવ કરવાની હજી તને વાર છે.

ઓહ્! આ કેવું ભયંકર અપમાન! કાળરાત્રિ મનમાં બોલી કર્કશસ્વરે કહેવા લાગી.

અરે દિવાના! ચાલ તૈયાર થા, તારો મૃત્ય સમય થઈ ગયો, મ્હોતનો ડંકો વાગી ચૂકયો, આ હાથમાં રહેલું ખંજર તારૂં લોહી પીવા આતુર થઇ રહ્યું છે. ચાલ સાવધ! કહી ક્રૂર કાળરાત્રિ ખંજર ઉંચુ કરી તેને મારવા દોડી.

'સફેત પુરૂષ કૃતાંત કાળરૂપ કાળરાત્રિને જોઇ લગીર પણ ગભરાયો નહિ, તે શાન્ત વદને ઉભો રહી કાળરાત્રિને નજીક આવવા દઇ સ્હેજ કઠોર અવાજે બોલ્યો. કમભાગ્ય કુલટા! એટલેજ રહે.

'બસ આટલાજ શબ્દ પૂરતા હતા. કાળરાત્રિ એક પગલું પણ આગળ વધી શકી નહિ. તે સફેત પુરૂષથી બે હાથ દૂર સજ્જડ થઇ ઉભી રહી. તેણે ઘણાયે ધમપછાડા કર્યા પણ એક પગલુંએ આગળ વધી શકી નહિ. આથી તે બેબાકળી બની ગર્જી ઉઠી. ઓહ આ શું!'

'ચમત્કાર.' સફેત પુરૂષે કહ્યું.

'ચંડાળ! તું કોઇ જાદુગર છે, તારા આ અપરાધનું હું

યોગ્ય ફળ ચખાડું છું. કહી કાળરાત્રિ, ત્યાં ઉભેલા અણુધસિંહ અને પહેરેગીરો તરફ જોઇ કહેવા લાગી. મારા બહાદૂરો! શું જોઇ રહ્યા છો? આ જાદુગરને પકડો, તેને મારો, રીબાવો, ને તેના કટકે કટકા કરો, ચાલો વાર ન કરો.

'અણુધસિંહ અને પહેરેગીરો તેની આજ્ઞા મુજબ સફેત પુરૂષને પકડવા દોડયા. પણ પાસે જતાંજ તેઓ પણ પથ્થરની માફક સજ્જડ થઈ કાળરાત્રિના સામે દયાદ્ર નેત્રે જોઇ રહ્યા.

'સફેત પુરૂષનું એવું પ્રબળ જોઈ કાળરાત્રિ કંપી ઉઠી તે ભયંકર ત્રાડ પાડી બોલી ઉઠી. ઓ ચંડાળ! બોલ તું હવે શું કરવા ધારે છે? શું તું અમને મારી નાખવા ધારે છે?'

સફેત પુરૂષઃ—ના, હું તને મારી નાંખવા નથી ઇચ્છતો, જો કે હું તને હાલ ધારૂં તે કરવા સમર્થ છું. નીચ નારી! તારા મરણની હજી વાર છે, તારા ભાગ્યમાં ભયંકર વેદનાઓ સહન કરીનેજ મરવાનું છે. જો તે ભયંકર વેદનાઓથી બચવાને ચાહતી હોય તો હજી પણ પાપ કર્મનો ત્યાગ કરી સદાચરણી થા, અને નિર્દોષજનો પર દયાળુ થા.

કાળરાત્રિ—હું જે કરૂં છું તે સારૂંજ કરૂં છું. મારા શત્રુઓને જીવતા જોવા હું ખુશી નથી. હું ભયંકર વેદનાઓ સહન કરીશ, પણ શત્રુઓને કદાપિ જીવતા રહેવા દઇશ નહિ. હુ તારા જેવા જાદુગરનું કહેવું માનનાર નથી. મારા દેહમાં દયા નથી, તેમ દયા શબ્દ વાપરવાની આ જગા પણ નથી. ચંડાળ! અમે મરીશું, ભયંકર વેદના સહન કરીશું પરંતુ તારા જેવા ગુલામના કહેવા પ્રમાણે કદાપિ નહિ કરીશું.

સફેત પુરૂષ:-ખરેખર તું સુંદર રૂપમાં અવતરેલી એક બલા છે.

કાળરાત્રિ:-અને તું પણ એક લુચ્ચો, ચોર, જાદુગર છે, જણાવ તો ખરો કે તું કોણ મુઓ છે?

સફેત પુરૂષ:-કાળરાત્રિ! મને ઓળખવો છે? યાદ રાખજે કે મારૂં ઓળખાણ થતાંજ તું ધ્રુજી ઉઠીશ.

કાળરાત્રિ:-જે કાળરાત્રિ મહાન્ ભયંકર શત્રુઓને ધુળ ચાટતા કરતાં ડરતી નથી, તે શું તારા જેવા બળહિન્ જાદુગરથી ડરી જશે? નહિ, નહિ, હું તારાથી ડરનાર નથી.

'ભાવિએ ભૂલાવેલી ભામિની! ચાલ તૈયાર થા. જોજે, ધારી ધારીને જોજે, દુષ્ટ અબળા! લે જો. કે હું કોણ છું. કહી તે સફેત પુરૂષે ધોળો સાહ્યો સ્હેજ દૂર કરી મુખ દેખાડયું.'

'તેના મુખનું અવલોકન કરતાંજ કાળરાત્રિ ભયાનક ચીસ પાડી ચમકી બોલી ઉઠી:-ઓહ! હાય, ગજબ, જુલ્મ, સિતમ ત....તુ....ક ...ક....કો....ણુ...ઉદય...કાળરાત્રિ આગળ બોલી શકી નહિ. તેનો કંઠ રૂંધાઇ ગયો. તેની આંખ્યો ફાટી ગઇ. આંખે તમ્મર આવ્યા. તે સાથેજ રામનગરની ભયંકર મહારાણી સફેત પુરૂષના ચરણમાં બેશુદ્ધ થઇ ઢળી પડી. અબુધસિંહ અને પહેરેગીરો કાળરાત્રિની દશા જોતાંજ ધ્રુજવા લાગ્યા. તેઓ ભયભિત બની સફેત પુરૂષના ચમત્કારથી હાથ જોડી ગરીબ ગાય જેવા બની ઉભા રહ્યા.

'તેમની સામે સ્હેજ રોષયુક્ત વદને જોઇ સફેત પુરૂષે કહ્યું:-અધર્મીયો! જાઓ, હું તમને ત્યાંથી ખસવાની આજ્ઞા કરૂં છું.'

'અનુચર અને પહેરેગીરો ત્યાંથી ખસી બેશુદ્ધ થઇ પડેલી કાળરાત્રિની પાસે બેઠા.'

'તે પછી સફેદ પુરૂષે અત્યાર સુધી સ્તબ્ધ બની ઉભેલા મહેન્દ્રને કહ્યું. મહેન્દ્ર! આપણે ચાલીશું ?'

'જેવી આપની ઇચ્છા. મહેન્દ્રે નમ્રવદને કહ્યું.'

'ચાલો. કહી તે પુરૂષ મહેન્દ્રનો હાથ પકડી કાળા કિલ્લાની બહાર નીકળ્યો.'

'રાત પડી હતી, અંધકાર વ્યાપેલો હતો. એ વખતે કાળા કિલ્લામાંથી નીકળેલો સફેદ પુરૂષ એક ઘીચ ઝાડીમાં આવતાં અટકયો, ને કંઇક વિચાર કરી મહેન્દ્રને પૂછવા લાગ્યો. મહેન્દ્ર! હવે શું વિચાર છે ?'

'પ્રભુ! વિચારમાં આપની આજ્ઞા ઉઠાવવા સેવક તૈયાર છે. દયાળુ! આપે મને જીવતદાન દીધુ છે, ને તેથી આ સેવક સદાને માટે આપની સેવા કરવાને ઇચ્છે છે મહેન્દ્રે હાથ જોડી કહ્યું.'

'મહેન્દ્ર! કર્તા હર્તા નારાયણ છે. તેની માયા અગમ્ય છે. સદાકાળ તેનું ધ્યાન ધરી સદાચરણથી વર્તવું એ દરેકનું કર્તવ્ય છે. મનુષ્યો સુખ મળતાં પ્રભુને વિસારી મૂકે છે, અને ક્ષણીક સુખને વશ થઈ અઘટિત કર્મ કરે છે, કે જેથી અલ્પ સમયમાં તેમના સુખનો નાશ થાય છે. સુખની જગા દુઃખ લે છે, ને મદોન્મત થયેલા મનુષ્યોને અત્યંત પીડે છે. દુઃખના ત્રાસથી સુખમાં આનંદ કરનાર માણસ ઘણોજ દુઃખી થઇ પ્રભુની પ્રાર્થના કરે છે. મહેન્દ્ર! પ્રભુના આપણી ઉપર અત્યંત ઉપકાર છે, તે

ઉપકારનો બદલો વાળવા આપણે અસમર્થ છીએ. જોકે તે દયાળુની માણસો ઉપર ઘણીજ કૃપા હોય છે, પરંતુ સ્વાર્થાંધ મનુષ્યો સુખ પ્રાપ્ત થતાંજ છતી આંખે અંધ થઈ તેને વિસારી મૂકે છે. એ કારણથીજ આ સંસારના ક્ષુદ્ર મનુષ્યો વારંવાર જન્મ મરણનું દુઃખ સહન કરે છે. વીર બાળક! મારા આ અમૂલ્ય ઉપદેશને ભૂલી જઇશ નહિ. તું સુખમાં હો યા દુઃખમાં હો, પણ પ્રભુના ધ્યાનથી વિચલીત થઇશ નહિ. તારી અડગ ભક્તીથી પ્રથમ કસોટી રૂપ ઘણું કષ્ટ સહન કરવું પડશે, પણ અંતે કિરતારની કૃપાથી તું ચિરકાળના સુખનો ભોક્તા થઇશ. મહેન્દ્ર! હું હવે જાઉં છું.'

'કૃપાળુ! મને સાથે લેતા જાઓ; કારણ કે મારે જવાનુ હવે એકે સ્થળ રહ્યું નથી. હું ક્યાં જાઉ? મહેન્દ્રે પૂછ્યું.'

'મહેન્દ્ર! દુઃખી થા નહિ. શુ થશે, શું કરીશ, ક્યાં જઈશ વગેરેના વિચાર કર નહિ. તારે જે કરવાનુ હશે, તેમજ જ્યાં જવાનુ હશે ત્યાંજ તારૂં મન ખેંચી જશે. તારા હૃદયમાં રહેલા સત્ય આત્માની સૂચનાનુસાર વર્તજે, અને મન સૂચવે તેનો વિચાર કરજે. તું વીર છે, દુઃખમાં ધિરજ એ વીરપુત્રનું કર્મ છે; માટે દુઃખથી ડરીશ નહિ. મહેન્દ્ર! હુ જાઉ છું ને જતાં જતાં જણાવું છું કે તું હાલ રામનગરમાં જઇશ નહિ. કાળરાત્રિના ક્રોધની સિમા નથી, તેના કોપની જ્વાળાથી ભયંકર ઉત્પાત થશે, ને તેથી પ્રાપ્ત થનાર કષ્ટ ભોગવ્યા સિવાય છૂટકો છેજ નહિ, પણ હિંમત હારીશ નહિ, આખરે તારો વિજય છે. કહી તે સફેત પુરૂષ ત્યાંથી ઝપાટાબંધ ચાલ્યો ગયો. મહેન્દ્ર સ્તબ્ધ બની તે

દૃષ્ટિ મર્યાદામાંથી અદ્રશ્ય થયો નહિ ત્યાં સુધી જોઇ રહ્યો. તેને સઘળું આશ્ચર્ય કારક લાગવા માંડયું. રામનગર જાઉં કે નહિ એમ મનમાં થવા લાગ્યું. આખરે નગરમાં જવાની ઇચ્છાને દબાવી તે આસપાસ જોવા લાગ્યો. દૂર એક ઝુંપડામાં બળતો ઝીણો દિપક જણાયો. નક્કી એ ધર્મદાસની ઝુંપડી. ચાલ ત્યાં જાઉં, ને ધર્મદાસને રાણી સુનંદાના મહેલે મોકલી ત્યાંના સમાચાર મગાવુ. આમ વિચારી મહેન્દ્ર તે ઝુંપડી તરફ ચાલ્યો. રાત ઘણી વિતી હતી, ઘાઢા અંધકારમાં મહેન્દ્રે ઝુંપડીની પાસે આવી વાંસનું દ્વાર ઠોકયું. અંદરથી કોણ એમ પ્રશ્ન થયો, હું મહેન્દ્ર! દ્વાર ઉઘાડો.

'કોણ મહેન્દ્રસિંહ! કહેતો ધર્મદાસ દ્વાર ઉઘાડી બહાર આવ્યો; અને મહેન્દ્રને ભેટી અંદર લઈ ચાલ્યો.

'ઝુંપડીમાં એક ખાટલો પાથરેલો હતો, તેની ઉપર મહેન્દ્ર બેઠો. અંદર ધર્મદાસ સિવાય બીજું કોઈ ન હતું.' મહેન્દ્રને થોડીવાર બેસવા દઈ ધર્મદાસ ઉભો થયો, અને એક તાકામાં મૂકેલો રોટલો અને ખુણામાં એક તાંસળામાં ઢાંકી મૂકેલું દૂધ લઈ આવી મહેન્દ્રને ખાવાનું સૂચવ્યું. મહેન્દ્રને ભૂખ કકડીને લાગી હતી. રોટલો અને દૂધ ઝપાટાબંધ ખાઇ ગયો. ભૂખને શાન્ત કરી પાણી પી સ્વસ્થ થઇ તેણે તેની તમામ હકીકત ધર્મદાસને કહી સંભળાવી. ધર્મદાસ જો કે વયે વૃદ્ધ હતો, પરંતુ મહેન્દ્રનું દુઃખ સાંભળી તે ઘણો ગુસ્સે થઇ ગયો. ગુસ્સાના આવેશથી તેણે કાળરાત્રિને તીરસ્કાર યુકત વચનો સંભળાવી ગુસ્સાને શાન્ત કર્યો. તેને શાન્ત થયેલો જોઇ મહેન્દ્રે રાણી

સુનંદાના મહેલના સમાચાર લાવવાનું સૂચવ્યું, ધર્મદાસે ઘણી ખુશીની સાથે સમાચાર લાવવાનું સ્વિકાર્યું. અંતે મહેન્દ્ર ત્યાંથી જવાને ઉભો થયો, ધર્મદાસે તેને ત્યાં રહેવાને ઘણુંએ કહ્યું પણ તેણે માન્યુ નહિ, તેથી આખરે નિરૂપાયે પૂછ્યું. ભાઇ! જ્યારે તમે જાઓછો ત્યારે મારે તમને સમાચાર કહેવા ક્યાં મળવું ?

'મહેન્દ્રે કહ્યું-ધર્મદાસ! આજથી ત્રીજા દિવસની સાંજે હું તમને સૂર્યપુરની ધર્મશાળામાં મળીશ. હું સમીસાંજથી રાતના દસ વાગ્યા સુધી તમારી રાહ જોઇશ. માટે તમે જરૂર ત્યાં આવી મળજો. લ્યો રામ રામ.

'હા, બાપુ! રામ રામ, હાચવીને જજો હું નક્કી પરમદાડે તમને ત્યાં આવી મળીશ.'

'બહુ સારૂં.' કહી મહેન્દ્ર ત્યાંથી ચાલતો થયો, કાળીરાત્રે સુકુમાર મહેન્દ્રને જતો જોઇ વૃદ્ધ ધર્મદાસ નિશ્વાસ નાંખી ઝુંપડીમાં જઈ સૂતો.

વાચકો! ચાલો આપણે પુનઃ કાળા કિલ્લામાં જઇએ અને ત્યાં બેશુદ્ધ પડેલી કાળરાત્રિને તપાસીએ.

'અબુધસિંહ અને પહેરેગીર સિપાઇઓની સારવારથી કાળરાત્રિ ઘણીવારે સાવધ થઇ. સાવધ થતાં તે આંખ્યો ચોળતી ચારે તરફ જોવા લાગી. તેની નજરે ત્યાં કોઇ નહિ જણાયાથી તે ભયંકર અવાજે બૂમ મારી પૂછવા લાગી. અબુધ! પેલો મારો ચોર ક્યાં છે ?

'મહારાણી! તે ચંડાળ મહેન્દ્રને લઈ ચાલ્યો ગયો છે.

'ઓફ! તેના જીવતા જવાથી આપણા પ્રાણ જોખમમાં છે. ઠીક છે, હું હવે તેને છોડનાર નથી. ભુગર્ભમાંથી તેને ખોળી કઢાવીશ, ને આ ખંજરનો શિકાર બનાવીશ. સારૂં થયું કે તે ચંડાળ જીવતો છે એમ જણાયું. મારા બહાદુરો! હવે આપણે ઉંઘમાં ઉંઘવાનું નથી. માટે ઉઠો તૈયાર થાઓ.

'મહારાણીની આજ્ઞા ઉઠાવવાને સેવકો તૈયાર છે, અબુધે જણાવ્યુ.'

'અબુધસિંહ! તમે કાલ સવારમાં કટકસિંહને મળી સુનંદાના મહેલને ભસ્મિભૂત બનાવવાની ગોઠવણ કરો. એ કામ બે ચાર દિવસમાં પુરૂં થવુજ જોઇએ, જો તેમાં ગફલત થશે તો તમારો અને કટકસિંહનો પ્રાણ જશે. માટે તૈયાર થાઓ ને ગમે એ પ્રકારે રાણી સુનંદાને તેનાં વ્હાલાં બાળકો સાથે મહેલમાં સળગાવી મૂકો. કહી કાળરાત્રિ આવેશથી પગ ઉપાડતી કાળા કિલ્લાની બહાર નીકળી. આગળ તે અને પાછળ પહેરેગીરો સાથે અબુધસિંહ ચાલવા લાગ્યો, મોડી રાતે સઘળાં નગરમાં પ્રવેસી રાજ્યભુવનમાં દાખલ થયાં.

પ્રકરણ ૩૩ મું.

મહેન્દ્ર.

મેંદાસની ઝુંપડીએથી નીકળી મહેન્દ્ર કાળી રાતે નર્મદાને કિનારે જવા લાગ્યો. તેનો વિચાર સૂર્યપુર જવાનો હતો. પગરસ્તે સૂર્યપુર ત્યાંથી પચીસ ગાઉ દૂર થતું હતું. અને વ્હાણમાં બેસી જતાં દસ ગાઉ થતું હતું. મહેન્દ્રને તો જેમ બને એમ જલ્દીથી સૂર્યપુર જવું હતું. તેથી પગરસ્તે નહિ જતાં, એકાદ હોડીયુ ભાડે કરી જવાના ઇરાદે નર્મદાને કિનારે આવ્યો. ઉપરા ઉપરી પડેલાં સંકટોથી તેનુ મુખ ઉતરી ગયું હતું. કિનારે આવી તેણે આસપાસ જોયું, પણ ત્યાં એકે હોડીયુ જણાયુ નહિ. તેણે ત્યાંથી દૂર આવેલાં ખારવાઓનાં ઝુંપડામાં તપાસ કરી તો ત્યાં પણ કોઇ ખારવો અગર તેનું માણસ પણ જણાયું નહિ. ખરેખર માણસને જ્યારે દુઃખ પડે છે ત્યારે ચારે તરફથી ઘેરાય છે. નજીવી વસ્તુઓ પણ તેનાથી દૂર જાય છે. વાહ ભાગ્ય વાહ, આમ શોચ કરતો મહેન્દ્ર કિનારે કિનારે આગળ જવા લાગ્યો. આશરે એકાદ માઇલ દૂર જતાં મહેન્દ્રને જણાયું કે એક લાકડાનું કોતરેલું કોટીયું કિનારે પડયું છે. મહેન્દ્ર અકળા-ચેલો હતો, તેણે એ કોટીયામાં બેસી સૂર્યપુર જવાનો નિશ્ચય કર્યો, અને કોટીયામાં ભરાયેલું પાણી કાઢી નાંખી તેણે તેને સરિતાના પ્રવાહમાં હડસેલ્યું. બાદ કોટીયાની નજીકમાં

પડેલો એક લાંબો વાંસ લઇ મહેન્દ્ર કોટીયામાં બેઠો. મહેન્દ્ર તરવામાં અને હોડીયાં ચલાવવામાં હોંશીયાર હતો. સુખના સમયમાં તે હોડીયામાં બેસી વીસ પચીસ માઇલ ફરી આવતો હતો. પવન પુષ્કળ હોવાથી મહેન્દ્રનું કોટીયું તેને લઈ તીર વેગે ચાલવા લાગ્યું. દુ:ખી મહેન્દ્ર કાળા અંધકારમાં ચારે તરફ જોતો ગંભીર મુખે બેસી રહી સરિતાના પ્રવાહમાં આગળ જવા લાગ્યો. રાત્રિના શાન્ત સમયમાં મહેન્દ્રના મનમાં બની ગયેલા બનાવ નજરે તરી આવવા લાગ્યા. અરેરે! મારી કુસુમનું શું થયું હશે! ભોળી રાણી સુનંદા! તમારે માથે તો દુ:ખનું વાદળ તુટયું હશે! એવી રીતે અનેક પ્રકારના વિચાર કરતો મહેન્દ્ર મનમાં દુ:ખી થવા લાગ્યો.

મધ્ય રાત્રિ ક્યારનીએ થઇ ગઇ હતી, સર્વત્ર સમસમાકાર ભાસતું હતું. તેમાં ફક્ત નર્મદાના જળ તરંગોના અવાજ સિવાય બીજું કાંઇ સંભળાતું નહોતું. એવામાં એકાએક પવન સુસવાટાબંધ વાવા લાગ્યો. પવનના પ્રચંડ વેગથી જળતરંગો ઉંચે ઉછળવા લાગ્યાં. મહેન્દ્રનું કોટીયું ધનુષ્યમાંથી છૂટેલા તીરના વેગથી ચાલવા લાગ્યું. તેમાં થોડું ઘણું પાણી ભરાઇ ગયું હતું. ઉલટા સુલટી પવનના ઝપાટાથી તે નાનકડું કોટીયું ડામાડોળ થવા લાગ્યું. તેને સ્થિર રાખવાને મહેન્દ્રે સાથે લીધેલો લાંબો વાંસ હાથમાં પકડી પાણીમાં નાંખ્યો. પાણી ઘણું ઉંડું હતું. વાંસ જમીનને લાગ્યો નહિ. મહેન્દ્રે કોટીયાને સ્થિર રાખવાને અનેક પ્રયત્નો કર્યા પણ એકે પ્રયત્ન ફળીભૂત થયો નહિ. ઉલટું પવનનું તોફાન વધવા લાગ્યું. કોટીયાના વેગમાં વધારો

થયો. મહેન્દ્ર ગભરાયો અને મન સાથે એક હાય મારી બોલી ઉઠયો. હા, ભાગ્ય! તારી ખુબી ઓરજ છે, દુઃખી માણસને દુઃખના ડુંગરાઓ તળે દાટવા એજ ન્યાય છે. અરેરે! આ ભયંકર રાત્રે કોઈ દિવસ નહિ એવું ભયાનક તોફાન શરૂ થયું છે તે મારા દુઃખી પ્રારબ્ધનોજ વાંક છે. હવે તો પ્રારબ્ધ જ્યાં લઈ જાય ત્યાં ખરૂં, કારણ કે આ સામે જણાતો કિનારો સૂર્યપુર નો છે, પણ આ તોફાનમાં કોટીયાને એ તરફ લઇ જવું મુશ્કેલ છે. આ વાંસ પણ જમીનને અડતો નથી, મારા ધારવા પ્રમાણે અહિં ચાર પાંચ વાંસજાળ પાણી ઉંડુ હોવું જોઇએ, હવે તો જેવી ઇશ્વરેચ્છા. કહી મહેન્દ્ર ભાગ્યપર હાથ મૂકી નિરાશ થઈ બેસી રહ્યો. તીરવેગથી ચાલતું કોટીયું ઘણે દૂર નીકળી આવ્યું, મોટું પરોઢ થયું, પવનનું તોફાન સમવા લાગ્યું.

" પ્રાતઃકાળના ઝાંખા પ્રકાશમાં મહેન્દ્રે જોયું તો જણાયું કે સામે કિનારે કંઇક ગામ જેવુ જણાય છે. લાવ હવે તો એ તરફ જાઉં; અને તપાસ કરૂં કે એ કયું ગામ છે. એમ વિચારી પુનઃ તેણે વાંસ હાથમાં પકડી નદીમાં નાખ્યો. ત્યાં ચારેક માથોડાં પાણી ઉંડું હતું, વાંસ જમીનને અડકયો. મહેન્દ્ર આશાવંત થઇ કોટીયાને કિનારા તરફ લઇ જવા લાગ્યો. જોતજોતામાં તે કિનારે આવી પહોંચ્યો. કોટીયાને કિનારે અટકાવી તે અંદરથી બહાર નીકળી કિનારે ઉભો રહી આસપાસ જોવા લાગ્યો. આખી રાતની પાણીની મુસાફરીથી અને પ્રાતઃકાળના પવનથી તેનું શરીર ધ્રુજતું હતું. તેનાં લુગડાં પણ લગભગ અર્ધા પલળી ગયાં હતાં. ઉજાગરાથી તેની આંખ્યો બળતી હતી. એથી થોડીવાર વિશ્રાન્તિ

લેવાની ઈચ્છાથી મહેન્દ્ર કિનારેથી થોડેક દૂર આવેલા એક વૃક્ષ નીચે ગયો. ત્યાંની જમીનપર પડેલો કચરો, પાંદડાં, વગેરે સાફ કરી હાથનું ઉશીકું કરી અને જમીનનું બીછાનું બનાવી ઉપર આકાશની ચાદર ઓઢી તેણે શયન કર્યું. દુ:ખના પ્રભાવથી અને અતિશય પરિશ્રમથી મહેન્દ્ર અલ્પ સમયમાં ગાઢ નિદ્રામાં પડયો.

"તેને નિદ્રાધિન થયે ઘણો સમય થયો. ભાસ્કર ભગવાન સોનેરી રથમાં બેસી ક્યારનાએ પૃથ્વી પર્યટન કરવા નીકળી ચૂકયા હતા. સવારનો સુગંધયુક્ત સમીર આનંદ ઉપજાવતો હતો. એવા સમયે ત્યાં આગળ એક મ્યાનો આવી પહોંચ્યો. મ્યાનો ચારે તરફથી બંધ હતો તેથી અંદર કોણ છે એ જાણી શકાતુ નહોતું. બે બળવાન બાંધાના માણસોએ મ્યાનો ઉપાડયો હતો. તેઓએ આસપાસ જોઈ મ્યાનાને કિનારે ઉતાર્યો કે તુરત અંદરથી પ્રશ્ન થયો, કેમ! હવે અમે બહાર નીકળીએ કે ?

"હા બ્હેન! સુખેથી બહાર નીકળી સ્નાન કરી લ્યો.

"તમારા સિવાય એટલામાં બીજું કોઇ નથીને ? પુન: અંદરથી પ્રશ્ન થયો.

"ના જી, અમારા સિવાય બીજું કોઇ નથી. મ્યાનો ઉંચકનારમાંથી એકે જવાબ આપ્યો.

તરતજ મ્યાનાના કપડાના પડદાને અલગ કરી અંદરથી ત્રણ સ્વરૂપવાન સુંદરીયો બહાર નીકળી. સરિતાનો રમણીય લાગતો કિનારો અને ખુશનુમા પવનથી ત્રણે સુંદરીઓ આનંદ પામી ત્યાં ફરવા લાગી, એ ત્રણે બાળાઓ સમાન વયસ્ક હતી. એક બીજાની સાથે આલ્હાદયુક્ત વાર્તાવિનોદ કરતી ત્રણે બાળાઓ

મહેન્દ્ર જે વૃક્ષ નીચે સૂતો હતો તે વૃક્ષ સમિપ આવવા લાગી.

આ સમયે નિદ્રામાં પડેલા મહેન્દ્રને અપૂર્વ સ્વપ્નનો ભાસ થતો હતો, તેથી તેના મુખપર અનેક પ્રકારના ભાવ થતા હતા.

એવામાં એકાએક ત્રણુ બાળાઓમાંથી એકની નજર સૂતેલા મહેન્દ્રપર પડી, તે ચમકી અને સાનંદાશ્ચર્યથી બોલી ઉડી. અરે! આમ તો જુવો, આ કોઇક માણુસ અહિં સૂતો છે!

ત્રણે બાળાઓ મહેન્દ્રના મુખ સામે ધારી ધારીને જોવા લાગી, તેનું સુંદર ગૌરમુખ જોઇ તેમાંની એક બાળા બીજીને કેહેવા લાગી. 'કમળા! આ પુરૂષ દુ:ખી હોય એમ જણાય છે. અરેરે! આવા સુંદર પુરૂષને ઇશ્વર શા માટે દુ:ખમાં ડુબાવતો હશે!'

'અરેરે! જુવોને તે બિચારો હાથનું ઉશીકું કરી જમીન ઉપર સૂતો છે.' કમળાએ કહ્યું.

'શું કરે! તેની પાસે કંઈ ઓઢવા પાથરવાનું એ જણાતુ નથી.' બીજી કે જેનું નામ જસવિધા હતું તેણે કહ્યું.

'અરેરે! મને તો આની ઘણી દયા આવે છે. કમળા! આપણે એને જગાડીશું?'

'વસંતબા! કદાચ આપણે તેને જગાડીયે તો ખરાં, પણ ધર્મ કરતાં કયાંક ધાડ આવ્યા જેવું થાય તો શું કરીએ?'

'કમળા! તું ગાંડીને ગાંડીજ રહી. દુ:ખીની પર દયા કરવીજ જોઇએ, દયા કરતાં કદાચ દુ:ખ થાય તો ઇશ્વર તેનો બદલો આપ્યા વિના રહેતો નથી. અલી બા જો તો ખરી ઉંઘમાં પણ તેના મુખપર વિચિત્ર ફેરફાર થાય છે.' વસંતે કહ્યું.

'મને લાગે છે કે તેને કંઇક સ્વપ્ન થયું હશે.' જયવિદ્યાએ કહ્યું.

'આપણે થોડીક વાર અહિં શાન્તિથી ઉભાં રહીએ, અને તેની ચિકિત્સા જોઇએ.' વસંતે કહ્યુ.

ત્રણે બાળાઓ મહેન્દ્રના મુખ સામે દૃષ્ટિ રાખી ચુપચૂપ ઉભી રહી.

મહેન્દ્રનું સ્વપ્ન ઘણીવાર ચાલ્યું; આખરે તે એકાએક બેઠો થઇ બૂમ પાડી ઉઠયો. 'ખબરદાર! મારી કુસુમને લઇ જનાર ચોર! હું તને જીવતો જવા દેનાર નથી.'

તેના શબ્દથી ઉભેલી બાળાઓ ખડખડાટ હસી પડી. મહેન્દ્ર ચમકયો, ને આંખ્યો ચોળતો તેમની સામે જોઈ રહ્યો.

તેને જોઈ રહેલો જોઈ કમળા પાસે આવી પૂછવા લાગી. 'ભાઈ! તમે કોણ છો? અને આમ ગભરાયેલા જેવા કેમ જણાઓ છો?'

'બ્હેન! ભાવીના ભૂલાવ્યાથી ભવાટવીમાં ભટકતો હું એક પ્રવાસી છું, દેહના દુઃખથી નિદ્રાની શાન્ત છાયામાં પડયો હતો, તેમાં પણ દુષ્ટ દુઃખે સુખે સૂવા ના દીધો. બ્હેન! આ દેખાય છે એ ગામનું શું નામ છે અને તે અહિંથી કેટલે દૂર છે?'

'અહિં પાસેજ કનકાવતી નગર આવેલું છે.' કમળાએ કહ્યું.

'હેં! શું કનકાવતી નગર!' મહેન્દ્ર આશ્ચર્ય પામ્યો ને મનમાંજ બોલ્યો. 'અરેરે! સૂર્યપુર જવાને બદલે હું કનકાવતી આવ્યો. કનકાવતી અને સૂર્યપુર વચ્ચે પચાસ ગાઉનું અંતર

કહ્યું. બીચારો ધર્મદાસ મને ખોળી પાછો જશે. હશે જેવી ઇશ્વરેચ્છા.' કહી મહેન્દ્રે પાસે ઉભેલી બાળાને પૂછ્યું. 'બ્હેન! તમે કોણ છો ને અહિં શા માટે આવ્યાં છો?'

'આજે સોમપ્રદોસ હોવાથી અમે સ્નાનાર્થે આવ્યાં છીએ. ભાઇ! અમે રાજવંશી છીએ.' કમળાએ કહ્યું.

'શું તમે રાજકન્યાઓ છો!' મહેન્દ્રે આશ્ચર્ય પામી પૂછ્યું.

'ના, રાજકન્યા તો આ સામે ઉભાં એ; અમે તો તેમની સખીઓ છીએ.' જસવિદ્યાએ પાસે આવી વસંતને બતાવી કહ્યું.

મહેન્દ્રે વસંત સામે જોયું, વસંત શરમાઇ નીચું જોવા લાગી. એટલામાંજ કમળાએ પ્રશ્ન કર્યો. 'ભાઇ! તમે ઘણાજ દુઃખમાં હો એમ જણાય છે.'

'હા, હું ઘણોજ દુઃખી છું, મારૂં સર્વસ્વ નાશ પામ્યું છે.' મહેન્દ્રે જવાબ આપ્યો.

'હા, ઉંઘમાં પણ તમારા મુખપર દુઃખની છાયાઓના અવનવા ભાવ થતા હતા, તેથી અમે કલ્પના કરી હતી કે તમે ઘણાજ દુઃખી છો.' જસવિદ્યાએ કહ્યું.

'તમે પરણેલા છો કે કુંવારા?' શાન્ત ઉભેલી વસંતે વિચિત્ર પ્રશ્ન કર્યો.

'રાજકુમારી! આ પ્રશ્ન પૂછવાનું શું કારણ છે?' મહેન્દ્રે પૂછ્યું.

'કારણમાં એજ કે તમારા મુખપર ઉંઘમાં એવા પ્રકારના ભાવની છાયાઓ પડતી હતી કેઃ—જાણે તમે તમારા કોઈ પ્રિય

માણુસની સાથે વાર્તાવિનોદ કરતા હો, અને અંતે તેમાં કંઇક વિક્ષેપ પડે તેમજ તમારા પ્રિય જનને કોઇ આવી દુઃખ દે યા તો ઉપાડી જાય અને તમે તેનું રક્ષણુ કરવા તૈયાર થાઓ એમ થતું હતું. અતેતમે 'ખબરદાર' મારી કુસુમને લઈ જનાર ચોર' વગેરે શબ્દો બોલતા જાગૃત થયા. અવિનયની ક્ષમા આપજો. મારે તેથીજ આપને ઉપરનો પ્રશ્ન પૂછવો પડયો.' વસંતે જણાવ્યું.

'રાજકુમારી! ધન્ય છે તમને. તમે એક સ્ત્રી રત્ન છો, પ્રેમીનુ મન કેવું હોય છે તે તમે સારી રીતે જાણી શકો છો. તમારૂં ધારવું સત્ય છે. કુસુમ મારી પ્રાણુ છે, રાજકુમારી! તેતો,

જીવન સુધા આ આત્મની, પ્રેમ દોરી પ્રાણુની,
અતરીક્ષ તે રાચી રહી, જ્યોતિ ઝળકતા ભાણુની;
ખોવાયલી મમ પુતળા, આ મહેન્દ્રના મનની પરી,
દિવ્ય દોરી હ્રદયની, તોડી વૃથા તુટે નહિ.

હા, તે દિવ્ય દેવાંગના સમાન કુસુમની સાથે સ્વપ્નમાં વાર્તા વિનોદ કરતો હતો, તેમાંય પણુ કર્મના અંતરાયે વિક્ષેપ પડયો. કહી મહેન્દ્ર નીચે જોઇ રહ્યા."

"શું તમારૂં નામ મહેન્દ્ર છે? વસંતે પૂછયું.

"હા."

"જ્ઞાતિએ ક્ષત્રિય હો એમ અનુમાન થાય છે. કમળાએ કહ્યું."

'હા, તમારૂં અનુમાન સત્ય છે.' મહેન્દ્રે કહ્યું.

'નિવાસ સ્થાન જણાવશો? જસવિદ્યાએ પૂછયું.

‘ નિવાસ સ્થાન રામનગર હતું, હાલ ત્યાંનું નિવાસ સ્થાન નષ્ટ થયું છે.

‘ શું રામનગર ! વસંતે આશ્ચર્ય પામી પૂછયું.’

‘ હા, રામનગર ! મહેન્દ્રે જવાબ આપ્યો.

‘ મહેન્દ્રસિંહ ! તમારૂં દુઃખનું કારણ હું સમજી ગઇ. રામનગરમાં મોટી ઉથલપાથલ થઇ ગઇ છે. ત્યાંના રાજાને ઝેરી અંગુઠી પહેરાવી મારી નાંખી તેમની રાણી રાજ્ય પચાવી પડી છે. તે દુષ્ટરાણી રાજ્યવંશને પણ નિમૂળ કરવાના પ્રયત્નો કરે છે. કેમ ખરૂંને મહેન્દ્રસિંહ ? વસંતે પૂછયું.’

‘ મહેન્દ્ર કંઇ પણ જવાબ આપવાને બદલે મનમાં બોલી ઉઠયો. કાળરાત્રિ ! તારાં પરાક્રમોની વાત કનકાવતી સુધી પણ આવી પહોંચી છે ખરી. હા, મારી કુસુમ, માતા સુનંદા તમારૂં શું થયું હશે ? મહેન્દ્રે નિશ્વાસ નાંખ્યો.

મહેન્દ્રસિંહ ! તમારા જેવા વીર પુરૂષને દુઃખથી ગભરાવું યોગ્ય નથી. સુખદુઃખની ઘટમાળ ચાલીજ જાય છે. કમળાએ આશ્વાસન આપ્યું.

‘ વારૂં મહેન્દ્રસિંહ ! તમને ઉંઘમાં કેવું સ્વપ્ન આવ્યું હતું ? જસવિદ્યાએ પૂછયું.’

‘ સ્વપ્ન ઘણું ભયંકર હતું, સાંભળો !

સ્વપ્ન.

અર્ધ નિશે દશ દિશે, ભુરા પ્રકાશિત નભ વિષે;
રમતી અનેરી કીલ્લકીલ કરી, ચંદ્રની ખીલી રહી.

હા, એ સમયે—

સ્વપ્ન ભાસ્યું અવનવું, શોભા હું તેની શું કહું ?
તે સ્થાનની લીલા અજબ, સુવાસ મ્હેંકે ત્યાં ગજબ;
સૂતો હતો હું નિંદમાં, અલી ગુંજતો અરવિન્દમાં,
ધીમી રહી તરૂણી તહીં, આવી ઝટ ઉભી રહી.
(પછી) ધીમે રહી ઉંચા કર્યો, દિવ્ય દર્શ દેખાતો પછેડો;
જાગ્યો ઝબકનાં બીકથી, ને ધારી ધારી ટીકતી.

'ખરેખર ! તે વખતે મારી કુસુમ અપૂર્વ સ્વાંગથી શોભી રહી હતી. તેને જોતાંજ હું તેની નજીક દોડયો અને—

મમ આત્મ સત્તા ના રહી, ઝાલી રમા ઝટ ત્યાં જઈ,
શરમાઇ તે ઉભી રહી, નિજપાયમાં દષ્ટિ ધરી;
તદપિ લીધો કર હાથમાં, ભીડી ભામિનીને બાથમાં,
સ્મિત કરી કંઠે ધરી, નિજ હસ્તને વ્હાલે વરી.

હાય ! એવામાજ પાપી અબુધસિંહ ત્યાં આવી પહોંચ્યો.

'અબુધસિંહ' કોણ ? વસંતે પૂછ્યું.

'નિમક હરામ થયેલો રામનગરનો સેનાપતિ. મહેન્દ્રે કહ્યું

'શું કાળ રાત્રિનો મદદગાર ? પુનઃ વસંતે પૂછ્યું.'

'હા.'

'વારૂ પછી ?'

'એટલામાં તો તે જાણે:—

મમ પ્રિયને ઉપાડીને, ઉડી ગયો આકાશમાં;
પળમાં ગયો નિજવાસમાં, ભામિની પૂરી આવાસમાં.

'મારી કુસુમને ભયંકર ઓરડામાં પૂરી પાપી અબુધ પ્રેમ યાચના કરતો તેને અનેક પ્રકારે સમજાવવા લાગ્યો. તે જેમ જેમ તેને સમજાવતો ગયો તેમ તેમ તે તેનો તીરસ્કાર કરવા લાગી, એથી પાપી અબુધ તેને અત્યંત ત્રાસ આપવા ત્યાંથી લઈ ચાલ્યો. તે જોઇને:-

જાગી ઉઠ્યો હું નિંદથી, છૂટો પડ્યો અરવિન્દથી,
મમ સ્વપ્ન તે ઉડી ગયું, મુજ પ્રિય સાથે લઈ ગયુ.

પ્રભાત.

દયાળુ બાળાઓ! આ મારા સ્વપ્નનું રહસ્ય છે. મારી પ્રિયા ખરેખરા સંકટમાં સપડાયેલી હશે. હવે તો હરી કરે તે ખરૂં.

'મહેન્દ્ર! ધાર્યું ધરણીધરનું જ થાય છે. માટે શોક છોડી દ્યો, ને પ્રભુના ધ્યાનમાં તમારા ચિત્તને જોડી દ્યો. કે જેથી સર્વેશ્વર ભગવાન તમારાં દુ:ખ ટાળશે. વસંતે કહ્યું.'

'બ્હેન! હવે આપણે સ્નાન કરવા ચાલીશું ? કમળાએ પૂછ્યું.'

'હા, ચાલો કહી વસંત જતાં જતાં મહેન્દ્રને કહેવા લાગી. મહેન્દ્રસિંહ! અમે સ્નાન કરીને આવીએ ત્યાં સુધી તમે અત્રે વિરામ લ્યો.'

ત્રણે બાળાઓ સરિતા તરફ ચાલી, અને મ્યાનામાં પલાળવાનાં વસ્ત્ર મૂકેલાં હતાં, તે પહેરી સ્નાન કરવા ચાલી. કમળા અને જસવિદ્યા કિનારામાં સ્નાન કરવા લાગ્યાં. રાજકુમારી વસંત પણ કિનારામાં ન્હાતી હતી, એવામાં અકસ્માત તેનો પગ ખસી ગયો, તે કારમી ચીસ નાંખી ઉંડા પાણીમાં જઇ પડી.

'કમળા અને જસવિદ્યાએ બૂમરાણ કરી મૂક્યું.'

'દૂર બેઠેલા મહેન્દ્રની નજર એ દેખાવ ઉપર પડી. તે લાગલોજ ત્યાં દોડી આવ્યો, અને પહેરેલા વસ્ત્રેજ તેણે નદીમાં ઝંપલાવ્યું. વસંત જે સ્થળે હતી તે ઠેકાણે બે વાંસજાળ પાણી ઉંડું હતું. મહેદ્રે પાણીમાં ડુબકી મારી વસંતને પકડી લીધી. જીવનને માટે ફાંફાં મારતી વસંતે મહેન્દ્રને હાથની ચુડ ભેરવી દીધી. પોતાના બન્ને હાથની આસપાસ વસંતના હાથની ચુડથી મહેન્દ્ર તરી શકતો નહતો, તે વાર વાર કહેવા લાગ્યો કે:-વસંત! તમારા હાથ છૂટા કરી દો, હું તમને ડુબવા નહિ દઉં. નહિ તો આપણે બન્ને ડુબી જઇશું. પણ વસંતે તેનું કહેવું માન્યું નહિ. આખર પ્રભુ પર વિશ્વાસ રાખનારો મહેન્દ્ર, ડુબતો, તરતો અને પેટમાં પાણીને જવા દેતો મહા પ્રયાસે કિનારે આવ્યો. કિનારે આવતાંજ સખ્ત પરિશ્રમથી મહેન્દ્ર બેશુદ્ધ થઇ જમીન ઉપર પટકાઇ પડયો, જમીન ઉપર પડતાંજ કિનારે પડેલા એક મોટા પથ્થરનો તેના માથામાં સખ્ત પ્રહાર થયો. માથામાંથી લોહીનો ધોધ નીકળવા લાગ્યો.

'વસંત સ્હેજ શુદ્ધિમાં હતી, તેથી મ્યાનો ઉંચકનાર માણસો અને તેની સખીયોનો સરભરાથી તે થોડીવારમાં પૂર્ણ સાવધ થઇ, અને થોડીવારમાં બનેલા બનાવ વિષે તર્કવિતર્ક કરતી વસ્ત્ર બદલવા લાગી એટલામાં કમળાએ કહ્યું. બ્હેન! ચાલો હવે આપણે નગરમાં જઇએ.'

'મને પાણીમાંથી બહાર કાઢનાર આ વીરને આવી દુર્દશામાં મૂકી આપણાથી નગરમાં જવાશે નહિ. કહી વસંત

મહેન્દ્રની પાસે બેઠી, અને પહેરેલા વસ્ત્રને ફાડી મહેન્દ્રના માથામાંથી નીકળતું લોહી સાફ કરી પાટો બાંધ્યો. સેવકોએ અને વસંતની સખીયોએ ઘણા ઉપાય કર્યા પણ મહેન્દ્ર સાવધ થયો નહિ. એથી રાજકુમારીએ એક સેવકને બીજો મ્યાનો લઇ આવવા મોકલ્યો. સેવક તરત નગર તરફ દોડયો, ને થોડીવારમાં મ્યાનો અને બીજા બે સેવકો સાથે ત્યાં આવી હાજર થયો. તેમાં મહેન્દ્રને સૂવારી બીજામાં સખીયો સાથે પોતે બેસી નગર તરફ ચાલી ’

‘ વસંતે રાજમહેલમાં આવી માતા પિતાને મળી સઘળા સમાચાર જણાવ્યા. પુત્રીના પ્રાણને બચાવનાર મહેન્દ્ર ઉપર મહારાજા કેશરીસિંહ પ્રસન્ન થયા તેમણે તુર્ત રાજવૈદ્યને બોલાવ્યા. રાજવૈદ્યે વાગેલા ઘા પર દવા લગાવી પાટો બાંધ્યો. હજી પણ મહેન્દ્ર સાવધ થયો નહિ તેથી તેને રાજમહેલના એક દિવાનખાનામાં સૂવારી સઘળાં તેને સાવધ કરવાના ઉપચાર કરવા લાગ્યા. ઘણીવારે મહેન્દ્ર જાગૃત થયો. તેને પુશ્કળ તાવ ચઢયો હતો. વૈદ્યરાજે તેને કઇ પણ બોલવાની ના કહી. તેથી મહેન્દ્ર શાન્ત થઈ પડયો રહ્યો. તેની સારવાર બીજાને નહિ સોંપતાંવસંત પોતેજ કરવા લાગી

પ્રકરણ ૩૪ મું.

ભયંકર આગ.

પ્રિય પાઠકો! ચાલો આપણે પ્રતાપ અને પ્રમિલાને તપાસી કે તેમનું શું થયું!

'જે સમયે પ્રતાપ અને પ્રમિલા એક બીજાની પાસે ભાન ખોઇ ઢળી પડયાં તે સમયે ત્યાં ઘાઢા અંધકાર સિવાય બીજું કાંઇ જણાતું નહોતું. બન્ને જણાં ઘણીવાર સુધી એવી અવસ્થામાં પડી રહ્યાં, આખરે ઘણો વખત વિતતાં જે કાળા આકારના ચમત્કારથી તેઓ અંદર પડયાં હતાં. તે કાળો આકાર એકાએક તેમની પાસે આવી ઉભો. તેણે ઘણીવાર સુધી બન્નેના મુખ સામે જોયા કર્યું. અને પછી તેણે એક ઝીણી ચીસ નાંખી. સંજ્ઞા દર્શક ચીસથી ત્યાં કોઇનાં આવવાનાં પગલાં સંભળાયાં. થોડીવારમાં તો દસ બાર માણસો હાથમાં સળગતાં ફાનસો સાથે અંદરની સાંકડી નેળમાંથી ચાલી આવી ત્યાં ઉભા રહ્યા, તેઓ સઘળા ધોળા કપડાંથી ઢંકાયેલા હતા, તેથી તેમનાં મુખ જણાતાં નહોતાં તેમ કોઇના મુખમાંથી એક શબ્દનો પણ ઉચ્ચાર નીકળતો નહોતો. સઘળા જાણે મુંગા અને બ્હેરા ના હોય એવી રીતે ગંભીર મુખે કાળા આકારની આસપાસ ગોળ કુંડાળુ વળી ઉભા રહ્યા. તેમને જોઈ કાળા આકારે પ્રતાપ અને પ્રમિલાના શરીર સામે આંગળી કરી ઇશારતથી સમજાવ્યું કે:—આ બન્ને જણાંને અહિંથી ઉપાડી

જઈ તેમને સાવધ કરવાના પ્રયત્ન કરો. તેની આજ્ઞા મુજબ આવેલા માણુસો પ્રતાપ અને પ્રમિલાને ઉપાડી ત્યાંથી ચાલતા થયા. તેઓના ગયા પછી કાળો આકાર પણ ત્યાંથી અદ્રશ્ય થઇ ગયો.

'પ્રતાપ અને પ્રમિલાને અંદરના ભાગમાં લઈ જઈ એક સુંવાળા બિછાના પર સૂવારી સઘળા તેમને સાવધ કરવાના ઉપચાર કરવા લાગ્યા. ઉપચારથી પ્રતાપ અને પ્રમિલા થોડીવારમાં જાગૃત થયાં. તેઓએ આંખ્યો ઉઘાડી જોયું, તો તેમની અત્યંત અજાયબીની અંદર માલૂમ પડયું કેઃ–તેઓની આસપાસ માણુસોનું ટોળું બેઠેલું છે; અને અંધકારને બદલે સર્વત્ર પ્રકાશ ફેલાઇ રહ્યો છે. પ્રતાપ અને પ્રમિલા સાનંદાશ્ચર્યેથી આસપાસ નજર ફેરવવા લાગ્યાં. તેઓ જે સ્થળે આવ્યાં હતાં તે એક રમણીય મનહર દિવાનખાનુ હતું. તેની અંદર જોઇતી વસ્તુઓ ગોઠવેલી હતી. વિશાળ દિવાનખાનાની ભીંતોએ જાતજાતની વીર પુરૂષોની છબીઓ લટકાવેલી હતી. બીજી દિવાલ ઉપર નાના મોટા હજારો જીવલેણ આયુધો ગોઠવી મૂકેલાં હતાં. જમીન ઉપર અમૂલ્ય શેત્રંજીઓ પાથરેલી હતી. સુવર્ણે મઢેલા પલંગ અને હિંચકાઓ ત્યાં શોભી રહ્યા હતા. આવું રમ્ય સ્થળ જોતાંજ બન્ને જણાં આશ્ચર્ય ચકિત્ થઇ ગયાં. તેમણે પાસે બેઠેલા માણુસોને ઘણાએ પ્રશ્ન કર્યા, પણ તેઓએ તેમના એકે સવાલનો જવાબ આપ્યો નહિ. તેઓ જવાબ આપવાને બદલે નીચું જોઇ હસવા લાગ્યાં. આ સમયે તેમનાં શરીર ધોળા વસ્રો ઢંકાયેલાં નહોતાં; તેઓ સઘળા ગૌરવર્ણના યુવાનો હતા. તેમને હસતા

જોઇ પ્રતાપ અને પ્રમિલા વિચારવા લાગ્યાં કે શું આ સઘળા મુગા અને બ્હેરાઓ હશે? તેઓ હજી આવો વિચાર કરે છે એટલામાં તો ત્યાં એક ગૌરવર્ણનો મજબૂત બાંધાનો રાજવંસી તરૂણ પુરૂષ આવી ઉભો રહ્યો. તેની વય આશરે ત્રીસ બત્રીસ વર્ષની જણાતી હતી. એવા શસ્ત્રથી સજ્જ થઇ આવેલા એ માણસને જોતાંજ ત્યાં બેઠેલા ચુવાનો લાંબા થઇ તેના પગમાં પડયા. તે રાજવંસી માણસે તેમને હાથનો સ્પર્શ કરી બેઠા કર્યા. પ્રતાપ અને પ્રમિલા તો તેના તેજસ્વિ મુખ સામે એકી નજરે જોઇ રહ્યાં તેના મુખ સામે ઘણીવાર જોઇ રહી પ્રતાપ એકાએક ચમકયો. તેનું કારણ કે તેને પેલા સફેત પુરૂષના મુખની સાથે એ રાજવંસીનુ મુખ મળતું આવતું જણાયું. ફેર માત્ર એટલોજ હતો કે સફેત પુરૂષનું મુખ સ્હેજ વૃદ્ધ જેવું જણાતુ હતું, અને આનું તેના જેવું પણ ગૌર અને ઘાટીલું જણાતું હતું.

'ઘણીવાર શાન્ત રહી અંતે તે રાજવસી માણસ પ્રતાપ અને પ્રમિલાની સામે નિહાળી બોલ્યો:–બાળકો! સુખી તો છોને?'

'તેના માયાળુ શબ્દોથી પ્રતાપ તેને નમન કરી કહેવા લાગ્યો. મહા પુરૂષ! જો હું ભૂલતો ના હોઉં તો હું ધારૂં છું કે એ તમે પોતેજ છો જો એમ હોય તો અમારી ઉપર આપના અત્યંત ઉપકાર થયેલા છે, ને તેથી આ બાળક આપના ચરણમાં પ્રણામ કરે છે. કહી પ્રતાપ તેના ચરણમાં પડયો.

'તેને સ્વહસ્તે ઉભો કરતાં તે પુરૂષ કહેવા લાગ્યો. પ્રતાપ અને પ્રમિલા! તમે વીર બાળકો છો! તમે સદાચરણી અને

પુન્યવાન છો, પણ કર્મના અંતરાયથી દુઃખ ભોગવો છો. હવે ઘણા લાંબા સમય પછી તમને દુઃખ નથી; પણ તે સમય આવતાં સુધી તમારે ઘણું કષ્ટ સહન કરવું પડશે. તમે દુઃખથી ડરશો નહિ અને....તે બોલતો બંધ થયો. કારણ કે તેની નજરે એક વૃદ્ધ આકાર ત્યાં આવતો જણાયો. તે વૃદ્ધ આકારને જોતાંજ તે રાજવંસી પુરૂષે પ્રચંડ હાષ્ય ધ્વનિ કર્યો કે તે અવાજ સાંભળી ચાલી આવનાર વૃદ્ધ આકાર તેની જગાએથીજ પાછો ફર્યો અને તે ક્યાં ચાલ્યો ગયો તે કોઇ જાણી શક્યુ નહિ.

'પ્રતાપ અને પ્રમિલા તો આવી આશ્ચર્યકારક ઘટનાઓ જોઇ સ્તબ્ધ બની ગયાં. તેમની સ્થિતિ અવલોકી રાજવંસી પુરૂષ કહેવા લાગ્યો. બાળકો! આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી; આતો પ્રભુના ખેલ છે. હવે કહો તમારી શું ઇચ્છા છે?

પ્રભુ! કૃપા કરીને જણાવો કે હવે અમારે કરવું શું? પ્રમિલાએ પૂછ્યું.

'તમારે કરવાનું એજ કે હવે તમે પ્રથમ ભોજન કરી લ્યો. કહી તેણે એક ચપટી વગાડી. અલ્પ સમયમાં તો ત્યાં આગળ બે રૂપવાન યુવાનોએ ભોજનને માટે બે થાળ લાવી હાજર કર્યા.'

'પ્રતાપ અને પ્રમિલા ભોજન કરી શાન્ત થયાં, ખાલી થાટ ઉપાડી બન્ને સેવકો ચાલતા થયા, બાદ સુગંધ યુક્ત મુખવાસ આપતાં તે પુરૂષ કહેવા લાગ્યો. પ્રતાપ અને પ્રમિલા! તમે અત્રે બે દિવસ રહી રામનગર જાઓ, કારણ કે આજથી ત્રીજા દિવસે રાણી સુનંદાનો મહેલ અગ્નિમાં હોમાશે.

'પ્રભુ! જો એમ થશે તો કાળો કેર વર્તાઇ જશે. ત્યાંનાં નિર્દોષ પંખીડાં અકાળે મરણને શરણ થશે.' પ્રતાપ બોલી ઉઠયો.

'ઇશ્વર ઇચ્છાનુસાર થશે, પણ તમારે પ્રયત્ન તો કરવો જોઇએ.' રાજવંશી પુરૂષે જણાવ્યું.

'પ્રભુ! અમે મરવાને પણ તૈયાર છીએ, આપ જણાવો કે અમે એ ભયંકર પ્રસંગમાં શું કરીએ?' પ્રતાપે પૂછ્યું.

'તે જણાવવાનો મને અધિકાર નથી. તમારે શું કરવું તે તમારો આત્મા બતાવશે.'

'દયાળુ! એ તો જણાવો કે એ આગ કોઈ લગાડશે કે કુદરતી રીતે લાગશે?' પ્રમિલાએ પૂછ્યું.

'કાળરાત્રિના કોપથીજ તે ભયકર આગ મહેલને ભસ્મ કરશે.'

'હાય! હવે અમારે શું કરવું? ક્યાં જવું? દયાળુ! બતાવો, બતાવો, કંઇ રસ્તો જણાવો કે જેથી એ ભયકર પ્રસગ નજરે જોવાનો સમય ન આવે?' કહી પ્રમિલા રડી પડી.

'પ્રમિલા! રડવાથી કંઇ વળનાર નથી. તું અને પ્રતાપ જો ત્યાં જઇ પ્રયત્ન કરશો, તો કંઇક સારૂં કામ કરી શકશો.'

'ત્યારે અમને અત્યારેજ જવાની આજ્ઞા આપો.' પ્રતાપે કહ્યું.

'તમારે અત્યારે જવાની જરૂર નથી.' કહી તે પુરૂષને પ્રતાપ કંઇ પૂછે તે પહેલાં તો તે ત્યાંથી ચાલતો થયો.

'પ્રતાપ અને પ્રમિલાએ મહા પરાણે બે દિવસ પૂરા કર્યા, અંતે છેલ્લા દિવસની સાંજે પુનઃ પેલો રાજવંશી પુરૂષ ત્યાં આવી ઉપસ્થિત થયો. તે આ સમયે રાજવંશી પોશાકમાં નહોતો, પણ એક ભગવા રંગની કફનીથી ઢંકાયેલો અને કંઠમાં રૂદ્રાક્ષની માળા સાથે કપાળમાં ભસ્મના લેપનથી યોગેન્દ્ર સમાન જણાતો હતો. પ્રતાપ અને પ્રમિલા પ્રણામ કરી તેની સામે જોઇ રહ્યાં. તેમને માથે હાથ મૂકી તે કહેવા લાગ્યો. બાળકો! તમારે જવાનો સમય થઇ ગયો છે, માટે હવે તમે જાઓ; હું આ માણસને રસ્તો દેખાડવા તમારી સાથે મોકલું છું; તે તમને ઠેઠ રામનગરની સરહદ સુધી મૂકી જશે. અહિંથી કોતરની બહાર નીકળતાં તમને એક માણસ બે ઘોડા લઇ ઉભેલો જણાશે, તેને આ વીંટી દેખાડજો કે જેથી તેની પાસેના ઘોડા તે તમારે સ્વાધિન કરી દેશે. તમે બન્ને જણાં ઘોડેસ્વાર થઇ રામનગર જજો. જાઓ! પ્રભુ તમારૂં કલ્યાણ કરે.' કહી તે પુરૂષે પ્રતાપની આંગળીએ એક વીંટી પહેરાવી. પ્રતાપ અને પ્રમિલાએ પુનઃ તેને પ્રણામ કરી સાથે આવનાર માણસ સાથે ત્યાંથી પ્રયાણ કર્યું. થોડેક દૂર જઇ સાથે જનાર માણસે પ્રતાપ અને પ્રમિલાની આંખ્યોએ પાટા બાંધ્યા; અને થોડી વારમાંજ પુન પાટા છોડી નાખ્યા; આંખ્યો ઉઘાડતાંજ બન્નેએ જોયું કે કોતરની બહાર નીકળી ચૂક્યાં છીએ, ત્યાં આગળ એક માણસ બે ઘોડા લઈ ઉભો હતો.

પ્રતાપે પેલી વીંટી તેને બતાવી, તરત તે માણસે વીંટીને નમન કરી ઘોડા તેમને સોંપી ત્યાંથી ગમન કર્યું.

બન્ને જણાં ઘોડેસ્વાર થઈ ઘણીજ ઝડપથી રામનગર

તરફ જવા લાગ્યાં, સાથે ચાલનાર માણુસ પણુ વેગથી ઘોડાની સાથેજ ચાલવા લાગ્યો.

બરાબર સમી સાંજે તેઓ અંદરથી નીકળ્યાં હતાં, રામનગરની લગભગ આવતાં અંધારૂં થઇ ગયું. રામનગર આવતાં સાથે આવનાર માણુસે પ્રતાપ અને પ્રમિલાને ઘોડા ઉપરથી નીચે ઉતરવાનું ઇશારતથી સમજાવ્યું. બન્ને જણાં નીચે ઉતર્યાં, આ રામનગર, તમે હવે જાઓ. એમ સંજ્ઞા કરી આવનાર માણુસ એક છલંગ મારી ઘોડા ઉપર ચઢી બેઠો; અને બીજા ઘોડાની રેન પકડી, પ્રતાપ તેને કંઈક પૂછે એ પહેલાં તો તેણે ઘોડાને પૂર વેગથી જંગલ તરફ મારી મૂકયા.

રામનગર જો કે નજીક હતું, પણુ રાણી સુનંદાનો મહેલ ત્યાંથી દૂર આવેલો હતો. તેથી પ્રતાપ અને પ્રમિલા ઝડપથી પગ ઉપાડતાં સુનંદાના મહેલ તરફ જવા લાગ્યાં. આગળ જતાં તેમને કાને લોકોનો કોલાહલ સંભળાયો. આ શાની ગરબડ હશે ? એમ મનમાં તર્કવિતર્ક કરતાં બન્ને સુનંદાના મહેલ તરફ જવા લાગ્યાં. એવામાં એકાએક દૂર તેમની નજરે ધૂમાડાના ગોટેગોટ નીકળતા જણુાયા, રાત્રિના સમયે આકાશમાં અગ્નિની જ્વાળાઓથી પ્રકાશ જણાતો હતો. પ્રતાપ જોરથી બૂમ પાડી ઉઠયો. પ્રમિલા ! દોડો, દોડો, વખત વિતી ગયો છે, રાણી સુનંદાનો મહેલ આગમાં હોમાયો છે. કહી પ્રતાપ પૂરપાટ દોડવા લાગ્યો. હે પ્રભુ ! આ શો ગજબ ! કહી પ્રમિલા પણુ તેની પાછળ દોડવા લાગી.

‘ લોકોનાં ટોળે ટોળાં સળગતા મહેલ ભણી દોડયાં જતાં

હતાં. સર્વના મુખમાંથી આગ, આગના ભયંકર ધ્વનિ નીકળતા હતા. પ્રતાપ અને પ્રમિલા જોત જોતામાં મહેલની નજીક આવી પહોંચ્યાં.'

'મહેલ ચારે તરફથી અગ્નિદેવને સ્વાધિન થયો હતો. અંદર જવાનો માર્ગ જણાતો નહોતો. પ્રતાપ અને પ્રમિલા ચારે તરફ ફરી વળ્યાં. તેમની આંખયોમાંથી અસ્ખલીત અશ્રુધારાઓ નીકળતી હતી. હાય! મહેલમાં ક્યાં થઇને જવું! પ્રમિલા પોક મૂકી રડવા લાગી.'

'પ્રમિલા! આ સમય રડવાનો નથી. મારી પાછળ આવો. કહી પ્રતાપ આમ તેમ ફરી માર્ગ ખોળવા લાગ્યો. એવામાં એકાએક સુનંદાના સમાચાર મેળવવા આવેલો ધર્મદાસ ત્યાં દોડી આવ્યો. તેના ખભા ઉપર પ્રમિલાનો ભાઇ હમીરસિંહ દાઝવાના દર્દથી બેભાન થઇ પડેલો હતો. તેણે પ્રતાપને જોતાંજ બૂમ મારી, કોણ પ્રતાપસિંહ!'

'હા, અને તમે કોણ ધર્મદાસ! પ્રતાપ બોલી ઉઠયો.'

'હા, હું ધર્મદાસ. આ હમીરસિંહને સંભાળો.'

'ક્યાં છે મારો હમીર?' પ્રમિલા બૂમ પાડી ઉઠી,

આ રહ્યો તમારો હમીર. કહી ધર્મદાસે હમીરને બતાવ્યો. પ્રમિલા ભાઇને લેવા દોડી કે તરત પ્રતાપે કહ્યું. પ્રમિલા! હમીર જીવતો છે તેને હાલ ધર્મદાસની પાસે રહેવા દો, અને આપણે આપણાં વ્હાલાંઓને બચાવવા આગમાં કુદી પડો.

'આપણે અંદર જવું ક્યાં થઇને? પ્રમિલાએ પૂછ્યું.'

'આમ આવો હું તમને માર્ગ બતાવું. કહી ધર્મદાસ આગળ થયો, પાછળ પ્રમિલા અને પ્રતાપ ચાલ્યાં. ત્રણે જણાં મહેલની પાછળ આવ્યાં, ત્યાં ઉંડી ખાઇ હતી. તેની ઉપર એક લાકડાનો પૂલ મૂકેલો હતો. એ પૂલની ઉપર મહેલના માળે જવાને એક સીડી ગોઠવેલી હતી. તે દેખાડતાં ધર્મદાસ બોલ્યો. હું આ સીડી વડેજ ઉપર જઇ હમીરને બચાવી લાવ્યો છું. તમે હમીરની ચીંત્તા કરશો નહિ, અને જેમ બને એમ અંદર જઇ નિર્દોષ રાણી અને કુમાર, કુમારીને બચાવો.'

'ફીકર નહિ, કહી પ્રતાપ અને પ્રમિલા ઝડપથી સીડીની ઉપર ચઢી અંદર દાખલ થઇ ગયાં. અંદર ધુમાડાના ગોટેગોટ વળ્યા હતા. આંખો ઉઘાડી શકાતી નહોતી. લાકડાનાં બારી બારણાં ભડભડાટ અવાજ કરતાં સળગી તુટી પડતાં હતાં. પ્રતાપ અને પ્રમિલાની ઉપર સળગતાં લાકડાં પડતાં હતાં. બન્ને જણાં શરીરની દરકાર નહિ કરતાં અંદર ધસતાં હતાં. તેઓ કુસુમના ઓરડામાં આવ્યાં. ત્યાં કોઇ જણાયું નહિ. તે ઓરડો લગભગ બળી રહેવા આવ્યો હતો હાય કુસુમ! શું તુ બળી ગઇ હોઇશ! કહેતી પ્રમિલા પ્રતાપની પાછળ આગળ વધવા લાગી તેમનાં શરીરે ફોલ્લે ફોલ્લા પડયા હતા. બન્ને જણાં ગાંડા માણસોની માફક ભયંકર આગમાં ઘુમતાં હતાં. આગની ભયાનક જ્વાળાઓમાં બન્ને જણાં ભૂતના ઓળાની માફક ભાસતાં હતાં. એવામાંજ તેમની ઉપરની છત તુટી પડી. બન્ને જણાં કારમી ચીસ પાડી જમીન ઉપર પડયાં. પ્રમિલા ભાન ખોવા લાગી. પ્રતાપ જોસથી બૂમ પાડી કહેવા લાગ્યો. વીર પુત્રી! મરણ આપણા

ભાગ્યમાં લખાયેલું છે, થોડીવાર સાવધ રહે. આપણે મરતાં પહેલાં એવું એક કામ કરીએ કે આપણું નામ અમ્મર રહે.

'હું સાવધ છું મારી ફીકર કરો નહિ.

'મારી પાછળ આવો. કહી પ્રતાપ માર્ગ કરી ત્યાંથી આગળ જવા લાગ્યો. બન્ને જણાં નીચેને માળે આવ્યાં. ધુમાડાથી આંખ્યો પૂરાઇ જતી હતી. એવામાં અકસ્માત તેમને કાને ઝીણી ચીસો સંભળાવા લાગી. પ્રતાપ ઝપાટાબંધ ત્યાં દોડયો; અને સુનંદાના ઓરડા સમિપ આવી પહોંચ્યો. ઓરડો ચારે તરફ આગથી ઘેરાયો હતો, અંદર રાણી સુનંદા કારમી ચીસો પાડતી હતી. પ્રતાપ અને પ્રમિલાએ આંખ્યો મીંચી આગમાં ઝંપલાવ્યું. પ્રતાપ અંદર જતાં જુવે છે તો ભયંકર દેખાવ દેખાયો રાણી સુનંદા આગમાં સપડાઇ ગઇ છે, તેના જીવનનો સંભવ નથી. આખા શરીરે બળતી રાણી તેના વ્હાલા પુત્ર રામસિંહને બે હાથથી અદ્ધર પકડી રાખી આગમાં ઉભી ઉભી બૂમો પાડતી હતી. રાણીના હાથમાં રહેલો રામસિંહ તરફડીયાં મારતો ચીસે ચીસ પાડતો હતો એવો હૃદયદ્રાવક દેખાવ જોતાંજ પ્રતાપ કંપી બૂમ પાડી ઉઠયો. માતા! હું આવી પહોંચ્યો છું.

'કોણ પ્રતાપ.! ભાઇ! મારા રામસિંહને બચાવ. રાણી બોલી ઉઠી.'

'રામસિંહ મારો જીવાત્મા છે. માતા લાવો. પ્રતાપે બૂમ મારી કહ્યું.'

'લે આ મારો પ્રાણ. કહી રાણીએ રામસિંહને પ્રતાપ

તરફ ફેંકયો. પ્રતાપે તેને ઝીલી લીધો. રામસિંહને પ્રતાપન હાથમાં જોઇ રાણીને સંતોષ થયો. તે પ્રતાપને કંઇ સૂચના કઃ એ પહેલાં તો તેની ઉપર એક સળગતો પાટડો તુટી પડયો રાણી સુનંદા કારમી ચીસ નાંખી જમીન ઉપર તુટી પડી.'

'આગનું તોફાન વધતું હતું, બહાર લોકોનો ગરબ: થતી હતી. પ્રતાપ અને પ્રમિલા આમ તેમ જોતાં બહાર નીક ળવાનો માર્ગ ખોળતાં હતાં. એવામા તેઓ જે માળે હતાં ટે માળ કડડડ ભુસ કરતો તુટી પડયો. બન્ને જણાં નીચે પડયાં પડતાં પણ પ્રતાપે રામસિંહને અદ્ધર રાખી બચાવી લીધો થોડીવારમા પુન: બન્ને જણા ઉભાં થઇ બહાર નીકળવાને માર્ગ ખોળવા લાગ્યા. એવામાજ તે સ્થળે ક્રૂર કાળરાત્રિ અને અબુધસિંહ સરદાર કંટકસિંહ સાથે કેટલાક સિપાઇઓ સહિત આવી પહોંચ્યાં કાળરાત્રિ ભયંકર અવાજે કહેતી હતી કે સર દારો! નજર રાખજો કે કોઈ પણ શત્રુ જીવતો જવા પામે નહિ નાશી જતાં જણાય તો તરત તેને પકડી આગમાં હોમી દો.'

'તેઓ ચારે તરફ જોવા લાગ્યાં. અકસ્માત કાળરાત્રિની નજર પ્રતાપ અને પ્રમિલાની ઉપર પડી. તેમને જોતાંજ ટે ભયંકર ત્રાડ મારી બોલી ઉઠી. પેલાંઓને પકડો, જકડો, કાપ નાંખો, નહિ તો આગમાં હોમો.'

'પ્રતાપ અને પ્રમિલાને જોતાંજ સઘળા તેમને પકડવ દોડયા. પ્રતાપ બૂમ પાડી ઉઠયો. પ્રમિલે! નાસો, નાસો, જીવ બચાવવો હોય તો નાસો, આપણું આવી બન્યું છે, કાળરાત્રિ આપણી પાછળ પડી છે.'

'તમે દોડો, મારી ફીકર કરો નહિ. કહેતી પ્રમિલા તેની પાછળ દોડવા લાગી. વાઘના ભયથી જીવ બચાવવા મૃગ જેમ દોડે એવી રીતે પ્રતાપ અને પ્રમિલા બાળરાજાને લઇ દોડવા લાગ્યાં, અને થોડીવારમાં એક નાની બારી વાટે બહાર નીકળી ગયાં. ભયંકર બૂમો મારતી કાળરાત્રિ તેના સરદારો સાથે બહાર નીકળી તેમની પાછળ પડી.'

પ્રતાપ અને પ્રમિલા બહાર નીકળી ઉંડી ખીણુ આગળ આવી પહોંચ્યાં. શત્રુઓ પણુ જોસ ભેર તેમની પાછળ દોડતા હતા. શત્રુથી પકડાવાની બીકે બન્ને જણાં ઝડપથી દોડતાં લાકડાના પૂલ ઉપર થઇને પેલી તરફ પસાર થઇ ગયાં. કાળરાત્રિ અને અબુધાસહુ તો સ્તબ્ધ બની જોઇ રહ્યાં. કટકસિંહુ બીજા માર્ગે તેમને પકડવા દોડયો. સાથેના આઠ સિપાઇઓને કાળરાત્રિએ તેમને પકડી લાવવાનું કહ્યું. આઠે જણા લાકડાના પૂલ ઉપર થઇ પકડવા દોડયા; તેઓ અધવચ પહોંચ્યા હશે એટલામાંજ એક કારમો કાટકો થયો, ને તેની સાથેજ લાકડાના પૂલના કુરચે કુરચા ઉડી ગયા. ગરીબ સિપાઇયો કયાં ગયા તેનો ખબર પડી નહિ કાળરાત્રિને હુવેજ ખબર પડી કે આ પૂલ નીચે પણુ દારૂની સુરંગ ભરેલી હતી, ને તેમાં દેવતા પડતાંજ સળગી ઉઠી હતી. કારણુ કે સળગતા મહેલનો એક ભાગ ત્યાં આવેલો હતો. રાણી સુનંદાના મહેલને પણુ સુરંગમાં દારૂ ભરીને સળગાવવામાં આવ્યો હતો. કાળરાત્રિ પ્રતાપ અને પ્રમિલાને સામે કિનારે જીવતાં જોઈ ક્રોધથી કંપવા લાગી. પ્રતાપે તેને દેખાડવા રામસિંહને ઉંચો કરી બૂમ મારી કહ્યું. કુટિલ કાળરાત્રિ! તું

હાલ તો તારા પ્રયત્નમાં ફાવી છે; પણ યાદ રાખજે કે આનો બદલો લીધા વિના અમે રહેનાર નથી. આ બાળકુમાર જીવતો છે, તેને આરામ થતાંજ તારાં મૂળને ઉખેડવાનો પ્રયત્ન થનાર છે.

'હં! શું રામસિંહ જીવતો રહ્યો! દોડો, દોડો, પેલા શત્રુઓને પકડો. કહેતી કાળરાત્રિ ત્યાંથી બીજા રસ્તે દોડવા લાગી. તેની પાછળ અબુધસિંહ પણ દોડવા લાગ્યો.'

'પ્રતાપ અને પ્રમિલા પણ ત્યાં વધારે વાર નહિ રોકાતાં ચાલતાં થયાં. બન્ને જણાં રાજકુમારને લઇ કાળી રાતે ભયંકર અરણ્યમા અદૃષ્ય થઇ ગયાં.

'તેમની પાછળ દોડતી કાળરાત્રિને માર્ગમાંજ કંટકસિંહનો મેળાપ થયો. તેની સાથે ચાળીસ સરદારો હતા. તેમને મોટી લાલચ બતાવી કાળરાત્રિએ નાશી ગયેલા શત્રુઓની પાછળ દોડાવ્યા.'

'કાળરાત્રિ અને અબુધ મહેલ તરફ ચાલ્યાં ગયાં.'

'રાણી સુનંદાનો મહેલ બળીને ખાખ થઇ ગયો. ક્રૂર કાળરાત્રિના કરાપણ કામની સિમા આવી રહી. રામનગરના જોવા મળેલા લોકો શોક કરતા પોતપોતાનાં મકાનો તરફ જવા લાગ્યા. જેમ જેમ રાત જતી ગઇ તેમ તેમ શાન્તિ વ્યાપતી ગઇ કાળરાત્રિનુ ક્રૂર કર્મ જોઇ નિશાચર પક્ષીઓ કર્કશ સ્વરે બોલી તેનો તિરસ્કાર કરવા લાગ્યાં.'

બાદ બીજા દિવસની રાતના પાછલા પહોરે એક વ્યક્તિ ભસ્મ થયેલા મહેલ પાસે ધીમે પગલે ચાલી આવી અંદર પ્રવેશી. તે આસપાસ જોવા લાગી તો તેની નજરે બળેલા કાટ-

માળ અને રાખના ઢગલા સિવાય બીજું કાંઈ જણાયું નહિ મહેલના કેટલાક બળી ગયેલા ઓરડા વટાવી એ વ્યક્તિ એક ઠેકાણે આવી અટકી, ને ત્યાં પડેલા કાટમાળ સામે નજર કરી એક ઝીણી સિસોટી વગાડી. થોડીવારમાં ત્યાં ત્રણ માણસો દોડી આવ્યા. તેમને જોઇ એ વ્યક્તિએ કાટમાળ દૂર કરવાનું જણાવ્યું. ત્રણે માણસો કાટમાળ દૂર કરવા લાગ્યા, એવામાં એકાએક તેઓ ચમકયા. કારણ કે કાટમાળ દૂર કરતાં એક બળેલા પાટડાની પાસે તેમને કોઈક સ્ત્રીનું મુડદુ જણાયું, તે મુડદુ સતી સુનદાનું હતું.

સુનદાના શબને બહાર કાઢી ત્યાં ઉભેલી વ્યક્તિએ પોતાના ત્રણ માણસોના કાનમા કઇક સૂચના કરી સતીના મુડદાને લઇ જવાનું સૂચવ્યું. ત્રણે જણા સુનદાના શબને ઉપાડી ત્યાંથી ચાલતા થયા. અંતે તે વ્યક્તિ પણ એક દિર્ઘ નિશ્વાસ નાખી ત્યાથી ચાલતી થઈ.

પ્રિય વાંચકો ! આપણે પણ તે ક્રૂર રાણીનાં ક્રૂર કર્મ વાંચી હવે તો કંટાળ્યા, માટે ચાલો આપણે પણ થોડીવાર વિશ્રાન્તિ લઇ પ્રભુની પ્રાર્થના કરીએ કે દુઃખી થતા નિર્દોષ જનોને શાન્તિ આપો.

॥ ૐ शान्तिः शान्तिः ॥

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર ગૃહસ્થોનાં નામ.

પ્રત.	નામ.
	અમદાવાદ.
૫	જગજીવનદાસ ગીરજાશંકરભાઇ વેસ્ટ મરચન્ટ.
૫	પીતાંબરદાસ ગીરજાશંકરભાઈ વેસ્ટ મરચન્ટ.
૫	ચંદુલાલ ડાહ્યાભાઇ શાહ
૫	ચુનીલાલ ફુલચંદભાઈ.
૧	ધનજીભાઇ કાશીભાઇ. (જેતલપુરવાળા.)
૧	પા. રામચંદ ડાહ્યાભાઇ.
૧	પા. ત્રીકમભાઈ પરસોતમભાઇ.
૧	પા. મુળજીભાઇ હરીદાસ. (વાસણાવાળા)
૧	પા. ફતેચંદભાઇ કાશીભાઇ. (જેતલપુરવાળા)
૧	પા. શકરાભાઇ ચમનલાલ.
૧	પા. ગોવીદદાસ રામદાસભાઇ.
૧	પા. શીવરામભાઇ દ્વારકાદાસ.
૧	પા. ચુનીલાલ લાલદાસભાઈ.
૧	ત્રવાડી. મોહનલાલ નરસીહદાસ.

પ્રત.	નામ.
૧	મફતલાલ રણછોડભાઇ.
૧	મહમદભાઇ ઇસમાલભાઈ.
૧	હમાતખાંન ફતેખાંન.
૧	છનાભાઇ રામદાસ.
૧	પા. સાંકળચંદ કેશવલાલ.
૧	પા. અંબારામ આત્મારામ.
૧	ખુશાલભાઇ ફુલાભાઈ.
૧	મંગળદાસ કલ્યાણદાસ.
૧	પા. ભોગીલાલ ઓડીદાસ.
૧	શાહ. મોતીલાલ ગુલાબચંદ.
૧	ભાવસાર દલસુખ ભુદરભાઈ.
૧	છકડલાલ નાથાલાલ. વ્યાસ.
૧	ચીમનલાલ નાથાલાલ. શાહ.
૧	માણેકલાલ ભુલાભાઇ.
૧	ભગવાનદાસ કાળીદાસ.

પ્રત.	નામ.	
	અમદાવાદ	
૧	કૃષ્ણુરાવ બળવંતરાવ.	
૧	મંગળદાસ ડાહ્યાભાઈ શાહ.	
૧	શકરાભાઇ નારણદાસ શાહ.	
૧	કેશવલાલ જેચંદ.	
૧	ખત્રી પુન્જાલાલ હીરાચંદ.	
૧	અંબાશંકર ત્રીભોવનદાસ.	
૧	દેવચંદ ભાણુજીભાઇ.	
૧	રતનચંદ મનસુખરામભાઇ.	
૧	લોધા નટવરસીહ જુમાસીહ.	
૧	શેઠ હકીમસાહેબ ગુલામવલદે હકીમચરીગ મહમદસાહેબ.	
	મુંબઈ.	
૧	એચ. સી. કાળુભાઇ.	
૧	ભાણજીભાઇ રણછોડદાસ.	
૧	હરગોવનદાસ ભગવાનદાસ.	
૧	અબદુલહુસેન ગુલામહુસેન.	
૧	મેમણ અબદુલગની હાસમભાઈ.	
૧	પારસદા રામજીલાલ ટોપીવાળા.	
૧	હોરમસજી જે. નરોલીયા.	
૧	બાપુજીભાઈ કાવસજીભાઈ.	
૧	રણછોડભાઈ મોતીરામ.	
૧	કુંવરજીભાઈ દામોદરદાસ.	
૧	દ્વારકાંદાસ રણછોડદાસ.	
૧	મહેતા કાળીદાસ તારાચંદ.	
૧	એમ. એમ. શાહ.	
૧	દેવશીભાઇ વીરશંગભાઇ.	
૧	ધી યંગ ઇસમાલીક લાયબ્રેરી.	
૧	છગનલાલ ભગવાનદાસ.	
૧	ક્ષત્રી નારણદાસ લખમીદાસ.	
૧	ઇશ્વરલાલ બી.	
૧	ઇશ્વરદાસ બી. આઇયા.	
૧	દેશાઈ મણીલાલ નરસીંહદાસ.	પાટડી.
૧	સોની છોટાલાલ કાળીદાસ.	પ્રાંતીજ.
૧	સોની ચીમનલાલ ગુલાબચંદ.	,,
૧	શા. દેવજી વરજી મોમાય.	સાહેરા.

પ્રત.	નામ.	
૧	શા. ધનાજીભાઇ ખુશાલભાઈ.	સુરત.
૧	પરસોતમદાસ કાળીદાસ.	જુનાગઢ.
૧	પા. જીભાઇ પુંજાભાઈ.	સીતાપુર.
૧	જાની હીરાલાલ રણછોડભાઈ.	લુણાવાડા.
૧	દુલ્લભભાઈ વાઘજીભાઇ.	દેવપુર.
૧	ભીખાભાઇ ધરમચંદ.	રાણપર.
૧	સુલેમાન હાજીમુસા એન્ડ કો.	કોલંબો
૧	શાહ ચત્રુભોજ દેવણાભાઈ.	કોચીન.
૧	લખમીદાસ માવજીભાઈ.	,,
૧	સકુરભાઇ હાજી ભાઈ.	કુલરન
૨	એમ. જી. દ્વારકાંદાસ	મદ્રાસ.
૧	પરસોતમ મંછારામ.	,,
૧	જોષી ફુલશંકરભાઈ વેલજીભાઇ	,,
૧	ભટ મણીલાલ જગનેશ્વરભાઇ.	,,
૧	પરસોતમભાઈ મંછારામ.	,,
૧	અલીમોહમદભાઇ આમદભાઇ.	વીજયાનગર.
૧	નુરમહમદભાઈ ઊમ્મરભાઈ.	નાગાપટ્ટમ.
૧	ઘનસ્યામલાલ ભોગીલાલ.	વખારપાડા.

પ્રત.	નામ.	
૧	દોશી પદમશી જગજીવનદાસ.	મોલમીન.
૧	દોશી કેશવજી ભીમજી.	,,
૧	મેતા ચત્રચર નેણશીભાઇ.	હડાબારા.
૧	શેઠ. ગોર્વાદદાસ દુલ્લભદાસ.	નંદુબાર.
૧	લલ્લુભાઇ શંકરદાસ માસ્તર.	સૈઢવવાલા.
૧	વજેશંકર ત્રીભોવનદાસ.	દીલી.
૧	ઠક્કર પરસોતમ મગનલાલ.	હરસોલી.
૧	ઠક્કર લલ્લુભાઈ રણછોડ.	,,
૧	ચીમનલાલ ગોપાળદાસ.	,,
૧	શામળદાસ લલ્લુભાઈ.	,,
૧	લલ્લુભાઈ ઝવેરભાઇ.	રંગુન.
૧	છોટાલાલ ચતુરદાસ	મોટા ઉદેપર.
૧	પી. જે. કોઠારી રેવન્યુ કલાર્ક.	કુજકવાવ.
૧	ખાનશ્રી કમાલુદીન ખાનજીભાઈ.	વાડાસીનોર.
૧	જેઠાભાઇ મુળજીભાઇ	નાગલપુર.

આ અમારો અજબ અખતરો અજમાવશો
તો આશીર્વાદ આપશો.

ચપટીમાં ચમત્કાર.

શું તમારે તમારી આંખને તેજસ્વી, નાસિકાને સુગંધમય, મગજને ઉત્તમ ઉદ્યોગમાં ઉન્નત્ અને દાંતને મજબુત લોહ સદશ બનાવવા હોય તો એકજ વખત ખરીદી ખાત્રી કરો.

ત્રીવેદીની પરફ્યુમ તપખીર (છીકણી) આ ઉત્તમ અને પવિત્ર મેડીકેટેડ અને સેન્ટેડ તપખીર, સાયન્સના સીદ્ધાંતોના શોધનથી અને વેદોકત વૈદકીય ગ્રંથોના મંથનથી વનૌષધીના અનુપાનથી બનેલી હોઈ, સુંઘવાથી મગજ, આંખ, નાક અને મસ્તક તથા દાંતે દેવાથી દાંત અને મોંના મળી નાના મોટા મળી છત્રીશ રોગ નાબુદ કરે છે. નીત્ય નીયમીત સેવન કરવાથી રોગો નીરોગી થાય છે, અને નીરોગી ઉદ્યોગી બની ઉપરના ઉપાધિ અને કોઇ પણ જાતના વ્યાધિથી બચી નિર્ભય થાય છે. ટુંકામાં આ તપખીર આંખનું અંજન, દાંતનું મંજન અને નાસિકાને સુવાસીત બનાવી મનનું રંજન કરવાને અદ્વિતિય ઉપચાર છે. કિંમત શીશીના આના આઠ. નાની શીશીના આના બે. ડઝનના રૂપિઆ પાંચ.